પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 25 October, 2019 Vol. 15, No. 43 Pages 46+10 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

this diwali

Rajesh Khurana

of

MD | MORTGAGE DILIGENT
A STEP AHEAD

Launches

ZIVASA

Realty Inc., Brokerage

zivasa.com



Wish you all a Happy Diwali and a prosperous New Year

# સ્ત્રી સમાનતા મુદ્દે વિશ્વ સૂચકાંકમાં કેનેડા ૪ સ્થાન નીચે સરકી ગયું..!





## •નોર્વે અને સ્વિત્ઝર્લેન્ડ મહિલાઓને અધિકારો માટે ઉત્તમ દેશ

ટોરન્ટો : ૨૦૧૯ વુમન પીસ એન્ડ સિક્યોરિટી ઈન્ડેક્સમાં કેનેડા ૪ સ્થાન નીચે ઉતરતાં ૧૧મા સ્થાન પર આવ્યું છે. ૨૦૧૮માં પણ કેનેડા નેધરલેન્ડ અને સ્વિડન કરતાં પાછળ રહ્યું હતું. રેંકીંગ સિસ્ટમ જ્યોર્જટાઉન યુનિવર્સિટીની ઈન્સ્ટિટ્યૂટ ફોર વુમન પીસ એન્ડ સિક્યોરિટી તરફથી નક્કી કરવામાં આવે છે. જેની પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓસ્લો સાથે ભાગીદારી છે અને બેંક એકાઉન્ટ, નોકરી તથા સામાજીક સલામતી જેવા વિષયો પર ધ્યાન આપવામાં આવે છે. સંશોધકોને જાણવા મળ્યું હતું કે, નોર્વે અને સ્વિત્ઝર્લેન્ડ મહિલાઓના અધિકારો અને સમાનતા માટે ઉત્તમ દેશો છે, જ્યારે એ જ સ્ત્રી સમાનતા જેવા મુદ્દે યમન અને અફઘાનિસ્તાન વિશ્વના સૌથી ખરાબ દેશો જાહેર કરવામાં આવ્યા છે. જો કે, આ તારણ મહિલાઓના અધિકારો માટે સાવ નિરાશાજનક અને ધૂંધળું ભાવિ ધરાવતાં નથી.

વિશ્વભરમાં મહિલાઓના અધિકારો પ્રત્યે જાગૃતિ જોવા મળે છે. પરંતુ યમન તથા અન્ય યુદ્ધગ્રસ્ત દેશોમાં મહિલાઓની પરિસ્થિતિ વધુ બગડતી જાય છે. અન્ય ૬૦ દેશોમાં પરિસ્થિતિમાં સુધારો પણ થયો છે. સંશોધકોએ ૨૦૧૭માં ૧૬૭ દેશોનો અભ્યાસ હાથ ધર્યો હતો. જેમાં પહેલી વાર વુમન પીસ એન્ડ સિક્યોરિટી ઈન્ડેક્સ જાહેર કરાયો હતો. આ યાદીમાં ટોચના દેશોમાં ફિનલેન્ડ, ડેન્માર્ક, આઈસલેન્ડ, ઓસ્ટ્રિયા, યુનાઈટેડ કિંગ્ડમ, લગ્ઝમબર્ગ, સ્વિડન અને નેધરલેન્ડનો સમાવેશ થાય છે. બે દેશો વચ્ચે નવમા સ્થાન માટે ટાઈ થઈ હતી. જ્યારે સૌથી નીચેના ક્રમમાં યમન, અફઘાનિસ્તાન, સિરીયા, પાકિસ્તાન, દક્ષિણ સુદાન, ઈરાક, કોંગો, મધ્ય આફ્રિકન પ્રજાસત્તાક, માલી અને લિબિયાનો સમાવેશ થાય છે. જ્યોર્જટાઉન યુનિવર્સિટીની ઈન્સ્ટિટ્યૂટ ફોર વુમન પીસ એન્ડ સિક્યોરિટીના પ્રબંધ નિદેશક જેની ક્લુગમેને કહ્યું હતું કે, અનેક વિસ્તારોમાં મહત્વની પ્રગતિ પણ નોંધી છે અને સૂચકાંકમાં કેટલાક દેશો આગળ રહ્યા છે. જે દેશોમાં મહિલાઓ માટે આર્થિક બાબતો, મોબાઈલ અથવા પરંપરાગત બેંકો જેવા વિષયમાં થોડા ભેદભાવભર્યા કાયદાઓ જોવા મળે છે પરંતુ જે પરિવર્તનો થયાં છે તેમાં સકારાત્મક કે હકારાત્મક બંને બાજુઓ જોવા મળે છે.

Wishing You a Happy Diwali
Glowing With Peace, Joy & Prosperity
TO SERVE THE COMMUNITY BETTER FOR THEIR LEGAL NEEDS
LAW OFFICE OF DHANANJAY SHAH
BARRISTER, SOLICITOR & NOTARY PUBLIC
AREA OF PRACTICE
REAL ESTATE LAW
(RESIDENTIAL, COMMERCIAL & REFINANCING)
WILL & POWER OF ATTORNEY
CRIMINAL LAW
IMMIGRATION LAW
PERSONAL INJURY LAW
FAMILY LAW
CORPORATE LAW
NOTARIZATION OF DOCUMENTS, AFFIDAVITS & STATUTORY DECLARATION
Open seven days a week and flexible hours
318 B Painted Post Drive, Toronto, ON M1G 2M3
PHONE: 1-647-350-1497
FAX: 1-647-350-1498, CELL: 1-647-928-1497
Email: djay2justice@gmail.com
WE ALSO SPEAK GUJARATI AND HINDI

Homelife / Miracle Realty Ltd., Brokerage
Independently Owned & Operated
Niranjan Shah
SALES REPRESENTATIVE
HOMELIFE HIGHER STANDARDS
Direct : 647-381-6211
Office : 416-289-3000
Fax : 416-289-3008
Email:nbshah@hotmail.com
4K ULTRA HD H.265 HEVC 5G PVR CINEMAS android YouTube
FOR MORE INFORMATION
PLEASE CALL : 647-381-6211

The North Star Insurance Inc.
Wishes you all a
Happy Diwali & a Prosperous New Year
Celebrate this Diwali and make this Diwali a very special, remarkable Diwali by planning
Estate Building Plans
For your loving children, grandchildren and by giving them as a most precious, valuable gift to them.
Are you travelling out of Canada?
Are you inviting family members to visit Canada?
Then we have the right plan that will suit your need for:
Visitors Insurance
Super Visa Insurance
Travel Insurance
Start saving for your child's Education Plan with
Children Education Plan (RESP)
Invest your hard earned money with
Guaranteed Investment Funds
With Tax Free Saving Account (TFSA), Reg. Retirement Saving Plans (RRSP)
Other Services:
• Life Insurance • Critical Illness Insurance
• Disability Insurance • Wealth Accumulation Plan
Call today to get a free no-obligatation quote:
Jagdish Patel
President, Insurance Advisor
647-470-1673
northstar.inc19@gmail.com
Hiring new & experienced insurance advisor

Happy Diwali & Prosperous New Year
Call For Special Offer of Diwali
PEGASUS ENTERPRISE
Importer & Wholesaler
Thermal Paper Rolls
100% SATISFACTION GUARANTEED
1 - Debit Machine : 2 1/4"x 50 ft.
2 - Cash Register (POS) : 3 1/8"x 180 ft
Variety of Paper & Plastic Products
pegasusenterprise@hotmail.com
Toronto, Ontario, Canada
CALL : Sanjay (647) - 294 - 9402

**કેનેડામાં કેન્દ્રિય ચૂંટણીના પોલના તારણ સાચા પડ્યાં**

# કેનેડામાં ફરીવાર ટ્રુડો સરકાર ભારતીયોને લાભ થવાની આશા

## તંત્રી સ્થાનેથી

નમસ્કાર, સુજ્ઞ વાચકો તથા વિજ્ઞાપન દાતાઓ,
ગુરુવારે આસો વદ એકાદશી સાથે જ દિવાળીના પર્વની ઉજવણીનો હિંદુ સમુદાય દ્વારા ઉત્સાહભેર આરંભ કરાયો છે. દિપાવલીનુ આ પર્વ આપના જીવનમાં પણ જ્ઞાનરૂપી પ્રકાશને વધુ ઝળહળતો કરે તેવી આશા રાખુ છે. સોમવારે સવંત ૨૦૭૬ એટલે કે, હિંદુઓના નવા વર્ષનો મંગલમય પ્રારંભ થશે. આવનારું આ વર્ષ આ સૌના જીવનમાં સુખ સમુધ્દિમાં વધારો કરે, આપનું આરોગ્ય જળવાઈ રહે તથા આપ સૌ શૈક્ષણિક, સામાજિક, વ્યવસાયિક કે રાજનૈતિક ક્ષેત્રે પ્રગતિના સોપાનો સર કરો, તેવી શૂભકામના પાઠવું છુ. આ સાથે સ્વદેશના વાચકો, વિજ્ઞાનપન દાતાઓ તથા સહકાર આપનારા તમામને દિવાળી અને નૂતનવર્ષની ખૂબ ખૂબ શૂભેચ્છા.



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

કેનેડામાં વડાપ્રધાન પદે જસ્ટિન ટ્રુડો ફરી સત્તારુઢ થશે તેવી શક્યતા વધુ છે. પરંતુ આ વખતે એકલા લિબરલ નહીં હોય. ૨૧મીએ યોજાયેલી ચૂંટણીમાં લિબરલને ૧૫૭ બેઠકો મળી છે. બહુમત માટેનો મેજિક નંબર ૧૭૦ મેળવવા માટે લિબરલ્સનો પનો ટૂંકો પડ્યો અને ૧૩ બેઠકોની ઘટ પડી છે. એ ઘટ ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી પૂરી કરે તેવી સંભાવના છે. ગ્રીન પાર્ટીએ તો કોઈની પણ સાથે જોડાવાનો નન્નો ભણી દીધો હતો, તો બીજી તરફ ચૂંટણી પહેલાં જ એનડીપીના વડા જગમીત સિંહે કન્ઝર્વેટીવને સત્તાથી દૂર રાખવા લિબરલને ટેકો આપવાની જાહેરાત કરી જ દીધી હતી.

તેથી હવે કેનેડામાં ટ્રુડોની સરકાર બીજી ટર્મ ભોગવશે ખરી, પણ તેને ટેકો ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીનો હશે એ નિશ્ચિત છે.

૨૦૧૫માં વાસ્તવિક અને પ્રગતિશીલ ફેરફાર લાવવાનું વચન આપીને સત્તા મેળવવામાં ટ્રુડો સફળ રહ્યા હતા. પરંતુ ચાર વર્ષ સત્તામાં રહેવા છતાં ટ્રુડો ઘણા વચનો પૂરા કરી શક્યા નથી, તેને કારણે પણ તેમની લોકપ્રિયતામાં ઘટાડો થયો છે, એમ ઘણા વિશ્લેષકો માને છે. ખાસ કરીને ટ્રાન્સ માઉન્ટેઈન તેલ પાઈપલાઈન પરિયોજનાનું તેમણે સમર્થન કર્યું અને તેને કારણે તેમની છબી ખાસ્સી બગડી છે. આ ચૂંટણીમાં પર્યાવરણ મોટો મુદ્દો બની રહ્યો હતો. અને તેનો પ્રભાવ પણ ચૂંટણી ચર્ચામાં રહ્યો હતો. એ જોતાં મતદાતાઓએ તેલ પાઈપલાઈન યોજના અંગે સરકારના સમર્થનને પસંદ કર્યું નથી. તેમણે ફેડરલ ચૂંટણીમાં સુધારો કરવાની પણ એ વખતે જાહેરાત કરી હતી. પરંતુ ચાર વર્ષ પૂરા થયા, આમ છતાં એ દિશામાં પણ તેમણે કોઈ પગલું ભર્યું નથી. તેમના આ પગલાંથી જેઓ ડાબેરી વિચારધારા તરફ થોડો પણ ઝુકાવ રાખતા હતા, તેઓ તેમનાથી નારાજ થઈ ગયા અને તેઓ લિબરલને બદલે અન્ય પક્ષોની તરફદારી કરી ગયા. જે બાબત પરિણામમાં સ્પષ્ટ દેખાઈ આવે છે.

એમ પણ દરેક દેશમાં જે મુખ્ય પ્રતિસ્પર્ધી પક્ષો હોય તેમના વફાદાર મતદારો નહીં પણ વાડ પર બેઠેલા મતદારો જ પરિણામ નક્કી કરતા હોય છે. ૨૦૧૪માં લિબરલ અને જસ્ટિન ટ્રુડોને ટેકો આપનારા મતદારો આ વખતે ટ્રુડોથી નારાજ થઈને બીજા પક્ષોને ટેકો આપી ગયા, એ વાત પણ સ્વીકારવી પડે. જો કે, બેઠકોનો ગ્રાફ જોઈએ તો લિબરલો અને એનડીપીને જે નુકસાન થયું છે, તે કંઈક અંશે કન્ઝર્વેટીવને ફળ્યું છે, એમ કહી શકાય.

એમ છતાં ટ્રુડો પોતાની સત્તા બચાવી શક્યા એ તેમને માટે મહત્વનું છે. લગભગ મીડિયામાં બધા જ એ પ્રશ્ન પૂછતા હતા કે, શું ટ્રુડો સત્તા જાળવી શકશે ખરા ? આંકડાની રમતમાં અત્યારે તો તેઓ સફળ થયા છે. હવે સવાલ એ જ રહે કે તેઓ લઘુમતિ સરકાર રચશે ? મોરચા સરકાર રચશે કે ફરી ચૂંટણીમાં જશે ? આ સવાલના જવાબ મેળવવા અત્યારે તો અઘરા છે. પરંતુ ટ્રુડો સરકાર રચવાને બદલે ફરી પ્રજા પાસે જાય એ સંભાવના ઘણી ઓછી છે. એ સંજોગોમાં તેઓ આવતા મહિને સરકાર કઈ રીતે રચશે, એ તો થોડા દિવસમાં જ સ્પષ્ટ થઈ જશે. અત્યારે તો એમ લાગે છે કે, તેઓ એનડીપીના સથવારે સરકાર રચશે. એ સરકાર કેટલા દિવસ ટકશે એ પણ તો ભવિષ્યમાં જ જણાશે, પરંતુ પહેલો પ્રશ્ન એ કે ટ્રુડોની સરકારની અસર ભારત ઉપર કેવી પડશે ?

આમ તો કેનેડાનું આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ખાસ પ્રભુત્વ નથી, પણ તે એનએસજી ગ્રુપનું સભ્ય છે, તેથી ભારતને મદદ કરી શકે. એમાં કેનેડાનો પોતાનો પણ વ્યાપાર સ્વાર્થ છે. તેથી તેમાં તે ભારતને મદદરુપ થશે. ટ્રુડો સરકારે ઈમીગ્રાન્ટના નિયમોમાં ખાસ્સી છુટ મૂકી હતી. તેથી હવે બીજી ટર્મમાં પણ એ જ નીતિ અખત્યાર કરશે એમ સમજી શકાય છે. પહેલા વિશ્વ યુધ્ધ પછી ઈમીગ્રાન્ટસમાં સૌથી મોટો સુધારો કરાયો અને તેનો લાભ સૌથી વધુ ભારતીયોને મળ્યો છે. હવે જ્યારે ટ્રુડો સરકાર ફરી કેનેડામાં સત્તારુઢ થઈ છે, ત્યારે ભારતીયો માટે હવે કેનેડાના દ્વાર વધુ મોકળા થશે એમ કહી શકાય.

ભારતીયો માટે ટ્રુડો સરકાર લાભકારી બની રહશે, પરંતુ હવે પ્રશ્ન એ છે કે તે ભારત માટે હિતકારી બનશે કે કેમ ? લિબરલને ટેકો આપનારી એનડીપીના વડા જગમીત સિંહ ભારતીય છે, શીખ છે. કેનેડામાં રાજકીય ક્ષેત્રે શીખોનું પ્રભુત્વ વધી રહ્યું છે. પહેલી ટર્મમાં પણ ટ્રુડો સરકારમાં ત્રણ શીખો મંત્રી હતા. આ વખતે પણ ૧૯ ભારતીયો ચૂંટાયા છે અને તેમાં બહુધા શીખ છે. એ જોતાં ટ્રુડો ૨.૦ સરકારમાં પણ શીખોનું પ્રભુત્વ રહેશે એ સ્વાભાવિક છે. ખાસ તો જ્યારે જગમીત સિંહ ટ્રુડોને ટેકો આપવાના છે, ત્યારે. કેનેડાના રાજકારણમાં શીખોની વસ્તી કુલ વસ્તીના ૩.૫ ટકા જેટલી છે, છતાં તેમની વગ કેનેડાના રાજકારણમાં ઉત્તરોત્તર વધતી રહી છે. અને હવે તો એનડીપીના ટેકા સાથે એ હજુ પણ વધશે. સમય જતાં શીખોનું વર્ચસ્વ સરકારમાં વધવાનું છે, એ લગભગ નિશ્ચિત ગણાય છે.

ટ્રુડો અને જગમીત સિંહનું કોમ્બિનેશન ભારત માટે થોડું જોખમી તો રહેવાનું છે, એ ભુતકાળ તપાસતા ચોક્કસ જણાઈ આવે. ઘણા પ્રસંગો એવા આવ્યા છે, જ્યારે જગમીત સિંહ શીખ અંતિમવાદીઓની પડખે રહેતા હોય એવી છાપ પડી છે. ૧૯૮૫માં એર ઈન્ડિયાના વિમાનને બોમ્બથી ઉડાવી દેવાની ઘટના પાછળ શીખ અંતિમવાદીઓનો હાથ હોવાનો તેમણે ઈન્કાર કર્યો છે અને તેઓ ૨૦૨૦માં ખાલિસ્તાન ચળવળ માટે શીખોનો જનમત લેવાને તેઓ યોગ્ય ઠેરવે છે.

અહીં એ પણ યાદ રાખવું પડે કે, ટ્રુડોએ વડાપ્રધાન તરીકે ભારતની મુલાકાત લીધી હતી, ત્યારે કેનેડાના ભારત ખાતેના હાઈકમિશ્નરે ટ્રુડો માટે ભોજન સમારોહ યોજ્યો હતો, તેમાં શીખ અંતિમવાજી જશપાલ અટવાલને પણ આમંત્રણ અપાયું હતું. એ ઉપરાંત ટ્રુડોની પહેલી ટર્મમાં

▶▶ અનુસંધાન પેજ નંબર ૨૭



manoj1968@yahoo.ca






ઓછામા ઓછા ભાડાની ખાતરી આપતું એક માત્ર ટ્રાવેલ્સ

સસ્તી ટિકીટો અને સરસ સેવા માટે કાયમ નંબર વન

Rank One Travels & Tours

www.rankonetravels.com

LOWEST FARES GUARANTEED | SPECIAL SEAT SALE

એર ઈન્ડિયાની ફ્લાઈટમાં
સૌથી સસ્તા દરે મુસાફરી



FARES TO

MUMBAI, AHMEDABAD, VADODRA, KOLKATA, DELHI, BANGALURU, CHENNAI, HYDERABAD

AIRTRAVEL - HOTEL - VACATION PACKAGES
CRUISES - INSURANCE

CALL US TODAY!

905.672.5300 I 1-866.929.5300

Email: rajesh@rankonetravels.com

49, Hillcrest Avenue, Unit - 203,
Brampton L6W 4V4

tico.ca
LIC: 50021002
CLIA CRUISE LINES INTERNATIONAL ASSOCIATION, INC.





Happy Diwali
&
Happy New year

On this auspicious
Festival of lights
May the glow of joys
Prosperity and happiness
Alluminate your days
In the year ahead

Diptesh Patel
Travel Services

t 905 790 8989 d 647 409 2976
e travelservices@bellnet.ca

2565 Steeles Ave. E, Unit #20
Brampton, Ontario L6T 4L6

tico.ca
ACTA

Air Ticket | Vacation Packages
Cruise | Insurance



Happy Diwali & Prosperous New year



Rollz ICE CREAM

BEST TAWA ICE CREAM IN TORONTO

Flavours
- Roasted Pistachio
- Anjeer Baadam
- Rose and Pistachio
- Chickoo
- Bombay Kulfi
- Mava kulfi
- Guvava Chili
- Kaju Draksh
- Sitafal
- Maharaja Paan

Waffles
- Chocolate nuts Waffle
- Strawberry cracker Waffle
- Classic Waffle
- Pecan Banana Waffle



Dipped Gelato
softserve Cones

NO EGGS NO GELATINE NO ALCOHOL

5631 Steeles Ave East, Unit 6, Middlefield & Steeles
Behind SUBWAY SANDWICH

416-293-4006 rollzicecream.com

blogTO SKIP the DISHES UBER eats





REMITTANCE PARTNER
MoneyGram XPRESS MONEY Ria UREMIT & more...

SEND MONEY TO

AVAILABLE SERVICES:

EXCHANGE USD TO CAD & CAD TO USD

CURRENCY EXCHANGE & WIRE TRANSFER

GUARANTEED BEST EXCHANGE RATE IN CANADA

PAYMENT AFTER DELIVERY**

CASH PICK-UP AND DIRECT BANK DEPOSIT ALL OVER THE WORLD

BRING MONEY FROM ... TO CANADA

ભારતથી બાપ-દાદાની મિલકત વેચીને રુપિયા કેનેડા
કાયદેસર રીતે મંગાવવા માટે સંપર્ક કરો: ઝાકીરભાઈ

*No Service Charge & No Commission **Subject to Credibility

Call ZAKIRBHAI

There is NO TAX on most Inheritance, Loan, and Gift Money.

ZAKIRBHAI WILL PROVIDE GUIDANCE FOR THAT.

Jack Filled Foreign Exchange Inc

#102-305 MILNER AVE,
SCARBOROUGH, ON, M1B 3V4

416.901.9995, 416.439.9995



BAPS Shri Swaminarayan Mandir, Toronto
cordially invites you, your family and friends to celebrate

# Diwali & Annakut

## Diwali & Chopda Pujan

**Sunday, Oct 27, 2019**

Murti Darshan: 8 am - 12 pm & 3 pm - 7 pm
Chopda Pujan: 4:00 pm
**Maha Arti & Grand Fireworks: 7:30 pm**





## Annakut & New Year

Vikram Samvat 2076

**Monday, Oct 28**

Arti & Annakut Darshan
11:30 am - 6:30 pm
Arti every hour from 11:30 am

### Hanuman Puja & Arti

Saturday, Oct 26
6:30 pm - 7:30 pm

### Kids' Diwali Celebration

Saturday, Nov 2
11:00 am - 7:30 pm
For kids grades 1-8, *Pre-registration required

BAPS Shri Swaminarayan Mandir
61 Claireville Drive, Toronto, ON M9W 5Z7 | www.BAPS.org/Toronto

BAPS Swaminarayan Sanstha®

Brahmaswarup
Pramukh Swami Maharaj





Pragat Brahmaswarup
Mahant Swami Maharaj


assorted
SWEETS SALE
NOW OPEN
Celebrate this festive season!
Happy Diwali
Happy New Year
BAPS
SHAYONA
Swaminarayan Vegetarian
BAPS Shri Swaminarayan Mandir, Toronto
61 Claireville Drive, Toronto, ON M9W 5Z7
T: 416.987.5097
sales.toronto@na.shayona.org
This package contains sanctified, vegetarian cuisine prepared and offered to the divine image of God in accordance with the dietary beliefs of the Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan denomination of the Hindu religion.

# કેનેડામાં ચૂંટણીના પરિણામથી રાજકીય સમીકરણો બદલાયા



## ટ્રુડોને પોતાની નીતિઓ પસાર કરાવવા માટે સમજુતિ કરવી પડશે

ઓટ્ટોવાઃ કેનેડામાં લઘુમતિ સરકાર બને એ કાંઇ નવું નથી. છેલ્લા ૧૫ વર્ષોમાં ત્રણ સરકારો સત્તામાં આવી છે, જે લઘુમત સરકાર હતી. પરંતુ મોરચા સરકાર ભાગ્યે જ શાસન સંભાળી શકી છે. એ જોતાં હવે જ્યારે જસ્ટિન ટ્રુડોની લિબરલ પક્ષને બહુમત મળ્યો નથી, ત્યારે કેનેડામાં હવે પછી રાજકારણ કેવો વળાંક લેશે, તેના પર સૌની નજર છે. કેનેડાના ભૂતકાળ ઉપર નજર કરીએ તો છેલ્લે ૨૦૦૮માં લિબરલ પાર્ટી અને એનડીપી દ્વારા મોરચા સરકાર રચવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તત્કાલિન પ્રધાન મંત્રી સ્ટીફન હાર્પરે સંસદ સ્થગિત કરીને સરકાર ભંગ કરી દીધી હતી. વિશ્લેષકોનું માનવું છે કે, લિબરલ પાર્ટી અને એનડીપી ફરીથી ભેગા થઇ શકે છે. તેમનું માનવું છે કે, બ્લોક ક્યૂબેકોઇસે કોઇ પણ મોરચામાં જોડાવાની નથી, એવું વલણ સ્પષ્ટ કરી દીધું છે. જો કે, પરિણામ બાદ ભાષણમાં બ્લોકના નેતા વેસ ફ્રાંસ્વા બ્લેંશેટે કહ્યું કે, અમે સંસદને સારી રીતે ચલાવવા માટે માર્ગ શોધીશું. કોઇ મોરચા વિના ટ્રુડોને પોતાની નીતિઓ પસાર કરાવવા માટે સમજુતિ કરવી આવશ્યક થઇ પડશે. તો શીયરે પોતાની સ્થિતિનું પણ આકલન કરવું પડશે. તેમણે પોતાને કેનેડાના લોકો સમક્ષ એક એવા ઉમેદવાર તરીકે રજુ કર્યા હતા, જે મતદારોના જીવન અને તેમને આર્થિક રીતે અસર કરે એવા મુદ્દા પર વાત કરતા હતા. કન્ઝર્વેટીવ પાર્ટીને આ મુદ્દાઓનો ફાયદો તો ન મળ્યો, પણ પાર્ટીને સમલૈંગિક વિવાહ અને ગર્ભપાત જેવા મુદ્દાઓ અંગે સવાલો અને ટીકાઓનો સામનો કરવો પડ્યો છે.

## મોદીએ જસ્ટિન ટ્રુડોને અભિનંદન પાઠવ્યા



ટોરન્ટો : ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોને ચૂંટણીમાં વિજેતા રહીને સત્તા જાળવી રાખવા માટે અભિનંદન આપ્યા હતા.

ફેડરલ ચૂંટણીમાં વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોનો પક્ષ લિબરલ વિજેતા રહ્યો હતો. જો કે, પૂર્ણ બહુમત નહીં મળવાને કારણે લિબરલ પક્ષની સરકાર કોઈના ટેકાથી બનાવાશે. જો કે, આખી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન બંને મુખ્ય પ્રતિસ્પર્ધી લિબરલ અને કન્ઝર્વેટીવ વચ્ચે ગળાકાપ સ્પર્ધા જણાઈ હતી. છેલ્લે થયેલા સરવેમાં બંને મુખ્ય પ્રતિસ્પર્ધીઓ વચ્ચે બહુ ઓછી બેઠકનું અંતર રહે એમ લાગતું હતું.

**દ્વીપક્ષી સબંધોને વધુ મજબુત બનાવવા મોદીએ પ્રતિબદ્ધતા દાખવી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને જણાવ્યું હતું કે, જસ્ટિન ટ્રુડોને અભિનંદન. ભારત અને કેનેડા સરખા મૂલ્યો અને લોકતંત્ર માટેની મજબુત વચનબધ્ધતાથી જોડાયેલા છે.

અભિનંદન જસ્ટિન ટ્રુડો. દ્વીપક્ષી સબંધોને વધુ મજબુત બનાવવા માટે ભવિષ્યમાં કામ કરતા રહીશું.

## કેનેડાની ચૂંટણીમાં વિજય મેળવનારા મૂળ ૧૯ ભારતીયો સંસદમાં પહોંચ્યા

ઓન્ટેરિયો : કેનેડાની ફેડરલ ચૂંટણીના પરિણામ આવતાં ૧૯ ભારતીયો વિજેતા બનીને સંસદમાં પહોંચ્યા છે. કુલ ૨૦ ભારતીયોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું. જેમાંથી ફક્ત એક જ ઉમેદવારને નિષ્ફળતા મળી છે. કેનેડામાં ચૂંટણી યોજાઇ હતી, જેમાં ભારતીયોનો દબદબો રહ્યો હતો. મોટાભાગના ભારતીયો જીતી ગયા છે. ભારતીયોમાં પણ ખાસ કરીને પંજાબીઓનું વર્ચસ્વ રહ્યું છે. એ પણ ખાસ નોંધવા જેવું છે કે, કેનેડામાં કુલ વસ્તીના ૩.૫ ટકા પંજાબીઓની વસ્તી છે. એમ છતાં કેનેડાની રાજનીતિમાં પંજાબીઓનું વર્ચસ્વ રહ્યું છે. ચૂંટણીમાં ખાસ વાત એ છે કે, સૌથી વધુ ભારતીય મૂળના વધુ ઉમેદવારોને જંગમાં લિબરલે ઉતાર્યા હતા. લિબરલ પાર્ટીએ ૨૦ ભારતીય મૂળના ઉમેદવારોને ચૂંટણીમાં ઉતાર્યા હતા, જેમાંથી મોટાભાગના ઉમેદવારો વિજયી નિવડ્યા છે. એ ઉપરાંત એનડીપી પાર્ટીના અધ્યક્ષ અને વડાપ્રધાન પદના ઉમેદવાર જગમીત સિંહે બરનબી બેઠક પરથી વિજેતા રહ્યા હતા.

**કુલ ૨૦ ભારતીયોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું, સૌથી વધુ ભારતીય મૂળના વધુ ઉમેદવારોને જંગમાં લિબરલે ઉતાર્યા**

## લિબરલ નેતા ટ્રુડોએ મોરચા સરકારની સંભાવના નકારી

ઓટ્ટાવાઃ કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોએ લિબરલને બહુમત નહીં મળ્યા પછી તેઓ મોરચા સરકાર રચવાની સંભાવના નકારી કાઢી છે.

ટ્રુડોએ જણાવ્યું હતું કે તેઓ કેનેડાના અન્ય પક્ષોના નેતાઓ સાથે પણ ચર્ચાવિચારણા કરી કઇ રીતે સાથે કામ કરી શકાય એ અંગે નકશો ઘડી કાઢશે. જો કે, તેમણે ફરી વખત સ્પષ્ટતા કરી હતી કે, તેઓ જુદા જુદા પક્ષો સાથે ચર્ચા કરશે, પરંતુ ઔપચારિક કે અનૌપચારિક મોરચો રચવાની કોઈ જ યોજના નથી.

ઉલ્લેખનીય કે, ૨૦૧૪માં જ્યારે ફેડરલ ચૂંટણી યોજાઈ હતી, ત્યારે ટ્રુડોના નેતૃત્વ હેઠળના લિબરલ પક્ષને ૧૭૭ બેઠકો મળી હતી. એ કારણથી એ વખતે કોઈના પણ ટેકા વિના જ તેઓ એકલા હાથે સરકાર રચી શક્યા હતા. પરંતુ આ વખતે લિબરલ પક્ષને ફક્ત ૧૫૭ બેઠકો મળી છે, ત્યારે બહુમતથી તેમનો પક્ષ ૧૩ બેઠકો છેટો રહી ગયો છે. એ સંજોગોમાં ટ્રુડો પાસે બે વિકલ્પ રહે છે. ક્યાં તો લઘુમત સરકાર રચે અથવા કોઈ પક્ષનો ટેકો લઈને સરકાર રચે.

લઘુમત સરકાર રચવામાં આવે તો જુદા જુદા મુદ્દે તેમણે બીજા પક્ષોનો સહારો લેવો પડશે. એમ તો એનડીપીના જગમીત સિંહે ટેકો જાહેર કરેલો જ છે. પરંતુ ટ્રુડો મોરચા સરકાર ઈચ્છતા ન હોય તો દરેક પગલે તેમને સંસદમાં બહુમત પુરવાર કરવા માટે જુદા જુદા પક્ષોનો આધાર લેવો જ પડશે.

તેમણે જણાવ્યું હતુ કે, ક્લાઈમેટ ચેઈન્જ સબંધિત કડક પગલાં અને આદિવાસીઓ સાથે વધુ ભાગીદારી જેવા કેટલાક મુદ્દાઓ અગ્રીમતાના ધોરણે હાથ ધરાશે.

જો કે, ૨૦મીએ કેબિનેટ શપથ લે તે પહેલાં કેનેડાના રાજકારણમાં અનેક ચર્ચા વિચારણાઓ શરૂ થશે એ નક્કી છે.

## ૨૦મી નવેમ્બરે જસ્ટિન ટ્રુડો સરકારની નવી કેબિનેટનું ગઠન થવાની શક્યતા

### •પાર્ટીના નેતાઓ સાથે મળીને ભાવિ રણનીતિ ઘડવા ટ્રુડોની સ્પષ્ટતા



ઓટ્ટોવાઃ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ તેમની નવી લઘુમત સરકારની ભાવિ રણનીતિ અંગે થોડા સંકેત આપ્યા છે. તેઓ આગામી ૨૦ નવેમ્બરે પોતાની કેબિનેટની રચના કરશે.

સોમવારની ચૂંટણી બાદ વડાપ્રધાન ટ્રુડોએ પહેલી વખત પરિણામ આવ્યા બાદ પત્રકાર પરિષદ યોજીને પોતાની ભાવિ રણનીતિની રુપરેખા આપી હતી. તેમણે નવી જેન્ડર બેલેન્સવાળી કેબિનેટ રચવાની વાત કરવા સાથે વિપક્ષ સાથે કામ કરવાની તેમજ પશ્ચિમભણીના ચઢાણની વાત કરી હતી. જો કે, લઘુમતિ સરકાર રચવી કે મોરચા સરકાર રચવી એ અંગે તેમણે જણાવ્યું હતું કે, તેઓ પક્ષના અન્ય નેતાઓ સાથે મળીને એ અંગે વિચારણા કરશે. આ અઠવાડિયે જ તેઓ નેતાઓને મળીને શું કરવું એ અંગે નિર્ણય લેશે. તેમણે પોતે ક્યારે નવી કેબિનેટ રચશે તેની જાહેરાત ભલે કરી હોય, પણ તેમણે સંસદમાં ફરી ક્યારે જશે એ અંગે કોઈ ફોડ પાડ્યો ન હતો. તેમણે ઉમેર્યું હતું કે, તેમની નવી કેબિનેટ ૨૦મી નવેમ્બરે શપથ લેશે. જો કે, એ પહેલાં પક્ષ નિર્ણયો લઈને ભાવિ વ્યુહ ઘડશે. જો કે, તેમણે પોતે ટ્રાન્સ માઉન્ટેઈન પાઈપલાઈન એક્સપાન્સનને માટે વચનબધ્ધ હોવાનું જણાવ્યું હતું. બ્લોક, એનડીપી અને ગ્રીનના વિરોધ છતાં તેમણે તેમની આ વચનબધ્ધતા દોહરાવી હતી. અન્ય પક્ષો સાથે કઇ રીતે કામ કરવું એ અંગે નિર્ણય લેતાં પહેલાં તેઓ વિચારવાનો થોડો સમય લેવા માંગે છે, એમ તેમણે કહ્યું હતું.

# કેનેડામાં નવા વસાહતીઓ બનશે મકાનબજારનું ચાલકબળ

## મકાનોની વધતી જતી માંગને પહોંચી વળવા વિશેષ નીતિ જરૂરી બનશે : કેનેડામાં આવતા ૧૫ ટકા લોકો પોતાનું મકાન ખરીદે છે

મોન્ટ્રિયલઃ હાલમાં જ હાથ ધરવામાં આવેલા એક અહેવાલમાં જણાવાયુ છે કે, કેનેડામાં આવી રહેલા નવા વસાહતીઓ મકાનબજારમાં ભાવ ઉંચા રાખવા માટે મહત્તમ ચાલકબળ બની રહ્યા છે. તેથી મકાનોની વધતી જતી માંગને પહોંચી વળવા એક વિશેષ નીતિ ઘડી કાઢવાની જરૂર છે.

રિઅલ એસ્ટેટ સાથે સંબંધ ધરાવતી કંપની રોયલ લે પેગે જણાવ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષમાં પ્રત્યેક પાંચ કેનેડિયનોમાંથી એક વ્યક્તિ મકાન ખરીદનાર વસાહતી શરણાર્થી અથવા વિદ્યાર્થીઓ કે, વર્ક પરમિટ ધરાવનારાઓ હોય છે. જે કુલ વેચાણના ૨૧ ટકા થવા જાય છે. સમગ્ર કેનેડાની સરખામણીએ જોવા જઈએ તો નવાઈ પમાડે એવી વાત એ છે કે, આમ છતાં આ સમાજના લોકોને સ્થાપિત કેનેડિયનો કરતાં પોતાનું મકાન હોય એવો આગ્રહ રાખતાં નથી. આવા ૩૨ ટકા લોકો જ માલિકીના મકાન ધરાવે છે. તેની સરખામણીમાં ૬૮ ટકા કેનેડિયનો પોતાના મકાન ધરાવે છે. પરંતુ વિચિત્ર લાગે એવી વાત એ છે કે, કેનેડામાં આવતા ૧૫ ટકા લોકો પોતાનું મકાન ખરીદે છે. નવા આવનારાને કારણે વધતી માંગને પહોંચી વળવા એક ટકાઉ અને નિર્ણાયક નીતિની જરૂર છે. આવી હાઉસિંગ યોજનાના વિકાસ દરમિયાન શહેરી કેન્દ્રમાં પર્યાવરણ પર ખાસ ધ્યાન આપવું જરૂરી છે, એમ રોયલ લે પેગના સીઈઓ અને પ્રેસિડેન્ટ ફીલ સોપ્રેએ જણાવ્યું હતું. કેનેડાનું અર્થતંત્ર અને કામદારોનું બજાર વિકસી રહ્યાં છે. એ જોતાં તેમની મકાનની માંગ પણ સંતોષાય એ જરૂરી છે. સંકેતો જોવા મળે છે એ પ્રમાણે ઓન્ટેરિયોમાં એ બાબત પર ધ્યાન આપવામાં આવતું નથી, જ્યારે કેનેડામાં આવા લોકોનું પ્રમાણ ૪૬ ટકા થવા જાય છે.

આરબીસીનાં ઈકોનોમિક્સ સર્વે મુજબ ગ્રેટર ટોરન્ટોમાં કોન્ડોઝ અને ભાડે આપવાનાં હેતુથી બાંધવામાં આવતાં મકાનોનું બાંધકામ બેવડા પ્રમાણમાં વધારવાની જરૂરત છે કે, જેથી મકાનની વધતી જતી માંગને પહોંચી વળાય. એક અન્ય સંશોધકના સૂચન મુજબ કેનેડાના શહેરોના આયોજકોને મકાનની સંખ્યાના બાંધકામ વિશે કોઈ ખાસ અંદાજ નથી, કારણ કે, કેનેડામાં વિદેશી વિદ્યાર્થીઓનો ધસારો વધી રહ્યો છે અને જે મકાનોના ભાવ વધારામાં ભાગ ભજવે છે, તેમાં આ પરિબળનું પણ મહત્વ છે એ સમજવામાં શહેરી આયોજકો નિષ્ફળ ગયા છે. આ ઉદ્યોગના અન્ય લોકોની જેમ સોપ્રે માને છે કે, લિબરલ્સ અને કન્ઝર્વેટિવ્ઝે નવા આવનારાં લોકોને મકાન ખરીદવાની તક મળે એ માટે સસ્તા મકાનની વ્યાખ્યામાં સુધારો કરવો જોઈએ અને માંગ વધે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. મકાનના બાંધકામનો ખર્ચ વધ્યો હોવાથી મકાન ખરીદનારની ક્ષમતામાં પણ વધારો કરવાનો મુદ્દો રાજકારણમાં અટવાઈ જાય છે. તે મીડિયા સમક્ષ બોલી રહ્યા હતા. વધુમાં ઉમેરતાં એમણે કહ્યું હતું કે, રાજકારણીઓએ પ્રચારમાં કરવેરા ઘટાડવા અથવા કેટલાક લલચામણાં મુદ્દાઓ જે ટૂંકા લાભ માટે ચૂંટણીમાં ઉછાળ્યા હતા પરંતુ મકાન ખરીદનારાઓની ક્ષમતા વધારવા એ મુદ્દા પર ધ્યાન આપ્યું નહોતું.

## સ્કારબોરોમાં નવરાત્રિ : વર્ષા શુકલ, પ્રીતિ આચાર્ય દ્વારા ગરબાની રમઝટ





સ્કારબોરો ખાતે ગત તા.૨૯મી સપ્ટેમ્બર, પાંચ ઓક્ટોબરના રોજ નવરાત્રિ મહોત્સવનું આયોજન કરાયું હતુ. જેમાં પ્રાચીન તથા અર્વાચીન ગરબા ગવાયા હતા. ૧૩મી ઓક્ટોબરે શરદ પૂનમના રોજ રાસ ગરબાનું ભવ્ય આયોજન રુચિ પંડ્યા તથા રિતેશ પંડ્યાના સંચાલન હેઠળ રાધા કૃષ્ણ મંદિરે થયું હતુ. જેમાં વર્ષા શુકલ તથા પ્રીતિ આચાર્યએ સંગીતના સુર તાલ વચ્ચે રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. આ અવસરે ખેલૈયાઓ પણ મન મુકીને ગરબે ઘૂમ્યા હતા.

## મેડિસીનની ભલામણ કરવાની સત્તા નર્સોને આપવા સંબંધે સૂચનો મંગાયા

### • ઈમરજન્સી સમયે દવા આપવાની સત્તા આપવા માંગ કરાઈ

ટોરન્ટો : ઓન્ટેરિયોની સરકારે કોન્ટ્રાસેપ્ટિવ્ઝ, ઈમ્યુનાઈઝશન અને ધૂમ્રપાન સંબંધી જરૂરી દવાઓના પ્રિસ્ક્રિપ્શનની ભલામણ કરવાની સત્તા નર્સિસને આપવા મુદ્દે લોકો પાસેથી સૂચનો મંગાવ્યા છે. કોલેજ ઓફ નર્સિસ, ઓન્ટોરિયો તરફથી આ સૂચન કરવામાં આવ્યું છે અને માંગણી કરવામાં આવી છે કે, ઘાયલોને સારવાર તથા પ્રવાસને સમયે આરોગ્ય માટે દવાની ભલામણ કરવાની સત્તા આપવી જોઈએ. રાજ્યનાં આરોગ્ય વિભાગના મંત્રીના પ્રવક્તા ક્રિશ્ચિયન ઈલિયટે જણાવ્યું હતું કે, આ પરિવર્તનથી દર્દીઓને વધુ સગવડ મળશે તથા ફિઝિશ્યનોને વધુ જટીલ કામમાં મદદ મળશે તથા આ ક્ષેત્રનાં કામકાજના વાતાવરણમાં પણ સકારાત્મકતા જોવા મળશે. ૨૦૧૭માં લિબરલની સરકારે રજીસ્ટર્ડ નર્સિસને કેટલીક મેડિસિન્સની ભલામણ કરવાની સત્તા આપી હતી. પરંતુ ત્યારબાદ સંશોધન અને કોલેજ સંબંધી કામકાજમાં કેટલાંક વધુ નિયંત્રણો મૂકવામાં આવ્યા હતા. કોલેજે જણાવ્યું હતું કે, જાહેર આરોગ્યમાં બે વર્ષ સુધી સેવા આપનાર નર્સિસ તથા આ ક્ષેત્ર સાથે સંબંધ ધરાવતા અન્ય લોકોના વિકાસ માટે આ યોજના રજૂ કરવામાં આવી છે.






# હવે કન્ઝર્વેટીવ પક્ષમાં બળવાનો ભય

## ચુંટણીમાં પ્રચાર નીતિ મુદ્દે પક્ષના નેતાઓએ જ નારાજગી વ્યક્ત કરી




ઓન્ટેરિયો : ૨૦૧૯ની કેનેડા ફેડરલ ચૂંટણીમાં લિબરલની સામે પરાજય થયા બાદ કન્ઝર્વેટીવ પક્ષમાં નેતા એન્ડ્રુ શીયરે સામે બળવો પોકારાય એવી ભીતિ સેવાઈ રહી છે. ચૂંટણી પરિણામમાં સત્તાથી દૂર રહેલા કન્ઝર્વેટીવ પક્ષમાં પક્ષની નેતાગીરી સામે અસંતોષ ફેલાયો છે, એ અસંતોષને પગલે એન્ડ્રુ શીયરે માટે નેતાગીરી જાળવી રાખવાનું મુશ્કેલ બને એમ લાગે છે. પક્ષના નેતાઓમાં આ અસંતોષ અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

કેટલાક ચાવીરુપ કન્ઝર્વેટીવ અગ્રણીઓએ અખબારને તેમની નેતાગીરી સામે અસંતોષનો ચિતાર આપ્યો હતો. સાથે જ ચૂંટણીમાં પ્રચારકાર્ય જે રીતે હાથ ધરાયું તે સામે શીયરે અને તેમના નજીકના નેતાઓ સામે ભારે નારાજગી વ્યક્ત કરાઈ હતી. સાથે સાથે ઓન્ટેરિયાઓ અને ક્યુબેક જેવા કન્ઝર્વેટીવના ગઢમાં પણ સારો દેખાવ ન થવા સામે પણ નબળી નેતાગીરીને જવાબદાર ઠેરવી હતી. લિબરલ નેતા ટ્રુડો

### એપ્રિલમાં યોજનારી સમીક્ષા બેઠકમાં વિરોધના સૂર ઉઠવા સંભવ

જ્યારે એસએનસી- લાવેલિન અને બ્લેકફેસ કૌભાંડનો સામનો કરતા હતા, તેને કારણે તેઓ આ વખતે ચૂંટણી જીતી શક્યા હોત એવી પક્ષમાં લાગણી જોવા મળતી હોવાનું તેમણે કહ્યું હતું.

કેટલાક નિષ્ણાંતો કહે છે કે, પક્ષના ચહેરાને બદલવો જોઈએ. યુનિવર્સિટી ઓફ ટોરન્ટોના પોલિટીકલ સાયન્ટીસ્ટ નેલ્સન વાઈઝમેન સમજાવે છે કે, કોઈ એક જ ચાકુ તમારી સામે ધરાયુ નથી, હજુ તો ઘણી છરી ચાલી શકે એમ છે. કન્ઝર્વેટિવ પાર્ટીમાં ઘણા નેતાઓ મહત્વાકાંક્ષી છે. પક્ષના આંતરિક વર્તુળો જણાવે છે કે, શીયરે ઘણા પડકારો ઝીલવા પડશે અને આગામી એપ્રિલમાં જ્યારે સમીક્ષા બેઠક યોજાશે, તેમાં અસ્તિત્વ જાળવી રાખવા માટે ઘણી મહેનત કરવી પડશે.

# ૯૨ ટકા વચનો પૂર્ણ કર્યા છતાં ટ્રુડોને કેટલાક મુદ્દાઓ નડી ગયા




ટોરન્ટો : ફેડરલ ચૂંટણી ખરેખર તો કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો માટે એક જનમત સંગ્રહ જેવી ગણાઈ હતી. તેમની પહેલી ટર્મ ઉતાર ચઢાવવાળી જ રહી હતી. એ સંજોગોમાં તેમના નેતૃત્વ હેઠળ લિબરલ પાર્ટી ભલે બહુમત મેળવી ન શકી નહીં, પણ સૌથી મોટાપક્ષ તરીકે વિજેતા રહી છે, તેને કારણે તેઓ ફરી સત્તારુઢ થશે તેવી શકયતા વધુ છે. ત્યારે તેમણે એ વિજય બાદ પોતાના સમર્થકોને મોન્ટ્રીયલમાં સંબોધતા કહ્યું કે, મતદારોએ વિભાજન અને નકારાત્મકતાને નકારી કાઢી છે. લોકોએ પ્રગતિશીલ એજન્ડા અને જળવાયુ પરિવર્તનના પક્ષમાં મતદાન કર્યું છે.

જો કે, જે રીતે બહુમતમાંથી લઘુમતમાં તેમનો પક્ષ આવી ગયો, એ જોતાં ટ્રુડોની લોકપ્રિયતા પણ ઘટી જ ગઈ એમ કહીએ તો કશું ખોટું નથી. ૨૦૧૪માં તેઓ રાજકારણના નવા ખેલાડી હતા, તેથી તેઓ એકલા હાથે લિબરલને જીતાડી ગયા ત્યારે તેમની કાબેલિયતની ઘણી તારીફ થઈ હતી. એ ઉપરાંત તેમણે ચૂંટણી પ્રચાર અને એ વખતે આપેલા વચનો અંગે પણ ચર્ચા રહી હતી. રાજકારણના કાગડા પણ બધે જ કાળા હોય છે. આપણે ત્યાં જેમ રાજકારણીઓ ચૂંટણીના વચનો ભુલી જાય છે, એમ ટ્રુડો પણ તેમણે આપેલા વચનો ભુલી ગયા હતા. જો કે કહેવાય છે કે, તેમણે આપેલા બહુધા વચનો પૂર્ણ કર્યા છે. એમ છતાં તેમને બ્લેક ફેસ મેક અપનું કૌભાંડ બહાર આવ્યું તે પણ તેમને નડી ગયું હતું. એ ઉપરાંત તેમણે આપેલા કેટલાક વચનો પૂરા નહીં થયા, તે પણ તેમની લોકપ્રિયતામાં ઘટાડો કરી ગયા હતા. જો કે કેનેડાના કેટલાય શિક્ષણવિદોએ કરેલા સ્વતંત્ર મૂલ્યાંકન અનુસાર ટ્રુડોએ લગભગ ૯૨ ટકા વચનો પૂર્ણ કર્યા છે કે આંશિક રીતે પૂર્ણ કર્યા છે. એ રેકોર્ડ છેલ્લા ૩૫ વર્ષોમાં કેનેડાની કોઈ પણ બીજી સરકાર કરતાં બહેતર છે. એમ છતાં ખાસ કરીને તમામ વિપક્ષોની નારાજગી છતાં તેમણે ટ્રાન્સ માઉન્ટેઈન તેલ પાઈપલાઈન પરિયોજનાના વિસ્તારનું સમર્થન તેમણે કર્યું હતું. એ જ રીતે ફરી વખત તેમણે આ યોજના અંગે સમર્થન જાહેર કર્યું હતું. એ મુદ્દે તેમની છબી ખાસ્સી ખરડાઈ હતી, તો ચૂંટણીમાં સુધારાની વાત પણ હવામાં જ રહી ગઈ છે. આ તમામ મુદ્દાઓ વડાપ્રધાન ટ્રુડોની લોકપ્રિયતા ઘટાડનારા બની રહ્યા છે.

# ચૂંટણીના પરિણામથી પંજાબમાં ક્યાંક ખુશી તો ક્યાંક અફસોસ

ઓન્ટેરિયો : કેનેડાની ચૂંટણીમાં ૧૯ ભારતીયો ચૂંટણી જીત્યા છે, તેમાંથી ૧૮ શીખો છે. આ સંજોગોમાં પંજાબમાં કેનેડાની ચૂંટણીના પરિણામથી ખુશીનો માહોલ હોય એ સમજી શકાય એમ છે. પરંતુ આ ખુશીના માહોલમાં ક્યાંક ક્યાંક અફસોસ પણ જોવા મળી રહ્યો છે. કેનેડામાં શીખોનું રાજકીય પ્રભુત્વ ઘણું છે અને તે જ કારણ છે કે, કુલ ૩૩૮ બેઠકોમાંથી ૨૦ બેઠકો ઉપર ભારતીય મૂળના લોકો ચૂંટણી લડ્યા હતા. એ જંગમાં ૧૯ ભારતીયો જીત્યા છે, જેમાંથી ૧૮ શીખો છે, એ જ પુરવાર કરે છે કે, શીખો કેનેડાના રાજકારણમાં એક મહત્વનું સ્થાન અને પ્રભુત્વ જમાવી ચૂક્યા છે.

આ કારણથી જ ભારત કરતાં પંજાબમાં કેનેડાની ચૂંટણીની વધુ ચર્ચા રહી છે. એ પાછળનું એક કારણ એ પણ હતું કે પંજાબમાંથી કેનેડા જઈને વસવાની ઈચ્છા રાખનારાઓની સંખ્યા વધુ છે, એ કારણથી કેનેડામાં લિબરલની સત્તા આવે એવું તેઓ ઈચ્છતા હતા. લિબરલ પક્ષે પણ જે ભારતીય મૂળના લોકોને ઉમેદવાર બનાવ્યા હતા, તેમાં શીખોની સંખ્યા વધુ હતી. ટ્રુડોની પહેલી ટર્મમાં તેમના મંત્રી મંડળમાં ચાર મંત્રીઓ શીખ હતા. આ ચારેય શીખ મંત્રીઓને આ વખતે પણ



### જગમીતસિંહની પાર્ટીનો દેખાવ ગત ચૂંટણી કરતા નબળો રહ્યો

જંગમાં ઉતારાયા હતા. આ પૈકી હરજીત સિંહ સજ્જન, નવદીપ બૈસ અને જગદીશ છગ્ગર ફરી ચૂંટણી લડીને જીતી ગયા, પરંતુ તેમના ચોથા મંત્રી અમરજીત સિંહ સોહી ચૂંટણી હારી ગયા હતા. જો કે, તેમને હરાવનારા કન્ઝર્વેટીવ પક્ષના ટીમ ઉપ્પલ પણ શીખ જ છે. ડાબેરી વિચારધારાવાળા જગમીત સિંહના ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીમાં તેમના સિવાય બીજો એકે શીખ નેતા નથી. જગમીતના પૂર્વજોના ગામ થિખરિવાલમાં જગમીત સિંહની પાર્ટીને બહુમત ન મળ્યો તેનો અફસોસ લોકોમાં જોવા મળે છે.

# સપ્ટેમ્બરમાં મકાનોના ભાવ વધતાં કેનેડાના બાંધકામ ઉદ્યોગમાં તેજી

- ચાર મહિનામાં મકાનના ભાવોમાં ૨.૩ ટકાનો વધારો નોંધાયો

ટોરન્ટો : કેનેડામાં સપ્ટેમ્બર મહિના દરમિયાન અન્ય બજારોમાં જે તેજી જોવા મળતી હતી તેની અસર બાંધકામ ઉદ્યોગમાં પણ જોવા મળી હતી. જે હાઉસિંગ બજાર વધુ મજબૂત બની રહ્યું હોવાના સંકેત આપે છે. ગયા મહિને ૦.૬ પર્સન એકમોનું વેચાણ વધ્યું હતું. આ વધારાને કારણે ગયા વર્ષ કરતાં ચાલુ વર્ષમાં ટ્રાન્ઝેક્શન ૧૬ ટકા વધ્યું હતું, એમ મંગળવારે કેનેડિયન રિઅલ એસ્ટેટ એસોસિએશન તરફથી જણાવવામાં આવ્યું હતું. સપ્ટેમ્બર મહિનામાં મકાનના મૂળભૂત ભાવોમાં ૦.૫ ટકા વધારો થયો હતો અને આમ છેલ્લા ચાર મહિના દરમિયાન કુલ વધારો ૨.૩ ટકા નોંધાયો હતો. બ્રિટીશ કોલંબિયાના હાઉસિંગ બજારમાં વેચાણ અને ભાવ બંનેમાં વધારો થયો હતો. એક અહેવાલ જણાવે છે કે, આ વધારો હાઉસિંગ બજાર અગાઉની મંદીમાંથી બહાર આવી ગયું છે અને મોરગેજના દરમાં ઘટાડો થયો છે તેવા સંકેતો આપે છે. બેંક ઓફ કેનેડા તરફથી હાઉસિંગ માર્કેટના વ્યાપક આંકડા આપવામાં આવ્યા છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે નોકરીઓમાં વધારાની સાથે-સાથે વ્યાજના દર સ્થિર રહ્યા છે, તેનું કારણ સરકારની સરળ નીતિઓ છે. ઓટાવા ખાતેના બાંધકામ સંબંધી કે જૂથના વરિષ્ઠ અર્થશાસ્ત્રી ગ્રેગરી ક્લમ્પે જણાવ્યું હતું કે, મકાનના વેચાણ અને ભાવોમાં સપ્તાહાંત સુધીમાં નોંધપાત્ર વધારો થયો છે.

# વડતાલ ધામ હિંદુ કલ્ચરલ સેન્ટર દ્વારા નવરાત્રિ-રાસ ઉત્સવની ઉજવણી કરાઈ



- ગીંતાજલી ગ્રુપ ઓફ ટોરન્ટોના સંગીતના સથવારે ગરબાની રમઝટ, ખેલૈયાઓ મન મુકી ગરબે ઘૂમ્યા

બ્રામ્પ્ટન : વડતાલ ધામ હિંદુ કલ્ચરલ સેન્ટર દ્વારા નવરાત્રિ-રાસ ઉત્સવ ૨૦૧૯ની ઉજવણી ખૂબ જ ધામધૂમથી કરવામાં આવી હતી. ૧૩મી ઓકટોબરે રવિવારે ગરબાનું આયોજન બ્રામ્પ્ટનના સોકર સેન્ટર ખાતે કરાયું હતુ. જેમાં ગીંતાજલી ગ્રુપ ઓફ ટોરન્ટો દ્વારા સંગીત પીરસાયું હતુ. અનેક ગરબા રસીયાઓએ ગરબાના કાર્યક્રમમાં ભાગ લઈ આનંદ માણ્યો હતો. કાર્યક્રમ દરમિયાન સોકર સેન્ટરમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉમટી પડ્યા હતા. કાર્યક્રમને અંતે ગરબાના આયોજકો દ્વારા પ્રેક્ષકો, કાર્યકરો તથા સહયોગ આપનારા તમામનો આભાર માનવામાં આવ્યો હતો.

# કરારમાં ન હોય તેવી સેવાના ચાર્જ લેવા બદલ મોન્ટ્રિયલની બરફ ખસેડતી કંપની બ્લેક લિસ્ટેડ

## કંપનીએ બરફના નિકાલની વ્યવસ્થામાં ગેરરીતિ કરતા સરકાર તરફથી કાર્યવાહી થઈ

ઓન્ટેરિયો : મોન્ટ્રિયલની સરકારે વધુ એક કંપનીને કરારમાં ન હોય એવી સેવાનો ખર્ચ વસૂલ કરવા બદલ કાળી યાદીમાં મૂકી છે. સિલ્વેન ચોકેટ ઈન્કો. એક તપાસ દરમિયાન જે સેવા આપી ન હોય તેનો ખર્ચ ખોટી રીતે વસૂલી રહી છે, એવું બહાર આવતાં આ કંપનીને મહાનગરપાલિકા તરફથી પાંચ વર્ષ માટે કોઈ પણ પ્રકારના કામ ન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ કંપની લાકડાના બોક્સમાં બરફ ભરીને નિકાલ કર્યો હોવાનું દર્શાવી તેનો ખર્ચ વસૂલ કર્યો હતો. મોન્ટ્રિયલના કાઉન્સિલરોએ આ કંપનીને કાળી યાદીમાં મૂકવાનો નિર્ણય કર્યો હતો, તે અગાઉ મંગળવારે ઈન્સપેક્ટર જનરલ તરફથી વિસ્તૃત અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. કંપનીએ લાકડાના બોક્સ તથા વધારા સાથેના ટ્રક ભાડે આપવા માટે ૧૧૧ ડોલર વસૂલવાને બદલે ૧૩૬ ડોલર વસૂલ કર્યા હતા. પરંતુ સર્વેલન્સ કેમેરાઓમાં ઈન્સ્પેક્ટરોને એવું જણાયું હતું કે, બરફ જે સ્થળે ખાલી કરવાનો હતો તેના બદલે નજીકમાં જ ખાલી કરી દેવામાં આવ્યો હતો.

આ ઘટના ઈન્સ્પેક્ટરની જાણમાં આવ્યા બાદ કેમેરા મૂક્યા હતા અને આ કેમેરાઓમાં કંપની તરફથી જણાવાયા પ્રમાણે બરફનો નિકાલ કરવામાં આવ્યો નહોતો. શહેરની સ્નો રિમૂવલ વ્યવસ્થા સંભાળી રહેલા કાઉન્સિલર ફ્રાન્કોઈસ પાર્ટ્યુ કે, જેઓ કમિટીના પણ સભ્ય હતા, તેમણે જણાવ્યું હતું કે, ડેનિસ કોડેરેના જૂના વહીવટી તંત્રએ જે વ્યવસ્થા અમલમાં મૂકી હતી તે પ્રમાણે આ કામ લેવામાં આવતું હતું. એક અન્ય તપાસમાં પણ કેમેરાઓ દ્વારા લેવામાં આવેલા ફોટોગ્રાફ્સ સૂચવતા હતા કે, કોન્ટ્રાક્ટર ફૂલ ટ્રકના નાણાં વસૂલ કરતો હતો, જ્યારે ટ્રક પૂરેપૂરી ભરાયેલી નહોતી. મહાનગરપાલિકાએ જૂન મહિનામાં આ ગરબડ પકડી પાડી હતી અને આ અગાઉ બે કંપનીઓ જે બરફ હટાવવાનું કામ કરતી હતી તેને પણ બ્લેક લિસ્ટ કરવામાં આવી હતી. આ કંપનીઓને જૂન ૨૦૧૬માં ૯.૩ મિલિયન ડોલરનો ચાર વર્ષ માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો.

# મૂળ અમલસાડ ગામના ચિત્રકાર નટવરલાલ પટેલ દ્વારા ભારતીયોને દિવાળીની શૂભકામના પાઠવાઈ



દક્ષિણ ગુજરાતના નવસારી નજીક આવેલા અમલસાડ સરીબૂજરંગ ગામના મૂળ વતની અને કેનેડાના ટોરન્ટોમાં સ્થાયી થયેલા આર્ટીટસ્ટ નટવરલાલ પટેલે કેનેડામાં વસવાટ કરતા ભારતીયોને દિવાળી પર્વની ખાસ શૂભેચ્છા પાઠવી છે. અમલસાડ કલા મહાવિદ્યાલય ખાતે આર્ટ ટીચર્સની ડીગ્રી મેળવનારા નટવરલાલે ૧૯૭૮માં આંતરરાજ્ય સ્પર્ધામાં ડંકો વગાડ્યો હતો. તેમણે નવસારીની મફતલાલ મીલમાં ૩૩ વર્ષ સુધી ટેકસટાઈલ ડીઝાઈનર તરીકે કામ કર્યું છે. આ સાથે જ તેમણે કલા મહાવિદ્યાલયમાં માનદ લેકચરર તરીકે પણ માનદ સેવા આપી છે. તેમણે ૨૦૦૯માં કેનેડામાં સ્થળાંતર કર્યા બાદ ૩ વર્ષ પિકચર ડેપોટ માટે આર્ટિટસ્ટ તરીકે કામ કર્યું છે.

# સમુદ્રિ આહારની ગુણવત્તા સામે આશંકા : પ્રજાને આરોગ્યનું જોખમ




## • સરવે માટે લેવાયેલા નમુના પૈકી ૬૦ ટકા ઉપર ગેરમાર્ગે દોરનારા લેબલ મળ્યા : યોગ્ય પગલા જરૂરી બન્યા

ટોરન્ટો : કેનેડામાં સમુદ્રિ આહારની ગુણવત્તા અને ભાવ પર નજર રાખનારી સંસ્થા તરફથી હાલમાં જ હાથ ધરાયેલા સર્વેક્ષણના અહેવાલ મુજબ મોન્ટ્રીયલમાં અનાજ કરીયાણાની દુકાનો અને રેસ્ટોરાંમાંથી લેવાયેલા નમુનાઓનું પરીક્ષણ કરાયું હતુ. તેમાંથી ૬૦ ટકા નમુનાઓ પર ગેરમાર્ગે દોરનારા લેબલ લગાડવામાં આવ્યા હતાં. ઓસિયાના કેનેડા સાથે મળીને સમુદ્રિ આહારમાં થતી છેતરપિંડી વિરુદ્ધ ઝુંબેશ ચલાવનાર સાયરા થર્સટને કહ્યું હતું કે,' વધતા જતાં છેતરપિંડીના બનાવો કાયમી સમસ્યા છે. આયોજકોએ જુલાઈ ૨૦૧૯માં મોન્ટ્રીયલના ૫૦ સ્થળોએથી ૯૦ નમુનાઓ લીધા હતા અને દરેકનું ઝીણવટપૂર્વક પરીક્ષણ કર્યું હતું. એ દરમિયાન જણાયું હતું કે, ૩૧ ઉત્પાદનો જણાવ્યા કરતા જુદા હતા. ૨૧ ઉપર ખોટા લેબલ લગાડવામાં આવ્યા હતા. જયારે ત્રણ ઉત્પાદનોના વેચાણ ઉપર પ્રતિબંધ હતો. ઓન્ટેરિયોની વ્યાપારિક પ્રયોગશાળા ગુલેફે નમુનાઓના પરીક્ષણ માટે ડીએનએ બારકોડીંગનો ઉપયોગ કરી દરેક પ્રજાતિની ઓળખ કરે છે. હાલ લેવામાં આવેલા નમુનાઓના પરીક્ષણોમાં જોવા મળ્યું હતું કે, માછલીના ૪૭૨ નમુનાઓમાંથી ૪૨ ટકા ઉપર ખોટા લેબલ લગાડેલા હતા. જયારે મોન્ટ્રીયલ, વિકટોરીયા, વેનકુંવર, ટોરન્ટો, ઓટાવા અને હોલફિકસમાં જોવામાં આવેલા નમુનાઓમાં આ ગરબડ જોવા મળી હતી. વર્ષ ૨૦૧૮માં પાંચ શહેરોમાંથી લેવાયેલા નમુનામાં મોન્ટ્રીયલમાં ૪૪ ટકા નમુનાઓ પર ખોટા લેબલ લગાડવામાં આવ્યા હતા,વિકટોરીયામાં ૬૭ ટકા જયારે વેનકુંવરમા ૨૬ ટકા ખોટા લેબલ સાથે છેલ્લા ક્રમે રહ્યું હતું. ઝુંબેશ ચલાવનાર સાયરા થર્સટને જણાવ્યું હતું કે સમુદ્રિ આહારમાં છેતરપિંડીની વધતી જતી જતી સંખ્યા તરફ આંખમિચામણા કરી શકાય નહીં.












### કામદારોના વધતા જતા પગાર તથા કામદારોની ગંભીર તંગીના ઉકેલ માટે નવી સિસ્ટમ અપનાવાતા નવી સમસ્યા

# વેપાર ઉદ્યોગે ઓટોમેશન અપનાવતાં નોકરીઓ ઘટવાનું જોખમ

મોન્ટ્રિયલ : છેલ્લાં કેટલાંક મહિનાથી કેનેડામાં કામદારોની ગંભીર તંગીનો સામનો કરી રહેલાં વેપાર ઉદ્યોગે રોબોટ તેમજ સોફ્ટવેર જેવા ઓટોમેશન અપનાવતાં નોકરીઓમાં ઘટાડો થવાની સંભાવના છે. મંગળવારે પ્રકાશિત ધ બેંક ઓફ કેનેડાએ તેના એક નવીનતમ અહેવાલમાં જણાવ્યું છે કે, છેલ્લા એક વર્ષથી વેપાર ઉદ્યોગ તરફથી કામદારોને નોકરીઓ આપવાનાં પ્રમાણમાં ઘટાડો થઈ રહ્યો છે. તેને પરિણામે કેનેડામાં નોકરીઓનું પ્રમાણ ઘટવાની શંકા અસ્થાને નથી.

નેશનલ બેંક ફાઈનાન્શિયલ (એનબીએફ) જણાવે છે કે, સ્વાભાવિક રીતે જ વેપાર ઉદ્યોગ તરફથી નોકરીઓ આપવાનું પ્રમાણ ઘટડવામાં આવતાં કેનેડામાં ભવિષ્યમાં નોકરીઓમાં નિર્ણાયક પ્રમાણમાં ઘટાડો થશે. હાલમાં કેનેડામાં વાર્ષિક વસતીવધારાનું પ્રમાણ ૧.૫ ટકા છે, જ્યારે નોકરીઓનું પ્રમાણ તેના કરતાં ઝડપથી વધી રહ્યું હતું પરંતુ હવે તે સ્થિતિ યુ ટર્ન લે એવી



શક્યતા છે. એનબીએફનાં વરિષ્ઠ અર્થશાસ્ત્રી કિશન રંગાસામીએ જણાવ્યું હતું કે, આવા બ્લોક બસ્ટર વર્ષ બાદ નોકરીઓમાં બહુ વધારો થશે એવી આશા રાખી શકાય તેમ નથી. વેપાર ઉદ્યોગોએ વધતા જતા પગાર તથા કામદારોની ગંભીર તંગીના ઉકેલ તરીકે વધુને વધુ ઓટોમેશન અપનાવ્યું છે.

બેંક જણાવે છે કે, તેને કારણે મંદીમાં વધારો થયો છે અને ખાનગી ક્ષેત્રોમાં ૪,૨૫,૦૦૦ નોકરીઓ મહિનાઓથી ખાલી પડી છે. સંખ્યાબંધ ઉદ્યોગોમાં મજૂરી ખર્ચ વધતાં ઉત્પાદન મોંઘા બનતા જાય છે. તેથી તેમની કાર્યક્ષમતા વધારવા થોડા સમય માટે ઓટોમેશનનો પ્રયોગ કર્યો હતો. આ જોતાં હજુ કેટલાંક ત્રિમાસિક ગાળા દરમિયાન નોકરીઓમાં વધારો થવાની આશા રાખવામાં આવતી હતી, તેવી આશા હવે રાખી શકાય તેમ નથી. પડકારોનો સામનો કરી રહેલા કેનેડાના ઉર્જાઉદ્યોગ તરફથી પણ નોકરીમાં વધારાની કોઈ આશા નથી. જો આગામી મહિનાઓમાં પરિસ્થિતિમાં સુધારો નહીં થાય તો ખાનગી વેપાર ઉદ્યોગ ૨૦૨૦માં નવી ભરતી કરવા માટે બહુ ઉત્સાહ નહીં દર્શાવે.










Ashok
Jewellers
"Only One Location to Serve"
Wish You All A Very Happy
Diwali & Prosperous New Year
સોનાની બંગડીઓ, ચેઈન, બુટ્ટીઓ, લગ્ન પ્રસંગે પહેરવાના દાગીના...
પોતાનું વિશાળ બિલ્ડીંગ અને પેઢી દર પેઢીનો અનુભવ
દરેક પ્રકારની ડાયમંડની જવેલરીની વિશાળ શ્રૃંખલા...
ધનતેરસ અને દિવાળીના શુભ અવસરે
દાગીના ખરીદવા અવશ્ય પધારો
Authorised Dealer of RADO Watches
એકવાર પધારો, દિલ ખુશ ના થઈ જાય તો કહેજો
Only one location in Mississauga
7198 Airport Road Malton, Ontario, L4T 2H3
Tel: 905 671 4290 Fax : 905 671 1190
Email: raju1234@aol.com
www.ashokjewellers.ca

## થોડા સમય પહેલા જ પક્ષપલટો કરનારા રાધનપુરના અલ્પેશ ઠાકોર અને બાયડના ધવલસિંહ ઘરભેગા

# ગુજરાતમાં પેટાચૂંટણી : ભાજપ-કોંગ્રેસને ૩-૩ બેઠક

## થરાદ, રાધનપુર, બાયડ બેઠક પર કોંગ્રેસ તો અમરાઇવાડી, ખેરાલુ અને લુણાવાડામાં ભાજપની જીત


જગદીશ પટેલ (અમરાઇવાડી)


અજમલજી ઠાકોર (ખેરાલુ)


જીગ્નેશ સેવક (લુણાવાડા)


જશુભાઈ પટેલ (બાયડ)


રઘુ દેસાઇ (રાધનપુર)


ગુલાબસિંહ રાજપૂત (થરાદ)

અમદાવાદ : રાજ્યની છ વિધાનસભાની બેઠકોની પેટા ચૂંટણીના આજના પરિણામો ભાજપ માટે બહુ મોટા આંચકા અને આઘાત સમાન હતા, તો કોંગ્રેસ માટે બહુ મોટી જીત સમાન અને કોંગ્રેસમાં નવી ઉર્જાના સંચાર સમાન હતા. છ બેઠકો પૈકી ભાજપ અને કોંગ્રેસે ત્રણ-ત્રણ બેઠકો કબ્જે કરી હતી. આમ, આ વખતની પેટાચૂંટણીમાં કોંગ્રેસે ભાજપને જોરદાર કાંટે કી ટક્કર આપી હતી. આ પેટાચૂંટણીમાં ભાજપ પાસેથી કોંગ્રેસે ૩ બેઠક આંચકી લીધી છે. ઉત્તર ગુજરાતની થરાદ, રાધનપુર અને બાયડની બેઠક કોંગ્રેસે ભાજપ પાસેથી આંચકી ભાજપને બહુ મોટી રાજકીય પછડાટ આપી છે તો, ભાજપે સમ ખાવા પૂરતી ખેરાલુ, લુણાવાડા અને છેલ્લી ઘડીયે ભારે રસાકસી બાદ અમદાવાદની અમરાઈવાડી બેઠક જીતવામાં સફળતા મેળવી હતી. જો કે, સૌથી આંચકાજનક અને અણધાર્યા પરિણામ તો, રાધનપુર અને બાયડ બેઠકના હતા, કે જયાંથી અનુક્રમે અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલા ભાજપના કમળ પર ચૂંટણી લડયા પરંતુ તેમની કારમી હાર સાથે ભાજપનું પણ કમળ કચડાઈ ગયુ અને આ બંને ઠાકોર નેતાઓના રાજકીય સપના રોળાઈ ગયા. ગુજરાતની છ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીના આજના પરિણામો ભાજપ માટે બહુ મોટી હાર સમાન રાજકીય દ્રષ્ટિકોણથી ગણાવાઈ રહ્યા છે તો, કોંગ્રેસ માટે આજના પરિણામો બહુ મોટી જીત સમાન મનાઈ રહ્યા છે.




ઉત્તર ગુજરાતની થરાદ બેઠક પરથી કોંગ્રેસના યુવા ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂત ૬૩૯૦ મતે જીત્યા છે. કોંગ્રેસના યુવા ઉમેદવાર ગુલાબસિંહે ભાજપના જીવરાજ પટેલનું કમળ મસળી નાંખ્યુ હતું. તો, બાયડ બેઠક પર જશુભાઈ પટેલે ભાજપના ધવલસિંહ ઝાલાને બહુ અણધારી હાર આપી હતી. સૌથી આંચકાજનક અને આઘાતજનક પરિણામ ભાજપ માટે રાધનપુર બેઠકના રહ્યા. રાધનપુર બેઠક પરથી અલ્પેશ ઠાકોરને વરઘોડો લીલા તોરણે પાછો ફર્યો હતો. કોંગ્રેસના રઘુ દેસાઈએ ભાજપના આયાતી ઉમેદવાર અલ્પેશ ઠાકોરને જોરદાર રીતે ઉંધા માથાની પછડાટ આપી હતી.

અમદાવાદની અમરાઈવાડી બેઠક પર કોંગ્રેસના ધર્મેન્દ્ર પટેલે ભાજપના જગદીશ પટેલને છેક ૧૮મા રાઉન્ડ સુધી પાછળ રાખ્યા હતા પરંતુ છેલ્લા બે રાઉન્ડમાં જગદીશ પટેલે આગળ નીકળી ભાજપનું કમળ કચડાતાં કચડાતાં બચાવી લીધુ હતુ. તો, લુણાવાડા બેઠક પરથી ભાજપના જીગ્નેશ સેવકની જીત થઈ છે, આ જ પ્રકારે ખેરાલુ બેઠક પરથી પણ ભાજપના અજમલજી ઠાકોર ૨૯,૦૨૬ મતથી જીત્યા છે. આમ, ભાજપને છમાંથી માત્ર ત્રણ બેઠક જ મળી છે. પેટાચૂંટણીના પરિણામો ભાજપ માટે ખરેખર અણધાર્યા અને આઘાતજનક હતા. ખાસ કરીને પક્ષપલ્ટો કરનારા અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાને સ્થાનિક પ્રજાએ જાકારો આપ્યો છે. આજના પરિણામો બાદ ભાજપની છાવણીમાં તો જાણે સોપો પડી ગયો હતો અને કાર્યકરોથી માંડી નેતાઓ-આગેવાનો સ્પષ્ટપણે નિરાશામાં જણાતા હતા તો, બીજીબાજુ, કોંગ્રેસ પક્ષમાં દિવાળી તાકડે જ દિવાળીની ઉજવણી બેવડાઈ ગઈ હતી. કોંગ્રેસમાં જોરદાર વિજયોત્સવ, જશ્ન અને ઉજવણીનો માહોલ છવાયો હતો. ઉલ્લેખનીય છે કે, છ બેઠક ઉપર સરેરાશ ૫૩.૬૭ ટકા મતદાન નોંધાયું હતું. દરેક કાઉન્ટિંગ સેન્ટરની ફરતે થ્રીલેયર સીકયોરીટી ગોઠવવામાં આવી હતી.

## જે પ્રજા અને પક્ષ સાથે દ્રોહ કરે છે તેને સબક મળ્યો : અમિત ચાવડા

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ચાવડાએ રાધનપુર અને બાયડ બેઠક પરથી અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાની હાર બાદ જણાવ્યું કે, ગુજરાતમાં દલબદલુઓને હવે સ્થાન નહી હોય. જેઓને અંહકાર હતો, કે તેઓ તેમની તાકાતના જોરે ચૂંટાયા છે પરંતુ વાસ્તવિકતા એ છે કે, કોંગ્રેસના કાર્યકરો અને સ્થાનિક મતદારોએ આવા તત્વોનો તે અહંકાર ઉતારી દીધો છે. ત્યાંની પ્રજાના કોંગ્રેસને આશીર્વાદથી જીત ૨૦૦૭માં થઈ હતી.

જે લોકો સત્તા, પૈસા અને વ્યકિતગત લાલસા માટે પ્રજા અને પક્ષનો દ્રોહ કરે છે તેઓને જાહેરજીવનમાં સ્થાન ના હોઈ શકે તેવો પ્રજાએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે. બાયડ અને રાધનપુરના આ પરિણામો માત્ર ગુજરાત જ નહી પરંતુ દેશના રાજકારણમાં આ પરિણામો દિશાસૂચક બની રહેશે કે, કયારેય પૈસા અને સત્તા માટે રાજકારણમાં વ્યકિતગત સ્વાર્થ સિધ્ધ ના થઈ શકે. કોંગ્રેસ હંમેશા તમામ લોકોને સાથે લઈને ચાલ્યું છે.

ચાવડાએ ઉમેર્યું હતું કે, દિવાળી પછી કોંગ્રેસ પક્ષના નવા માળખાની જાહેરાત કરવામાં આવશે. દરમ્યાન પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ પણ પરિણામોને વધાવતાં જણાવ્યું હતું કે, આજના પરિણામો પરથી હવે ભાજપના સૂપડા સાફ થઈ જવાની શરૂઆત થઈ ગઈ છે. પોતાના અંગત સ્વાર્થ અને રાજકીય લાલચ માટે પક્ષપલ્ટો કે પ્રજાનો દ્રોહ કરશે તો, ગુજરાતની જનતા તેને જવાબ આપશે તે અલ્પેશ ઠાકોર અને ધવલસિંહની હાર પરથી પ્રસ્થાપિત થઈ ગયુ છે.

## ગુજરાત કોંગ્રેસમાં દિવાળી જેવી ઉજવણી તો ભાજપમાં નિરાશા

અમદાવાદ : ગુજરાત વિધાનસભાની છ બેઠકોની પેટાચૂંટણીના આજના પરિણામોએ ભાજપ જે પ્રકારે દિવાસ્વપ્નોમાં રાચતુ હતુ તે તેનો ભ્રમ બહુ ખરાબ રીતે ભાંગી નાંખ્યો છે. છમાંથી ત્રણ બેઠકો ગુમાવતાં ભાજપની બહુ ખરાબ રાજકીય હાર અને પછડાટ મનાઈ રહી છે કારણ કે, ગુજરાતમાં અને કેન્દ્રમાં જયારે ભાજપ સત્તામાં હતુ અને કલમ-૩૭૦ નાબૂદી અને તાજેતરમાં પાકિસ્તાન પર હુમલાના તમામ ઘટનાક્રમને પ્રચારમાં ઉતારવા છતાં ભાજપ રાજકીય જીત કે દબદબો હાંસલ કરવામાં નિષ્ફળ રહ્યું હતું. ભાજપનું ગણિત કે અમિત શાહની ચાણકય નીતિ કે સ્થાનિક સંગઠન અને નેતાઓની રાજકીય વ્યૂહરચના કયાં નિષ્ફળ રહી તે મુદ્દે હવે મહામંથન ભાજપને કરવાનો સંકેત પ્રજાએ સ્પષ્ટ રીતે આજના પરિણામો પરથી આપી દીધો છે. બીજીબાજુ, કોંગ્રેસમાં આજના પરિણામોને લઈ ભારે હર્ષોલ્લાસ, ઉત્સાહ અને વિજયોત્સવનો માહોલ છવાઈ ગયો હતો. કોંગ્રેસ કચેરીએ ફડાકડા ફોડી, મીઠાઈઓ વહેંચી, ઢોલ-નગારા અને ત્રાંસાના નાદ વચ્ચે નાચી ઝુમી કાર્યકરોએ વિજયોત્સવ મનાવ્યો હતો. કોંગ્રેસ માટે તો દિવાળી પહેલા દિવાળી જેવો માહોલ સર્જાયો હતો બીજીબાજુ, ગાંધીનગર ખાતે આવેલા ભાજપના કાર્યાલય પર વિજય મહોત્સવ યોજવાની તમામ તૈયારીઓ આગોતરી કરાઈ હતી. પરંતુ છેલ્લી ઘડીયે આ વિજય મહોત્સવ અને ઉજવણી પડતા મૂકાયા હતા. ભાજપમાં નાનામાં નાના કાર્યકરોથી માંડી સ્થાનિક નેતાઓ અને આગેવાનોમાં તેમ જ સંગઠનના હોદ્દેદારોમાં ભારે નિરાશા અને હતાશા પ્રવર્તેલી જોવા મળી હતી.

## અલ્પેશ-ધવલસિંહની સ્થિતિ ન ઘરના, ન ઘાટના જેવી થઈ

રાધનપુર અને બાયડ બેઠક પરથી કારમી હાર ખાવાના કારણે હવે ગુજરાતમાં કોંગ્રેસનું ધારાસભ્યપદ છોડીને ભાજપમાં જોડાયેલા અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાની સ્થિતિ ન ઘરના ન ઘાટના જેવી થઈ ગઈ છે. કેમ કે કોંગ્રેસના ધારાસભ્ય પદ છોડી ભાજપમાં જોડાયા અને ભાજપમાંથી પેટા ચૂંટણી લડ્યા પરંતુ બંને ઉંધા માથે પછડાઇને હાર્યા છે. પક્ષપલ્ટો અને વધુ પડતી રાજકીય મહત્વકાંક્ષાએ આ બંને યુવા નેતાઓને રાજકીય જંગમાં હારના પાણીમાં બહુ સિફતતાપૂર્વક ડુબાડી દીધા છે. અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાની હાર એ ભાજપ માટે પણ ઘાતક સાબિત થઇ શકે છે. કોંગ્રેસમાંથી પેરાશૂટ બનીને આવેલા ભાજપમાં આવેલા અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાને ભાજપમાં સમાવવા સામે ભાજપના સ્થાનિક આગેવાનોથી માંડીને અનેક ધારાસભ્યોએ પક્ષમાં આંતરિક રીતે વિરોધ વ્યક્ત કર્યો હતો. તેમ છતાં પક્ષની નેતાગીરીએ આ તમામ વિરોધને અવગણી કાઢ્યો હતો.

## જાતિવાદી પરિબળ હાર માટે કારણો : અલ્પેશની પ્રતિક્રિયા

અલ્પેશ ઠાકોરે ભારે નિરાશા અને હિંમત હારી ગયેલા ચહેરે જણાવ્યું હતું કે, આજના પરિણામનો હું સ્વીકાર કરું છું. ઠાકોર સમાજના લોકોએ ખોબલે ખોબલે મત આપ્યા તે બદલ આભારી છું. આ ચૂંટણીમાં સામે આવેલી જાતિવાદની રાજનીતિ અને લોકોને લલચાવવાની રાજનીતિ ખતરારૂપ છે. ઠાકોર સમાજ સંવેદનશીલ, છે, આ સમાજે મને પ્રેમ આપ્યો છે. સમાજના રક્ષણ અને અધિકાર માટે જયાં લડવાનું થાય તે માટે અલ્પેશ ઠાકોર તત્પર છે.

## ગુજરાત કોંગીના માળખાની કવાયત દિવાળી પછી કરાશે

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામો પહેલાં કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષા સોનિયા ગાંધીએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના માળખાને વિખેરી નાંખવાની જાહેરાત કરી છે ત્યારે હવે નવા માળખાની પ્રક્રિયા દિવાળી પછી હાથ ધરાય તેવી પૂરી શકયતા છે. જેમાં કોંગ્રેસ પક્ષના વફાદાર અને નિષ્ઠાવાન લોકોને સ્થાન આપવાની ઉદાર નીતિ અપનાવાય તેવી પણ સંભાવના બળવત્તર બની છે. કોંગ્રેસના પ્રદેશ માળખાને વિખેરતી વખતે જો કે, પ્રદેશ પ્રમુખ તરીકે અમિત ચાવડાને યથાવત રાખવામાં આવ્યાં છે. બીજીબાજુ, નવા માળખામાં ભરૂચ જિલ્લાના અનેક નેતાઓની ઘરવાપસી થાય તેવી પણ શકયતા છે. આ નેતાઓમાં રાજેન્દ્રસિંહ રણા, યુનુસ પટેલ, અરવિંદ દોરાવાલા, મુકેશ જૈન, રફીક ઝઘડીયાવાલા અને ડી.સી. સોલંકીનો સમાવેશ થવા જાય છે. અમિત ચાવડાના પ્રદેશ પ્રમુખ બન્યાં બાદ ભરૂચના સ્થાનિક આગેવાનોને પ્રદેશ સમિતિમાં સ્થાન આપવામાં આવ્યું હતું.



Jay Shree Swaminarayan

Maninagar Shree Swaminarayan Gadi Sansthan

Shree Swaminarayan Temple Toronto, Canada

Cordially invites you and your family friends to celebrate



Shree Swaminarayan Temple

Diwali

Annakut Utsav

Sunday, Oct 27, 2019

Inspirer:

His Divine Holiness

Acharya Shree Purushottampriyadasji Swamiji Maharaj

8:00am - 12:30pm

Kirtan Bhakti, Annakut Darshan

Ashirvad, Aarti and Maha Prasad

FOR MORE INFO CALL:

Surendra Pujara 416.825.1848

Tiku Thaker 416.451.6638

Dasbhai Patel 647.828.9579

Prakash Chauhan 647.703.4040




www.swaminarayangadi.com/northamerica

6540 Kingston Road, Scarborough, ON M1C 1L4

# સુરતમાં યુવાન પુત્રના મોત બાદ માસિક પૂણ્યતિથિએ માતા પિતાએ જીવતર ટૂંકાવ્યું

**• સ્યુસાઈડ નોટ લખી દંપતીએ દેહદાન કર્યુ**

સુરત : ભટાર ખાતે પાટણના પટેલ દંપતીએ સ્યુસાઈટ નોટ લખી ઘરમાં પંખાના હુંક સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ચાર માસ અગાઉ બ્લડ કેન્સરની બીમારીમાં જુવાનજોધ પુત્ર અકાળે મોતને ભેટતા પતિ-પત્ની માનસિક રીતે ભાંગી પડયાં હતા. પુત્રની ચોથી માસિક પુણ્યતિથિના દિવસે દંપતીએ અણધાર્યું પગલું ભર્યું છે.

મુળ પાટણના ગજાગામના વતની ભરતભાઈ બાબુલાલ પટેલ (ઉં.વ.૪૭) પત્ની પલ્લવીબેન (ઉં.વ૪૫) અને પુત્ર પ્રેમ (ઉં.વ.૨૨) સાથે ભટાર ટેનામેન્ટના પાછળ આવેલા ક્રિષ્ણા પેલેસમાં રહેતા હતા. ઈલેક્ટ્રિશિયન તરીકે કામ કરતા ભરતભાઈ સર્વોદય સ્કૂલ નજીક ઉમિયા જ્વેલર્સ નામથી દુકાન પણ ચલાવતા હતા. તેમના સુખી-સંપન્ન પરિવારને કોઈની નજર લાગી હોય તેમ ચાર માસ અગાઉ પુત્ર પ્રેમનું બ્લડ કેન્સરની બીમારીને કારણે મોત નીપજ્યું હતું. ત્યારબાદ ભરતભાઈ અને પાલીબેન સતત ડિપ્રેશનમાં રહેતા હર્તા શુક્રવારે તા. ૧૮મીએ પ્રેમની ચોથી પુણ્યતિથિ હતી. માનસિક રીતે પડી ભાંગેલા ભરતભાઈ અને પલ્લવીબેને પ્રેમની પુણ્યતિથિના દિવસે મોતને વહાલુ કરી લીધું હતું. તેમની પાસેથી સ્યુસાઈટ નોટ મળી આવી હતી. જેમાં તેમણે, 'હું મારા મોતનો જવાબદાર છું. અમારા મરજીથી આપઘાત કરીએ છે. પુત્રના મોત બાદ જીવવું ગમતું નથી. દેહદાન કરવાનું છે' એમ લખ્યું હતું. શુક્રવારે પ્રેમની ચોથી પુણ્યતિથિ હોય સ્થાનિક વિસ્તારમાં રહેતા નાનાભાઈ પંકજભાઈએ ભરતભાઈને ફોન કર્યો હતો, પરંતુ ભરતભાઈએ ફોનનો કોઈ જવાબ આપ્યો નહોતો, જેને પગલે પંકજભાઈએ ભરતભાઈના પડોશી પાસે તપાસ કરાવતા ઘટના બહાર આવી હતી.

# ૩૧મીએ મોદી દ્વારા 'સ્ટેચ્યૂ ઑફ યુનિટી' ખાતે સફારીપાર્કનું ઉદઘાટન



અમદાવાદ: સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે આગામી ૩૧મી ઑક્ટોબરના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સફારી પાર્કનું ઉદાટન કરાશે. અહીં તાપી જિલ્લાના વન વિભાગ દ્વારા જંગલમાંથી મળેલા વેસ્ટ લાકડામાંથી વિવિધ પ્રાણીઓના સ્ટેચ્યૂ બનાવવામાં આવ્યા છે. જે આ સફારી પાર્કમાં લોકોમાં વન્ય જીવન અંગે જાગૃતિ આવે તે હેતુસર મુકવામાં આવશે. રિવર ક્રાફ્ટિંગ બાદ હવે સફારી પાર્કનું ઉદ્ઘાટન થવા જઈ રહ્યું છે. આ સફારી પાર્કમાં તાપી જિલ્લાના વનવિભાગ દ્વારા જંગલમાં પડી ગયેલા અને વેસ્ટ પડી રહેલ આ પ્રકારના લાકડાઓમાંથી બનાવેલા પ્રાણીઓના અલગ અલગ સ્ટેચ્યૂ અહીં સફારી પાર્કમાં મૂકવામાં આવશે, જેમાં સિંહ, વાઘ, દીપડો, મોર, ચિત્તો, ગેંડો અને અન્ય ઘણા બધા પ્રાણીઓનો સમાવેશ થાય છે. આ તમામ સ્ટેચ્યૂ બારડોલી કડોદ ખાતે તૈયાર કરવામાં આવ્યા છે.

# ઘોઘા-દહેજ ખાતે ફક્ત બે વર્ષમાં ડ્રેજિંગ માટે ૮૦ કરોડનું આંધણ

દહેજ : જાહોજલાલી ધરાવતા ભાવનગરના જૂના બંદર, ઘોઘા, ધોલેરા, ખંભાત સહિતના બંદરો મૃતઃપ્રાય બની ગયા હતા. આ સમસ્યા ઉકેલવા માટે કાંપને દૂર કરવાની પ્રક્રિયા કરવી પડે છે. જેને ડ્રેજિંગ કહેવાય છે. ડ્રેજર (મશીન) સમુદ્રના તળિયે જમા થયેલો કાંપ ઉસેટી લે છે. હવે પાંચ મીટર પાણીની ઊંડાઈ મળે તો જ ફેરી જહાજ સરળતાથી ચાલી શકે, પરંતુ કાંપના કારણે એટલી ઊંડાઈ મળતી નથી. આથી સતત ડ્રેજિંગ કરવું પડે છે. ડ્રેજિંગ ચાલુ રહે અને જહાજને પાણી માટેની ઊંડાઈ મળી રહે તે હેતુથી ડ્રેજિંગ માટે ખાસ નાણાકીય ફાળવણી કરવામાં આવી છે અને તેનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. ફેરી જહાજને પાંચ મીટર પાણીનો ડ્રાફ્ટ મળે તેની જવાબદારી ગુજરાત મેરીટાઈમ બૉર્ડની છે. ઘોઘા-દહેજ રો-પેક્ષ સેવા ગઈ તા. ૨૪ સપ્ટેમ્બરે સ્થગતિ થયા બાદ એક-બે નહીં પૂરા ૨૪ દિવસ વીતી ગયા છે. આ સેવા સ્થગિત થયાના છેક પંદર દિવસ બાદ તા. ૯ ઑક્ટોબરથી જી. એમ. બી. દ્વારા સર્વે શરૂ કરાવાયો હતો અને ડ્રેજિંગ માટે જ બે વર્ષમાં રૂ. ૮૦ કરોડ ખર્ચાઈ આ પ્રોજેક્ટ ખાતર માથે દીવા સમાન સાબિત થઈ રહ્યો છે. બૉર્ડ પાસે તગડો પગાર લેતો સ્ટાફ છે અને પોણા આઠ વર્ષ દરમિયાન ૭૦૦ કરોડ રૂપિયા પાણીની જેમ વહાવવામાં આવ્યા છે.

# લગ્નેતર સંબંધમાં આડખીલી રૂપ પતિનો કાંટો કાઢવા જતા પત્નીએ પ્રેમી ગુમાવ્યો

**• પતિની હત્યા કરી તળાવમાં ફેંકવાનો ખુશ્બુનો પ્લાન હતો પતિ-પ્રેમી વચ્ચે ઝપાઝપી બાદ બંને તળાવમાં ખાબકતા ડૂબ્યા**

સુરત : ઓલપાડ વરિયાવમાં તળાવમાંથી બે યુવાનની રહસ્યમય સંજોગોમાં લાશ મળી આવવાની ઘટનામાં લગ્નેત્તર સંબંધ કારણભુત હોવાની સાથે આડખીલ રૂપ પતિનો કાંટો કાઢવાનો પ્લાન ઘડનાર પત્નીએ પ્રેમી પણ ગુમાવ્યો છે. સોમવારે મધ રાત્રે વરિયાવ ગામની સીમમાં તળાવમાંથી ૩૪ વર્ષીય કમલ યોગેશ પટેલ અને તુષાર ઉત્તમ પટેલની (ઉં.વ-૨૭- રહે, ઓલપાડ) રહસ્યમય સંજોગોમાં લાશ મળી આવી હતી. મોરાભાગળ ખાંડાકુવા ખાતે રહેતો કમલ પત્ની ખુશ્બુ સાથે સેગવા સ્યાદલા ગામ ખાતે સાસરે જવા નીકળ્યા બાદ રહસ્યમય સંજોગોમાં મોતને ભેટયો હતો અને ખુશ્બુએ ગાડી સ્લીપ થઈ જતા બનેલી દુર્ઘટનાની વાત પોલીસને ગળે ઉતરતી નહિ હોવાથી આકરી પુછપરછ હાથ ધરી હતી. જેમાં ખુશ્બુએ કબુલાત કરી હતી કે પુત્રી ત્રણ-ચાર દિવસથી પિયરમાં હોવાથી તેને લેવા પતિ કમલ સાથે લેવા જઈ રહ્યા હતા. તે પહેલા પ્રેમી તુષારને જાણ કરી લગ્નેત્તર સંબંધમાં આડખીલ રૂપ પતિ કમલનો કાંટો કાઢવાનો પ્લાન બનાવ્યો હતો. પ્લાન મુજબ વરિયાવ તળાવ પાસે તુષાર ઘરેથી પોતાનો સામાન બેગમાં ભરીને લઈને આવ્યો હતો અને કમલ સાથે મોટરસાઈકલ પર ખુશ્બુ ત્યાં પહોંચતા વેંત મોટરસાઈકલ થોભાવી હતી. તે દરમ્યાન તુષાર અને કમલ વચ્ચે ઝપાઝપી થઈ હતી. ખુશ્બુ અને તુષારનો પ્લાન કમલને તળાવમાં ફેંકી દઈ હત્યા કરવાનો હતો. પરંતુ કમલ સાથેની ઝપાઝપીમાં તુષાર પણ તળાવના પાણીમાં પડી ગયો હતો અને તેને તરતા આવડતું હોવા છતા તે પણ કમલની સાથે ડુબી ગયો હતો.




# Wishing You A Happy Diwali & Happy New Year

**Insurance :** Life Insurance, Critical Illness, Income Protection Plan (Disability Insurance), Travel Insurance/Super Visa Insurance, Mortgage Insurance, Non Medical Insurance,

**Investments :** RESP, RRSP, RRIF,TFSA, ANNUITY.

WE PROVIDE BETTER RATE FOR SUPER VISA INSURANCE



**SECURING YOUR FAMILY'S FUTURE**

CAN YOUR FAMILY AFFORD TO BE UNINSURED?
MAKE AN APPOINTMENT TODAY FOR YOUR FINANCIAL NEEDS

## JAY GANDHI

Financial Advisor



647.894.5727

jaygandhi1102@gmail.com

www.jayfinancial.ca

## ગોંડલી નદીમાં ઠાકોરજીને સ્નાનવિધિ કરાવતા મહંત સ્વામી



ગોંડલના અક્ષર મંદિરે છેલ્લા એક સપ્તાહથી બિરાજમાન બીએપીએસના અધ્યક્ષ મહંત સ્વામી દ્વારા પ્રાતઃ કાલે ગોંડલી નદી ખાતે ઠાકોરજીનું પંચામૃત અને શાસ્ત્રોક્ત વિધિથી અભિષેક કરી સ્નાન વિધિ કરવામાં આવી હતી. આ તકે દેશ-વિદેશમાંથી આવેલ ચાર હજારથી પણ વધુ હરિ ભક્તો જોડાયા હતા. ઠાકોરજીની સ્નાન વિધિ માટે મંદિરના પાછળના ભાગે ગોંડલી નદીમાં કમળરૂપી સ્ટેજ બનાવવામાં આવ્યું હતું.

# ગુજરાતનું પ્રથમ હેલ્થ એટીએમ ઘેટી ગામમાં કાર્યરત : ૪૧ ટેસ્ટ કરી શકશે

- **સારવારના લિસ્ટની પ્રિન્ટ મેળવી શકાશે, તજજ્ઞા ડોક્ટર વીડિયો કોન્ફરન્સથી સલાહ આપશે**

ભાવનગર : પાલિતાણા તાલુકાના ઘેટી ગામે રાજ્યનું સૌ પ્રથમ હેલ્થ એટીએમ મુકવામાં આવ્યું છે. આ હેલ્થ એટીએમ થકી કોઈ પણ વ્યક્તિ ૨૦ મિનિટમાં ૪૧ રોગની તપાસ કરાવી શકશે. આધુનિક ટેકનોલોજીથી સજ્જ આ હેલ્થ એટીએમને તાજેતરમાં જનતા માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. આરોગ્ય ક્ષેત્રે ટેકનોલોજીના સંયોજનથી લોકોની સુખાકારીમાં વધારો થાય તે માટે હેલ્થ એટીએમની સેવા શરૂ કરવા માટે પ્રયત્નો હાથ ધરાયા હતા. આ માટે સરકાર દ્વારા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તરીકે વિકસાવવામાં આવેલા પાલિતાણાના ઘેટી ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની પસંદગી કરી અહીં આધુનિક ટેકનોલોજીથી સજ્જ હેલ્થ એટીએમ મુકવાનું આયોજન કરાયું હતું. જેના માટે જિલ્લા વિકાસ અધિકારી સહિતનાઓએ રજૂઆત કરતા સરકારે ઘેટી ગામે રાજ્યનું પ્રથમ હેલ્થ એટીએમ ફાળવ્યું હતું. જેનું ગત સપ્તાહમાં લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ હેલ્થ એટીએમ થકી વ્યક્તિના ડાયાબીટીસ, મેલેરિયા, ડેન્ગ્યુ, લોહી અને યુરિન સહિતના ૪૧થી વધારે ટેસ્ટ કરી શકાશે. આ ટેસ્ટનું રિઝલ્ટ તજજ્ઞાને ફોરવર્ડ કરી વીડિયો કોન્ફરન્જથી જરૂરી સલાહ અને સારવારનું લિસ્ટ પ્રિન્ટ મેળવી શકાય છે.

શ્રીજી (SHRIJI) IN BRAMPTON
CATERING AND TAKEOUT
Operated By : RAMABEN PATEL
71, WEST DRIVE, UNIT #34, NEAR OM GROCERY
CATERING TAKE OUT & FAST FOOD
ALL TYPE OF GUJARATI SNACKS
& FOOD AVAILABLE
JAIN ITEMS ALSO AVAILABLE
100% PURE VEG
Test our special GUJARATI FOOD
Kathiyawadi Meal On SUNDAY
TRY OUR SPECIAL ITEMS
DABELI, KACHORI, PAV BHAJI, LADU & MORE
COOK NEEDED FOR INDIAN FOOD.
LOCATION
71, WEST DRIVE, UNIT # 34, NEAR OM GROCERY, IN, 36T 5E2
PLS. CONTACT FOR DETAILS
PH. 905-451-4050 - CELL : 416 -509-2120
KITCHEN HELP WANTED









# SkyRoute TRAVEL SERVICES INC.

AIR CANADA | QATAR AIRWAYS القطرية | Lufthansa | Emirates | الاتحاد ETIHAD AIRWAYS




24 | 24

**AHMEDABAD → $1159** | **VADODARA → $1199**

**DELHI ← $999** | **MUMBAI ← $989**

*Niket Zala - Ext. 504*
*Ekta Jadav – Ext. 411*
*Aswin Patel – Ext. 509*
*Naved Khan – Ext. 507*
*Yogesh Chavda – Ext. 508*

અમે ગુજરાતી બોલીએ છીએ

*Vasu Govind – Ext. 328*
*Shital Jaiswal – Ext. 406*
*Shashi Shukla – Ext. 511*
*Gaurang Makwana - Ext. 505*
*Mitesh Shrimali – Ext. 506*

CONSUMER PROTECTION BC | IATA | tico.ca Travel Industry Council of Ontario Reg: 4488805 / 4652780

contact@skyroutetravel.com
www.buymytrip.com
106 - 1200 Markham Rd, Toronto, ON , M1H 3C3

**416-439-4000**
Toll Free **1-877-go to sky**

*we will beat any advertized fares by 10% of the difference*

**OFFICE IN AHMEDABAD**
SKYROUTE TRAVEL SERVICES (PVT) LTD.
B/709, Titanium City Center, 100 Ft.
Prahaladnagar Road
Satellite, Ahmedabad-380 015

**SPECIAL FARES FROM**
Edmonton, Calgary, Ottawa,
Montreal, Regina, Winnipeg,
Vancouver, Fort Mcmurray

*Fares are subject to availability, from the lowest inventory, taxes included, Return fare from Toronto, may be withdrawn by the airlines without prior notice, Conditions apply.*

# વડોદરામાં જૈન સાધુ-સાધ્વીઓ સાથે સૌથી વધુ વિહાર કરનાર યુવાનોનું સન્માન કરાયું

- જૈન યુવાનોની વિવિધ સંસ્થાઓનું વાર્ષિક મહાસંમેલન યોજાયું
- શહેરમાં આ વર્ષે લગભગ ૨૫૫૦ કિમીના ૩૪૭ વિહાર થયા

વડોદરા : શહેરમાં જૈન સમુદાયના યુવાનોની ચાર મુખ્ય સંસ્થાઓ છે આ સંસ્થાઓનું વાર્ષિક મહાસંમેલન નિઝામપુરા જૈન સંઘ ખાતે પ.પૂ. આ.કિર્તિચંદ્ર સૂરિશ્વરજી મ.સા.ની હાજરીમાં યોજાયું હતું. જેમાં જૈન સમુદાયના સાધુ-સાધ્વીઓ સાથે સૌથી વધુ વિહાર કરનાર પાંચ યુવાનોનું સન્માન કરાયું હતું, જેમાં ૨૦થી ૩૨ વખત વિહાર કરાવનાર યુવાનોનો સમાવેશ થાય છે.

વાર્ષિક મહાસંમેલનમાં ૩૫૦થી વધારે યુવાનો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં પ.પૂ.આચાર્ય સાહેબે કહ્યું કે, જૈન ધર્મ, જૈન શાસન, જૈન આગમ અને જૈન તીર્થ મળવું એ મહાન ઉપલબ્ધિ છે. તમામ ધર્મનું અસ્તિત્વ જૈન ધર્મના અસ્તિત્વ સાથે સંકળાયેલું છે.

આવો જૈન ધર્મ મળવો આનંદની વાત છે.કુમારપાળ મહારાજ, વસ્તુપાળ-તેજપાળની ખુમારી યાદ કરો. યુવાપેઢી જૈન શાસનનું ભવિષ્ય છે. આજની યુવા પેઢીને વ્યસન-ટેન્શન અને ફેશનમાંથી બચાવવાનો માર્ગ જૈન ધર્મ પાસે છે.

આવા જૈન શાસન પ્રત્યે અનુમોદના, અનુરાગ અને અનુબંધ હશે તો જ ખુમારી આવશે. પ.પૂ.આચાર્ય સાહેબે સાધુ-સાધ્વી કાળધર્મ પામે ત્યારે નીકળતી પાલખીમાં વધુ જૈન ધર્મના લોકો જોડાય તે માટે 'મંગલમહોત્સવ ગ્રુપ'ની સ્થાપના કરાવી હતી. જૈન સમુદાયના એક સભ્યે કહ્યું કે, આ વર્ષે આઠ મહિનામાં લગભગ ૨૫૫૦ કિમી સુધીના ૩૪૭ વિહાર થયા છે.

# વડોદરામાં ૫૦૦ના દરની ૧૭૫ બોગસ નોટ સાથે બે એજન્ટ ઝબ્બે

- મળેલી નોટોનું રાજકોટ, સુરત અને મુંબઇ કનેક્શન

વડોદરા : વડોદરાના બજારોમાં રૂા.૫૦૦ની જાલીનોટો ઘૂસાડવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે.પોલીસે હરણી વિસ્તારમાંથી એક વેપારી તેમજ તેના એક સાગરીતને ઝડપી પાડી રૂા.૫૦૦ના દરની ૧૭૫ જાલીનોટો કબજે કરી છે. હરણી-વારસીયા રિંગ રોડ ઉપર એચડીએફસી બેન્ક પાસે જાલી નોટો સાથે કેટલાક એજન્ટ આવનાર હોવાની વિગતોને પગલે એસઓજીની ટીમે વોચ રાખી (૧) અભિષેક વિવેકભાઇ સુર્વે (રહે.પૂંડલિક કોમ્પ્લેક્સ, હરણી-મોટનાથ રોડ) અને (૨) સુમિલ મુરલીધર નસ્બીયાર (રહે. અવિનાશ સોસાયટી, વિજયનગર પાસે, હરણી રોડ)ની ધરપકડ કરી હતી. વડોદરામાંથી પકડાયેલી જાલીનોટોનું કનેક્શન રાજકોટ,સુરત અને મુંબઇ સુધી ફેલાયું હોવાની આશંકા સેવાઇ રહી છે. જાલીનોટો સાથે પકડાયેલા બંને એજન્ટને દસ દિવસ પહેલાં રાજકોટનો કુલદીપ રાવલ રૂા.૧ લાખની કિંમતની નોટો અમિતનગર સર્કલપાસે આપી ગયો હોવાની વિગતો ખૂલી છે. કુલદીપની તપાસ કરતાં રાજકોટ,સુરત અને મુંબઇમાં તેના સંપર્કો હોવાનું મનાઇ રહ્યું છે.

# સહારા કંપનીની છેતરપિંડીનો આંકડો રૂપિયા ૬.૧૦ કરોડ પર પહોંચી ગયો

- વધુ ૨૭ રોકાણકારોના નિવેદનો લેતી સીઆઇડી ક્રાઇમ : રિમાન્ડ પૂરા થતાં બે આરોપી જેલભેગા

વડોદરા : સહારા ક્રેડિટ કો.ઓ. સોસાયટી લિ.ના સંચાલકો દ્વારા રોકાણકારો સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન છેતરપિંડીનો આંકડા ૪.૧૦ થી વધીને ૬.૧૦ કરોડ સુધી પહોંચ્યો છે. આ કેસમાં પકડાયેલા બે આરોપીઓના રિમાન્ડ પૂરા થતા જેલમાં મોકલી આપવામાં આવ્યા છે.

આ અંગેની વિગત એવી છે કે, કપુરાઇ ગામ વાણીયાશેરીમાં રહેતા સુનિલ સોલંકીએ સીઆઇડી ક્રાઇમ વડોદરા ઝોનમાં સહારા ક્રેડિટ કો.ઓ. સોસાયટી લિ.ના ચેરમેન અને એમ.ડી. સહિત ૨૧ આરોપીઓ સામે ફરિયાદ નોધાવી હતી. જેમાં સુનિલ સહિત ૨૫ રોકાણકારોના ૪.૧૦ કરોડ રૂપિયા પડાવી લીધા હોવાનો આક્ષેપ હતો. આ કેસની તપાસ દરમિયાન સીઆઇડી ક્રાઇમ દ્વારા (૧) બ્રાંચ મેનેજર સહદેવ તુકારામ પાટીલ (રહે. નટરાજ ટાઉનશિપ સયાજીગંજ) અને (૨) સેકટર મેનેજર જુબેર ઇશાકભાઇ પટેલ (રહે. આઇશાપાર્ક તાંદલજા રોડ)ની ધરપકડ કરવામાં આવી હતી. સીઆઇડી ક્રાઇમે બંન્ને આરોપીના રિમાન્ડ મેળવી તપાસ હાથ ધરતા વધુ ૨૭ રોકાણકારો મળી આવ્યા હતા. જેમની પાસેથી સહારાના વહીવટકર્તાઓએ બે કરોડ રૂપિયા પડાવી લીધા હતા. અત્યાર સુધીની તપાસ દરમિયાન સીઆઇડી ક્રાઇમે કુલ બાવન રોકાણકારોના નિવેદનો નોધ્યા હતા. જેમને સહારાની વિવિધ સ્કીમમાં ૬.૧૦ કરોડ રૂપિયા ગુમાવ્યા છે.






હર દિન હર પલ હર્ષ મુબારક, રિધ્ધિ સિધ્ધિ ઉત્કર્ષ મુબારક
કરે ગ્લાનિ સૌ દૂર એવો નૂતન વર્ષનો સ્પર્શ મુબારક

દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**
**$500**
Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# ગોવર્ધનથાળ



સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax
All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$12.99 (M-T) / $14.99 (F-S)

CATERING SPECIAL
$ 6.99 10 items
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

# વીરપુરમાં ચેકડેમમાં ડૂબી રહેલા ભાઈને બચાવવા પડેલા અન્ય બે ભાઈના પણ મોત

- **સીમ વિસ્તારમાં ખેતરે જઈ રહ્યા હતા તે વેળાએ સર્જાઈ કરૂણાંતિકા**

ભાવનગર : પાલિતાણા તાલુકાના વીરપુર ગામે રહેતા ત્રણ ભાઈઓ સોમવારે પોતાના ઘરેથી સીમ વિસ્તારમાં આવેલ ખેતરે જઈ રહ્યાં હતા તે વેળાએ રસ્તામાં આવતા ચેકડેમમાં અકસ્માતે એક ભાઈ પડતા તેને બચાવવા માટે અન્ય બેએ જંપલાવતા ત્રણેય ભાઈના ઉંડા પાણીમાં ડૂબી જતા મૃત્યુ નિપજવા પામ્યાં હતાં. પાલિતાણા તાલુકાના વીરપુર ગામે રહેતા અને ખેતીવાડીનો વ્યવસાય કરતા સુખાભાઈ મેઘજીભાઈ ચૌહાણના ત્રણ માસુમ દિકરા પૃથ્વી (ઉ.વ.૧૦), ચિરાગ (ઉ.વ.૦૮) અને હાર્દિક (ઉ.વ.૦૬) ત્રણેય ભાઈઓ આજે સવારે ૧૧.૧૫ કલાકના અરસા દરમિયાન પોતાના ઘરેથી વાડીએ જવા માટે નિકળ્યા હતાં તે વેળાએ સીમમાં આવેલ ખારવણ નેરાના ચેકડેમમાં એક બાળક અકસ્માતે પડી જઈ ડૂબવા લાગતા તેને બચાવવા માટે અન્ય બે ભાઈએ પાણીમાં જંપલાવ્યું હતું જેને લઈ ત્રણેય ભાઈના ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા મૃત્યુ નિપજવા પામ્યા હતાં.

ઘટનાની જાણ થતા મોટી સંખ્યામાં ગ્રામજનો ચેકડેમ ખાતે દોડી આવ્યા હતા અને સ્થાનિક તરવૈયાઓએ પાણીમાં જંપલાવી ત્રણેય મૃતક બાળકના મૃતદેહ બહાર કાઢ્યા કાઢતા ભારે અરેરાટી સાથે આક્રંદ છવાઈ જવા પામ્યો હતો. બનાવના પગલે પાલિતાણા ટાઉન પો.સ્ટે.ના પી.એસ.આઈ. સહિતનો પોલીસ કાફલો વીરપુર ગામે દોડી ગયો હતો અને મૃતક બાળકોનો કબજો સંભાળી પી.એમ. અર્થે પાલિતાણા માનસિંહજી હોસ્પિટલ ખાતે ખસેડી અકસ્માત મોત સંદર્ભે કેસકાગળ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરમાં બે ખંડણીખોર અને બે અપહરણકારનું પોલીસ દ્વારા સરઘસ

ભાવનગર : ભાવનગર શહેરના શિશુવિહાર પ્રભુદાસ તળાવમાં આવેલ ચેરિટી કમિશ્નરની ઓફિસ પાસે રહેતાં અને અલંગના વ્યવસાય સાથે જોડાયેલાં વેપારી મહમંદ આસિફ અબ્દુલગની સત્તાર ફતાણી (ઉ.વ.૪૫)ગત રવિવાર રાત્રીના સુમારે પોતાના ઘરેથી નમાઝ પઢવા મસ્જિદે જઈ રહ્યા હતા ત્યારે, શિશુવિહાર સર્કલ નજીક અફઝલ સિરાઝ ડાભી (રહે. પ્રભુદાસ તળાવ,ભાવનગર) તથા અન્ય ત્રણ અજાણ્યા શખ્સો મળી કુલ ચાર શખ્સોએ તેમને આંતરી જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી નાસી છુટયા હતા. રૂ.૮ લાખની ખંડણી ન અપાતા વેપારી દ્વારા કરવામાં આવેલ પોલીસ ફરિયાદ અને ખંડણીની રકમ ન આપતાં તેની અદાવત રાખી હુમલો કરાયો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. બનાવ અંગે ઘોઘારોડ પોલીસે આજે ચાર પૈકી મુખ્ય હુમલાખોર મનાતા અફઝલ સિરાઝ ડાભી તથા કોમલ ઉર્ફે રેહાન સત્તારભાઈ બેલીમ (રહે. બન્ને શિશુવિહાર, ભાવનગર) ને ઝડપી લીધા હતા. તો અન્ય એક કિસ્સામાં ભાવનગરના શાસ્ત્રીનગર વિસ્તારમાંથી સાતેક માસ પૂર્વે થયેલાં ૧૨ વર્ષના બાળકના થયેલાં અપહરણના બહુચર્ચિત પ્રકરણમાં સંડોવાયેલાં બે ઈસમો ઈમરાન ઉર્ફે કાળુ મહમદભાઈ કુરેશી, શબ્બીર રજાકભાઈ હબીબાણીને પોલીસે ઝડપી લીધા હતા.

# યાત્રાધામ સાળંગપુરમાં કષ્ટભંજન હનુમાનજીના પાટોત્સવની ઉજવણી

બોટાદ : પવિત્ર યાત્રાધામ સાળંગપુરના કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનો ૧૭૧મો વાર્ષિક પાટોત્સવ તા.૧૯-૧૦ ને શનિવારના રોજ ભવ્ય રીતે ઉજવાયો હતો. તેમાં મારૂતિ યજ્ઞ પૂજન, કથા શ્રવણ, આચાર્ય મહારાજ એવં બ્રહ્મનિષ્ઠ સંતોના દર્શન-આશિર્વચન, અભિષેક, દાદાનો ભવ્ય અન્નકૂટ તથા મુખ્ય મંદિર નૂતન પ્રવેશદ્વારનું ઉદ્ઘાટન મહાપ્રસાદ વિગેરેનો લાભ હરિભક્તોએ લીધો હતો. આ પ્રસંગે મંગળા આરતી સવારે ૫-૩૦ કલાકે શણગાર આરતી સવારે ૭ કલાકે અભિષેક પૂજા સવારે ૮ કલાકે કલાત્મક પ્રવેશદ્વારનું ઉદ્ઘાટન ૧૦૦૮ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજ દ્વારા ૧૦-૩૦ કલાકે સંપન્ન થયું હતું તેમજ યજ્ઞા પૂર્ણાહૂતિ બપોરે ૧૧-૩૦ કલાકે કરવામાં આવી હતી.

હનુમંત ચરિત્ર કથા હરિપ્રકાશદાસજી સ્વામી તથા જ્ઞાનજીવનદાસજી સ્વામીએ પોતાની સુમધુરશૈલીમાં કથાશ્રવણ કરાવી કથા પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનો ૧૭૧ મો વાર્ષિક પાટોત્સવમાં હનુમાનજી મંદિરના સમગ્ર પરિસરને રોશનીથી શણગારવામાં આવ્યું હતું અને સંસ્થા દ્વારા વિશેષ સગવડ કરવામાં આવી હતી.

# રાજકોટના પૂર્વ રાજવી પરિવારના પુત્રી પર સાસરીયાઓ દ્વારા અત્યાચાર કરાયો

રાજકોટ : રાજવી પરિવારના સ્વ.પ્રહલાદસિંહ પ્રધ્યુમનસિંહ જાડેજાના પુત્રી મેઘાવીબાને અમદાવાદમાં રહેતા હાર્ડ ડ્રીંકર પતિ મેઘરાજસિંહ ચુડાસમા તથા બોડકદેવ જજીઝ બંગલો પાછળ આવેલી ક્રિષ્ના સોસાયટીમાં રહેતા સાસુ વિનાદેવી, નિવૃત બેંક મેનેજર સસરા મનહરસિંહ મુળરાજસિંહ ચુડાસમા તથા દિયર અભયરાજસિંહએ ત્રાસ ગુજારી કાઢી મુક્યા સહિતના આરોપસર રાજકોટ મહિલા પોલીસમથકે ફરિયાદ નોંધાતા ચર્ચા જાગી છે. ફરિયાદમાં મુકાયેલા આરોપ મુજબ વર્તમાન ઠાકોર સાહેબ માધાંતાસિંહજીના કાકાના પુત્રી મેઘાવીબાના મુળ ધંધુકાના વાગડ ગામના વતની અને અમદાવાદ રહેતા મેઘરાજસિંહ ચુડાસમા સાથે રાજકોટ જીમખાના ખાતે એક દાયકા પૂર્વે તા.૨૯/૪/૨૦૦૮ના રોજ લગ્ન થયા હતા. મોટાબાપુ સ્વ.મનોહરસિંહ જાડેજા રાજકોટના રાજવી હોવાથી કરિયાવરમાં હીરા, માણેક, સોના, ચાંદીના ઘરેણા, સોના, ચાંદીના વાસણો, એન્ટીક ફર્નિચર સહિતની કિંમતી વસ્તુઓ અપાઈ હતી. પતિ મેઘરાજસિંહ જે તે સમયે જામનગરની એક ખાનગી કંપનીમાં ઉચ્ચ હોદા પર નોકરી કરતા હતા. વાગડમાં ખેતીની જમીન, ફાર્મ, મકાન સહિતની મિલ્કત હોવાનું પણ જણાવાયું હતું.

લગ્નના દસ દિવસ બાદ જ પતિ હાર્ડ ડ્રીંકર અને ચેઈન સ્મોકર હોવાનો ખ્યાલ આવ્યો, આવક બધી પોતાના અંગત ખર્ચમાં જ ઉડાવી દેતા હતા. બે માસ સુધી સમજાવવા પ્રયાસો કર્યા પરંતુ નશીલી આદતો દિનપ્રતિદિન વધવા લાગી ઘરખર્ચ માટે રકમ આપતા નહી. જેથી સાસુ, સસરાને સમજાવવા કહેતા તેઓએ સમજાવવાના બદલે ઉલ્ટાના તમારો ખર્ચ જાતે તમારે કાઢી લેવાનો કહીં ધમકાવી હતી. વધુમાં પતિ પણ નશામાં રહી ત્રાસ આપતો હતો.

# ભાવનગરમાં બોગસનોટ કૌભાંડનો પર્દાફાશ, ૩ શખ્સની ધરપકડ કરાઈ

- **૫૦૦ અને ૨૦૦૦ના દરની રૂપિયા ૧.૭૯ લાખની જાલીનોટ મળી આવી**

ભાવનગર : દિવાળીના તહેવારોમાં બજારની અંદર ડુપ્લીકેટ નોટો ફરતી કરવાના કૌભાંડને ભાવનગર પોલીસે બેનકાબ કરી પોણા બે લાખથી વધુની જાલીનોટ સાથે ત્રણ શખ્સને દબોચી લીધા હતા. વહેલી સવારના સમયે ત્રણ શખ્સ સિદસર રોડ પર ડુપ્લીકેટ કરન્સીનો વહીવટ કરવા ભેગા ત્યારે જ આર.આર.સેલ અને પેરોલ ફર્લો સ્કવોડની ટીમે ત્રાટકી જાલીનોટ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.ચોક્કસ બાતમીના આધારે ભાવનગર આર. આર. સેલ અને પેરોલ ફર્લો સ્કવોડની ટીમે વહેલી સવારે શહેરના સિદસર રોડ પર વોચ રાખી હતી. દરમિયાનમાં ૩-૪૫ કલાકના અરસામાં વિજયગિરિ હંસગિરિ ગોસ્વામ, મેહુલ રમેશભાઈ હીરાણી અને કિશોર મેઘજીભાઈ ઈટાલિયા નામના શખ્સો હોટલ આરાધના નજીક, શિવશક્તિ લક્કિ એવન્યુ પાસે જાલીનોટનો વહીવટ કરવા એકત્રિત થતાં પોલીસે દોડી જઈ ત્રણેય શખ્સને ઝડપી લઈ તલાશી લેતા રૂ.૨૦૦૦ના દરની ૪૦ અને રૂ.૫૦૦ના દરની ૧૯૯ મળી કુલ રૂ.૧,૭૯,૫૦૦ની ડુપ્લીકેટ નોટ મળી આવી હતી. જે જાલીનોટ તેમજ મોટરસાઈકલ, મોબાઈલ ફોન અને રોકડ સહિતનો મુદામાલ કબજે કરી ત્રણેયને ભરતનગર પોલીસને સોંપી દીધા હતા.

## ગુજરાતની લોકલાડીલી ગાયિકા ગીતા રબારી ગંભીર બિમારીની ઝપેટમાં

કચ્છમાં ડેન્ગ્યૂનો કહેર સૌથી વધુ જોવા મળી રહ્યો છે. બીજી બાજુ ગુજરાતી લોકલાડિલી પ્રસિદ્ધ લોકગાયિકા ગીતા રબારી ડેન્ગ્યૂની ઝપેટમાં આવ્યા છે. ગીતા રબારીને છેલ્લા બે દિવસથી સામાન્ય તાવ આવતો હતો, ત્યારબાદ તેઓ હોસ્પિટલમાં દાખલ થયા હતા. જ્યાં ડોક્ટરોએ તેમનો રિપોર્ટ કરતા મંગળવારે સાંજે ડેન્ગ્યૂનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ગીતા રબારીને ડેન્ગ્યૂ થતા તેમના દેશ વિદેશના અનેક પ્રશંસકોમાં નિરાશા વ્યાપી ગઈ છે. હાલ ગીતા રબારી ડોક્ટરોની સારવાર હેઠળ હોસ્પિટલમાં દાખલ છે.

બીજી બાજુ, દર્દીઓ માટે ભગવાન ગણાતા સર્જન જ રોગચાળાના ભરડામાં આવ્યા છે. એક અહેવાલ પ્રમાણે સિવિલ સર્જન અને ૭ ડોક્ટરો પણ ડેન્ગ્યૂના ભરાડામાં આવ્યા છે. રેસિડેન્ટ ડોક્ટરો પોતે જ ડેન્ગ્યુના શિકાર બન્યા છે.

## ગીરનાર પરિક્રમાને લઈને જૂનાગઢમાં ભવનાથ વિસ્તારમાં તડામાર તૈયારી

જૂનાગઢ: જૂનાગઢમાં આગામી તા.૮ નવેમ્બરથી તા.૧૨ નવેમ્બર સુધી ગીરનાર પરિક્રમા યોજાનાર છે. જેથી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. ભાવિકોમાં ભવનાથ મેળા અને પરિક્રમાને લઈને ભારે ઉત્સાહ છે. ટ્રાફિકના નિયમન માટે જીલ્લા અધિક મેજીસ્ટ્રેટ ડી.કે.બારીઆએ કેટલાક માર્ગો એક તરફી કરવાનો હુકમ ફમાવેલ છે. ત્યારે તા. ૬ થી તા. ૧૨ સુધી જૂનાગઢ શહેરથી ભવનાથ જવા માટે ભરડાવાવથી સ્મશાન સુધી અને વડલી ચોકથી ભવનાથ મંદિર, મૃગીકુંડ તળાવની પાળ સુધીના રસ્તાનો સમાવેશ થાય છે. જયારે ભવનાથથી જુનાગઢ શહેર તરફ આવવા માટે મંગલનાથની જગ્યાએથી વડલી ચોક સુધી અને સ્મશાનથી ગીરનાર દરવાજા સુધીના રસ્તાનો સમાવેશ થાય છે. આ દરમિયાન યાત્રા દરમિયાન કડક પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવશે.



# શિક્ષિકા પાસેથી ૬૧ લાખ પડાવનારા સુરતના બે સહિત ૪ વિરુદ્ધ ફરિયાદ

સુરત : વિદેશમાં અભ્યાસ અને નોકરી કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને જોબ અપાવવાના નામે પાલનપુરની શિક્ષિકા પાસેથી રૂપિયા ૬૧.૯૦ લાખ પડાવી લેનારા સુરત અને પંજાબના ચાર ચીટરો વિરુદ્ધ ઉમરા પોલીસના ચોપડે ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ પાલનપુર, ન્યૂ એલ.પી. સવાણી રોડ પર રહેતા વર્ષાબેન અજયભાઈ ગુલવાની એજ્યુકેશન કન્સલ્ટન્સી નામના ક્લાસિસમાં નોકરી કરે છે. તેમણે મેહુલ વિનોદરાય રોજીવાડિયા (રહે. હરિધામ સોસા., વરાછા), મિલાપ પ્રવીણ મેંદપરા (શાંતિનગર સોસા., કામરેજ), જસ્નૂરબેન રાહપલ સન્ધુ (રહે. સાંઈન ઓવરસીસ, ન્યૂ સન્ની એન્કલેવ, મોહાલી, પંજાબ) અને રાજેશકુમાર ઉર્ફે રાજ (રહે. પીપલીવાલા ટાઉન, ચંદીગઢ, પંજાબ) વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

વર્ષાબેનની ફરિયાદ મુજબ તેઓ અગાઉ ઘોડદોડ રોડ પર વેસ્ટફિલ્ડ શોપિંગ કોમ્પ્લેક્સમાં ઓવરસિસ એજ્યુકેશન નામથી ક્લાસિસ ચલાવતા હતા. જેમાં આવતા વિદ્યાર્થીઓને વધુ અભ્યાસ માટે વિદેશ જવાની ઇચ્છા હોય જરૂરી માહિતી માટે આઈ.ઈ.એલ.ટી.એસ.ના ચલાવતા હતા.

જોકે, છેલ્લા ચાર પાંચ મહિના પહેલા જે બંધ કર્યા છે. વેસ્ટફિલ્ડ શોપિંગ કોમ્પ્લેક્સમાં મિ. એન્ડ એડવાઈઝર મી.આઈ. હેલ્પ યુ નામથી મેહુલ અને મિલાપ વિદ્યાર્થીઓને ફોરેનમાં વર્ક વિઝા તેમજ સ્ટુડન્ટ વિઝા અને જોબ અપાવાવનું કામ કરતા હોય એક વર્ષ પહેલા તેમનો સંપર્ક થયો હતો.

ત્યારબાદ રૂપિયા ૫.૫૦ લાખ આપી બે વિદ્યાર્થીને વિદેશ મોકલાયા હતા. જેને લીધે વિશ્વાસ આવતા તેમણે જસ્નૂર અને રાજેશકુમાર સાથે સંપર્ક કરાવ્યો હતો. જસ્નૂરે, 'મારી એમ્બેસીમાં લાગવગ છે, જેથી વિદ્યાર્થીઓના બાયોડેટા અને લાગવગ મુજબ ફોરેનમાં જોબ અપાવી શકાય અને તે પ્રમાણેની ફી નક્કી કરી શકાય' તેમ કહી ૨૦ ટકા કમિશન આપવાની વાત કરી હતી. ત્યારબાદ ૧૫ વિદ્યાર્થીના રૂપિયા ૫૬.૪૦ લાખ તેમના બેંક એકાઉન્ટમાં જમા કરાયા હતા.

# સંજાણમાં NRIના બંગલામાં લૂંટના ઈરાદે વોચમેનની હત્યા

વલસાડના ઉમરગામના સંજાણ ખાતે લંડનમાં રહેતા મુસ્લિમ પરિવારનો બંગલો આવેલો છે. આ બંગલાના માલિક ઈમ્તિયાઝ શાહબુદ્દીન પટેલ છે. ૨૧મી ઓક્ટોબરના રોજ કોઈ અજાણ્યા શખ્સો બંગલામાં લૂંટના ઈરાદે પ્રવેશ કર્યો હતો. ત્યારે બંગલામાં વોચમેનનું કામ કરી રહેલા એવા મહારાષ્ટ્રના તલાસરી તાલુકાના ગરી ગામ ખાતે રહેતા રૂપજી હોલિયા હોલારને જોયા હતા. લૂંટારુંઓએ પોતાના કામમાં કોઈ રૂકાવટ ન બને તેના માટે પાણી છાંટવાની પ્લાસ્ટિકની પાઈપ વડે વોચમેનના પગ બાંધીને હાથમાં પહેરેલી સોનાની વીંટી લઈને ટૂંપો આપીને હત્યા કરી હતી. ત્યારબાદ લૂંટારુંઓ ઈમ્તિયાઝ ભાઈના બંગલાના બંને મુખ્ય દરવાજાના નકૂચા તોડી બંગલામાં પ્રવેશી બેડરૂમમાં આવેલી પેટી પલંગ લાકડાના કબાટમાંથી સામાન વેરવિખેર કરી નાખ્યો હતો. બંગલાની સુરક્ષામાં મૂકેલા સીસીટીવી પૈકીના ત્રણ કેમેરા તોડી નાખી મકાનના સ્ટોર રૂમમાં મુકેલું સીસીટીવી કેમેરાનું ડીવીઆરને તોડી નાખ્યું હતું. ત્યારબાદ ઘરમાં લૂંટ ચલાવીને નાસી છૂટયા હતા.

# જંબુસરના બે યુવાનો ૨૭ લાખના સોનાના પાવડર સાથે પકડાયા

## • રાંદેરના શોયેબનો ભાઈ સાજીદ ગોલ્ડ લાવ્યા બાદ સુરત આપી ગયો હતો

સુરત- ચોક બજાર પોલીસે ગત મળસ્કે વેડરોડ પંડોળ ગેટ નં.૨ ની સામેથી રૂ.૨૭.૦૫ લાખના સોના સાથે મૂળ ભરૂચના જંબુસરના બે યુવાનોને વાહન ચેકિંગ દરમિયાન ઝડપી લીધા હતા. બંને યુવાનો પૈકી એકનો ભાઈ પખવાડિયા અગાઉ દુબઈથી પાવડર સ્વરૂપે સોનાનો જથ્થો લઈ અમદાવાદ એરપોર્ટ ઉતર્યો હતો અને બીજા દિવસે સુરત આપી ગયો હતો. ચોક બજાર પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફના પીએસઆઈ એમ એ ચૌધરી અને સ્ટાફના માણસો ગત મળસ્કે વેડરોડ પંડોળ ગેટ નં. ૨ ની સામે વાહન ચેકિંગ કરતા હતા તે દરમિયાન મોટરસાયકલ (નં. જીજે ૧૬ બીજે ૫૬૨૪) ઉપર જતા બે યુવાનોને અટકાવી વાહનના પુરાવા ન હોવાથી તેમનું ચેકિંગ કર્યું હતું. તેમની પાસેથી સેલોટેપમાં વીંટાળેલું વજનદાર બોક્સ મળ્યું હતું. તે ખોલાવતા તેમાં પ્લાસ્ટીકની ત્રણ થેલીમાં છીંકણી કલરનો શંકાસ્પદ પાવડર હતો. જેથી બંને યુવાન મૂળ ભરૂચના જંબુસરના ભડકોરા ગામની ગનીમુસેની ખડકીના વતની અને હાલ સુરતમાં રાંદેર પાયકવાડ બ્લુ રેસીડેન્સી ફ્લેટ નં.૧૦૪ માં રહેતા તેમજ પરચુરણ કામ કરતા સલમાન ઈબ્રાહીમ પટેલ અને અડાજણ પાટીયા મક્કાઈપુલના નાકે દરગાહ કંપાઉન્ડમાં રહેતા તેમજ ટેલરીંગનું કામ કરતા શોયેબ ઝકરીયા પટેલ (ઉ.વ.૩૧) ની પુછપરછ કરાતા તે સોનું હોવાનું જણાવ્યું હતું. ઝવેરીને બોલાવી ખરાઈ કરાતા તે ગોલ્ડ પાવડર હોવાનું સ્પષ્ટ થયું હતું. જેથી રૂા.૨૭,૦૫,૭૫૦ની કિંમતના ૬૮૭ગ્રામ સોનાના જથ્થા, બાઈક, ત્રણ મોબાઈલ કબજે લઈ બંનેની અટક કરાઈ હતી. વધુ પુછપરછમાં બહાર આવ્યું કે, શોયેબનો ભાઈ સાજીદ દુબઈ ફરવા ગયો હતો અને ગોલ્ડ લઈને તા.૫ ઓક્ટોબરે વિમાન મારફતે અમદાવાદ એરપોર્ટ ઉપર ઉતર્યો હતો. યેનકેન રીતે કસ્ટમની તપાસમાંથી બચીને સાજીદ બીજા દિવસે ગોલ્ડ સુરતમાં મક્કાઈપુલ સર્કલના નાકે શોયેબને આપી જતો રહયો હતો.




First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


### રાજકારણ વચ્ચે સતત અટવાયેલી બીસીસીઆઈમાં ખેલાતા દાવપેચ અને સમસ્યા નવા સુકાની માટે પડકારો

# સૌરવ ગાંગુલી : BCCIના નવા આક્રમક સુકાની

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

અંતે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના પ્રમુખપદ માટે એક સમયના ધૂરંધર ખેલાડી સૌરવ ગાંગુલીના નામ પર પસંદગીનો કળશ ઢોળાયો છે. આમ તો સૌરવ પ્રમુખ બનશે એ લાંબા સમયથી નક્કી હતું અને બોર્ડમાં સૌરવની તાજપોશી એક ઔપચારિકતા જ હતી. બુધવારે એ ઔપચારિકતા પૂરી કરીને સત્તાવાર રીતે સૌરવ પ્રમુખપદે બેસાડી દેવાયા.

ભારતીય ક્રિકેટ માટે આ બહુ મોટી ઘટના છે. કેમ કે, વર્ષો પછી કોઈ ક્રિકેટરને ક્રિકેટ બોર્ડના પ્રમુખપદે બેસાડાયા છે. ભારતમાં ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ક્રિકેટની રમતને પ્રોત્સાહન આપવા બનાવાયું છે. પણ તેના પર રાજકારણીઓનો વર્ષોથી કબજો છે. વળી, જેમને ક્રિકેટ સાથે નાહવા- નિચોવવાનો સંબંધ નથી એવા લોકો પૈસા અને સત્તાના જોરે આ બોર્ડમાં અનેક હોદ્દા કબજે કરી લે છે. અત્યાર સુધીમાં જે લોકો ખરેખર ક્રિકેટને જાણે છે એવા બહુ ઓછા લોકોને બોર્ડમાં સમાવાયા છે. દેશ માટે ક્રિકેટ રમ્યા હોય એવા તો આંગળીના વેઢે ગણાય એટલા લોકો પ્રમુખપદે પહોંચ્યા છે.

સૌરવ ગાંગુલી બોર્ડના પ્રમુખપદે પહોંચનારા માત્ર બીજા ભારતીય કેપ્ટન છે. ગાંગુલી પહેલાં બોર્ડના ફુલ ટાઈમ પ્રમુખ બનનારા એકમાત્ર ભૂતપૂર્વ કેપ્ટન મહારાજકુમાર ઓફ વિજયનગર હતા. વિઝ્ઝી ૧૯૩૬ના ઈંગ્લેન્ડના પ્રવાસમાં ત્રણ ટેસ્ટમાં ભારતીય ટીમના કેપ્ટન હતા. તે પછી ૧૯૫૪માં બોર્ડના પ્રમુખ બન્યા હતા. બોર્ડમાં કમઠાણ થયું અને સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરીને બધા ચોરોને તગેડી બોર્ડનો કારભાર પોતાને હસ્તક લીધા પછી ૨૦૧૪માં શિવલાલ યાદવ અને સુનિલ ગાવસકરને વચગાળાના પ્રમુખ બનાવાયા હતા. પરંતુ તેમની પાસે કોઈ સત્તા નહોતી. આ સિવાય ભારત વતી ટેસ્ટ ક્રિકેટ રમ્યા હોય અને બોર્ડના પ્રમુખ બન્યા હોય એવા પણ કોઈ ક્રિકેટર નથી. વડોદરાના મહારાજા ફત્તેહસિંહરાવ ગાયકવાડ, રાજસિંહ ડુંગરપુર, રામપ્રકાશ મહેરા, એન્થની ડીમેલો વગેરે ગણતરીના પ્રમુખ એવા હતા કે, જે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ રમ્યા હોય. તેમના સિવાયના બાકીના પ્રમુખો તો ક્રિકેટના સંદર્ભમાં સાવ અંગૂઠાછાપ કહેવાય એવા જ આવ્યા છે. એ બધા કાં રાજકારણી હતા કાં ઉદ્યોગપતિ હતા તેથી પ્રમુખ બન્યા.

સૌરવને પણ બંગાળમાં મમતા બેનરજીને પ છાડવા માટેની ગોઠવણના ભાગરૂપે ભાજપે પ્રમુખપદે ગોઠવ્યો છે એવી વાતો ચાલી જ રહી છે. ખેર તેમાં સત્ય કેટલું છે તે તો ભગવાન જ જાણે પરંતુ સૌરવ ગાંગુલીનું ભારતીય ક્રિકેટમાં યોગદાન એટલું મોટું છે કે આ હોદ્દા માટે તેના કરતાં વધારે લાયક બીજો માણસ મળે જ નહીં. તેણે ભારતીય ટીમમાં ભરપૂર આત્મવિશ્વાસ ભર્યો અને આક્રમકતા શીખવી છે. આંકડાની રીતે સૌરવથી વધારે મેચ જીતનારા કેપ્ટન આવ્યા છે અને હજુ આવી શકે પણ સૌરવ જેવો મિજાજ ધરાવતો કેપ્ટન કે ક્રિકેટર પણ નહીં આવે.

અગાઉ સૌરવે ટીમમાં જીતવાનું જબરદસ્ત ઝનૂન પેદા કર્યું અને ભારતીય ક્રિકેટને સફળતા અપાવીને નવી ઊંચાઈ પર પહોંચાડયુ હતુ. સૌરવના આગમન પ હેલાં ભારત માટે સૌથી મોટી સમસ્યા વિદેશની ધરતી પર જીતની હતી. ભારતીય ટીમ ઘરઆંગણે શેર અને વિદેશમાં ઢેર થઈ જાય તેવી માન્યતા હતી. પણ સૌરવે એ સ્થિતિ બદલી નાંખી હતી. બોર્ડ ઑફ ક્રિકેટ કન્ટ્રોલ ઈન ઈન્ડિયા (બીસીસીઆઈ)ની સ્થાપના ૧૯૨૮માં થઈ એ વખતે તો બ્રિટિશ રાજ હતું. એટલે પ્રમુખ પણ બ્રિટિશ ક્રિકેટર ગ્રાન્ટ ગોવન બન્યા હતા. ત્યારથી આજ સુધી ૩૮ પ્રમુખ આવી ચૂક્યા છે, ગાંગુલીનો ક્રમ ૩૯મો છે.

ટેસ્ટ મેચમાં પાછલા ક્રમે બેટિંગમાં ઉતરવાનું પસંદ કરતા ગાંગુલીના ભાગે અહીં પણ દાવ જરા મોડો આવ્યો છે. ગાંગુલી જે સિંહાસન પર બિરાજમાન થયા છે, ત્યાં અગાઉ જામનગર મહારાજા દિગ્વિજયસિંહ, ભોપાલ નવાબ હમિદુલ્લાખાન, એમ.ચિન્નાસ્વામી, સેશરાવ ક્રિશ્નારાવ વાનખેડે, માધવરાવ સિંધિયા, જગમોહન દાલમિયા, શરદ પવાર.. સહિતના મહાનુભાવો રહી ચૂક્યા છે. એમાંથી મોટા ભાગના રાજકારણીઓ અથવા વહિવટદારો હતા. ક્રિકેટ સાથે તેમને સીધો નાતો ન હતો. બીસીસીઆઈને પહેલી વખત એવા પ્રમુખ મળ્યાં છે, જેમને ફાસ્ટ મિડિયમ અને મિડિયમ ફાસ્ટ બોલર વચ્ચેનો તફાવત સમજાવવો પડે એમ નથી. ૧૯૯૦માં ગાંગુલીની રણજીના ખેલાડી તરીકે કારકિર્દી શરૂ થઈ હતી. ૧૯૯૨માં ગાંગુલીને પ્રથમવાર વેસ્ટ ઈન્ડિઝ સામે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં તક મળી. પરંતુ તેના આકરા સ્વભાવને કારણે તુરંત પડતો પણ મુકી દેવાયો. રણજી-દુલીપ ટ્રોફીમાં અસાધારણ પ ર્ફોર્મન્સ જોઈને ફરીથી ૧૯૯૬માં ગાંગુલીને ટીમે પ્રવેશ આપ્યો. ઈંગ્લેન્ડ પ્રવાસ વખતે જ ગાંગુલીએ સાબિત કરી આપ્યું કે, તેના સ્વભાવને બદલે તેની રમતને ધ્યાનમાં લેવી પડે એમ છે. કેમ કે, પ્રથમ સિરિઝ વખતે લોર્ડ્સના મેદાનમાં સદી ફટકારનારો એ ત્રીજો ખેલાડી હતો. થોડા વર્ષો રમ્યાં પછી ભારતીય ક્રિકેટમાં મેચ ફિક્સિંગનું કૌભાંડ બહાર આવ્યું. જે ખેલાડીઓ મેદાન પર કોલર ઊંચા કરીને રમતાં હતા એમાંથી કેટલાક બંધ બારણે સેટિંગ પણ કરી લેતાં હતા. ટીમના મોટા ભાગના ખેલાડીઓ શંકાના દાયરામાં આવ્યા. ક્રિકેટ ચાહકો નિરાશ થયા. કેપ્ટન અઝહરુદ્દીનની રવાનગી થઈ. એ પછી ટીમ સંભાળવાની જવાબદારી ગાંગુલીને સોંપવામાં આવી. એ વખતે ટીમ ઈન્ડિયા મુશ્કેલીમાં હતી.



બીસીસીઆઈને પહેલી વખત એવા પ્રમુખ મળ્યાં છે, જેમને 'ફાસ્ટ મિડિયમ' અને 'મિડિયમ ફાસ્ટ' બોલર વચ્ચેનો તફાવત સમજાવવો પડે એમ નથી

પરંતુ ટીમની પ્રતિષ્ઠા જાળવી અને ફરીથી પ્રતિષ્ઠા ઊંચી લઈ આવવી એ બધા કામ ગાંગુલીએ કરી દેખાડયા. ગાંગુલીનું વ્યક્તિ તરીકેનું વર્તન ઘણી વખત વિવાદાસ્પદ રહ્યું છે. ૨૦૦૧ની ઑસ્ટ્રેલિયા સિરિઝ વખતે તો ટોસ માટે મોડા આવવાનો આક્ષેપ થયો. એ વખતે ઑસ્ટ્રેલિયાની ટીમ અજેય હતી. સતત ૧૬ ટેસ્ટ જીતી હતી. પણ ભારત સામે વિજયરથ અટકી ગયો. પછી હરિફ કેપ્ટન સ્ટીવ વૉએ કહેવું પડયું કે, જો ગાંગુલી સામેની ટીમમાં હોય ત્યારે તમને એ ગમે કે ન ગમે, તમારે તેને આદર આપવો જ પડે. એ યુગ એવો હતો, જ્યારે ભારતીય ટીમ મોટે ભાગે હારવા માટે જ મેદાનમાં ઉતરતી હોય એ રીતે જોવાતી હતી. ટીમના નામે હાર પણ એટલી જ નોંધાયેલી હતી. કેપ્ટન તરીકે ગાંગુલીએ સચિન, દ્રવિડ, સેહવાગ, લક્ષ્મણ જેવા ખેલાડીઓને જાળવ્યા તો વળી ધોની જેવા ભવિષ્યના સ્ટારને પણ આવકાર્યા. એ ધોનીએ બાદમાં ગાંગુલી અને એ યુગના અન્ય ખેલાડીઓને ટીમની બહાર કરવામાં ઘણા ખેલ કર્યા એ વાત અજાણી નથી.

ક્રિકેટર તરીકે તેના નામે અનેક રેકોર્ડ્સ બોલે છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કુલ મળીને તેના નામે ૧૮ હજારથી વધારે રન બોલે છે. નિવૃત્તિ પછી તેઓ બંગાળમાં ક્રેકટમાં સક્રિય રહ્યા. ક્રિકેટર તરીકેની કારકિર્દી પુરી થયા પછી એડમિનિસ્ટ્રેટર તરીકેની કારકિર્દી શરૂ કરી અને એ હજુ પણ ચાલુ છે. બીસીસીઆઈના પ્રમુખ તરીકે ગાંગુલી નવા છે, પરંતુ બીસીસીઆઈની આંટીઘૂટીથી સાવ અજાણ છે એવુ નથી. બીસીસીઆઈની વિવિધ સમિતિમાં તેમણે કામ કર્યું જ છે. બીસીસીઆઈના પ્રમુખ તરીકે શું કરવું એ ગાંગુલી માટે નક્કી છે. ૨૦૧૩ના સ્પોર્ટ ફિક્સિંગ પછી બોર્ડની પ્રતિષ્ઠા ખાડે ગયેલી છે. સરકારી અધિકારીઓએ પોતાને આવડે એ રીતે બોર્ડ ચલાવ્યું છે. એટલે હવે ગાંગુલી માટે પડકાર ઘણા મોટા છે.

# સ્વદેશ

## આયુષ્માનની બાલા અને સનીસિંહની ઉજડા ચમન ફિલ્મનો મામલો સુપ્રીમમાં પહોંચ્યો




નવી દિલ્હી : આયુષ્માન ખુરાનાની ફિલ્મ બાલા અને સનીસિંહની ફિલ્મ ઉજડા ચમન નવેમ્બરમાં રિલીઝ કરવાની તૈયારી ચાલી રહી છે. ત્યારે બંને વચ્ચે વિવાદ છેડાયો છે.

આયુષ્યમાન ખુરાનાની ફિલ્મ 'બાલા' અને સની સિંહની ફિલ્મ 'ઉજડા ચમન'નો વિવાદ હવે સુપ્રિમ કોર્ટમાં પહોંચી ગયો છે. હવે બોક્સ ઓફિસ પહેલા આયુષ્યમાન ખુરાના અને સની સિંહ કોર્ટમાં ટકરાશે. જ્યાં 'ઉજડા ચમન'ના નિર્દેશક અને નિર્માતાએ 'બાલા'ના મેકર્સ પર અકીલા કોપી રાઈટ્સનો ભંગ કરવાનો આરોપ લગાવ્યો છે. આ અરજીમાં 'ઉજડા ચમન'ના ડાયરેક્ટરે સુપ્રિમ કોર્ટ પાસેથી માંગ કરી છે કે, ફિલ્મ 'બાલા'ના રિલીઝ પર પ્રતિબંધ લગાવવામાં આવે. અરજીમાં એમ પણ કહેવાયું છે કે, બાલા ફિલ્મના નિર્દેશકે કોપી રાઈટ્સનો ભંગ કર્યો છે. હવે સુપ્રિમ કોર્ટ ૪ નવેમ્બરના રોજ આ અરજી પર સુનવણી કરશે.

ઉલ્લેખનીય છે કે, ફિલ્મ 'ઉજડા ચમન'નું ટ્રેલર સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થયું હતું. પરંતુ આ ફિલ્મની થીમને જોતા 'બાલા'ના મેકર્સ થોડા ડરી ગયા છે અને જલ્દી-જલ્દીમાં પોતાની ફિલ્મનું ટ્રેલર જાહેર કર્યું. એટલું જ નહિ, રિલીઝ ડેટ બદલવાની પણ જાહેરાત કરી દીધી. જેમાં આયુષ્યમાન ખુરાનાની ફિલ્મ 'બાલા'ની રિલીઝ ડેટ ૭ નવેમ્બર બતાવવામાં આવી છે. તો 'ઉજડા ચમન'ની રિલીઝ ડેટ ૮ નવેમ્બર હતી.

## દિપીકા હવે કરણ જોહરની ડાર્ક લવ સ્ટોરીમાં ચમકશે



મુંબઈ : બોલીવુડ અભિનેત્રી દીપિકા પદુકોણ બહુ સમજી વિચારીને ફિલ્મો સાઇન કરવા માટે જાણીતી છે. તેણે હાલમાં જ પોતાની આવનારી બે ફિલ્મોના શૂટિંગ પૂરા કર્યા છે. જેમાં 'છપાક અને ૮૩' છે. ફિલ્મ 'છપાક'માં તે લીડ રોલમાં જોવા મળશે અને ફિલ્મ '૮૩'માં તે કપિલ દેવની પત્નીના પાત્રમાં જોવા મળશે. આ બે ફિલ્મો પૂરી કરતાં જ તેણે આગામી ફિલ્મ માટે કરણ જોહર સાથે હાથ મેળવ્યા છે. મળેલા રિપોર્ટને સાચો માનીએ તો, દીપિકાએ કરણ જોહર સાથે આગામી ફિલ્મ કરવાનો નિર્ણય લીધો છે. ધર્મા પ્રોડક્શન જલદી જ ડાર્ક લવ સ્ટોરીને પ્રોડયુસ કરવાની યોજના કરી રહ્યું છે. આ ફિલ્મને કરણ જોહરના બેનરના દિગ્દર્શક શકુન બત્રા ડાયરેક્ટ કરશે. રિપોર્ટના અનુસાર દીપિકા હાલમાં જ મામી ફિલ્મ ફેસ્ટિવલમાં પહોંચી હતી. જ્યાં તેણે મીડિયા સાથે વાતચીત કરતી વખતે આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે, તેની આગામી ફિલ્મ એક મેસી ડાર્ક લવ સ્ટોરી હશે, જે આવતા વરસની શરૂઆતમાં ફ્લોર પર જશે. દીપિકાના અનુસાર તેને જોઈતી મનપસંદ સ્ક્રિપ્ટ મળી ગઇ છે, અને કામ કરવા ઉત્સુક છે. રણબીર કપુર અને દિપિકાની જોડી ફરી એકવાર એક સાથે કામ કરવા જઈ રહી છે. વિતેલા વર્ષોમાં બંને કેટલીક હિટ ફિલ્મો આપી ચુક્યા છે. દિપિકા અને રણબીર કપુર જે ફિલ્મમાં કામ કરવા જઈ રહ્યા છે તે એક કોમેડી ફિલ્મ રહેલી છે. બંને કલાકારો ફેબ્રુઆરીમાં શુટિંગ કરવા માટે રાજી થઇ ગયા છે. બંને કલાકારો કામ કરવા માટે પણ સહમત થઈ ગયા છે. રણબીરની સંજુ ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી.

## બાલિકા સશક્તિકરણ માટે તાપસી પન્નુ અને ભૂમિ પેડણેકર સાથે કામ કરશે




મુંબઈ : તાપસી પન્નુ અને ભૂમિ પેડણેકરે સારા કામ માટે હાથ મેળવ્યા છે. તેમણે બાલિકા સશક્તિકરણના સમર્થનના આ સંકલ્પ કર્યો છે. "આ મહાન ઉદ્દેશ સાથે જોડાઈને મને બેહદ ખુશી થઈ રહી છે. બાલિકા શશક્તિકરણ એટલે તેમને શિક્ષણ આપવું અને આત્મનિર્ભર બનાવવા છે. જેની આપણને હાલ બહુ જરૂર છે," તેમ તાપસીએ જણાવ્યું હતું. આ માટેના કાર્યમમાં આ બન્ને અભિનેત્રીઓ સહર્ષ ભાગ લેશે અને બાળકો સાથે વાતચીત કરશે તેમજ ફોટો સેશન કરાવશે. "ફિલ્મ સાંડ કી આંખ' સંપૂર્ણ રીતે બાલિકા અને મહિલા સશક્તિકરણ વિશે છે. મને ખુશી છે કે, આવા અભિયાનનો હિસ્સો બનવાની મને તક મળી છે, " તેમ ભૂમિએ જણાવ્યું હતું.

## સિદ્ધાર્થ-આલિયાની ફિલ્મમાં રકુલપ્રીત સિંગ કેમીયો કરશે



મુંબઈ : જ્યારથી સિદ્ધાર્થ મલ્હોત્રા, રકુલ પ્રિત સિંહ, તારા સુતરિયા અને રિતેશ દેશમુખ અભિનિત ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું છે,ત્યારથી અવનવી અટકળો થવાનું શરૂ થઇગયું છે. ફિલ્મ 'મરજાવાં'ના ટ્રેલર રિલીઝ થતાં જ રકુલપ્રીત સિંહની ભૂમિકા વિશે ચર્ચા શરૂ થઇ ગઇ છે. આ ટ્રેલરમાં રકુલપ્રીતની એક માત્ર ઝલક જોવા મળી રહી છે. આ પરથી લોકો અટકળ બાંધી રહ્યા છે કે, આ ફિલ્મમાં રકુલનું પાત્ર નાનકડું હશે અથવા તો મેકર્સ તેના પાત્રને ખાનગી રાખવામાંગે છે. રકુલનો આ ફિલ્માં કેવો રોલ છે' તે જાણવા મળ્યું નથી. રિતેશ દેશમુખ આ ફિલ્મમાં વિલનના પાત્રમાં છે, જ્યારે સિદ્ધાર્થ મલ્હોત્રા મસાલેદાર ડાયલોગ સાથે એ કશન કરતો જોવા મળશે. રકુલના રોલ પર કાતર ફેરવવામાં આવી છે કે, તેનો આ ફિલ્મમાં કેમીયો જ છે તે હજુ જાણવા મળ્યું નથી. કહેવાય છે કે, ફિલ્મ રીલીઝ બાદ જ આની જાણ થશે. ઉલ્લેખનીય છે કે, રકુલ આપહેલા અજયદેવગણ સાથે કોમેડી ફિલ્મ ' દે દે પ્યાર દે'માં જોવા મળી હતી.

## કેટરીના બ્યુટી બ્રાન્ડ લોંચ કરશે



મુંબઈ : બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી કેટરીના કેફ હવે પોતાની બ્યુટીબ્રાન્ડ લઇનવે બજારમાં આવી રહી છે. કેટરીના કેફે પોતે સોશિયલ મિડિયા પર આ અંગેની જાહેરાત કરી છે. કેફે કહ્યુ છે કે આનુ નામ પણ રાખવામાં આવ્યુ છે. કે બાય કેટરીના નામે બ્રાન્ડની શરૂઆત કરવામાં આવી છે. કેટરીના કેફ તરફથી આ અંગેની જાહેરાત કરવામાં આવ્યા બાદ તમામ ચાહકો રોમાંચિત છે. ખાસ કરીને કેટરીના કેફની ફિમેલ ફેન્સ આને લઇને ઉત્સુક છે. કેટરીનાએ એક વિડિયો શેયર કરીને કહ્યુ છે કે પોતાની બ્રાન્ડ ૨૨મી ઓક્ટોબરથી ઉપલબ્ધ બની જશે. કેટરીના કેફે કહ્યુ છે કે તે બે વર્ષ પહેલા બ્યુટીલાઈન શરૂ કરવા માટેનુ સપનુ જોતી હતી. હવે આ સપનુ પૂર્ણ થઈ રહ્યુ છે. તમામ લોકોની ઇચ્છા સાથે આ કામ હવે પૂર્ણ થઈ રહ્યુ છે. તેનુ કહેવુ છે કે તે ભારે આશાવાદી છે. કેબાય કેટરીના નામથી આની શરૂઆત થયા બાદ ચાહકો રોમાંચિત છે. કેટરીનાએ પોતાની બ્રાન્ડના સંબંધમાં વાત કરતા કહ્યુ છે કે તે હાઇ ગ્લેમર આપવાની સાથે સાથે દેખરેખ પણ રાખે છે. તેના વર્કફ્રન્ટની વાત કરવામાં આવે તો તે હાલમાં અક્ષય કુમારની સાથે સુર્યવંસીમાં કામ કરી રહી છે. લાંબા ગાળા બાદ તે ફરી એકવાર અક્ષય કુમારની સાથે કામ કરવા જઈ રહી છે. વિતેલા વર્ષોમાં બંનેએ અનેક યાદગાર ફિલ્મોમાં સાથે ભૂમિકા અદા કરી છે. તે હાલમાં સલમાન ખાનની સાથે ભારત ફિલ્મમાં નજરે પડી હતી. આ ફિલ્મે કમાણીના કેટલાક નવા રેકોર્ડ સર્જ્યા હતા. કેટરીના કેફ હાલમાં બોલિવુડમાં સૌથી લોકપ્રિય સ્ટાર પૈકી છે. તે અન્ય કેટલીક ફિલ્મો પણ ધરાવે છે. જો કે નામની જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી.




## રણબીર-આલિયાના લગ્નની કંકોત્રી સોશિયલ મીડિયા પર વાયરલ

મુંબઈ : રણબીર અને આલિયા હાલ બોલીવુડનું સૌથી ચર્ચિત કપલ બની રહ્યું છે. બંનેએ જ્યારથી જાહેરમાં એકબીજાને પ્રેમનો એકરાર કર્યો ત્યારથી જ તેના લગ્નની વાતો ખુબ ઉડવા લાગી. આ વચ્ચે એક એવી ખબર આવી હતી કે જ્યારે ૨૦૨૦માં ઋષી કપૂર આવી જશે પછી લગ્ન કરશે. એવામાં હવે તો ઋષી કપૂર પણ આવી ગયા છે. આ સાથે જ એક ખબર ખુબ વાયરલ થઈ રહી છે કે રણબીર અને આલિયા ૨૨ જાન્યુઆરી ૨૦૨૦માં લગ્ન કરશે. આ વિશે જ્યારે આલિયાને પુછવામાં આવ્યું તો તેનું રિએક્શન કંઈક અલગ જ હતું. આલિયા હાલમાં જ મુંબઈ એરપોર્ટ પર સ્પોટ થઈ હતી અને ત્યારે એક રિપોર્ટરે તેને આ વાયરલ ખબર વિશે પુછ્યું હતું. રિપોર્ટરે આલિયાને પુછ્યું કે મેમ એક ખબર મળી છે તે શું કન્ફોર્મ છે? ૨૨ જાન્યુઆરી ૨૦૨૦ના દિવસે પાક્કું જ છે? તો આલિયાએ હસતાં હસતાં કહ્યું કે હું શું કહું? આલિયાએ આ રીતે હસીને વાત ફંગોળી દીધી પરંતુ એની સ્માઈલ ઘણું બધું કહી ગઈ. હવે સોશિયલ મીડિયામાં આ ખબર ખુબ ઝડપથી વાયરલ થઈ રહી છે. આ બધાની વચ્ચે સોશિયલ મીડિયા પર આલિયા અને રણબીરના લગ્નનું એક કાર્ડ પણ ફરતું થઈ ગયું છે. આ કાર્ડમાં પણ આ જ વાત છાપવામાં આવી છે કે ૨૨ જાન્યુઆરી ૨૦૨૦ના દિવસે જોધપુરમાં આવેલ ઉમ્મેદ ભવન પેલેસમાં રણબીર આલિયાના લગ્ન થવાના છે. પરંતુ આ કાર્ડ તો ફેક છે એવા સમાચાર મળ્યા છે. કારણ કે કાર્ડમાં ગ્રામર અને સ્પેલિંગની ખુબ ભૂલ છે.

## ફાટેલા જીન્સના કારણે સારા અલી ખાન ટ્રોલ થઇ



મુંબઈ : સારા અલી ખાન એ અભિનેત્રીઓમાંથી એક છે, જેનું બોલીવૂડે ખુલ્લા દિલથી સ્વાગત કર્યુ છે.જોકે સારાની હજી સુધીમાં બે જ ફિલ્મો રિલીઝ થઈ છે, પરંતુ તેની જબરદસ્ત ફેન ફોલોવિંગ છે. બોલીવૂડ ડેબ્યુ પહેલા જ સારા લોકપ્રિય થઈ ગઈ છે. કહેવાય છે કે, લોકપ્રિયતા બેધારી તલવાર છે. જેમાં વખાણ પણ થતા હોય છે તો સાથેસાથે ટ્રોલ્લિંગ પણ થતું હોય છે. સારા સાથે હાલમાં આવું જ કાંઈક થયું છે. સારાએ સોશિયલ મીડિયા પર સક્રિય છે, વારંવાર તે પોતાની તસવીરો મુકતી રહે છે. એવામાં તે એક તસવીરને કારણે ટ્રોલ થઈ છે. હાલમાં વાયરલ થયેલી સારાની એક તસવીરમાં તે જીન્સ પહેરેલી જોવા મળે છે. સારાએ ફેશન પ્રમાણે ફાટેલું જીન્સ પહેર્યું છે, જેના કારણે તે અનેક ટીપ્પણીઓનો ભોગ બની છે. ઘણાએ તેને 'ગરીબ કહીને કપડા દાનમાં જોઈતા હોય તો કહ્યું છે. તેમજ ઘણાએ તેને 'ભિખારી' કહ્યું તો ઘણાએ તો તારું આ જીન્સ પહેરવા જેવું હવે રહ્યું નથી, તેને ઘરમાં પોતું કરવા માટે વાપર તેવો વ્યંગ કર્યો છે.

## ત્રણ ત્રણ ડિગ્રી છતાં મંદીને કારણે પરિણીતી અભિનય ક્ષેત્રમાં આવી



મુંબઈ : ફિલ્મોમાં નહોતું આવવું પરિણીતિને પરિણીતિ ચોપડા લાંબા સમયથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હોવા છતાં સ્પષ્ટ રીતે પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરી શકી નથી. તેની ફિલ્મો બોકસ ઓફિસ પર સારૂ પ્રદર્શન તો કરે છે અને તેના અભિનયની સરાહના પણ થાય છે. પરંતુ આ ફિલ્મો જોઈએ એટલી કમાણી કરી શકતી નથી. પરિણીતિ હાલમાં એવી ફિલ્મની શોધમાં છે જે તેને કારકિર્દીની નવી ટોચ પર લઈ જાય. પરિણીતિ ચોપડાનો જન્મ ૨૨ ઓકટોબર, ૧૯૮૮ના રોજ અંબાલામાં થયો હતો. તાજેતરમાં જ તેણે જન્મ દિવસની ઉજવણી કરી હતી. તે બોલીવૂડની સૌથી વધુ ભણેલી-ગણેલી અભિનેત્રી છે. તેની પાસે ઓનર્સની ત્રણ ડિગ્રિઓ છે. બિજનેસ, ફાઈનાન્સ અને ઈકોનોમિકસમાં ઓનર્સની ડિગ્રીઓ તે ધરાવે છે. તેને પિત્ઝા બહુ ભાવે છે. તેણે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતુ કે આખો દિવસ પિત્ઝા ખાઈ શકે છે. તેણે ૧૨માં ધોરણમાં ઓલઓવર ઈન્ડિયા ટોપ કર્યું હતુ ત્યારે તત્કાલીન રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત પણ કરવામાં આવી હતી. તે કયારેય પણ અભિનયમાં કારકિર્દી બનાવવા ઈચ્છતી નહોતી. પરંતુ ૨૦૦૯માં આવેલી મંદી બાદ તેણે પોતાનો નિર્ણય બદલી નાખ્યો હતો. તેણે કલાસિકલ મ્યૂઝિકમાં પણ બીએ કર્યુ છે. ટેનિસ સ્ટાર પ્લેયર સાનિયા મિરઝા તેની ખાસ બહેનપણી છે. અભિનેત્રીએ હાલ જ 'ગર્લ ઓન ધ ટ્રેઈન'નું શૂટિંગ પુરુ કર્યું છે. પરિણિતીને હવે બોલીવૂડમાંથી ઓફરો મળી રહી છે. તે સાનિયા નહેવાલની બાયોપિકમાં પણ કામ કરી રહી છે, અને તેની પણ કોચ પાસેથી વિશેષ તાલીમ લઈ રહી છે. આ ફિલ્મનું દિગ્દર્શન અમોલ ગુપ્તે કરવાનો છે. ''હાલમાં પરિણિતી ધર્મા પ્રોડકશનની ઓફિસમાં જોવા મળી હતી. તેણે કરણ જોહર નિર્મિત ફિલ્મો 'હસી તો ફસી' અને 'કેસરી'માં કામ કર્યું છે. હવે તે ધર્મા પ્રોડકશનની ઓફિસમાં ફરી જોવા મળી હોવાથી કરણ સાથે હેટ્રિક કરે તેવી શકયતા છે,''તેમ સૂત્રે જણાવ્યું હતું.



## કાજોલ અગ્રવાલ ઓનલાઈન ગેમ રમીની બ્રાન્ડ એમ્બેસેડર બની

મુંબઈ: સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની સૌથી સફળ અભિનેત્રી કાજોલ અગ્રવાલ ઓનલાઈન ગેમ રમીની બ્રાન્ડ એમ્બેસેડર બની હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ ગેમપ્લે રમ્મી, જેણે ઓનલાઈન રમીના નિયમો અને રમતના વલણને બદલ્યું છે, તે દક્ષિણ ભારતીય ફિલ્મ અભિનેત્રી કાજલ અગ્રવાલને તેની બ્રાન્ડનો ચહેરો બનાવવા માટે જોડાઈ છે. કાજલ આનંદ અને સફળતા બંનેનો દાખલો આપે છે. રમીની દ્રષ્ટિ આગળ વધારવા માટે કાજલ એક સુંદર પસંદગી છે. કાજલની રમીની રમતમાં, આ બંને તરફથી એક અનોખી મેચ હશે.આ કરાર અંગે સ્પોર્ટ્સ ગ્રૂપના હેડ માર્કેટિંગ ચૈતન્ય સાલુન્કેએ કહ્યું હતું કે, કાજલને અમારા બ્રાન્ડનો ચહેરો બનવાનો આનંદ છે કે કેમ કે વધુને વધુ લોકો અમારી બ્રાન્ડ અને આ રમત વિશે જાણી શકશે.

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
iccrc crcic
AMI MEHTA
(SINP Authorized Rep)
Web: www.siis.ca
E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
Express Entry and all PNP
Early childhood educator | Medical lab technician
Account technician | Computer programmers and
Interactive media developers | Social workers
STUDY VISA | VISITOR VISA (TRV) | SUPER VISA
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
VADODARA OFFICE
2/A, Wagheshwary Society,
Vip Road, Vadodara.
CANADA OFFICE
94-499 Main Street South;
Brampton, Ontario, Canada.
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca
Website.: www.siis.ca

SHARP TRAVEL



Lowest and Special Fares to
Ahmedabad / Vadodara / Mumbai & Delhi
વ્યાજબી ભાડું... શ્રેષ્ઠ સેવા... વર્ષોનો અનુભવ



Air Ticket
Cruises
Vacation Packages
Insurance
info@sharptravel.ca
www.sharptravel.ca
tico.ca
Ph : 905-230-7855
Shoppers World Mall 94 - 499
Main St S Brampton L6Y1N7
BRITISH AIRWAYS JET AIRWAYS AIR CANADA KLM Emirates ETIHAD







# દિવાળીમાં ઘરની સાથે તમારું સૌંદર્ય પણ સજાવો

• દિવાળીને હવે વધુ વાર નથી ત્યારે ગૃહિણીઓએ ઘરના ખૂણેખૂણા સાફ કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી હશે, કારણ કે દરેક સ્ત્રી ઈચ્છે છે કે પર્વના દિવસોમાં તેનું ઘર સ્વર્ગ જેવું સુંદર લાગે. જોકે ઘરને સુંદર બનાવવા પાછળ સ્ત્રીઓની સુંદરતા ઝાંખી પડી જાય છે. દિવસ-રાત આંખ મીંચીને સાફસફાઈ કરતી વખતે માનુનીઓ જો અમુક વાતોનું ધ્યાન રાખે તો તેમની સુંદરતા નહીં કરમાય.





**સ્કિન:** સાફસફાઈ કરતી વખતે ઊડતી ધૂળ ત્વચાને મેલી કરે છે. એનાથી બચવા બની શકે તો શરીરને સંપૂર્ણપણે ઢાંકતાં અને લૂઝ ફિટિંગનાં આરામદાયક સુતરાઉ કપડાં પહેરવાં. જો સિન્થેટિક કપડાં પહેર્યાં હોય તો પરસેવો અને ધૂળ એલર્જીનું કારણ બની શકે. સફાઈ કર્યા પછી ચણાના લોટમાં મલાઈ હળદર નાખી ચોળીને નાહવાથી શરીર પરનો મેલ નીકળી જશે અને ત્વચા ક્લીન દેખાશે.

## વાળ



રૂમનાં બાવાં-જાળાં પાડતી વખતે કે ઝાપટઝૂપટ કરતી વખતે ત્યાં ભરાયેલી ધૂળ વાળમાં અને માથાના તાળવામાં ચોંટી જાય છે. એને લીધે વાળ મેલા અને ચીકણા તેમજ જ રૂક્ષ થઈ જાય છે. એનાથી બચવા વાળને સ્કાર્ફથી સંપૂર્ણપણે કવર કરી લેવા. જોકે મોટો સ્કાર્ફ લઈ વાળ અને ચહેરાને બુકાની બાંધી લેવામાં આવે તો ધૂળથી થતી એલર્જીથી પણ બચી શકાય છે. આ પ્રકારની સફાઈ કરતી વખતે વાળમાં તેલ નાખવાનું અવોઈડ કરવું. જો વાળ ઓઈલી હશે તો ધૂળના રજકણો એમાં સજ્જડપણે ચોંટી જશે અને વાળને ચોખ્ખા કરવા વધુ શેમ્પૂ વાપરવું પડશે. બીજું, આ પ્રકારની સૂકી સફાઈ જેટલા દિવસ કરો એટલા દિવસ સફાઈ પત્યા પછી દરરોજ વાળને શેમ્પૂ અને કન્ડિશન કરવાનું ચુકાય નહીં.

**સ્કાર્ફથી વાળ, ચહેરાને બુકાની બાંધવાથી ધૂળની એલર્જીથી પણ બચી શકાય**

## હાથ-પગ અને નખ

સૌથી વધુ સમય માગી લેતા શરીરના આ અવયવો દિવસ દરમિયાન ઓવરટાઈમ કરે છે. કપડાં ધોવા વપરાતા સાબુ, બ્રશ કે વાસણ માંજવા વપરાતા લિક્વિડ કે ટાઈલ્સને ચમકાવવા વપરાતું એસિડ, જંતુ મારવાની દવા, ગ્લાસ-ક્લીનર, બ્રશ કે હાથ-પગ અને નખની બૂરી વલે કરે છે. હંમેશા સફાઈ કરતી વખતે હાથમાં રબરનાં મોજાં પહેરવાનો આગ્રહ રાખવો. ડોકટર સર્જરી વખતે પહેરે છે એવાં મોજાં કોઈપણ સાઈઝના હાથ પર ચપોચપ બેસી જાય છે. તેને લીધે ખુણે-ખાંચરે હાથ કે આંગળીથી કામ કરવામાં મુશ્કેલી નથી પડતી. વધુ વખત પાણીમાં રહેવાથી નખ બટકણા થઈ જાય એવો પ્રશ્ન નથી સતાવતો. સફાઈ થયા પછી દરરોજ તળિયાને સ્ક્રબરથી સાફ જોઈએ એથી તેમાં મેલ ભરાઈ રહે. રાત્રે સૂતા પહેલાં ઓલિવ ઓઇલમાં બે-ચાર અરોમા ઓઈલમાં ભેળવી હાથ-પગ પર હળવે હાથે માલિશ કરવું. તેનાથી હાથ-પગનો થાક ઉતરે છે. રિલેક્સ ફીલ થાય છે. હૂંફાળા પાણીના ટબમાં હાથ-પગ બોળી સરખી રીતે લૂછીને હેન્ડ-ફીટ ક્રીમ લગાવવાથી હાથ-પગ કોમળ બને છે.



**સફાઈ કરતી વખતે હાથમાં રબરનાં મોજાં પહેરવાનો આગ્રહ રાખો**


મધુર યાત્રી અને કોરસ ગ્રુપ સર્વ ને શુભ દિપાવલી અને વિ.સં. ૨૦૭૬ ના નૂતન વર્ષાભિનંદન પાઠવે છે
Madhur Yatri & Chorus Group Wishes Happy Deepavali and Prosperous V.S.2076 to all our well wishers around the world......
મધુર અને યાત્રીના પ્રેમાળ માતૃશ્રી આદરણીય મીનાબેન ના સુંદર સ્વાસ્થય માટે મધુર- યાત્રી અને કોરસ ગ્રુપના દરેક કલાકાર ભગવાન ને હાર્દિક પ્રાર્થના કરે છે અને શુભેચ્છા પાઠવે છે.
Meenaben Shah
Madhur - Yatri & Chorus group praying almighty for Madhur - Yatri's loving respectable mother Meenaben's stable health and fast recovery with gaining strength.
Stage Artists of
Madhur - Yatri & Chorus Group
Madhur Shah
Music Composer, Directer & Singer Since last 27 years
Chirag Shah Chorus Singer
Vaishali Shah Chorus Singer
Yatri Shah
Music Director & Lead Female Singer for the last 27 years
Aarti Bhatia Chorus Singer
Mayurika Trivedi Chorus Singer
Jayesh Patel Chorus Singer
Hiral Bhatt Chorus Singer
Rajesh Bhatia Chorus Singer
Vahin Shah Singer/Keyboard player
Mahin Shah Maracas Player
Thank you Madhur - Yatri & Chorus Group stage artist for very sincere and hard efforts to make Navratri 2019 Raas Garba celebration most memorable by entertaining more than 10,000 Raas Garba Premi Bhai Bahen over 7 different venues performances, from 21/ September 2019 to 19/ October 2019 without monetary rewards...... Harshita Kakkad {Public Relations-MYCG}
Videographer
Hemang Shah
Manish Bhatt
Dr. Hitendra Patel
Dipika Patel
Sameer Thaver
Anita Shah
Vraj Shah
Samrat Shah
Shivam Desai
Back Stage support really proved their feeling and care during 2019 Navratri Raas Garba at seven different venues.
Harshita Kakkad Public Relations MYCG
Kokila Brambhatt
Ravi Bansal
Alisha Makwana
19th Oct for Team Shiven Fund Raising Dedicated Volunteeers
Ashok Shah Res. Hon. Manager MYCG
We like to thanks all our Host for their wonderful hospitality.........Harshita Kakkad {Public Relations Madhur Yatri & Chorus Group}
Dr. Hitendra Patel Markham 21 Sep
Kamal Singh
Utpal Amin
Waterloo 28 Sep
Roopnath Sharma
Madhu Mistry
Ram Mandir 04 Oct
Mahendra Patel
Vasant Patel
Indu Patel
24 Gam Patidar Oct 5
Yagnesh Patel
Jignesh Patel,
Tejas Pancholi,
Jignesh Dave
Stouffville Oct 12
Sanjay Patel,
Anil Patel
Das-Kosi Patidaar Oct 13
Jagdish Sevak
Manisha Sevak
Shiv Financials Services Oct 19-Shiven
૪૪ વર્ષના સાથ અને સહકાર માટે ગુજરાતી ભાઈ-બ્હેનોની અશોક ટ્રાવેલ્સ ખૂબજ અભાર માને છે.
અશોક ટ્રાવેલ્સ ASHOK TRAVELS
416.977.9896 www.ashoktravel.com
ટોરાન્ટો-કેનેડાની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી
Ashok Travels
Ashok Travels

# જીવનમાં અંધારાના ઓરડે શ્રદ્ધાદિપ પ્રગટાવવાનું પર્વ એટલે દિપાવલી

મનુષ્યે હંમેશા અંધકારથી પ્રકાશ તરફ વળવાનું છે. દરેક સૂર્યોદય નવી આશા, ઉમંગ, ઉલ્લાસ લઈ આવે છે. એટલે માં જ્યોતિર્ગમયની પ્રાર્થના કરાય છે. અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જતું પર્વ એટલે દિવાળી. ભારતીય સંસ્કૃતિમાં ઉજવાતા દરેક પર્વનો મોટો મહિમા છે. આપણા ખેતીપ્રધાન ઉપરાંત ઉત્સવ પ્રધાન સંસ્કૃતિના આખા દેશમાં ધાર્મિક, સામાજિક કે રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી મોટાપાયે થાય છે. ભાગ્યે જ કોઈ અઠવાડિયું એવું જતું હશે કે જ્યાં દેશના કોઈ ખૂણે કોઈ તહેવાર ન ઉજવાતો હોય. તહેવારોથી જીવનમાં નવી ઉત્સાહનો સંચાર કરી શકાય. એટલે જ બધા તહેવારોમાં શિરોમણી સમાન કોઈ તહેવાર હોય તો તે દિપાવલી. ગરીબ-તંવગર કે કોઈપણ કોમ કે વર્ણ માટે આની ઉજવણી સાર્વત્રિક છે. એટલે તો દીપોત્સવી પર્વની પોતીકી ઓળખ છે. જેની ઉજવણી અઠવાડિયા સુધી થાય છે. આસો વદ અગિયારસથી લાભપાંચમ સુધી આ તહેવાર ઉજવાય છે. દીપોત્સવી પર્વની ઉજવણીની પૂર્વે તૈયારીઓ તો શરદપૂર્ણિમાના બીજા દિવસથી શરૂ થઈ જાય છે. ખેડૂતો પાકની લણણીથી ખુશ થઈ દિપોત્સવી પર્વની તૈયારી કરે છે, તો ગૃહિણીઓ ઘરે સફાઈની ઝુંબેશ આદરે છે. આ સમય દરમિયાન સફાઈનું મહત્ત્વ એટલા માટે કે ચોમાસા દરમિયાન થયેલા ભેજ કે જીવાતની સફાઈ કરવી. જેથી ઘરમાં, આંગણામાં સ્વચ્છતાનું સ્થાન રહે. કહેવાયું છે કે સ્વચ્છતામાં પ્રભુતામાં વાસ છે એટલે આ ખાસ આ દિવસો દરમિયાન સફાઈ થાય. દિવાળી એટલે દિવડાની હારમાળા. જીવનના અંધારા ઓરડે શ્રદ્ધાદિપ પ્રગટાવી,



પ્રકાશ ફેલાવતું પર્વ એટલે દિપાવલી.

આ મંગળ પર્વનું મહાત્મય સાવ અલગ છે. ધનતેરસે લક્ષ્મી માતાનું પૂજન કરવાનું છે. કાળી ચૌદશે માનવ મનની મલિનતા ને દૂર કરવાની છે. તો દિવાળીએ જ્ઞાન-વિજ્ઞાનની દેવી માતા સરસ્વતીની પૂજા કરવાની છે. દીપમાળા પ્રગટાવી મનને આશાથી પ્રકાશ, ઉત્સાહથી ભરવાનું છે અને નૂતન વર્ષ સૌ પરિવારજનોને સ્નેહપૂર્વક હળીમળી સાથે સારો સંકલ્પ કરવાનો છે. સૌને નવા વર્ષની શુભેચ્છા પાઠવવાની છે. નવા વર્ષના પ્રારંભે મનને નવી સુવિચારોથી સજ્જ કરવાના છે. ભાઈબીજે ભલે બહેનના સ્નેહને તહેવાર છે. પણ એના ઉલ્લેખ થકી સમાજમાં ભગિની ભાવ, માતૃભાવની સન્માનનીય દ્રષ્ટિ કેળવાય તે પણ અગત્યનું છે. આમ દિવાળીના આ પર્વ પર સૌ ઉમંગ ઉત્સાહથી સૌ જોડાય, દીવડાઓની હારમાળા પ્રગટાવી, સૌના જીવનમાં ઉલ્લાસ કાયમ રહે એવી શુભેચ્છા.

## દિપાવલી પર્વની ઉજવણી ક્યારે સાર્થક ગણાય

દિવાળી એટલે દેવ દરબારના બધા જ દ્વાર વિશેષ દિવ્ય લાગે. ખાસ કરીને આપણા દેશમાં કોઈ પણ મંદિરમાં દેવ, દેવીનો શ્રૃંગાર આ દિવસોમાં ઉડીને આંખે વળગતો હોય છે. તેમાં વળી ભક્તોનો ભાવ પણ પ્રગટ થતો હોય છે. પહેલાના સમયમાં માત્ર વિષ્ણુ, બહ્મા, દેવીઓનો શણગાર થતો. આજે તો હવે શિવલિંગના શણગાર પણ એટલો થતો આવ્યો છે. સર્વત્ર આનંદનો માહોલ પ્રસરે ત્યારે જ દિવાળીની ઉજવણી સાર્થક બની ગણાય.

## હઠાગ્રહો, દુરાગ્રહો, ટણીઓ, દંભો દૂર કરો

આપણે સૌ દિવાળી તથા નવીન વર્ષને હર્ષોઉલ્લાસ સાથે વધાવવા કેટલીય તૈયારીઓ કરીએ છીએ. સાફ સફાઈથી લઈને રંગ રોગાન કરવા મચી પડીએ છીએ. પણ દુઃખની વાત એ છે કે મનમાં પડેલાં ગાબડાં પૂરવાનું તથા તેમાં બાઝેલાં વિવિધ ઝાળાં તો સાફ કરવાનું તો ભૂલી જ જવાય છે. વર્ષોથી મનમાં જામેલા હઠાગ્રહો, દુરાગ્રહો, આગ્રહો, ટણીઓ, દંભો, આડંબરો, દેખાડાઓ તો હતા તેમના તેમ અકબંધ જ રાખીએ છીએ. ફેસબુક અને વ્હોટ્સએપ ઉપર નિયમીત આપલે થતા સત્સંગોતો આપણે બીજાને ફોરવર્ડ કરીને લાઈકો અને કોમેન્ટ્સ ગણવા બેસી જઈએ છીએ. આ મોબાઈલ પણ એક જાતનું રમકડું જ થઈ ગયું છે આજકાલ. ખરેખર તો આ દિવાળી દિલના કમાડને ઊઘાડા રાખવાનું શીખવે છે અને બધી ય ખટાશ મીટાવીને મીઠાઈની જેમ મધુરા બનવાનું કહે છે. નાનાને મોટાઈ અને મોટાને નાનાઈ શીખવાડે છે. દિવાળી આશ્વાસન આપે છે કે તમારી અંદરના શ્રધ્ધાના દિપકને સદાય ઝળહળતો રાખો. આમ જોવા જઈએ તો શ્રદ્ધા એટલે જ દિપાવલી.

# કાળી ચૌદશ રાત્રિ કેટલી આધ્યાત્મિક, કેટલી આસુરી?

પરપીડન માટે વપરાય તે અધમ શક્તિ, સ્વાર્થ માટે વપરાય તે નિમ્ન પ્રકારની શક્તિ, રક્ષણાર્થે વપરાય તે કાલી પણ પરમાત્માની શુભ કાર્યો માટે વપરાય તે શક્તિ મહાકાલી.

દિવાળીનાં સપરમા તહેવારોમાં આવતી કાળી-ચૌદશની રાત્રિ રહસ્યમય ગણાયી છે. તો તે સૌ લોકો માટે કૂતુહલનું કારણ પણ બની છે. આ કાળી ચૌદશ, નરક નિવારણ ચૌદશ, રૂપ ચૌદશ, છોટી દિવાળી જેવા ઉપનામોથી પણ ઓળખાય છે. હકીકતમાં અમાસની આગલી રાત્રિ વધુ અંધારી હોય છે. જે અંધારી ચૌદશ પણ કહેવાય છે. અંધકારનાં અર્થમાં તેને ‘કાળી વિશેષણ લાગેલું છે.

હિન્દુ પુરાણો અનુસાર વિ.સં.ના વર્ષમાં ત્રણ કાળ રાત્રિ આવે છે. શંકર ભગવાનનાં પ્રાગટયની શિવરાત્રિ, ભગવાન શ્રી કૃષ્ણનાં અવતરણની મધ્યરાત્રિ જન્માષ્ટમી, તથા મહાકાળી, માતાજીનાં પ્રાગટયની રાત્રિને કાળરાત્રિ કહેવામાં આવે છે. હકીકતમાં આ રાત્રિઓ મહાશુભ મનાય છે, કેમ કે આ સમયમાં કરેલી ભક્તિ-પૂજા સાધના શુભ ફળ આપનારી છે. મહાકાળીજીના પ્રાગટયની કાળરાત્રિ પરથી આ ચૌદશ’કાળી ચૌદશ’નામથી ઓળખાઈ છે.

એક ધાર્મિક માન્યતા અનુસાર હનુમાનજીએ આ દિવસોમાં સૂર્યને ફળ માનીને મુખમાં સમાવી લીધેલા.’ જાગ સહસ્ત્ર જોજન પર ભાનુ ! લીલ્યો તાહિ મધુર ફળ જાનુ ।।’ એમનાં આવા મહાપરાક્રમને મહાશક્તિનો પરચો માની તેમની આ દિવસે પૂજા થાય છે. ઉપરાંત શનિદેવની પણ પૂજા કરવામાં આવે છે.

ધર્મશાસ્ત્રને લગતી વાયકા મુજબ, આ દિવસે યમરાજા ચિત્રગૃપ્ત સાથે પૃથ્વી પર આવે છે. આખા વર્ષમાં મૃત્યુનાં દેવ યમરાજાનાં પૂજનનો આ એક માત્ર દિવસ છે. નરકમાંથી મુક્તિ માટે લોકો, ધાન પર ચાર દિવા ફરી તેની પૂજા કરે છે.

ભગવાન શ્રી કૃષ્ણએ દ્વિતિય પટરાણી સત્યભામા સાથે જ્યારે ભ્રમણ કરવા નીકળ્યા હતા ત્યારે આ દિવસોમાં નર્કાસુર નામના રાક્ષસનો વધ કર્યો હોવાની પણ એક કથા છે.

હિન્દુ પુરાણ શાસ્ત્રોમાં ઉલ્લેખ છે કે આ દિવસે મહાકાળીજી માતાએ રાક્ષસોનો સંહાર કર્યો હતો. ત્રાસ આપતા આ અનિષ્ટ તત્ત્વનો નાશ કર્યો હોવાથી કાળી ચૌદશે મા ભક્તોની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરે છે. એટલે આ દિવસે મા કાળીનો મોટો મહિમા છે. જે સૌને જીવનમાંનાં દુષ્ટ તત્વોને હંકારી કાઢવાનું સૂચવે છે.

વર્ષોથી ચાલી આવતી એક પરંપરા પ્રમાણે ‘કાળીચૌદશ’ની રાત્રિનાં પહેલા પ્રહરે, ઘરમાં ગયા વર્ષથી રહી ગયેલા, કલેષ, કંકાશ, કકળાટને વડાનાં રૂપે બહાર કાઢવાનો રિવાજ છે. આની પાછળની ભાવના એવી છે કે સમાજ-પરિવારનાં સભ્યો વચ્ચેનાં આપસના વેરઝેરની માંડવાળ કરી, નવા વર્ષે કોરી થઈ ગયેલી પાટીમાં નવા પ્રેમ-સંબંધોના અક્ષરો માંડવાનાં છે. દિપોત્સવ એ આનંદનું પર્વ છે. એક બીજાને સ્નેહથી આવકારવાનાં છે. એકબીજાને પ્રેમ-પ્રકાશ આપલે કરવાનું દિવાળી-પર્વ છે. ‘કાળી ચૌદશ’ની રાત્રિએ તાંત્રિકો સ્મશાનમાં જઈ ભૂત, ભૈરવની સાધાના કરે છે. જો કે એક સ્વસ્થ વ્યકિતએ આ બધામાં પડવાની જરૂરત ક્યાં છે ?

પરપીડન માટે વપરાય તે અધમ શક્તિ, સ્વાર્થ માટે વપરાય તે નિમ્ન પ્રકારની શક્તિ, રક્ષણાર્થે વપરાય તે કાલી પણ પરમાત્માની શુભ કાર્યો માટે વપરાય તે શક્તિ મહાકાલી. આવી મહાકાલીમાની આરાધના-ઉપાસના કરવાનો અવસર એટલે ‘કાળીચૌદશ’.



પરપીડન માટે વપરાય તે અધમ શક્તિ, સ્વાર્થ માટે વપરાય તે નિમ્ન પ્રકારની શક્તિ, રક્ષણાર્થે વપરાય તે કાલી પણ પરમાત્માની શુભ કાર્યો માટે વપરાય તે શક્તિ મહાકાલી. આવી મહાકાલીમાની આરાધના-ઉપાસના કરવાનો અવસર એટલે ‘કાળીચૌદશ’

# અમેરિકાના ટોપ-૧૦ મોસ્ટડ વોન્ટેડનું લિસ્ટ જાહેર, અમદાવાદી ભદ્રેશ પટેલનું પણ નામ

ગાંધીનગર : ગુજરાત સાથે જોડાયેલા એક ભદ્રેશ પટેલને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. અમેરિકાના ટોપ-૧૦ મોસ્ટડ વોન્ટેડનું લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ લિસ્ટમાં ગુજરાતના ભદ્રેશ પટેલનું નામ લિસ્ટમાં છે. એફબીઆઈની વેબસાઈટ પર ભદ્રેશ પટેલનું નામ સામે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

એફબીઆઈની વેબસાઈટ પર ભદ્રેશ પટેલના ફોટા સાથે નામ લિસ્ટમાં છે. તમને જણાવીએ કે ભદ્રેશ પટેલે અમેરિકામાં તેની પત્નીની હત્યા કરી નાખી હતી. અમેરિકાના હેનોવરમાં છરીના ઘા ઝીંકી હત્યા કરી હતી. એફબીઆઈની વેબસાઈટ પર જે ગુજરાતના ભદ્રેશ પટેલનું નામ છે, તે મૂળ વિરમગામ પાસેના કાતરોડી ગામનો વતની છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, અમેરિકાની ટોચની એજન્સી ફેડરલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (એફબીઆઈ) ભારતીય ભાગેડુ ભદ્રેશ કુમાર પટેલને છેલ્લા ચાર વર્ષથી શોધી રહી છે. ભદ્રેશ પટેલ અમદાવાદ વિરમગામનો વતની છે. તેનું નામ એફબીઆઈના ટોપ ૧૦ મોસ્ટ વૉન્ટેડ ભાગેડુના લિસ્ટમાં સામેલ છે અને તેની બાતમી આપનારને સરકાર ઈ૧,૦૦,૦૦૦ એટલે કે અંદાજે રૂ. ૭૦ લાખનું ઈનામ આપશે. એફબીઆઈની દષ્ટિએ પટેલ એક કોલ્ડ-બ્લડેડ મર્ડરર છે અને ખૂબ જ ખતરનાક ગુનેગાર છે જેણે હેનોવરના ડંકિન ડોનટ્સ સ્ટોરમાં પોતાની યુવાન પત્નીની વિચિત્ર રીતે હત્યા કરી હતી. ટોપ ૧૦ મોસ્ટ વૉન્ટેડ લિસ્ટ સતત બદલાતુ રહેતુ હોય છે પરંતુ ભદ્રેશ પટેલ એક જગ્યાએથી બીજી જગ્યાએ ભાગ્યા કરતો હોવાથી તેનું નામ એફબીઆઈના ૨૦૧૯ના લિસ્ટમાં પણ છે. આ લિસ્ટમાં ખૂબ જ ખતરનાક ગુનેગારોના નામ શામેલ છે. પટેલનું નામ સૌથી પહેલા ૨૦૧૭ના ટોપ ૧૦ લિસ્ટમાં આવ્યું હતું.

# એભા જાડેજા સામેની TADAની કલમો સુપ્રિમ કોર્ટે રદ કરી દીધી

• યોગ્ય મંજૂરી વિના પોલીસ એફઆઈઆરમાં ટાડાની કલમો ન નોંધી શકે : સુપ્રીમ

અમદાવાદ- પોરબંદરના એભા અરજણ જાડેજા સહિત ત્રણ સામે ટેરરિસ્ટ એન્ડ ડિસરપ્ટિવ એક્ટ હેઠળ લગાવવામાં આવેલી કલમો સુપ્રીમ કોર્ટે રદ કરી છે. વર્ષ ૧૯૯૫ના હથિયારોના કેસમાં એભા જાડેજા સહિત ત્રણ સામે ગેરકાયદે હથિયારો રાખવા બદલ ટાડાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટ આ ચુકાદાની સાથે મહત્વનું અવલોકન નોંધ્યું છે કે યોગ્ય મંજૂરી વિના પોલીસ ટાડાની કલમો ન નોંધી શકે. એભા જાડેતા વર્ષ ૧૯૯૪ના હથિયારોના એક ગુનામાં ફરાર હતો તે સમયે ૧૦-૪-૧૯૯૫ની રાત્રે પોરબંદર જિલ્લાના કુતિયાણામાં પોલીસ નાઈટવોચ પર હતી. તે દરમિયાન પી.આઈ. સી.જે. સિંઘની બાતમી મળી હતી કે ફરાર આરોપી એભા અરજણ જાડેજા આ વિસ્તારમાં આવી રહ્યો છે. પોલીસે આ વિસ્તારમાં નાકાબંધી કરતા ત્યાંથી એમ્બેસેડર કારમાં નીકળી રહેલા એભાને અન્ય બે શખ્સો સાથે ઝડપવામાં આવ્યો હતો. ત્રણેયની અંગઝડતી લેતા એભા પાસેથી દોઢ લાખની કિંમતની બેરેટા પિસ્તો, વિદેશી બનાવટની રૂપિયા પચાસ હજારની કિંમતની ૩૨ બોરની રિવોલ્વર અને આઠ જીવતા કારતૂસ મળી આવ્યા હતા.

# પત્ની સાથે પરાણે શારીરિક સંબંધ બાંધે તો રેપ ગણાય કે નહીં : PIL

• વધુમાં આ કેસની સુનાવણી ૨૦ નવેમ્બરે થશે

અમદાવાદ : પતિ તેની પુખ્તવયની પત્નીની સહમતિ વગર તેની સાથે જાતીય સંબંધ બાંધે તો તેને દુષ્કર્મ જેટલો જઘન્ય ગુન્હો ગણવો જોઈએ અને તેને ફોજદારી ગુન્હો માનવો જોઈએ? આ મુદ્દા પર, નિરમા લો યુનિવર્સિટીના વિદ્યાર્થીએ ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરી છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે અરજદારને આદેશ કર્યો છે કે, તેમની આ અરજી સુપ્રીમ કોર્ટમાં થયેલી અરજીથી કંઈ રીતે જુદી પડે છે, તેની માહિતી આપો. આ કેસની વધુ સુનાવણી ૨૦ નવેમ્બરે હાથ ધરાશે. સુનાવણી દરમિયાન, હાઈકોર્ટમાં અરજદારની રજૂઆત હતી કે, પત્નીની સહમતિ વગર પતિ તેની સાથે જાતીય સંબંધ બાંધે તો તેને દુષ્કર્મના કાયદામાંથી મુક્તિ આપવાની જે જોગવાઈ છે, તેને ગેરબંધારણીય ઠેરવો. મેરિટલ રેપ એ મહિલાઓ સાથે થતાં દુષ્કર્મ જેટલો જઘન્ય ગુન્હો છે અને તેને ફોજદારી ગુન્હો માનવો જોઈએ. અરજદારે દુષ્કર્મ કેસ અંગેની આઈપીસીની ધારા-૩૭૫ એક્સેપ્શન-૨ને ગેરબંધારણીય જાહેર કરવાની માગ કરી છે.

# ગુજરાત રાજ્યમાં મેઘકહેર : ૧૯૯ લોકોએ ગુમાવ્યો જીવ, વીજળી પડતા ૫૪નાં મોત



ગાંધીનગર : ગુજરાતમાં ચોમાસાએ સત્તાવાર રીતે વિદાય લીધી છે. આ વર્ષે ગુજરાતમાં પડેલાં ૧૪૦ ટકા જેટલાં વરસાદને કારણે ૧૯૯ લોકોનાં મોત થયા છે. જેમાં વીજળી પડવાને કારણે ૫૪, પાણીમાં તણાવાને કારણે ૮૯, દીવાલ તેમજ વૃક્ષ પડવાને કારણે ૫૬ લોકોનાં મોત નિપજ્યા છે. મૃતકોનાં પરિવારજનોને સરકારે સહાય ચૂકવવાની શરુ કરી છે, જેમાં ૧૭૯ પરિવારોને તો સહાય ચૂકવાઈ ગઈ છે.

વરસાદે સૌથી વધુ અમદાવાદ જિલ્લામાં ૨૦ લોકોનો જીવ લીધો છે. જ્યારે અમદાવાદ બાદ મોરબી જિલ્લામાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. તો રાજકોટ, ડાંગ અને નર્મદા જિલ્લામાં વરસાદને કારણે ૧૧-૧૧ લોકોનાં મોત થયા છે. જ્યારે છોટા ઉદેપુર, તાપી અને ભરૂચમાં ૧૦-૧૦ લોકોએ વરસાદને કારણે જીવ ગુમાવ્યા છે. રાજ્યમાં વરસાદને કારણે થયેલી દુર્ઘટનાઓમાં વીજળી પડવાથી ૫૪ લોકોનાં મોત થયાં જ્યારે, ૮૯ લોકો પાણીમાં તણાયા તથા દીવાલ કે ઝાડ પડવાથી ૫૬ વ્યક્તિઓના મૃત્યુ થયાં હોવાનું સરકારી ચોપડે નોંધાયું છે.

# 'સંપત્તિવાન હોવું એ કંઈ ખોટું નથી, ધનના માલિક નહીં, ટ્રસ્ટી બનો' : અઝીમ પ્રેમજી

• ગુજરાત વિદ્યાપીઠના ૬૬મા પદવીદાન સમારંભમાં પદવીધારી વિદ્યાર્થીઓને પ્રેરક સંબોધન

અમદાવાદ : 'સંપત્તિવાન હોવું કંઈ ખોટું નથી. પરંતુ સંપત્તિ જેની પાસે હોય તે માલિક નહીં પણ ટ્રસ્ટી હોય તે જરૂરી છે. આ સંપત્તિનો સદુપયોગ તેણે લોકો અને સમાજના કલ્યાણ માટે કરવાનો છે. હું સંપત્તિવાન થયો તે પહેલાંથી મહાત્મા ગાંધીના આ વિચારનો મારા મનમાં પડઘો પડયો હતો. તેમ ગુજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારોહમાં દીક્ષાંત ઉદબોધનમાં વીપ્રોના ચેરમેન, દેશના અગ્રણિ ઉદ્યોગપતિ અને દાનવીર અઝીમ પ્રેમજીએ કહ્યું હતું. તેમણે ઉમેર્યું કે, ટ્રસ્ટીપણાના ગાંધી વિચારમાં ગાંધીજીના મહત્ત્વના અનેકવિધ દષ્ટિકોણો અને સિધ્ધાંતો સમાયેલા છે. મારા વિચારો અને કાર્યો પર મારી માતા પછી સૌથી વધુ પ્રભાવ મહાત્મા ગાંધીજીનો રહ્યો છે',વિદ્યાપીઠના ૬૬મા પદવીદાન સમારંભમાં પદવીધારી વિદ્યાર્થીઓને પ્રેરક સંબોધન કરતા અઝીમ પ્રેમજી યુનિવર્સિટીના કુલપતિ એવા અઝીમ પ્રેમજીએ જણાવ્યું કે મારા જીવનમાં મેં જોયું છે કે તમે જ્યારે લોકો પર વિશ્વાસ કરો છો ત્યારે લગભગ હંમેશા તે લોકો તમારા પર વિશ્વાસ કરે છે. ટ્રસ્ટીશીપનો સિધ્ધાંત સંપત્તિવાન પર ટ્રસ્ટી બનવાની જવાબદારી મુકે છે. સંપત્તિવાન વ્યક્તિ સ્વૈચ્છાએ ટ્રસ્ટી બનવાની ક્ષમતા કેળવે તેવી અપેક્ષા સિધ્ધાંતમાં છે. આ ગાંધીવિચારની શાસ્ત્રીય રીત છે. ગાંધી મૂલ્યો વિશે તેમણે કહ્યું કે સંજોગો તમારી વિરુધ્ધ હોય ત્યારે સત્યને અને સત્યની રાહને વળગી રહેવું એ ઘણી હિંમત માગી લે છે. ખાસ કરીને જ્યારે સત્ય તમારા સ્વાર્થના વિરોધમાં હોય ત્યારે. સાધ્ય કરતા સાધ્ય સુધી પહોંચવાના સાધનનું મહત્ત્વ વધુ છે.

# સિહોરમાં તળાવમાં ડૂબી જતા માતા-બે સંતાનના કરૂણ મોત

સિહોર : સિહોર તાલુકાના ખારી ગામે વાડી વિસ્તારમાં રહેતા નરેશભાઈ જસાભાઈ રાઠોડના પત્ની નયનાબેન (ઉ.વ.૨૭) આજે બુધવારે બપોરે ૨.૧૫ કલાકના અરસા દરમિયાન તેની વાડી નજીક આવેલ તળાવ પાસે તેના આઠ માસના પુત્ર લાલજી અને ચાર વર્ષની દિકરી માયાને લઈ માલઢોર ચરાવવા માટે ગયા હતા તે વેળાએ તળાવ કિનારે રમતા રમતા માયા અકસ્માતે તળાવમાં પડી ડૂબવા લાગતા તેને બચાવવા માટે નયનાબેન તેના ૮ માસના પુત્રને સાથે રાખી તળાવમાં પડતા માતા અને બે માસુમ સંતાનો તળાવના ઉંડા પાણીમાં ડૂબી જતા ત્રણેયના કરૂણ મોત નિપજવા પામ્યા હતાં. તળાવમાં માતા અને સંતાનો ડૂબ્યાની જાણ થતાં ખારી ગામના લોકો મોટી સંખ્યામાં તળાવ કિનારે ઉમટી પડયા હતાં અને સ્થાનિક તરવૈયાઓએ પાણીમાં જંપલાવી માતા અને બે માસુમ સંતાનોના મૃતદેહને તળાવમાંથી બહાર કાઢતા ભારે અરેરાટી સાથે નાનકડા ખારી ગામમાં આક્રંદ છવાઈ જવા પામ્યો હતો. ઘટનાની જાણ થતા સિહોર પો.સ્ટે.ના ઈન્ચાર્જ પી.આઈ., મામલતદાર સહિતના ખારી ગામે દોડી ગયા હતાં. પોલીસે મૃતક માતા અને બંને સંતાનોનો કબજો મેળવી પી.એમ. અર્થે સિહોર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડી બનાવ અનુસંધાને અકસ્માત મોત સંદર્ભે કેસકાગળ હાથ ધર્યા હતાં.

# હરિયાણાની ડાન્સર સપના ચૌધરી વિરુદ્ધ સુરતમાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

સુરત : હરિયાણાની ડાન્સર સપના ચૌધરીએ તેના શાનદાર ડાન્સથી લોકોના દિલ જીત્યા છે. સપના સતત ચર્ચામાં રહે એવી સેલિબ્રિટીઝમાંથી એક છે. તે સોશિયલ મીડિયા પર પણ ઘણી એક્ટિવ રહે છે. જ્યાં તેના ફેન્સ તેની તસવીરો અને ડાન્સ વીડિયોઝને ખૂબ પસંદ કરે છે અને શેર પણ કરે છે. સુરતમાં ડાન્સર સપના ચૌધરી વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં અરજી કરાઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ નવરાત્રિ દરમિયાન ૨૯ સપ્ટેમ્બરે આયોજીત કાર્યક્રમમાં હાજર ન રહેતા સપના ચૌધરી વિરુદ્ધ આ છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી છે. એવી માહિતી મળી છે કે સુરતની ઉમરા પોલીસે રાજેશ જૈન નામના શખ્સ દ્વારા કરવામાં આવેલ અરજીને સ્વીકારી છે.

# વંથલી પાસે ખૂની ખેલ: ભત્રીજાના હાથે કાકાની હત્યા: ત્રણ ઘવાયા

જૂનાગઢઃ વંથલીના સોનારડી ગામે આજે મોડી રાતે ગ્રામસભામાં ગ્રામ પંચાયતના સભ્યો વચ્ચે ગૌચરમાં બિન કાયદેસર રેતીના જથ્થા મામલે માથાકૂટ થઈ હતી, જેમાં સભા પુરી થયા બાદ આ માથાકૂટ ઉગ્ર બનતા લોહિયાળ હુમલો કરાયો હતો. જેમાં કૌટુંબિક ભત્રીજા સહિતના છ-સાત શખ્સોએ તીક્ષ્ણ હથિયાર વડે કાકાની હત્યા કરી નાખી હતી જ્યારે એક મહિલા સહિત ત્રણ ગંભીર રીતે ઘવાતા તમામને સારવાર માટે જૂનાગઢ ખસેડવામાં આવ્યા હતા.

વંથલી તાલુકાના સોનારડી ગામે આજે રાતે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરકારી અધિકારીઓ, ગામના સરપંચ, સભ્યો સહિતના ગ્રામજનો ઉપસ્થિત હતા. જેમાં ગામના દિલાવર ઉર્ફે દાદાભાઈ મહંમદ પલેજા ઉ.૬૦ ને તેના એક કૌટુંબિક ભત્રીજા સાથે ગૌચરમાં બિન કાયદેસર રેતીના જથ્થા મામલે માથાકૂટ થઈ હતી. બાદમાં સભા પુરી થયા બાદ ફ્રી આ મુદ્દે ચર્ચા જાગતા બને પક્ષે મામલો ઉગ્ર બન્યો હતો અને ભત્રીજા સહિતના છ સાત શખ્સોએ તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો હતો.જેમાં વચ્ચે છોડાવવા પડેલા અન્ય લોકો પણ ઘવાયા હતા. હુમલામાં ઘવાયેલા ચારેયને સારવાર માટે જૂનાગઢ ખસેડવામાં આવતા દિલાવરભાઈ નું મોત નીપજ્યું હતું. જ્યારે મરિયમબેન અને અજીમ પલેજા સહિત ત્રણ વ્યક્તિ સારવાર હેઠળ છે.

# રાજ્યમાં ગુનાઈત કૃત્યમાં સજા પડી હોય તેવા ૭૫ ટકા આરોપી શિક્ષિત

અમદાવાદ : નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યૂરોનો જેલોની સ્થિતિ અંગેનો વર્ષ ૨૦૧૭નો લેટેસ્ટ રિપોર્ટ હમણાં જ બહાર પડયો છે, આ રિપોર્ટ અનુસાર ગુજરાતમાં અંગૂઠા છાપ વ્યક્તિ કરતાં શિક્ષિત-ભણેલા વ્યક્તિ ગુનાખોરીના રવાડે ચઢેલા છે, ૩૧મી ડિસેમ્બર સુધીના વર્ષ ૨૦૧૭ના રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં ૧૦૮૨ વ્યક્તિને કોઈને કોઈ ગુનામાં સજા થઈ છે, જેની સામે શિક્ષિત હોય તેવા ૩,૨૧૭ વ્યક્તિને સજા થઈ છે. આમ ગુજરાતમાં ૨૫ ટકા ગુનેગાર અભણ અને ૭૫ ટકા શિક્ષિત ગુનેગારને સજા થઈ છે, જ્યારે દેશમાં ૨૮ ટકા અભણ સામે ૭૨ ટકા શિક્ષિત આરોપીને એક યા બીજા ગુનામાં સજા થઈ છે. એનસીઆરબીના આ રિપોર્ટ પ્રમાણે વર્ષ ૨૦૧૭માં ૪,૨૯૯ વ્યક્તિને સજા થઈ છે.

# જમ્મુ-કાશ્મીર બેન્કમાં ૧,૧૦૦ કરોડના કૌભાંડનો એસીબી દ્વારા પર્દાફાશ કરાયો

- બેન્કના પૂર્વ ચેરમેનના કાશ્મીર, જમ્મુ અને દિલ્હીના ૧૬ પરીસરો પર એસીબીના દરોડા




શ્રીનગર : જમ્મુ અને કાશ્મીર બેન્કમાં રૂ. ૧,૧૦૦ કરોડના કૌભાંડનો એન્ટી-કરપ્શન બ્યુરોએ પર્દાફાશ કર્યો છે. એસીબીએ આ કૌભાંડના સંદર્ભમાં એફઆઈઆર નોંધાવી હતી ત્યાર બાદ બેન્કના અધિકારીઓ સહિત લગભગ એક ડઝનથી વધુ આરોપીઓના ઘરે એસીબીએ દરોડા પાડયા હતા. જમ્મુ-કાશ્મીર બેન્ક દ્વારા રાઈસ એસ્પોર્ટ્સ ઈન્ડિયા (આરઈઆઈ) એગ્રો લિ.ને આગોતરી રકમ તરીકે રૂ. ૧૧૦૦ કરોડની ચૂકવણી કરવામાં આવી હતી. એસીબી દ્વારા એફઆઈઆર નોંધાયા પછી જમ્મુ-કાશ્મીર બેન્કના ભૂતપૂર્વ ચેરમેન મુશ્તાક અહેમદ શેખના કાશ્મીરમાં નવ, જમ્મુમાં ચાર અને દિલ્હીમાં ત્રણ સહિત ૧૬ પરીસરો પર એસીબીએ દરોડા પાડયા હતા. એસીબીએ આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય લગભગ એક ડઝન જેટલા આરોપીઓના પરીસરો પર પણ દરોડા પાડયા હતા તેમ એસીબીના અધિકારીએ જણાવ્યું હતું. એસીબીના પ્રવક્તાએ જણાવ્યું કે આરઈઆઈ એગ્રોના ચેરમેન સંજય ઝુનઝુનવાલા અને વાઈસ પ્રેસિડેન્ટ તથા એમડી સંદીપ ઝુનઝુનવાલાના દિલ્હી સ્થિત પરીસરો પર પણ શોધખોળ ચાલી રહી છે. એસીબીએ આ કેસમાં ત્રણ ટીમ બનાવી સઘન તપાસ હાથ ધરી છે.

# ઈડીએ મની લોન્ડરિંગના કેસમાં હુમાયુ મરચન્ટની ધરપકડ કરી

- ૨૦૧૩માં મૃત્યુ પામેલો મિરચી અંડરવર્લ્ડ ડોન દાઉદનો સાથી હતો

મુંબઈ : ઈડીએ મની લોન્ડરિંગ કેસમાં અંડરવર્લ્ડ ડોન દાઉદના એક વખતના સાથી ઈકબાલ મિરચી ઉર્ફે ઈકબાલ મેમણના નજીકના સહયોગી હુમાયુ મરચન્ટની ધરપકડ કરી લીધી છે. ઈકબાલ મિરચી ૨૦૧૩માં મૃત્યુ પામ્યો છે. તેની પાવર ઓફ એટર્ની હુમાયુ મર્ચન્ટ પાસે છે.

પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈઓ હેઠળ હિમાયુ મરચન્ટની ધરપકડ કરવામાં આવી છે તેને મુંબઈની સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરી કસ્ટડી માગવામાં આવશે. ઈડીએ આરોપ મૂક્યો છે કે સર મોહંમદ યુસુફ ટ્રસ્ટની વલી સ્થિત ત્રણ મિલકતો સી વ્યુ, મરિયમ લોજ અને રાબિયા મેન્શનને ગેરકાયદેસર પચાવી પાડવા માટે હુમાયુ મરચન્ટે જાણી જોઈને ત્યાં ભાડુઆત રાખ્યા હતાં.

ઈડીની તપાસમાં જાણવા મળ્યું છે કે ત્રણેય મિલકતોમાં રહેતા ભાડુઆત નકલી હતાં. મરચન્ટ સાથે સંકળાયેલી કંપની સનબ્લિક રિયલ એસ્ટેટ પ્રાઈવેટ લિમિટેડની ઈડી તપાસ કરી રહી છે. આ કંપનીના પ્રમોટર એનસીપી નેતા પ્રફુલ્લ પટેલ છે.

# પીએમસી બેંકમાં ૨.૨૫ કરોડ અટવાતા વૃદ્ધાનું એટેકથી મોત

- કૌભાંડ સપાટી પર આવ્યા પછી કુલ છ ખાતેદારોનાં મોત થયા : અહેવાલ

મુંબઈ : પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બેંકમાં થયેલા કૌભાંડે વધુ એક વ્યકિતના પ્રાણ લઈ લીધા છે. સોલાપુરના રહેવાસી ૭૩ વર્ષીય ભારતી સદરંગાનીનું હૃદય રોગના હુમલાને કારણે મોત થયું છે.

પરિવારજનોનો આરોપ છે કે ભારતીની પુત્રીના લગભગ ૨.૨૫ કરોડ રૂપિયા પીએમસી બેંકમાં જમા હતાં. અહેવાલ અનુસાર ૭૩ વર્ષીય ભારતી સાદારંગનીનું મોત હૃદય રોગના હુમલાને કારણે થયું છે. પરિવારે જણાવ્યું છે કે પીએમસી બેંક કૌભાંડ સપાટી પર આવ્યા પછી ભારતી ખૂબ જ તણાવમાં રહેતી હતી. મુંબઈના મુલુંડમાં રહેતી દીકરીના પીએમસી બેંકમાં ૨.૨૫ કરોડ રૂપિયા સલવાતા ચિંતાગ્રસ્ત બનેલા અને સતત તાણમાં રહેતા ૭૩ વર્ષીય ભારતી સદારંગાનીનું રવિવારે બપોરે હાર્ટએટેકથી મૃત્યુ નિપજ્યું હતું. સદારંગાનીનું સોલાપુરમાં મૃત્યુ થયું હતું. પણ તે પહેલા તેમણે તેમની મુલુંડમાં રહેતી પુત્રી હેમા ચોતરાની સાથે ફોન પર વાત કરી હતી.

# તામિલનાડુ અને કેરળમાં ભારે વરસાદ, સ્કૂલ અને કોલેજ બંધ, પૂર જેવી સ્થિતિ

ચેન્નાઈ : તામિલનાડુ અને કેરળમાં સોમવારે ભારે વરસાદથી ઠેકઠેકાણે પાણી ભરાયાં હતાં અને પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. અગમચેતી રૂપે આજે મંગળવારે સ્કૂલ કૉલેજો બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી.

જનજીવન ઠપ થઈ ગયું હતું. સૌથી વધુ ખરાબ સ્થિતિ તામિલનાડુ અને નોર્થ કર્ણાટકની હતી. તામિલનાડુના રામનાથપુરમ વિસ્તારમાં સડકો પર ભરાયેલાં પાણી ઘરોમાં ઘુસી ગયા? હતાં. આમ તો દક્ષિણનાં રાજ્યોમાં બે ચોમાસાં હોય છે એટલે ફરી વરસાદ આવ્યો એની લોકોને કોઈ નવાઈ નહોતી લાગી પરંતુ છેલ્લા ચોવીસ કલાકમાં મૂસળધાર વરસાદે કાળો કેર વર્તાવી દીધો હતો.

૧૫ ઓક્ટોબરથી આમ તો ચોમાસાએ વિદાય લીધી હતી પરંતુ અચાનક ફરી રવિવારે વાતાવરણ બદલાયું હતું અને



રવિવાર સાંજથી ભારે વરસાદ શરૂ થઈ ગયો હતો. હવામાન ખાતાએ કરેલી આગાહી મુજબ આગામી ચાર પાંચ દિવસ આ વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની શક્યતા હતી.

# કલ્કી ભગવાનની બેનામી સંપત્તિનો આંકડો ૬૦૦ કરોડને પણ વટાવી જશે : આઈટી

- દક્ષિણના આધ્યાત્મિક ગુરૂના પરિસરો પર છ દિવસ સુધી આઈટીના દરોડા



નવી દિલ્હી : દક્ષિણના આધ્યાત્મિક ગુરૂ અને પોતાને કલ્કી ભગવાનના અવતાર ગણાવતા વિજય કુમાર નાયડુ અને તેમના પુત્રના આંધ્ર પ્રદેશ, તામિલનાડુ અને કર્ણાટકમાં સ્થિત પરિસરો પર આવકવેરા વિભાગના લગભગ એક સપ્તાહ ચાલેલા દરોડામાં રૂ. ૬૦૦ કરોડની બેનામી સંપત્તિ ઉજાગર થઈ હોવાનું આઈટી વિભાગના સૂત્રોનું કહેવું છે અને આ આંકડો હજી પણ વધવાની શક્યતા છે. બીજીબાજુ આઈટીના દરોડા પછી પ્રથમ વખત વીડિયો મારફત સામે આવેલા વિજય કુમાર નાયડુએ જણાવ્યું હતું કે તેઓ દેશ છોડીને ક્યાંય ગયા નથી અને જવાના નથી. આઈટી વિભાગ દ્વારા હાથ ધરાયેલા દરોડા લગભગ એક સપ્તાહ સુધી ચાલ્યા પછી સોમવારે પૂરા થયા હતા.

# દિવાન હાઉસિંગે ૧ લાખ નફો ધરાવતી ૧૪ કંપનીઓને કરોડોની લોન આપી

નવી દિલ્હી : દેવામાં ડૂબેલી દીવાન હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની રોજ નવી ગેરરીતિઓ બહાર આવી રહી છે. આ દરમિયાન ફોરેન્સિક ઓડિટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે ડીએચએફએલએ લગભગ ૨૫ એવી જૂથ કંપનીઓને ૧૪,૦૦૦ કરોડ રૂપિયાની લોન આપી છે જેનો સરેરાશ નફો ૧ લાખ રૂપિયા છે. આ કંપનીઓ શેલ હોવાની શક્યતા વધારે છે. કેપીએમજીએ ઓડિટનો ડ્રાફ્ટ રિપોર્ટ ગત સપ્તાહમાં ડીએચએફએલની કમિટીને સુપ્રત કર્યો છે. ચાલુ વર્ષે ફેબ્રુઆરીમાં નાણા મંત્રાલયે ડીએચએફએલને લોન આપનારી ત્રણ મોટી બેંકો બેંક ઓફ બરોડા, ભારતીય સ્ટેટ બેંક અને યુનિયન બેંકને નિર્દેશ આપ્યા હતા કે કંપનીમાં ફંડની હેરાફેરીના કિથત આરોપોનું ફોરેન્સિક ઓડિટ કરાવે. ન્યૂઝ પોર્ટલ કોબરાપોસ્ટના એક સ્ટિંગમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે કંપનીએ કોર્પોરેટ મંત્રાલયને જરૂરી માહિતી આપ્યા વગર મોટી લોન મંજૂર કરી હતી. કંપનીના પ્રમોટર વાધવન પરિવાર પર આરોપ છે કે તેમણે પોતાના વ્યકિતગત લાભ માટે શેલ કંપનીઓનું નેટવર્ક બનાવી મોટા પાયે ફંડની હેરાફેરી કરી હતી. આ સમગ્ર ખેલમાં ૩૧,૦૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ થયું હોવાની શક્યતા છે.

# કર્ણાટકમાં પૂર્વ રાજ્યસભા સદસ્ય કે.સી. મૂર્તિ બીજેપીમાં સામેલ થયા

બેંગાલુરૂ : રાજકારણમા એક પ્રચલિત કહેવત છે કે, શું, ક્યારે અને ક્યાં શું થઈ જાય એ કોઈ જાણતું નથી. લોકસભા ચૂંટણી દરમિયાન પાર્ટીની અદલ-બદલની રાજનીતિ અંતિમ ચરણે છે. છેલ્લા ઘણા સમયથી કેટલાક દિગ્ગજ નેતાઓ પાર્ટીની અદલા-બદલી કરી ચૂકયા છે. જેમાં કર્ણાટકમા કોંગ્રેસને પણ એક મોટો ઝાટકો લાગ્યો છે. પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ રાજ્યસભા સદસ્ય કે.સી. મૂર્તિ પણ ભાજપમા જોડાઈ ગયા છે. કર્ણાટકના કોંગ્રેસ નેતા અને પૂર્વ રાજ્યસભા સદસ્ય કે.સી. મૂર્તિ મંગળવારે ભાજપમા જોડાઈ ગયા છે. એમણે ભાજપના કાર્યાલયમા પાર્ટીનુ સભ્યપદ ગ્રહણ કર્યુ છે. બીજેપીમા સામેલ થયા બાદ કે.સી. મૂર્તિએ કોંગ્રેસની ટીકા કરી.

# અભિજિતના ગરીબી નાબૂદી માટેના કાર્યો પર દેશને ગર્વ છે : પીએમ મોદી

- અભિજિતે દેશના અર્થતંત્રની સ્થિતિ અને સરકારની નીતિઓના પ્રશ્નોના જવાબ આપવાનો ઈનકાર કરી દીધો

નવી દિલ્હી : નોબેલ વિજેતા અર્થશાસ્ત્રી અભિજિત બેનરજીએ વચ્ચે મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન અભિજિત બેનરજી અને વડાપ્રધાન મોદી વચ્ચે અર્થતંત્ર, રોજગાર, જીડીપી જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ. મુલાકાત પછી પીએમ મોદીએ ટ્વીટ કરીને કહ્યું, 'નોબેલ પુરસ્કાર વિજેતા અભિજિત બેનરજી સાથે સારી મુલાકાત થઈ. માનવીય વિકાસ પ્રત્યે તેમનું ઝનુન સ્પષ્ટ જોવા મળે છે.' વડાપ્રધાને જણાવ્યું હતું કે અમે વિવિધ વિષયો પર એક સ્વસ્થ અને વ્યાપક સ્તર પર વાતચીત કરી. ભારતને તેમની સિદ્ધિઓ પર ગર્વ છે. તેમના ભવિષ્યના પ્રયાસો માટે શુભકામનાઓ. વડાપ્રધાન મોદી સાથેની મુલાકાત પછી અર્થશાસ્ત્રી અભિજિત બેનરજીએ કહ્યું કે આ એક સારો અનુભવ હતો. પીએમ મોદીએ તેમને પર્યાપ્ત સમય આપ્યો અને અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ. તેમણે ઉમેર્યું કે પીએમ મોદીએ તેમને ખૂબ જ સુંદરતાથી સુધારાઓ પાછળની તેમની વિચારસરણી અંગે સમજાવ્યું હતું અને પીએમે આ સુધારાનું સ્ટ્રક્ચર કેવી રીતે તૈયાર કર્યું હતું તે પણ સમજાવ્યું. અભિજિત બેનરજીએ કહ્યું કે પીએમ મોદી જમીની પરિસ્થિતિઓ સુધારવા માટે વહીવટી સુધારાઓ કરી રહ્યા છે.

# કાશ્મીર બ્લોક ડેવલપમેન્ટ કાઉન્સિલમાં પહેલી વાર ૯૮.૩ ટકા રેકોર્ડબ્રેક મતદાન

શ્રીનગર : જમ્મુ-કાશ્મીરના બ્લોક ડેવલપમેન્ટ કાઉન્સિલ (બીડીએસ) ચૂંટણીમાં ગુરુવારે લગભગ ૯૮.૩ ટકા મતદાન થયું હતું. જોકે કોંગ્રેસ, એનસીપી અને પીડીપીએ પહેલા તબક્કાની ચૂંટણીનો વિરોધ કર્યો હતો. જમ્મુ-કાશ્મીરમાં પંચાયતી રાજ સિસ્ટમ બાદ બ્લોક ડેવલપમેન્ટ કાઉન્સિલ બીજા પ્રકારની સિસ્ટમ છે. પંચાયતના તમામ ૩૬૫૨ સરપંચોએ બ્લોક ડેવલપમેન્ટ કાઉન્સિલના અધ્યક્ષની પસંદગી માટે મતદાન કર્યુ છે. કુલ ૩૧૬ બ્લોક આવેલા છે જેમાંથી ૨૮૩ બ્લોક્સ પર મતદાન થવાનું છે. ચીફ ઈલેક્શન ઓફિસર શૈલેન્દ્રકુમારે જણાવ્યું કે ગુરુવારે સવારે તમામ મતદાન કેન્દ્રોમાં મતદાન શરૂ થયું હતું. કેટલીક જગ્યાએ મતદાન વિલંબથી શરૂ થયું હોવાની ખબર મળી હતી.

**લાતો કે ભૂત બાતોંસે નહીં માનતે : ઇંટનો જવાબ પથ્થરથી અપાયો : બોફોર્સ સહિતની તોપોથી પાકિસ્તાનની અનેક ચોકીઓ ઉડાવી**

# ભારતનો પાક. પર વાર : ૧૦ સૈનિક, ૩૫ આતંકી ઠાર

- બાલાકોટ એરસ્ટ્રાઈક બાદ પીઓકેમાં સક્રિય થયેલા કેમ્પોને નિશાન બનાવી ભારતીય સૈન્યની કાર્યવાહી : પાક.ના ગોળીબારમાં બે જવાન શહીદ અને નાગરિકના મોતનો ભારતે બે કલાકમાં જ બદલો લીધો
- અમારા ગોળીબારમાં ભારતના નવ જવાન મર્યા : પાક.ના જુઠાણા, ભારતીય સૈન્યએ દાવો નકાર્યો : પાકિસ્તાની સૈનિકો આતંકવાદીઓને ઘૂસાડી રહ્યા હતા ત્યારે જ ભારતીય સૈન્યએ 'ચમત્કાર' બતાવ્યો !

શ્રીનગર : પાકિસ્તાન છેલ્લા ઘણા સમયથી સરહદે ગોળીબાર કરતુ આવ્યું છે. જેને પગલે અનેક લોકોએ જીવ ગૂમાવ્યો છે. હવે ભારત આ ગોળીબારનો આક્રામક રીતે જવાબ આપી રહ્યું છે. આવી જ એક જવાબી કાર્યવાહીમાં ભારતે સોમવારે પાકિસ્તાનના આતંકી કેમ્પો અને સૈન્યની પોસ્ટનો ખાતમો બોલાવ્યો હતો. આ આક્રામક કાર્યવાહી પીઓકેમાં કરવામાં આવી હતી, જેમાં ભારતે પાક.ના ૩૫ આતંકીઓને પણ ઠાર માર્યા હોવાના અહેવાલો છે. આ ઉપરાંત ભારતીય સૈન્ય વડા બિપિન રાવતના જણાવ્યા મુજબ ભારતે પાક.ના ૧૦ સૈનિકોને પણ ઠાર માર્યા છે અને અનેક ચોકીઓ અને આતંકી કેમ્પો ઉડાવ્યા છે. એવા અહેવાલો હતા કે પુલવામા હુમલા બાદ ભારતે જે બાલાકોટ એરસ્ટ્રાઈક કરી હતી તે બાદ સરહદેથી પાકિસ્તાને આતંકીઓને હટાવી લીધા હતા, આ આતંકીઓએ ફરી સરહદે ધામા નાખ્યા હતા. ખાસ કરીને પીઓકેમાં પાકિસ્તાનના આતંકી કેમ્પો સક્રિય હોવાના અહેવાલો મળ્યા હતા. જમ્મુ કશ્મીરના પુલવામા વિસ્તારમાં આતંકવાદીઓ સાથે સિક્યોરિટી દળોની થયેલી અથડામણમાં અંસાર ગજવત-ઉલ હિંદનો કમાન્ડર હમીદ લલહારી માર્યો ગયો હતો. સિક્યોરિટી દળો માટે આ એક મોટી સિદ્ધિ હતી. સાઉથ કશ્મીરના પુલવામા વિસ્તારના રાજપુરા પાસે થયેલી અથડામણમાં હમીદ માર્યો ગયો હતો. હમીદની સાથે અન્ય બે આતંકવાદી પણ માર્યા ગયા હતા. તેમની ઓળખ નાવીદ ટાક અને હમીદ લોન અકા તરીકે કરાઈ હતી. સૈન્ય વડા બિપિન રાવતે જણાવ્યું હતું કે ભારતીય સૈન્યએ ભારે તોપો વડે પીઓકેમાં સ્થિત પાક.ના આતંકી કેમ્પોને ઉડાવ્યા છે, જેમાં પાક. ચોકીઓને પણ નિશાન બનાવી છે.

## પાક.ને તેની જ ભાષામાં જવાબ અપાશે : રાજનાથ સિંહ



લેહ : ભારતીય સશ્ત્ર દળોએ ઘુસણખોરોના મુદ્દે પાકિસ્તાનના તેની જ ભાષામાં જવાબ આપ્યો હતો અને જો પાક.ઘુસણખોરોને નહીં રોકે તો અમે તેમને યોગ્ય જવાબ આપતા રહીંશું, એમ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે કહ્યું હતું. શયોક નદી પર પૂર્વિય લદ્દાખમાં ૧૪૦૦ ફુટના કર્નલ ચેવાંગ રિનચેન બ્રિજના ઉદઘાટન સમારંભમાં તેઓ બોલી રહ્યા હતા. આ બ્રિજ દેશમાં સૌથી વધુ ઉંચાઇ પર આવેલું છે.પોતાના ભાષણમાં તેમણે કલમ ૩૭૦ની નાબુદી પછી લદ્દાખમાં માત્ર મિત્રો જ આવશે અને દુશ્મનો માટે કોઇ જ જગ્યા નહીં હોય. તેમ છતાં આપણો પાડોશી પાકિસ્તાન સુધરતો નથી. આપણા સશ્ત્ર દળોએ ક્યારે પણ પાકિસ્તાનમાં પહેલાં ફાયરિંગ કર્યું નહતું. આપણે ક્યારે પણ ગોળીબાર કરવામાં પહેલ કરતા જ નથી'એમ રાજનાથ સિહે કહ્યું હતું. પાકિસ્તાનમાંથી આતંકી પ્રવૃત્તિઓને મદદ મળતાં તેઓ ભારતની એકતા, અખંડિતતા અને સુરક્ષો માટે જોખમ ઊભું કરી રહ્યા છે. તેઓ ભારતને નબળું બનાવવા આતંકી પ્રવૃત્તિઓ કરે છે'એમ તેમણે ઉમેર્યું હતું. જો કે ઘુસણખોરીના જવાબમાં ભારતીય દળોએ પાક.ને જોરદાર જવાબ આપ્યો હતો.

### શોપિયાંમાં આતંકવાદીઓએ ૨ ટ્રક ડ્રાઇવરની હત્યા કરી, ટ્રક સળગાવી

જમ્મુ કાશ્મીરના શોપિયાંમાં આતંકીઓએ વધુ એક કાયરતાપૂર્વકની હરકત કરી છે. આતંકીઓએ હવે બહારથી આવેલા લોકોને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે. શોપિયાંમાં ગુરુવારે બપોરે સફરજનનો માલ ભરવા આવેલા બે ટ્રક ડ્રાઇવરોની આતંકીઓએ ગોળી મારીને હત્યા કરી નાખી હતી. આટલેથી સંતોષ ન થતા આતંકીઓએ બન્ને ટ્રકને પેટ્રોલ છાંટીને સળગાવી દીધી હતી. આતંકીઓના ગોળીબારમાં ત્રીજો એક ડ્રાઇવર ઘાયલ થયો હતો. કાશ્મીર ખીણમાં ત્રણ દિવસમાં આવી ત્રીજી ઘટના છે. આ પહેલા પણ આતંકીઓએ એક ટ્રક ડ્રાઇવર અને એક મજૂરની હત્યા કરી નાખી હતી. સફરજનની સિઝન હોવાથી તથા કારોબાર ધમધોકાર ચાલી રહ્યો હોવાથી આતંકીઓ મરણિયા બનીને જે કંઈ પણ હાથ લાગ્યું તેની પર રોષ ઠાલવી રહ્યા છે.

### પાક. નહીં સુધરે તો ભારતીય લશ્કર એલઓસી ઓળંગશેઃ સત્યપાલ મલિક

જમ્મુ કશ્મીરના ગવર્નર સત્યપાલ મલિકે સોમવારે પાકિસ્તાનને ચેતવણી આપતાં કહ્યું હતું કે પાકિસ્તાન આતંકવાદીઓને પનાહ આપવાની એની આદત હજુ પણ નહીં બદલે તો ભારતીય લશ્કર એલઓસી ઓળંગશે અને પાઠ ભણાવશે. જમ્મુ કશ્મીરના જેવાન વિસ્તારમાં પોલીસ સ્મૃતિ દિન નિમિત્તે યોજાએલા કાર્યક્રમમાં બોલતાં મલિકે કહ્યું કે દુનિયા આખી જાણે સમજે છે કે યુદ્ધ કોઇને માટે સારી વાત નથી. પરંતુ પાકિસ્તાન આતંકવાદીઓને પીઠબળ આપવાની પોતાની ટેવ નહીં સુધારે તો ન છૂટકે ભારતીય લશ્કરે આકરાં પગલાં લેવાંજ પડશે. રવિવારે ભારતીય લશ્કરે કરેલી કાર્યવાહીના સંદર્ભમાં રાજ્યપાલ બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે આપણે કદી આક્રમણની પહેલ કરી નથી.

# પિડિત માનવજાતને સહાય કરવાની પ્રાથમિકતા અને અગત્યતા



(મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત)

**ઈસ્લામની આરસી**
**કાસિમ અબ્બાસ**

ભાગ-૨

"ભલાઈ (નેકી)એ નથી કે તમોએ તમારા મુખ પૂર્વ તરફ કરી લીધા કે પશ્ચિમ તરફ કરી લીધા. પરંતુ ભલાઈ (નેકી) એ છે કે મનુષ્ય અલ્લાહને તથા અંતિમ બદલાના દિવસ (કયામત)ને તથા દેવદૂતો (ફરિશ્તાઓ)ને તથા અલ્લાહે ઉતારેલા ધર્મગ્રંથોને તથા પયગંબરોને અંતકરણપૂર્વક માને (ઈમાન લાવે) તથા અલ્લાહના પ્રેમની ખાતર પોતાની પ્રિય સંપત્તિ સગાસ્નેહીઓ પર તથા અનાથો પર તથા નિરાધારો (દરિદ્રો) પર તથા સાધન વગરના વટેમાર્ગુઓ (મુસાફરો) પર તથા સહાય માટે હાથ લંબાવનારાઓ (હાથ ફેલાવનારાઓ) પર તથા ગુલામોની મુક્તિ પર ખર્ચ કરે તથા બંદગી (નમાઝ) સ્થાપિત (કાયમ) કરે તથા ફરજીયાત દાન પુણ્ય (ઝકાત) આપે તથા જ્યારે વચન આપે તો તેને પૂર્ણ કરે તથા તંગી અને મુશ્કેલીઓના સમયમાં તથા સત્ય અને અસત્યની લડાઈના સમયમાં ધૈર્ય (સંયમ-સબર) રાખે. આ જ લોકો સત્યવાદી (સાચા લોકો) છે તથા આજ લોકો સંયમી (મુત્તક્કી) છે." (પ્રકરણ ૨, શ્લોક ૧૭૭)

ઉપર આપેલા કુરાન મજીદમાંના બંને બોધવચનોમાં જે આદેશો આપવામાં આવેલ છે તેમાં પિડિત માનવજાતની સહાયનો ઉલ્લેખ પહેલા કરવામાં આવ્યો છે, જે પણ ખરી રીતે પાલનહાર અલ્લાહની ઉપાસના (બંદગી)નો જ એક ભાગ છે. અને તે પછી નિયમિત પ્રકારની ઉપાસના (બંદગી) એટલે કે નમાઝ સ્થાપિત (કાયમ) કરવા અને ફરજીયાત દાન પુણ્ય (ઝકાત) આપવા માટેના આદેશોનો ઉલ્લેખ છે. ઉપરના બંને બોધવચનોમાં પિડિત માનવતાની સહાયને પ્રાથમિકતા અને અગત્યતા આપવામાં આવેલ છે.

તે ઉપરાંત કુરાન મજીદમાંના બીજા અસંખ્ય બોધવચનોમાં પણ નિરાધારો (દરિદ્રો), અનાથો, સવાલ કરવાવાળાઓ (સહાય માટે હાથ લંબાવનારાઓ) તથા સાધન વગરના વટેમાર્ગુઓ (મુસાફરો) પર પોતાની સંપત્તિ ખર્ચ કરવા માટેના આદેશો આપવામાં આવેલ છે. આ અનુસાર પિડિત માનવજાતની સહાય કરવી એ એક મોટું સદ્કાર્ય છે જેના વિષે કુરાન મજીદના બોધવચનોમાં ભાર મુકવામાં આવ્યો છે. તે માટે શ્રધ્ધાળુઓ (મોમીનો-ઈમાનવાળાઓ) એ આ વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે નિયમિત પ્રકારની ઉપાસના(બંદગી) ના કાર્યો, જે ફરજીયાત છે, તે પાલનહાર અલ્લાહ અને શ્રધ્ધાળુઓ (મોમીનો ઈમાનવાળાઓ) વચ્ચેનો સીધો સંબંધ દર્શાવે છે, પરંતુ પિડિત માનવ જાતને સહાય કરવાના કાર્યક્રમાં શ્રધ્ધાળુઓ (મોમીનો-ઈમાનવાળાઓ) પાલનહાર અલ્લાહના જ બીજા ભક્તો(બંદાઓ)પ્રત્યે સહાનુભૂતિ દર્શાવીને તથા તેમને સહાય કરીને સદ્કાર્ય તો કરે છે પણ સાથે સાથે પાલનહાર અલ્લાહના આદેશોનું પણ પાલન કરે છે, જે પણ એક ઉપાસના (બંદગી) સમાન છે.

હવે આપણે એ બોધવચનો જોઈએ જેમાં પાલનહાર અલ્લાહ પોતાના અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.)ને સંબોધીને નિરાધારો (દરિદ્રો), અનાથો તથા સવાલ કરવાવાળાઓ (સહાય માટે હાથ ફેલાવનારાઓ) સાથે કેવા પ્રકારનું વર્તન કરવું જોઈએ તે વિષેના આદેશો આપે છે. આ વિષેના બે બોધવચનો આ પ્રમાણે છે :-

"(હે પયગંબર), અને અમોએ તમને માર્ગથી અજાણ જોયા અને પછી તમને માર્ગદર્શન આપ્યું, અને તમને નિર્ધન જોયા અને પછી તમને ધનવાન બનાવી દીધા. તેથી અનાથ પર સખ્તાઈ (દબાણ) ન કરશો અને સવાલ કરનાર (સહાય માટે હાથ ફેલાવનાર)ને ન ધુત્કારશો. અને પોતાના પાલનહાર (રબ)ની બક્ષિસો અને ઉપકારો માટે તેનું વર્ણન કરતા રહેશો."

(પ્રકરણ ૯૩, શ્લોક ૭, ૮, ૯, ૧૦ અને ૧૧)

"(હે પયગંબર), શું તે મનુષ્યને જોયેલ જે અંતિમ બદલાના દિવસ (કયામત)ને જુઠાડે છે ? તો આ મનુષ્ય તે જ છે જે અનાથને ધક્કા મારે છે અને નિરાધાર (દરિદ્ર)ને ભોજન ખવડાવવા માટે ઉત્તેજન નથી આપતો" (પ્રકરણ ૧૦૭, શ્લોક ૧, ૨ અને ૩)

ઉપર આપેલા કુરાન મજીદ માંના બે બોધવચનોમાં પણ નિરાધારો (દરિદ્રો) અનાથો તથા સવાલ કરવાવાળાઓ (સહાય માટે હાથ ફેલાવનારાઓ) પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા, તેમની સાથે સદ્વર્તણૂંક કરવા તથા તેમની સહાય કરવા વિષે કહેવામાં આવેલ છે.

ઉપસંહાર એ કે પાલનહાર અલ્લાહે માનવજાતના જીવને બહુ જ મહત્વતા તથા અગત્યતા આપેલ છે અને ત્યાં સુધી કે એક બોધવચનમાં એક મનુષ્યના જીવને બચાવવું એ સમસ્ત માનવજાતના જીવને બચાવવા સમાન કહેવામાં આવેલ છે. આ બોધવચન આ પ્રમાણે છે :-

"જેણે એક માનવીનો જીવ બચાવેલ, તો તેણે જાણે સમસ્ત માનવજાતના જીવ બચાવ્યા સમાન લેખાશે." (પ્રકરણ ૫, શ્લોક ૩૨નો એક ભાગ)

તે માટે શ્રધ્ધાળુઓ (મોમીનો-ઈમાનવાળાઓ)એ પિડિત માનવ જાતની સહાય અને સેવાની તકને ક્યારે પણ હાથથી ન જવા દેવી જોઈએ, જે પાલનહાર અલ્લાહના આદેશોનું અનુસરણ પણ છે અને સાથે સાથે તેની ઉપાસના (બંદગી) પણ છે.

સમાપ્ત.

# બિમાર ગુજરાત : બેકાબૂ બનેલા ડેન્ગ્યુ સામે તંત્ર લાચાર

- **સૌરાષ્ટ્રમાં ડેન્ગ્યૂનો સપાટોઃ વધુ ત્રણનાં મોત**
- **જામનગરમાં ડેન્ગ્યૂથી મોતનો આંકડો ૧૭ પર પહોંચ્યોઃ ૨૦૦ જેટલા દર્દીઓ સારવાર હેઠળ**



જામનગરઃ સૌરાષ્ટ્રમાં સૌથી વધારે ડેન્ગ્યૂની અસર જામનગર જિલ્લામાં જોવા મળી રહી છે. જામનગરની જીજી હૉસ્પિટલમાં ડેન્ગ્યૂને કારણે બેડ પણ ખૂટી પડ્યા છે અને દર્દીઓને નીચે જમીન પર સૂઈને સારવાર લેવાની ફરજ પડી રહી છે. ડેન્ગ્યૂની ઝપેટમાં રેસિડન્ટ ડૉક્ટરો પણ આવી ચૂક્યા છે. મંગળવારે જામનગરના ખાખીનગર વિસ્તારમાં રહેતી ૬ વર્ષની બાળકી ભૂમિ નંદાણીયાનું ડેન્ગ્યૂની સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. બીજી તરફ રાજકોટના કૉર્પોરેટર વિજય વાંક અને તેમની પત્ની પણ ડેન્ગ્યૂનો ભોગ બનતાં તેમને ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. ધ્રોલના તબીબ પુત્રનું રાજકોટ ખાતે ડેન્ગ્યૂના કારણે મૃત્યુ નીપજતાં આરોગ્ય વિભાગની ઉંઘ ઉડી ગઈ છે તેમ જ ધોરાજી પાલિકાના પૂર્વ પ્રમુખનું પણ ડેન્ગ્યૂથી મોત નીપજ્યું હતું. ધોરાજીમાં પાલિકાના પૂર્વ પ્રમુખનું પણ ડેન્ગ્યૂ થઈ ગયા બાદ તેમનું મૃત્યુ થયાનું જાણવા મળ્યું છે. ધોરાજી શહેર ભાજપ મહામંત્રી અને તુલસી ચેરિટેબલ ટ્રસ્ટના ૫૪ વર્ષના પ્રમુખ દિનેશ ગોવિંદભાઈ બાલધાને તાવ આવ્યો હતો. અહીંની ખાનગી હૉસ્પિટલમાં તેમને ડેન્ગ્યૂ થયાનું જાણવા મળ્યું હતું. તેમને વધુ સારવાર માટે રાજકોટ લઈ જવાયા હતા. બાદમાં વતન ધોરાજી લવાયા હતા, જ્યાં તેમનું ડેન્ગ્યૂથી મોત થયાનું જાણવા મળ્યું છે.

## આણંદ જિલ્લામાં બે દિવસમાં ડેન્ગ્યૂના ૫૦થી વધુ કેસ નોંધાતા તંત્ર ઊંધા માથે

આણંદ શહેર સહિત જિલ્લાભરમાં છેલ્લા એક સપ્તાહથી મચ્છરજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યું છે. દિવસેને દિવસે ડેન્ગ્યુના કેસોમાં વધારો નોંધાતા તંત્ર પણ હરકતમાં આવ્યું છે. છેલ્લા બે દિવસ દરમ્યાન માત્ર આણંદ શહેરમાંથી જ ૫૦થી વધુ ડેન્ગ્યુના કેસો નોંધાયા હોવાના અહેવાલ સાંપડયા છે. મોટાભાગે ડેન્ગ્યુના પોઝીટીવ દર્દીઓ શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. છેલ્લા એક પખવાડિયાથી સમગ્ર આણંદ જિલ્લામાં વરસાદી વિરામ વચ્ચે બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. જો કે બેવડી ઋતુના કારણે જિલ્લામાં મચ્છરજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યું છે. ખાસ કરીને આણંદ જિલ્લો ડેન્ગ્યુના ભરડામાં આવી ગયો હોય તેમ દિવસેને દિવસે ડેન્ગ્યુના કેસોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. જિલ્લાની વિવિધ લેબોરેટરીમાં તપાસ કરાવવા આવતા દર્દીઓમાં ડેન્ગ્યુ પોઝીટીવ હોવાનું જોવા મળી રહ્યું છે. ઘાતક ગણાતી ડેન્ગ્યુની બિમારીએ છેલ્લા એક સપ્તાહથી આણંદ જિલ્લામાં પગપેસારો કરતા જિલ્લાવાસીઓમાં ચિંતાની લાગણી વ્યાપી ગઈ છે. તેમાંય છેલ્લા બે દિવસથી ડેન્ગ્યુના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે.

# અમદાવાદ જતી ફ્લાઇટનું ટાયર ફાટતાં ૮૪ યાત્રીના શ્વાસ અદ્ધર

- **ફ્લાઈટ હવામાં હતી ત્યારે વિચિત્ર અવાજ આવતા અમારામાં દહેશત વ્યાપી ગઈ હતી : મુસાફરો**

અમદાવાદ- વારાણસીના લાલ બહાદુર શાસ્ત્રી એરપોર્ટથી અમદાવાદ જવા માટે સ્પાઈસ જેટની ફ્લાઈટે ટેક્ ઓફ્ કર્યું ત્યાં જ તેનું ટાયર ફાટયું હતું. નસિબજોગે આ ફ્લાઈટમાં સવાર કરી રહેલા ૮૪ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. વારાણસી એરપોર્ટથી ટેક્ ઓફ્ વખતે ફ્લાઈટનું ટાયર ફાટયું હોવાની જાણ અમદાવાદ એરપોર્ટના એર ટ્રાફિક કન્ટ્રોલને કરાઈ હતી. અમદાવાદ એટીસીએ જરૂરી આપાતકાલીન સેવાઓ તૈયાર રાખીને ફ્લાઈટનું સલામત લેન્ડિંગ કરાવ્યું હતું. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર સોમવારે બનેલી આ ઘટનામાં સ્પાઈસ જેટની ફ્લાઈટ (એસજી ૯૭૨)નું વારાણસીથી અમદાવાદ જવા માટે ટેક્ ઓફ્ થયું હતું. ફ્લાઈટે ઉડાન ભરી એ સાથે તેનું ટાયર ધડાકાભેર તૂટી પડયું હતું. જેના પગલે વિમાનનું સંતુલન થોડા સમય માટે ખોરવાયું હતું. પરંતુ પાયલટે તેનું સંતુલન ખોરવાવવા દીધું નહોતું અને સલામત રીતે ટેક્ ઓફ્ કરાવ્યું હતું.

# ગુજરાત રાજ્યમાં ગત વર્ષ કરતા મગફળીનું અધધ ૩૦.૧૯ લાખ ટન ઉત્પાદન નોંધાયુ

- **તેલ અને તેલની ધાર જો સીંગતેલનો વપરાશ ૫ ટકા વધે તો સરકારે ટેકાના ભાવે મગફળી ખરીદવી ના પડે**

રાજકોટઃ રવિવારે સૌરાષ્ટ્ર ઓઈલ મીલ એસોસિએશનના ઉપક્રમે દર વર્ષે જાહેર કરવામા આવતા પાક પાણીના ચિત્રમાં ચાલુ સાલ ગુજરાતમાં સરેરાશ વીઘે ૧૫.૩૩ મણનો ઉતારો આવવાની અને વર્ષ દરમિયાન ૩૦.૧૯ લાખ ટન મગફળીનો પાક થવાનો અંદાજ રજુ કરવામાં આવ્યો હતો.

આ વર્ષે મગફળીના ઉત્પાદન થકી દેશમાં ૧૩૫ અબજની રેવન્યુ જનરેટ થશે. લોકો સાઈડ તેલનો વપરાશ ઘટાડીને મગફળીના તેલનો વધુ વપરાશ કરી ફકત ૫ ટકાનો ય વધારો થાય તો સરકારે ટેકાના ભાવે કયારેય ખરીદી ન કરવી પડે એમ નિર્દેશ કર્યો હતો. સોમાના પ્રમુખ સમીર શાહે પત્રકારો સમક્ષ વિગતો જાહેર કરતા જણાવ્યુ હતુ કે સમગ્ર ગુજરાતમાં ૧૫.૫૨ લાખ હેકટરમાં મગફળીનુ ખેડૂતોએ વાવેતર કર્યુ હતુ. આ સાલ મેઘરાજાએ ખુબજ મહેર કરતા હોબેશ ઉત્પાદન આવ્યું છે. અને ગત સાલ કરતા આ ઉત્પાદન બેવડાઈ ગયું છે. જે આકડો ૩૦.૧૯ લાખ ટન નજીક આવી જશે. આવુ ઉત્પાદન છેલ્લા કેટલાય વર્ષોથી આવ્યુ ન હતુ. દેશમાં ખાદ્યતેલનો કુલ વપરાશ ૨૫૦ લાખ ટન છે. એમાં સીંગતેલનુ ઉત્પાદન ૮ લાખ ટન છે જેમાં ગુજરાતનો વપરાશ ફકત ૨ થી ૨ાા લાખ ટન જ છે. જે સાવ નગણ્ય છે. અમોએ પીનટ કાઉન્સીલની માગણી કરી છે. સીંગતેલ માટે કુપ્રચાર બહુ જ થયો છે. પણ સીંગતેલ હેલ્થ માટે ખુબજ ઉપયોગી છે. જો હાલના વપરાશમાં ૫ ટકાનો વધારો થાય તો ખેડૂત અને ખેતીને ખુબજ ફાયદો થાય એમ છે. સરકારે તલ, રાયડો, કોપરેલ, મગફળીના તેલનો વપરાશ વધે એ માટે પ્રયાસો હાથ ધરવા જોઈએ.

# શરીરસુખ માણતી વખતે ઈજા થવાની ઘટના હવે અસામાન્ય નથી રહી

નવાઈની વાત છે સેક્સ અને ઈજા! આ બે સાથે કેવી રીતે હોય? સેક્સ સંબંધોને આપણી ગુજરાતીમાં ‘સુંવાળા સંબંધોય કહેવાય છે. પણ જો શરીરસુખ માણતી વખતે બેમાંથી એકને ઈજા થાય તો એ સંબંધો ‘સુંવાળા’ રહેવાને બદલે ‘ખરબચડા’ અને ‘આનંદપ્રદ’ લાગવાને બદલે ‘કષ્ટદાયક’ બની જાય છે. સામાન્ય માણસને નવાઈ લાગે કે ઈજાગ્રસ્ત વ્યક્તિ એવી તો કેવી રીતે સેક્સક્રિયા ભોગવતી હશે,કે તેને ઈજા થઈ જાય? પણ ઈજા થનવી એ હકીકત છે અને કેટલાય યુગલો આવી ‘સંભોગપીડા’ યા ‘સમાગમઈજા’(લવ ટ્રોમા) ભોગ બનતાં રહે છે.



તનસ્વી તન, મનસ્વી મન

ડો. મુકુલ ચોક્સી

બ્રિટનમાં થયેલ એક ચોંકાવનારા સર્વેક્ષણમાં સેક્સ દરમિયાન ઘાયલ થઈ જવા માટેનું સૌથી મોટું જણાતું કારણ હતું. અધકચરું જ્ઞાન અને જાતીય સમજનો અભાવ આ અજ્ઞાન સેક્સ એજ્યુકેશનથી જ દૂર થઈ શકે. ક્યારેક કપલનો વધુ પડતો ઉત્સાહ પણ પતિ કે પત્નીને ઈજાગ્રસ્ત કરી નાખે છે એવું જણાયું છે.

સ્નાયુનું ખેંચાઈ જવું, પીઠની ઈજાઓ થવી, હાથ કે ગોઠણ છોલાઈ જવા, હાકડામાં નાના ફ્રેક્ચર તથા સાંધામાં તડ વગેરે અપપ્રસંગો આ સર્વેક્ષણમાં નોંધાયેલ જોવા મળ્યા. જેને માટે પલંગ, સીડીના પગથિયા, કાર, શાવર, શયનખંડની રચના વગેરે જવાબદાર હોવાનું જાણવા મળે છે.

આ સર્વેક્ષણ અલબત્ત બ્રિટનનું છે. પણ હિન્દુસ્તાનમાં પણ આવા પ્રસંગો અચૂક બનતાં હશે. ડોક્ટરો પાસે આવી બાબતો લઈ જતાં લોકો શરમ સંકોચ અનુભવતા હોવાથી ‘સેક્સ્યુઅલ ઈન્જરી’ ના કિસ્સાઓ પ્રકાશમાં આવતા નથી. બાકી તરહતરહની ઈજાઓ થઈ શકે છે.

કામવિજ્ઞાનમાં જાણવા મળેલી સૌથી ગંભીર ‘કોઈટલ ઈન્જરી’નું નામ છે ‘ફ્રેક્ચર પેનીસ’. જેમાં સમાગમ દરમિયાન ઉત્થાનિત શિશ્ન રીતસરનું ફ્રેક્ચર થઈ હાડકાની જેમ તૂટી જઈ શકે છે. લિંગમાં હાડકાં ન હોવા છતાં આવું એટલા માટે બની શકે કે ઉત્થાનિક લિંગમાં આવેલ ‘કોર્પોરા કેવર્નોઝા’ (લોહીથી ભરેલી નળાકાર પેશીઓ) હાડકા જેવી કડક થઈ ગયેલ હોય છે. પેનીસનું ફ્રેક્ચર અતિભંયકર પીડાકારક અવસ્થા હોય છે, અને દર્દી આ પીડા સહન નથી કરી શકતો. તેને ગંભીર મેડિકલ ઈમરજન્સી ગણીને તત્કાળ સારવાર આપવી પડે છે. આ અવસ્થા અસામાન્ય હોવા છતાં જો હનીમૂન ઉપર ગેયલ ખબૂધ નવયૂગલે ક્યાંક હિમાલયના કોઈક હીલ સ્ટેશન પર આવી પીડા વરસાદી મધરાતે ભોગવવાની આવે તો ભલભલાના હાંજા ગગડી જાય છે. અણઆવડત, શિશ્નના યોનિ પ્રવેશ વખતે થતું એલાઈનમેન્ટ જો બરાબર ન હોય અને વધારે ફોર્સ એપ્લાય થઈ જાય તો ફ્રેક્ચર પેનીસ થઈ શકે છે. (ક્રમશઃ આવતા અંકે)

**(ડો. મુકુલ ચોક્સી સાઇક્રિયાટ્રિસ્ટ છે અને સેક્સ થેરાપિસ્ટ છે. તેમના ઔપચારિક તારણો છે. જાતિય સમસ્યાઓના સચોટ નિદાન માટે નિષ્ણાંત તબીબની સલાહ લેવી.) E-mail : mukulchoksi@yahoo.co.in**

**પ્રશ્નઃ મારાં ટૂંક સમયમાં લગ્ન થવાનાં છે. મારે એ જાણવું છે કે સમાગમ કરતાં પહેલાં અને પછી કઈ પ્રકારની સ્વચ્છતા જાળવવી જોઈએ જેથી અમારો પ્રેમ ટકી રહે?**

ઉત્તરઃ આ વસ્તુ પતિ અને પત્ની બન્નેને લાગુ પડે છે એટલે મારું લક્ષ્ય હું બન્ને વ્યક્તિ પર રાખીશ. જો એક વ્યક્તિના મોઢામાંથી દુર્ગંધ આવતી હોય તો ઘણી વાર તેના પાર્ટનર માટે ચુંબન કરવું અસહ્ય બની જાય છે. એટલે સંવનનની ક્રિયા શરૂ કરતાં પહેલાં મોઢું બરાબર સાફ કરી લેવું. ભોજનમાં જો કાંદા, લસણ કે હિંગ જેવો ઉગ્ર વાસ ધરાવતો પદાર્થ લીધો હોય તો બ્રશ બરાબર કરવું. ઘણી વાર શરાબ અને સિગારેટ દુર્ગંધમાં વધારો કરી શકે છે. ઘણી વખત શરીરના પરસેવામાંથી બહુ બદબૂ આવતી હોય છે અને કદાચ એ તમારા પાર્ટનરનો સેકસ્યુઅલ મૂડ બગાડી શકે છે. એટલે સંભોગ કરતાં પહેલાં હૂંફાળા પાણી અને ડીઓડરન્ટ સાબુ વડે સ્નાન કરી લેવું. જેથી શરીરમાં ફ્રેસનેશ વધી જાય અને દુર્ગંધ દૂર થાય. અંદરનાં કપડાં હંમેશા કોટનનાં જ પહેરવાં જેથી પરસેવાનું શોષણ બરાબર થાય અને પરિણામે ફંગલ ઈન્ફેકશન ન થાય. સમાગમ થઈ ગયા પછી પુરુષ અને સ્ત્રી બન્નેએ બને તો પેશાબ કરી લેવો, જેથી નીચેથી ઉપર જતા જંતુઓનો આપમેળે નિકાલ થઈ જાય. ઈન્દ્રિયની આસપાસના વાળ કાપવા અનિવાર્ય છે, કેમ કે એનાથી પરસેવો જમા નહીં થાય અને પરિણામે ફંગલ ઈન્ફેકશન થવાની શક્યતા નહીં રહે.



મુંઝવણ

**પ્રશ્ન : નમસ્તે સર, મારી સગાઈ થઇ ચૂકી છે. સગાઈને એક વર્ષ થઇ ચૂક્યું છે. મારે એ જાણવું છે કે લગ્ન પહેલાં સેક્સ માણવું યોગ્ય છે કે નહીં? બીજું એ જાણવું છે કે ઓરલ સેક્સ અને ફોરપ્લેમાં કેટલો સમય પસાર કરવો જોઇએ? અને મારો ત્રીજો સવાલ એ છે કે લગ્ન બાદ એક અઠવાડિયામાં કેટલી વાર સેક્સ માણી શકાય?**

જવાબ : સગાઈ પહેલાં સેક્સ માણવું યોગ્ય છે કે નહીં એ દરેકની સમજદારી ઉપર આધાર રાખે છે. જો લગ્ન નજીક હોય તો થોડો સંયમ જાળવવાની હું સલાહ આપીશ. અને તમારા બીજા સવાલનો જવાબ હું એમ આપીશ કે ઓરલ સેક્સ અને ફોર પ્લેમાં તમને ગમે તેટલો સમય તમે પસાર કરી શકો છો. એમાં સમયમર્યાદાના કોઈ ચોક્કસ નિયમો નથી. એમાં ખાસ મહત્ત્વ પાર્ટનરની ઉત્તેજનાનું હોય છે. પાર્ટનર ઉત્તેજિત થાય તેટલું ફોરપ્લે કરવું જોઈએ, કેમ કે પાર્ટનર ઉત્તેજિત ન થઈ હોય તો તેને ઈન્ટરકોર્સમાં દુખાવો થઈ શકે છે. માટે તમને બંનેને ગમે અને પાર્ટનરને ઉત્તેજના થાય તેટલો સમય ફોરપ્લે કરવું. આ જ રીતે એક વીકમાં તમને જેટલી વાર ઉત્તેજના થાય તેટલી વાર તમે સેક્સ માણી શકો છો. એમાં કોઈ સીમાડા કે બંધનો નથી. આમાં પાર્ટનર્સની ઈચ્છા અને સમજદારી પર બધો આધાર રહેલો છે. જો તમારા પાર્ટનરને રોજે સેક્સ કરવું ન ગમતું હોય કે તે થાકી જતી હોય તો રોજે સેક્સ ન કરવું.

**પ્રશ્ન : મારી ઉંમર બાવીસ વર્ષની છે, મારી સગાઇ થઇ ચૂકી છે. મારી પાર્ટનરની ઉંમર પણ બાવીસ વર્ષની છે. મારો પ્રશ્ન એ છે કે મારી પાર્ટનરનું માસિક અનિયમિત છે. તેને ત્રણચાર મહિને એકવાર માસિક આવે છે. આ સમસ્યા તેને લગભગ ચાર વર્ષથી છે. આ પહેલાં તેનું માસિક નિયમિત હતું. તેણે ડોક્ટરને બતાવ્યું હતું, ડોક્ટરે તેને દવા આપી તેટલો સમય માસિક નિયમિત રહ્યું પણ જેવી દવા બંધ કરી પાછું તે અનિયમિત થઇ ગયું. મને આ અંગે યોગ્ય માર્ગદર્શન આપશો.**

જવાબ : આ અંગે એટલું જ કહી શકાય કે તમે બીજા ડોક્ટર બદલાવીને તેની સલાહ લઈ જુઓ, આમ કેમ થાય છે તેનું કારણ જાણીને ત્યારબાદ તેની સારવાર કરો. દવા ચાલુ હોય તો માસિક નિયમિત આવે અને દવા બંધ કરો તો પાછું જતું રહે છે તે બધી જ વાત ડોક્ટરને જણાવી તેની પાછળનું કારણ શું છે તે જાણીને તે માટેની દવા લો.



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

તા.૨૫-૧૦-૨૦૧૯ થી તા. ૩૧-૧૦-૨૦૧૯

ડૉ. મહેશભાઈ દશોરા ( જયોતિષાચાર્ય )
ડી-૬૧૯, ૬ઠ્ઠા માળે, ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC),
મજુરાગેટ ચાર રસ્તા, સુરત-૨, ગુજરાત. ફોન : (૦૨૬૧) ૨૪૭૭૮૮૦
E-Mail :- mddashora@yahoo.co.in



## મેષ (અ,લ,ઈ)

આ સપ્તાહમાં આર્થિક દૃષ્ટિએ મધ્યમ બની રહેશે. આરોગ્ય નરમગરમ રહે. આકસ્મિક ધનલાભના યોગ બને. નેત્ર અને રક્તસ્ત્રાવ સંબંધી બેદરકારી રાખવી નહીં. ધાર્યા કાર્યો પાર પાડવા માટે નિકટ મિત્રોનો સહકાર મળી રહેશે પ્રેમ સંબંધોમાં મીઠાશ જળવાઈ રહેશે જૂના વિવાદનો અંત લાવી શકશો. વિદેશ સ્થિત મિત્રોથી લાભ થાય. સ્થાયી પ્રોપર્ટીની બાબતમાં પિતરાઈઓ સાથેના વિવાદનો ઉકેલ લાવી શકશો. ભાગ્યોદયની નવી નવી તક ઝડપી શકશો સંતાનની પ્રગતિથી હર્ષ થાય.



## વૃષભ (બ,વ,ઉ)

આ સપ્તાહમાં સ્વભાવે ઉગ્ર અને ક્રોધિત બનશો. ધાર્યું કામ કરવામા વિલંબ અવરોધ આવે નોકરીયાત વર્ગને બઢતીની બાબતમાં તકલીફ પેદા થાય. નિકટ સંબંધી સાથે સંબંધોમાં કટુતા આવે. અધિકારી વર્ગ, સહકાર્યકર્તાઓ સાથે વ્યર્થના વિવાદનું વાતાવરણ ન સર્જાય તેની કાળજી રાખવી. પ્રવાસ પર્યટન બાબતે ચોકસાઈ રાખવી. દામ્પત્યજીવનમાં દાહક પદાર્થોથી, વિષૈલા પદાર્થોથી ખાસ સાચવવું. સ્વાર્થી મિત્રો પર વધુ પડતો ભરોસો રાખવાથી નાણાંકીય બાબતમાં બનાવટ થઈ શકે.



## મિથુન (ક,છ,ઘ)

આ સપ્તાહમાં સ્વાસ્થ્ય મધ્યમ રહેશે. સ્નાયુઓની દુ:ખાવાની ફરિયાદ રહી શકે. આર્થિક દૃષ્ટિએ આ સપ્તાહમાં ધારેલી આવક ઉભી કરી શકશો. ઉઘરાણીમાં ઝડપભેર પૈસા પાછા ફરે. પરિવારમાં સુમેળ જળવાઈ રહેશે. ભાઈ બહેન -સંતાન સાથે સંબંધોમાં મધુરતા આવે યાત્રા મુસાફરીની દૃષ્ટિએ આ સપ્તાહ મધ્યમ પુરવાર થાય. દરેક કાર્ય કરવામાં માનસિક શાંતિ જળવાઈ રહેશે. કાર્યક્ષેત્રનો દૃઢતાપૂર્વક નિર્ણય લેવાથી કંઈક સારી સફળતા મેળવી શકશો શુભ કાર્યોમાં ખર્ચનું પ્રમાણ વધુ રહેશે.



## કર્ક (ડ,હ)

આ સપ્તાહમાં ઉઘરાણીના નાણાં મેળવવામાં સફળ થવાય. વિદેશી વસ્તુઓથી લાભ થાય. સ્વભાવમાં આનંદીપણું જળવાઈ રહેશે આરોગ્ય એકંદરે સારું રહેશે. લગ્નજીવનમાં સ્નેહ અને સુમેળ જળવાઈ રહેશે વડીલ વ્યક્તિના સ્વાસ્થ્ય બાબતે ચિંતીત રહેશો. કાયદાકીય બાબતમાં સચેત રહેવું. વ્યવસાયલક્ષી આયોજનોમાં મિત્રોનો સહકાર મળી રહેશે. મનોબળ મક્કમ બનશે હરીફો પર વિજય મેળવી શકશો લોકોપયોગી કાર્યો કરવાથી માન-સન્માનમાં વૃદ્ધિ થાય.



## સિંહ (મ,ટ)

આ સપ્તાહમાં સ્વભાવે ઉચ્ચવિચારશીલ અને સ્પષ્ટવક્તા બનશો સોના-ચાંદી અને ધાન્યના વ્યવસાયમાં ફાયદો રહે. પરિવારના દૃષ્ટિએ આ સપ્તાહ એકંદરે સરસ નિવડશે. યાત્રા પ્રવાસ દરમ્યાન ચોરી, હાનિ બાબતે સાચવવું. સંતાનના સ્વાસ્થ્યની ચિંતા રહ્યા કરશે. દામ્પત્યજીવનમાં પ્રેમ અને મીઠાશ વધશે. ગૃહજીવનમાં સંવાદિતાનું વાતાવરણ જળવાઈ રહેશે કોઈની પારકી અંગત જવાબદારી સ્વીકારવી નહીં. કામ કરવામાં ઉત્સાહ જળવાઈ રહેશે રમણીય સ્થળોની મુલાકાત લાભદાયી નિવડે.



## કન્યા (પ,ઠ,ણ)

પરિવારમાં મનદુ:ખના કારણે ડગલે પગલે જોવા મળે. પત્નીના સ્વાસ્થ્ય બાબતે ચિંતીત રહેશો. સહકાર્યકર્તાઓ સાથે વિવાદની સ્થિતિ ન વધે તે તેની કાળજી રાખવી. દામ્પત્યજીવનમાં પ્રેમની કસોટી થાય. નોકરીયાત વર્ગ માટે આ સપ્તાહ એકંદરે મિશ્રફળદાયી બની રહેશે. આવકજાવકનું પ્રમાણ સરભર રહેશે. કુંટુંબીજનો સાથે સંબંધોમાં કટુતા આવે. જમીનને લગતા ગૂંચવાયેલા કાર્યોનો ઉકેલ લાવી શકશો. આવકની સ્થિતિ જાળવી રાખવા માટે વધુ જહેમત ઉઠાવવી પડે.



## તુલા (ર,ત)

ધારેલા આર્થિક આયોજનો અવરોધ વગર પાર પાડી સકશો. આવકની સ્થિતિ જળવાઈ રહેશે. મક્કમ મનોબળના કારણે કાર્યક્ષેત્રે શ્રેષ્ઠ પ્રગતિ કરી શકશો. જીવનસાથીની મહત્વકાંક્ષા પૂર્ણ કરવાના સંજોગો અનુકૂળ બને. પરિવારમાં સુલેહ સંપ જળવાઈ રહેશે. સ્વભાવે સંકલ્પિપ્રય અને સિદ્ધાંતવાદી બનશો. પ્રતિસ્પર્ધીઓ ઉપર વિજય મેળવી સરકારી કામકાજમાં અવરોધ આવે. ઉચ્ચ રાજકીય વ્યકિતની મુલાકાત લાભદાયી બને. મહત્વાકાંક્ષી નિર્ણયો પ્રગતિના પંથે લઈ જશે.



## વૃશ્રિક (ન,ય)

સ્વભાવમાં લાગણીશીલતા વધશે. પ્રતિકૂળ સ્વભાવના લોકોને પણ પોતાના કરી શકાય. તેટલું સામાર્થ્ય અને ધીરજ વધશે. જૂના દર્દોમાં રાહત જણાય. સ્થાવર મિલ્કતની ખરીદી લાભદાયી નિવડે. સંતાનોની પ્રગતિ સંતોષકારક નિવડે. પશ્ચિમ અને ઈશાનના પ્રવાસોમાં અનુકૂળતા રહેશે. કાર્યક્ષેત્રની પ્રગતિમાં પત્નીનો સહકાર મળી રહેશે. પોતાની પ્રતિભા, આવડતથી શ્રેષ્ઠ પ્રગતિ કરી શકશો. નોકરી ધંધાના ક્ષેત્રે ઉતાર ચઢાવ જોવા મળે. ઘરમાં સમૃદ્ધિમય વાતાવરણ જોવા મળે પ્રતિકૂળ વાતાવરણથી ખાસ સાચવવું.



## ધન (ધ,ભ,ફ,ઢ)

આ સપ્તાહમાં મોજશોખ અને પ્રવાસ ઈચ્છા ફળશે. આકસ્મિક લાભ, આકસ્મિક ખર્ચ, કાર્યક્ષેત્રની પ્રગતિમાં વિશેષ લાભદાયી બની રહેશે. નાણાંકીય સુખ સમૃદ્ધિમાં વધારો થાય. જાહેર જીવનમાં માન સન્માનમાં વધારો થાય. ગેરકાનૂની કાર્યોથી દૂર રહેવું. પેટ આંતરડા સંબધી થોડી થોડી તકલીફ રહ્યા કરશે. સંતાનની પ્રગતિ માટે કંઈક નવીન કાર્યો હાથ ધરી શકશો. ભાગીદારનો કાર્યક્ષેત્રે પૂર્ણ સહકાર મળી રહેશે. રોકાણ અંગે ચિંતીત રહેશો. નોકરીયાતે કુનેહ દાખવી ઉપરીના મન જીતી શકશો.



## મકર (ખ,જ)

કાર્યક્ષેત્રે વધુ પડતી દોડધામ કરવામાં પણ વિધન્ આવે. પડવા વાગવાથી અકસ્માતથી ઈજા થઈ શકે. દામ્પત્યજીવનમાં સંવાદિતા જાળવવા માટે વધુ પ્રયત્નો કરાવ પડે. ઉપરી અધિકારી વર્ગનો ઠપકો મળે. નોકરીયાત વર્ગને અધિકારી વર્ગ સાથે બોલાચાલી થાય. કોઈને ઉછીના નાણાં આપવામાં બનાવટ, હાનિ સહન કરવી પડે. કાવાદાવ છળકપટથી દૂર રહેવું. મહત્વની કામગીરીમાં અવરોધ આવે વિદ્યાર્થી વર્ગને સપ્તહા દરમ્યાન મિત્રો સાથે વિવાદની સ્થિતિ રહે. યાત્રા પ્રવાસ અધવચ્ચેથી માંડવાળ કરવા પડે.



## કુંભ (ગ,સ,શ,ષ)

સપ્તાહમાં સ્વભાવની શાલિનતા જળવાઈ રહેશે. માનસિક ચિંતામાં રાહત જણાય. ધારેલી તમામ આશા પૂર્ણ થતાં ખુશખુશાલ રહેશે. આયોજનનો દૃષ્ટિએ આત્મવિશ્વાસ જળવાઈ રહેશે. રક્તવિકાર સંબંધી બિમારીમાં કંઈક અંશે રાહત જણાય. લાંબી યાત્રા મુસાફરી લાભદાયી નિવડે. ભૂતકાળમાં કરેલા સ્થાયી પ્રોપર્ટી અંગેના રોકાણોથી લાભ થાય. પારાવારિક વિવાદનો ઉકેલ આવતો જણાય. જીવનસાથીનું અનુકૂળ વલણ લાભદાયી નિવડે. ધર્મભાવના પ્રત્યે રૂચી વધે માનસિક હળવાશ અનુભવશો.



## મીન (દ,ચ,ઝ,થ)

કાર્યક્ષેત્રના વિકાસમાં કાનૂની ગુંચવણ હશે તો દૂર થતી જણાય. દામ્પત્યજીવનમાં નિખાલસતા અને સ્નેહનું વાતાવરણ જળવાઈ રહેશે. વ્યવસાયિક ક્ષેત્રે આ સપ્તાહ મધ્યમસ્તરીય પૂરવાર થશે. જાહેર વાદ વિવાદમાં પડવું નહીં. અધિકાર અને સત્તાથી લોકો પર પ્રભાવ પાડી શકશો. નિકટ સંબંધીઓ સાથે સંબંધોમાં સુધારો વર્તાય. પેટ, આંતરડા સંબંધી તકલીફમાં રાહત જણાય. ભાડૂત સાથે બગડેલા સંબંધો મધુર બને. લોકચાહના મેળવી શકશો ભાગ્યોદયની નવી નવી તક ઝડપી શકશો.

# કુંડળીમાં સૂર્ય નબળો હોય તો થશે અશુભ, કરો ચમત્કારીક ઉપાયો

નભમંડળનો ચમકતો ગ્રહ સૂર્ય વ્યક્તિને નામ, દામ, અને ઐશ્વર્યની પ્રાપ્તિ કરાવે છે. વ્યક્તિ રાજા સમાન સુખો ભોગવી ઉચ્ચ ગતિને પ્રાપ્ત કરે છે. જો કુંડળીમાં સૂર્ય અશુભ હોય કે કોઈપણ રીતે નબળો થતો હોય તો તે વ્યક્તિ માટે શુભ ફળા દાતા નિવડતો નથી. જન્મકુંડળીમાં સૂર્ય એ પિતા, પતિ અને આત્માનો કારક છે. સત્તાનો કારક છે. સૌભાગ્યનો કારક છે. સૂર્ય મેશ રાશિમાં ઉચ્ચનો તુલા રાશિમાં નીચનો અને સિંહ રાશિમાં સ્વગૃહી બને છે. આ ઉપરાંત સૂર્ય મેષ, સિંહ અને ધન રાશિમાં મૂળત્રિકોણી શુભ બને છે. સૂર્ય અને કોઈ ગ્રહ વચ્ચે ૧૫ અંશથી ઓછું અંતર હોય તો તે ગ્રહ તેજસ્વી હોવા છતાં, સૂર્યના પ્રભાવ વચ્ચે અસ્તનું ફળ આપે છે. કુંડળીમાં ૧૨મે સૂર્ય નબળો માનવામાં આવે છે. સૂર્યના મિત્ર ગ્રહ ચંદ્ર, મંગળ અને ગુરુ છે. સૂર્યના શત્રુ ગ્રહો શનિ, રાહુ અને કેતુ છે.




સૂર્ય પર જ્યારે આ શત્રુ ગ્રહોની દ્રષ્ટિ હોય છે અથવા તેમાં કોઈ શત્રુ ગ્રહ સૂર્યની સાથે હોય. વ્યકિતને જીવનમાં અશુભ સૂર્યની મહાદશા ચાલી રહી હોય તો ભારે મુશ્કેલી ભોગવવી પડે છે. કુંડળીમાં જુદા જુદા ભાવોમાં સૂર્યના અશુભ હોવાથી અલગ અલગ પરિણામો મળે છે.

જો કુંડળીમાં સૂર્ય અશુભ ફળ આપી રહ્યો હોય તો સૌથી પહેલા વ્યકિતને મીઠાનું સેવન ઓછુ કરી દેવું જોઈએ. તેનો અર્થ એ છે કે જમવામાં ઉપરથી મીઠું લેવું નહિં. સાથે જ દરેક રવિવારે વિના મિઠાનું ભોજન કરવું. આ વ્યકિતએ ગળી વસ્તુ વધું ખાવી જોઈએ. બીજા ભાવમાં અશુભ સૂર્ય માટે કોઈ ધાર્મિક સ્થાને નારિયેળનું તેલ, સરસવનું તેલ અને બદામનું દાન કરવું. ત્રીજા ભાવમાં અશુભ સૂર્ય માટે માતાની સેવા કરવી. ચોથા ભાવમાં અશુભ સૂર્ય માટે રવિવારે જરૂરિયાતમંદ અને નેત્રહિનને દાન કરો, ભોજન કરાવો. પાંચમા ભાવમાં અશુભ સૂર્ય માટે ૪૩ દિવસ સુધી સરસિયાના તેલના થોડા છાંટા જમીન પર પાડો. છઠ્ઠા ભાવમાં અશુભ સૂર્ય માટે ઘરમાં હંમેશા ગંગાજળ રાખો. વાંદરાને ગોળ-ચણા ખવડાવો.

# દૂર્ભાગ્ય દૂર કરવા ઘરમાં કાળી કીડીઓને ખવડાવો આ વસ્તુઓ

જ્યારે ઘરમાં કાળી કીડીઓ વધું દેખાય તો તેના પર ધ્યાન આપવું જરૂરી છે. તેની પાછળ કોઈ રહસ્ય હોય છે. જો આ કીડીઓને કોઈ ચીજ સાકર મેળવીને ખવડાવવામાં આવે તો દેવી દેવતાઓની કૃપા મળવા સાથે દુર્ભાગ્ય દૂર થાય છે.

જ્યોતિષશાસ્ત્રમાં કીડીઓને શુભ માનવામાં આવે છે. કાળી કીડીઓ ભગવાન વિષ્ણુનું પણ સ્વરૂપ માનવામાં આવે છે. એવું કહેવામાં આવે છે કે એના પર શનિદેવનું પણ આધિપત્ય હોય છે. જો તેની કૃપા જોઈએ તો કીડીઓને ચોખાનો લોટ ખાંડ ભેળવીને કે ઘઉંનો લોટ તેલનું મોંણ નાંખીને કીડીઓના દર પાસે ભભરાવવો જોઈએ. તેનાથી દુર્ભાગ્ય ખતમ થઈ જાય છે.

જો તમને તમારા ઘરમાં નકારાત્મક શક્તિઓનો અહેસાસ થતો હોયતો કોપરાના ખમણમાં થોડી ખાંડ ભેળવીને કીડીઓને નાંખી દો. એમ કરવાથી જો તમારા ઘરમાં નકારાત્મક શક્તિઓનો વાસ હશે તો પણ તે ચાલ્યો જશે. અને ઘરમાં સુખ શાંતિનો અનુભવ થશે.



બદામના ભૂકામાં ખાંડ ભેળવીને નાંખવાથી નોકરીને લઈને ચાલી આવતી ચિંતા ખતમ થઈ જાય છે. નોકરી ન મળતી હોય કે નોકરીથી સંતુષ્ટ ન હોય તો આમ કરવાથી ધીરે ધીરે તમારા કામ થવા લાગશે. કરજ હશે તો તે પણ ઘટે છે.

રાહુ અને કેતુને પાપી ગ્રહની શ્રેણીમાં રાખવામાં આવે છે. જો આ ગ્રહ તમારી કુંડળીમાં હાવી રહેતા હોય તો તમારે શેકેલા લોટમાં ખાંડ ભેળવીને કીડીઓને ખવડાવવો જોઈએ. એમ કરવાથી જો કોઈ પર સાડાસાતી પણ ચાલતી હોય તો તેનો પ્રભાવ ઓછો થાય છે.

# પર્સમાં રાખો આવી નાનકડી વસ્તુ, પૈસાની ખોટ ક્યારેય નહીં વર્તાય

જીવનમાં ભલે પૈસા એટલા મહત્વના નથી એમ કહેવાતું હોય પણ વાસ્તવિકતા એ છે કે પૈસા વગર એક દિવસ પણ ચાલતું નથી. તેના વગર જિંદગી પણ જતી નથી. જીવનમાં મોટાં ભાગના પ્રશ્નો એ પૈસાથી જ ઉકેલી શકાય છે. માટે પૈસોએ જિંદગીનું અતિ મહત્વનું પરિબળ છે. પૈસાનું મહત્વ એટલું છે કે પૈસા વગરની જિંદગીને એક અભિશાપ માનવામાં આવે છે.

કેટલાંક લોકો એવા પણ હોય છે કે તે નીતિવાન અને ઓછી આવક હોવાછતાં જીવનમાં બધું જ સમયસર મેળવીને સુખી રહેતા હોય છે તો કેટલાંક લોકો એવા પણ હોય છે કે લખલૂંચ પૈસો હોવા છતાં જિવનમાં પારાવાર સમસ્યાઓથી પીડાતા હોય છે. પૈસાની તકલીફોમાં જ જીવન ગુજારતા હોય છે. જો તમે પણ આમાંના એક હોય તો આ પર્સ વાસ્તુ ટિપ્સ તમારા માટે ખાસ ઉપયોગી છે તેનો આજથી જ અમલ કરવો શરૂ કરી દો, તેનાથી ચોક્કસ લાભ થશે.



## પર્સ વાસ્તુ ટિપ્સ ખાસ

તમારા પર્સનો રંગ તપાસી લો. તમારા માટે નસીબદાર હોય તેવા રંગનું પર્સ કે બટવો રાખો. આનાથી ખુબ જ ફાયદો થશે વાસ્તુ અનુસાર અને તમારી રાશિ અનુસાર પર્સની ખરીદી કરો.

તમારા બટવામાં ધનની દેવી લક્ષ્મી અને ગણપતિની એક તસવીર રાખો. માં લક્ષ્મીની કૃપાથી તમારું પર્સ ક્યારેય ખાલી નહિં રહે.

# ગાઢ પ્રગાઢ થયેલી એ દોસ્તી, પછી તો નયના પરણી ગઈ

સવારના દસના ટકોરા થયા. નીતિન એની રોજની ટેવ મુજબ શર્ટના બટન ભીડતો ભીડતો ડ્રોઈંગરૂમમાં આવ્યો. નયનાએ એની બ્રીફકેસ ચકાસીને તૈયાર રાખી હતી. બૂટ અને મોજાં પણ સૉફા પાસે મૂક્યાં હતાં. ધોયેલો સ્વચ્છ શ્વેત નેપ્કિન પણ બ્રીફકેસની બાજુમાં મૂક્યો. પરિણીત જીવનનાં છેલ્લાં દસ-બાર વર્ષમાં આ એકધારી પ્રણાલિકા વહેતી આવી હતી. નીતિન રોજ સવારે નાસ્તો કરીને જતો. પછી બપોરે ઘેર આવતો જ નહીં. છેક સાંજે આવતો અને બેઉ સાથે જમતાં.

નીતિન બૂટની દોરી બાંધી રહ્યો હતો અને એટલામાં જ ફોનની ઘંટડી રણકી ઊઠી.

નીતિને ફોન ઉઠાવ્યો. '...'

'કોણ આપ?' '...'

નીતિનના ચહેરા પરના ભાવ બદલાયા. એના ચહેરા પર વિચિત્ર વમળોએ સ્થાન લીધું, છતાં એણે બૂમ મારી : 'નયન ! તારો ફોન છે.'

નયના ઝડપથી દોડી આવી, પરંતુ નીતિને રિસીવરના માઉથપીસ પર હાથ દબાવી રાખતાં પૂછ્યું : 'આ પરાગ કોણ છે?'

નયનાએ આશ્ચર્ય અને સંકોચ એકસાથે વ્યક્ત કરતાં ફરીથી પૂછ્યું : 'કોણ પરાગ છે?'

રિસીવરના માઉથપીસ પર હાથ દાબી રાખતાં જ નીતિને ઠંડે કલેજે ઉમેર્યું : 'એ કહે છે 'નયન'ને આપો.

નયનાએ ઝડપથી ફોન ઝૂંટવી લીધો. એ પતિનો મિજાજ સમજી ગઈ હતી. પોતાને 'નયન' કહેવાનો અધિકાર એકમાત્ર નીતિનનો જ હતો. એ અધિકારમાં કોઈ બીજાના અનધિકૃત પ્રવેશથી નીતિન ઝંખવાયો હતો. એના હૈયામાં જે ઠેસ પહોંચી હતી તે વ્યક્ત થવાની હજી બાકી હતી.

નયનાએ હજુ વાત કરવાની શરૂઆત કરી નહોતી. એણે નીતિનને

સંબોધીને કહ્યું : 'એક મિનિટ, હું તારા માટે પાણી લઈ આવું.' નીતિનને રોજ ઘર છોડતાં પાણીનો એક ઘૂંટડો પી લેવાની ટેવ હતી.

રિસીવર કાને લગાડતાં કહ્યું : 'વન મિનિટ, પ્લીઝ હોલ્ડ ઓન.' ફોન ચાલુ રાખવાનું કહી નયનાએ રિસીવર બાજુમાં મૂક્યું અને તે પાણીનો ગ્લાસ લેવા અંદર ગઈ. ફ્રીઝમાંથી ઠંડું પાણી લઈને એ બહાર આવી. જોયું તો નીતિન ડ્રોઈંગરૂમમાં નહોતો. પાણીના ગ્લાસ સાથે જ એ બહાર દોડી, પણ કાર કંપાઉન્ડના દરવાજામાંથી બહાર નીકળી રહી હતી. નયનાના હૈયા પર જબરદસ્ત ઘા થયો. એનું મન ખાટું થઈ ગયું. ભાંગી પડી હોય એમ શિથિલતા અનુભવતી પાછી આવી. પાણીનો ગ્લાસ બાજુએ મૂકતાં એણે ફરીથી રિસીવર ઉપાડતાં શરૂ કર્યું : 'બોલો.'

'હું પરાગ...' સામે છેડેથી અવાજ આવ્યો.

'હા કેમ?' નયનાએ જરાયે આત્મીયતા દાખવ્યા વગર કંટાળો વ્યક્ત કરતાં જવાબ આપ્યો.

'ઘણા સમય પછી અમદાવાદ આવ્યો અને ડિરેક્ટરીમાંથી નંબર શોધી કાઢ્યો. હોટલ કામામાં ઊતર્યો છું.'

'સારું કર્યું.' નયના બોલી. એ જાણે કે એમ કહેવા માગતી હતી કે, મારા ત્યાં ન આવ્યો એ સારું થયું. નયનાના દિમાગમાંથી ગુસ્સો ઊતર્યો નહોતો. એ સમજતી હતી કે આ ફોનને કારણે જ નીતિનના હૈયા પર ઠેસ વાગી હતી; અને એ આમ ક્રુદ્ધ થઈ ચાલ્યા ગયા હતા.

'નયન, આજે તું કંઈ મૂડમાં નથી કે તબિયત સારી નથી?' સામા છેડા પરથી પ્રશ્ન થયો.

'જે સમજવું હોય તે. વાત જલદી પૂરી કરો.'

'ઓહ ! આઈ એમ સૉરી... સૉરી ફોર ડિસ્ટર્બીંગ યુ... આઈ એમ

રિયલી સૉરી...' બોલતાં બોલતાં પરાગનો ફોન મુકાઈ ગયો.

ડાયલટોન નયનાના કાનમાં ગાજી રહ્યો. જાણે કે લાગણીના તંતુના તાર કોઈએ તોડી નાખતાં ખારો ખારો સાગર એના કાનમાં ઘૂઘવી રહ્યો. ફોન ચાલુ હતો ત્યાં સુધી તો ઠીક હતું, પણ કપાઈ ગયા બાદ જ એને ધ્રાસકો પડ્યો. 'શું ખરેખર વાત કપાઈ ગઈ? આ મેં શું કર્યું? આ મેં શું કર્યું?'

નયનાએ હજુ રિસીવર પકડી જ રાખ્યું હતું. એમાં માનવઅવાજના સ્પંદનો નહીં, પણ જડ મશીનનો ઘુરકાટ ગાજતો હતો. એ નયનાની મશ્કરી કરતો હતો : 'રે મૂરખ ! કેટલાં વર્ષો બાદ તેં પરાગનો સ્વર સાંભળ્યો હતો?

કેટલાં વર્ષો બાદ તું પરાગ જોડે વાત કરત... કયા વાંકસર તેં એને આમ હડધૂત કરી મૂક્યો?'

નયના વલવલી ગઈ. એણે રિસીવરને યથાવત્ મૂકી દીધું અને સૉફા પર જ ફસડાઈ પડતાં ભૂતકાળના ઓળા એના સ્મરણપટ પર તાજા કર્યા. 'અરે રે !

પરાગ તો મારો કેટલાં વર્ષોનો દોસ્ત ! નીતિન કરતાંયે જૂનો. એક જમાનામાં નીતિનથીયે વધુ વહાલો.'

'વહાલો હોય તેથી શું થઈ ગયું? એણે મને 'નયન' કહીને ન બોલાવવી જોઈએ.' વળી મનોમન જ એણે સવાલ કર્યો.

'ના ના, પણ એ તો કંઈ આજકાલનો મને થોડો નયન કહે છે? પહેલેથી જ એમ કહે છે; એ નયન બોલતો ત્યારે જ મને ગમતું હતું.' નયનાના ચહેરા સમક્ષ કેટલાક ચિત્રો સ્પષ્ટ બની રહ્યાં. જ્યારે એ અઢારેક વર્ષની હતી અને પરાગ માંડ ત્રણ-ચાર વર્ષનો હતો. પરાગ રોજ એના ઘેર રમવા દોડી આવતો અને નયના પણ એને ખૂબ રમાડતી. નયના કૉલેજમાં જાય ત્યારે એ 'આવજો' કહેતો અને નયના પાછી આવે ત્યારે પરાગ એની કાલી જબાનમાં પૂછતો : 'નયન, તું આવી ગઈ?'

નાનકડા પરાગ અને નયનની દોસ્તી ખૂબ જામી હતી. નયના એને બહુ પજવતી, એને હસાવતી, રડાવતી, દોડાવતી, છેતરતી, સંતાકૂકડી રમતી, ઢીંગલા-ઢીંગલીની રમત બેઉ સાથે રમતાં. નયનાના ખોળામાં બેસીને પરાગ થોડું પણ ખાઈ લેતો. કોઈકવાર નયના સાથે જ બાથરૂમમાં ભરાઈને નાહી લેતો; નયના સૂઈ ગઈ હોય ત્યારે પરાગ પણ દોડીને એની સોડમાં ભરાઈ જતો. નયના અને પરાગની આ મૈત્રી જોઈ સખીઓ કહેતી : 'આ પરાગની તો તું વહુ હોય એવું લાગે છે.'

બધાં હસી પડતાં. બધાંને હસતાં જોઈ પરાગ પણ હસતો. એની નિર્દોષતા જોઈ નયના પણ એને ઊંચકી લેતી, ચૂમીઓથી એને નવડાવી નાખતી. ત્યારે પણ સખીઓ બોલી ઊઠતી : 'રે નયના ! એને બેડરૂમમાં લઈ જા. અમારી તો શરમ રાખ.'

નયના ગુસ્સે થતી, પણ બધું જ ખોટું ખોટું, એને એ ગમતું. ગાઢ-પ્રગાઢ થયેલી એ દોસ્તી પછી તો નયના પરણી ગઈ. એને સુંદર પતિ મળ્યો. મુંબઈ છોડી દીધું અને અમદાવાદ એનું સાસરું હતું એટલે પિયર દૂર પડી ગયું. એથીયે વિશેષ એ ઠીક ઠીક બદલાઈ હતી. દાંપત્યજીવન સુખી પણ યંત્રવત્ હતું. લગ્ન પછી દસ-પંદર વર્ષના ગાળામાં હવે તે નીતિનના વર્તુળમાં સમાઈ ગઈ હતી; જાણે કે ભવસાગરમાં એ ડૂબી ગઈ હતી.

પરંતુ આજે એનું જહાજ કોઈ પરિચિત કિનારે ઘસડાઈ આવ્યું હતું. એને થયું કે – 'પરાગને ઘેર બોલાવવો જોઈતો હતો. બિચારો કેટલા ઉમંગથી અહીં આવ્યો હશે? એ કેટલો મોટો થયો હશે? વળી એણે અમદાવાદ ઝાઝું જોયું નથી એટલે ક્યાં ક્યાં ફાંફાં મારતો હશે? પણ અરે પરાગ તો મારા ઘેર જ સીધો આવવો જોઈએ. પણ બિચારો સંકોચાઈને હોટલમાં ઊતર્યો હશે. એણે વિચાર્યું હશે કે ફોન કરીશ એટલે નયન મને તો વઢશે કે ગાંડા હોટલમાં કેમ ઊતર્યો?

મેં ભૂંડીએ એને મળવા બોલાવવાની પણ પરવા કરી નહીં !'

નયના હજુ ફોન સામે તાકી રહી હતી. 'પણ હું શું કરું ! આ જહાજનો માલિક-ખલાસી હું નથી. એને ક્યાં લઈ જવું? કેમ લઈ જવું? તારવું કે ડુબાડવું એ નીતિનના હાથમાં છે, હરેક સ્ત્રીની આ દશા છે અને શાસ્ત્રો એને 'ધર્મ' કહે છે !'

'પણ પતિ સિવાય અન્ય કોઈ પુરુષનું હૃદયમાં સ્થાન શું ન હોઈ શકે?

પરાગ તો મારો કંઈ પતિ નથી, પ્રેમી નથી. એ કંઈ જ નથી અને છતાં એ ઘણુંબધું છે. એ માનવી છે. હું માનવી છું. હું એને શા માટે ના મળી શકું?

વળી એ મારાથી નાનો પણ છે. શું બધાં જ સંબંધોને નામ આપવું જરૂરી છે? નામ વગરનાં પણ સંબંધ હોઈ શકે ને? હું એને ન મળી શકું એવું શા માટે?'

નયનાનું મન ચગડોળે ચડ્યું.

ફરી એકવાર પરાગને છાતીસરસો લઈ લેવાનું એને મન થયું. વાત્સલ્યનો એ તરફડાટ હતો અને એક લાંબો શ્વાસ લેતાં નયના ઊભી થઈ. 'નીતિનને જે સમજવું હોય તે સમજે. એને જે કહેવું હોય તે કહે, પણ પરાગને તો હું ઘેર જ લઈ આવીશ.' વિચારીને દૃઢ નિશ્ચય સાથે એ તૈયાર થઈ ગઈ.

નયનાને યાદ હતું કે એ જ્યારે શ્વેત સાડી પહેરતી ત્યારે પરાગ કહેતો : 'નયન, તું બહુ સરસ લાગે છે.' આજે પણ નયના શ્વેત વસ્ત્રો ધારણ કરી કામા હોટલ તરફ રવાના થઈ.

રિસેપ્શન કાઉન્ટર પર પહોંચતાં એણે પરાગના રૂમ નંબર માટે પૂછ્યું ત્યારે જવાબ મળ્યો : 'પરાગ મહેતા તો ગયા.'

'ક્યાં ગયા?' નયનાને વજ્રાઘાત થયો.

'એ તો કંઈ ખબર નથી, પણ આજે સવારે જ આવ્યા હતા ને એકાએક હોટલ પણ છોડીને ચાલ્યા ગયા.'

'એટલે કોઈ બીજું પણ સાથે હતું?'

'હા, તેમની સાથે તેમનાં પત્ની મિસિસ પરાગ મહેતા પણ હતાં. લગ્ન કરીને તેઓ સીધાં જ અહીં આવ્યાં હતાં. એ લોકો અહીં કોઈ નયના મેડમનાં આશીર્વાદ લેવા આવ્યાં હોવાની વાત કરતાં હતાં.'

'ઓહ !' નયનાને થયું કે એ હમણાં જ ફસડાઈ પડશે.

'આપ કોણ?'

– પણ જવાબ આપ્યા વિના જ નયના છાતી પર હાથ દાબી બહાર

નીકળી ગઈ. એના વક્ષઃસ્થળ પર દુઃખાવો ઊપડ્યો હતો. એના વાત્સલ્યનું ઝરણું ફૂટ્યું હતું, પણ ઝીલનારો ક્યાં હતો?




**નયના ગુસ્સે થતી, પણ બધું જ ખોટું ખોટું, એને એ ગમતું. ગાઢ-પ્રગાઢ થયેલી એ દોસ્તી પછી તો નયના પરણી ગઈ. એને સુંદર પતિ મળ્યો. મુંબઈ છોડી દીધું અને અમદાવાદ એનું સાસરું હતું એટલે પિયર દૂર પડી ગયું. એથીયે વિશેષ એ ઠીક ઠીક બદલાઈ હતી. દાંપત્યજીવન સુખી પણ યંત્રવત્ હતું. લગ્ન પછી દસ-પંદર વર્ષના ગાળામાં હવે તે નીતિનના વર્તુળમાં સમાઈ ગઈ હતી**

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### જિયોથર્મલ એનર્જી શું છે?



વીજળી મેળવવાનો મુખ્ય સ્રોત ટર્બાઈનની ચક્રાકાર ગતિ છે. ચક્ર ફેરવવા માટે અણુશક્તિ, વરાળ, પવન, પાણીનો પ્રવાહ વગેરે વિવિધ શક્તિઓનો ઉપયોગ થાય છે. મોટી માત્રામાં વીજળી મેળવવા જંગી કદના ટર્બાઈન જોઈએ અને તેને વધુ ઝડપથી ફેરવવા પડે. વિજ્ઞાાનીઓ વીજળી પેદા કરવા પર્યાવરણલક્ષી, સરળ અને સલામત પધ્ધતિ શોધી રહ્યા છે. જિયોથર્મલ એનર્જી એવો જ એક કુદરતી સ્રોત છે. પૃથ્વીના પેટાળમાં ખૂબ જ ગરમી હોય છે. પેટાળમાં રહેલું પાણી ગરમ થઈને ઝરા સ્વરૂપે બહાર આવે છે. ઘણા સ્થળોએ જમીનમાંથી ફુવારાની જેમ ઉડતા ગરમ પાણીના ઝરા આવેલા છે. આ ફુવારામાં ઘણી શક્તિ હોય છે અને તેનો ઉપયોગ ટર્બાઈન ફેરવવામાં થઈ શકે છે. ૧૯૦૪માં આઈસલેન્ડમાં ગરમ પાણીના ઝરામાંથી વીજળી મેળવવાનો પ્લાન્ટ શરૂ થયેલો. આજે પણ તે ચાલુ છે. આ રીતે મેળવેલી વીજળીને જિયોથર્મલ એનર્જી કહે છે.

### લોહચુંબક અંગે આ જાણો છો?



મેગ્નેટ કે લોહચુંબક લોખંડની વસ્તુઓને આકર્ષે છે. મેગ્નેટમાં બીજો પણ એક ગુણ છે. લાંબી સોય આકારના મેગ્નેટને છૂટથી ફરી શકે તેમ મૂકો તો તેનો એક છેડો ઉત્તર અને બીજો દક્ષિણ ધ્રુવ તરફ જ રહે છે. મેગ્નેટના કંપાસ બનતાં અને તેનો ઉપયોગ વહાણવટીઓ દિશા જાણવા કરતા. મેગ્નેટ જમીનમાંથી ધાતુ સ્વરૂપે મળે છે. પ્રાચીન કાળમાં મેગ્નેશિયા પ્રાંતની જમીનમાંથી મળતા લોખંડમાં આ ગુણ હોવાથી તેનું નામ મેગ્નેટ પડયું. ૧૬મી સદીમાં વિલિયમ ગિલ્બર્ટ નામના વિજ્ઞાાનીએ તેના વિવિધ ઉપયોગ શોધી કાઢયા. મેગ્નેટ બે પ્રકારના હોય છેઃ કાયમી અને કામચલાઉ. કામચલાઉ મેગ્નેટ લોખંડના સળિયાની આસપાસ વીજ પ્રવાહ દાખલ કરવાથી બને છે. વીજપ્રવાહ હોય ત્યાં સુધી જ તેના ગુણધર્મો રહે છે. મેગ્નેટિઝમ કુદરતની અદ્ભૂત શક્તિ છે અને વિજ્ઞાાનીઓએ તેનો ઉપયોગ કરીને ઘણી આશીર્વાદજનક શોધો કરી છે.

# કમલેશ તિવારી હત્યાકાંડ: પાંચની ધરપકડ

- પોલીસે ૨૪ કલાકમાં કમલેશ તિવારી હત્યાકેસના આરોપીઓને પકડ્યા, સીસીટીવી ફૂટેજ સામે આવ્યા

સુરત : ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં હિંદુ સમાજ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ કમલેશ તિવારીની શુક્રવારે તેમના ઘરે બનાવવામાં આવેલા કાર્યાલયમાં કરપીણ હત્યા થઈ હતી અને બાદમાં હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. આ કેસમાં પોલીસે શુક્રવારે સુરતથી ત્રણ આરોપીને પકડી પાડ્યા હતા. જ્યારે અન્ય બે આરોપી ભાગી જતાં તેઓને મંગળવારે શામળાજી નજીકથી ઝડપી પાડ્યા હતા.

કમલેશ તિવારીની ૧૮ ઓક્ટોબરના રોજ ચાકુ મારીને હત્યા કરી નાંખવાના ચકચારભર્યા કેસમાં ગુજરાત એટીએસે હત્યાનું કાવતરૂ ઘડનારા સુરતના ઉમરવાડા લીંબાયતમાં રહેતા રશીદ ખુરશીદ પઠાણ (૩૦), મોસીન શેખ (૨૮) અને શહેજાન મેમ્બર (૨૨)ની ૨૪ કલાકમાં જ તેમના ઘરેથી ૧૯ ઓક્ટોબરના રોજ સવારે ધરપકડ કરી હતી. તેમની પાસેથી પોલીસે ત્રણ મોબાઈલ કબજે કર્યા હતા. જોકે તિવારીની હત્યા કરનારા રશીદના ભાઈ મોઈનુદીન પઠાણ ઉપરાંત અસફાક શેખ (૪૩) નામના બે શખ્સો ફરાર થઈ ગયા હતા. આ બંને આરોપીઓ પાકિસ્તાન જવાની ફિરાકમાં હતાં. ત્યારે વાઘા બોર્ડરથી માત્ર ૨૮૫ કિલોમીટર દૂર તેમના લોકેશન મળ્યાં હતાં. આ બંને આરોપીઓની મંગળવારે રાજસ્થાન-ગુજરાત બોર્ડર નજીક શામળાજીથી ધરપકડ કરવામાં આવી છે.

## કમલેશ તિવારીને મારવાની યોજના અનેકવાર નિષ્ફળ ગઈ



એટીએસને આરોપીઓની પૂછપરછમાં મળેલી સિલસિલાબધ્ધ વિગતમાં તિવારીની હત્યા કરતાં અગાઉ આરોપીઓ પાંચ મૌલવીઓને મળ્યા હતા. કટ્ટર એવા અશફાક અને રશીદના ટાર્ગેટ પર બીજા ૧૦ હિન્દુ નેતાઓ પણ હતા. હિન્દુ સમાજ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ કમલેશ તિવારની સુરતમાં બોલાવીને મારવાની આરોપીઓની યોજના ત્રણ વાર નિષ્ફળ રહી હતી. અશફાકએ તિવારીને અવારનવાર ફોન કરી ફંડીગની લાલચ આપી સુરતમાં કાર્યક્રમ કરવા માટે આમંત્રણ આપ્યું હતું. જો કે, તિવારી ગમે તે કારણોસર સુરત આવવા તૈયાર થતા ન હતા. એટીએસને જાણવા મળેલી વિગતો મુજબ કમલેશ તિવારીની હત્યા કુરાનમાં પાપ છેકે નહી તે જાણવા માટે આરોપીઓ પાંચ મૌલવીઓને મળ્યા હતા. હત્યા બાદ આરોપીઓ પ્રથમ તો હોટલથી લખનઉ, બરેલી, દિલ્હી અને નેપાળ પહોંચ્યા બાદમાં નેપાળથી પરત પલીયા, શાહજહાનપુર, દિલ્હી, અજમેર, શામળાજી પહોંચ્યા હતા.

## કમલેશ તિવારી હત્યાકાંડમાં સૌથી મોટો ખુલાસો

કમલેશ તિવારી હત્યાકાંડમાં ગુજરાત પોલીસે નવો ખુલાસો કર્યો હતો. આ કેસ સાથે જોડાયેલા સૂત્રોનું માનવું છે કે આરોપી રશીદ કમલેશના સંપર્કમાં હતો. રશીદે સોશિયલ સાઇટ ફેસબુક પર રોહિત સોલંકી નામનું હિન્દુ નામ ધારણ કરીને એક ફેક આઈડી બનાવ્યું હતું. છેલ્લા ૨ મહિનાથી નામ બદલીને આરોપી કમલેશ તિવારી સાથે વાતો કરતો હતો. ફેસબુકનું આ ફેક ફ્ર આરોપી અશફાક અને રશીદ ઓપરેટ કરતા હતા. ગુજરાત પોલીસે તો હત્યારાઓને લઇને ખુલાસો કરતા વધુમાં જણાવ્યું હતું કે આરોપીઓએ તો સો પ્રથમ એક ડુપ્લીકેટ આધારકાર્ડ બનાવમાં આવ્યું હતું. જે રોહિત સોલંકીના નામે ડુપ્લીકેટ આધારકાર્ડ હતું.

## રંગીલા રસૂલ ફિલ્મ તિવારીની હત્યાનું કારણ બની

રંગીલા રસૂલ ફિલ્મ તિવારી દ્વારા બહાર પાડવાની તૈયારીઓ થઈ તે તેમની હત્યાનું કારણ બન્યાનું આરોપીઓ જણાવી રહ્યા છે. તિવારી પયગંબર સાહેબ વિરુદ્ધ કરેલી ટિપ્પણી અને તેઓને ખરાબ ચીતરતી ફિલ્મ બહાર પાડવાનું આયોજન થયું હતું. જે મુદ્દે અશફાક સહિતના આરોપી નારાજ હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. કમલેશ તિવારીને મારવા માટે છોડેલી ગોળી મોયુનુદ્દીનના જમણા હાથની આંગળીઓને વીંધીને નીકળી હતી. ગંભીર ઈજાનો ભોગ બનેલા મોયુનુદ્દીનની સારવાર માટે અસ્ફાકે દવાની દુકાનમાંથી મેડિકલનો સામાન લીધો જાતે ડ્રેસિંગ કર્યુ હતું

## પકડાયેલા આરોપીઓએ ગુનો કબૂલી લીધો

કમલેશ તિવારી હત્યાકાંડમાં ગુજરાતમાંથી પકડાયેલા ૩ આરોપીઓએ પોતાનો ગુનો કબૂલી લીધો છે. એક વેબસાઇટના મતે, ગુજરાત છ્જીના ડીઆઈજી હિમાંશુ શુક્લાએ આ વાતનો દાવો કર્યો છે. બીજી બાજુ ઉત્તર પ્રદેશના ડીજીપી ઓપી સિંહે પ્રેસ કોન્ફરન્સ કરીને ખુલાસો કર્યો છે કે હિન્દુ સમાજ પાર્ટીના નેતા કમલેશ તિવારીની હત્યા ૨૦૧૫માં આપેલા એક વિવાદિત નિવેદનને લઇને કરવામાં આવી છે.


કલાસીફાઇડ / Classified

PIZZA STORE FOR SALE

"2-4-1 Pizza For Sale in Ajax. Exciting Opportunity! Great Location! Great Profits! Same owner since 1992 now ready to retire. Rent $3,000/month inc HST. Sales $12,000/week. Please Call Zibby - 416-824-6279."


## ચિન્મયાનંદ કેસ : છાત્રાના જામીન રદ, જેલમાં જ દિવાળી ઊજવવી પડશે

નવી દિલ્હી : ભાજપના નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન સ્વામી ચિન્મયાનંદ કેસમાં બ્લેકમેલ કરવાના આરોપ બદલ જેલમાં ગયેલી કાનૂનની વિદ્યાર્થિનીએ કરેલી જામીન અરજી અલાહાબાદ હાઇકોર્ટે ફગાવી દેતાં આ યુવતીએ દિવાળીનો ઉત્સવ જેલમાં જ મનાવવો પડશે.

હાઇકોર્ટે સુનાવણી બે સપ્તાહ સુધી મુલતવી રાખવાની જાહેરાત કરતાં જામીન પર છૂટવાની આ વિદ્યાર્થિનીની મનમુરાદ બર આવી નહોતી. એણે સ્વામી ચિન્મયાનંદ પર રેપનો આરોપ કર્યો હતો. પોલીસે સ્વામીની ધરપકડ કરી હતી. ત્યારબાદ પોલીસે સ્વામી અને વિદ્યાર્થિની વચ્ચે થયેલા ફોનટૉકની નકલ મેળવી હતી.

એમાં જાણવા મળ્યું હતું કે આ છાત્રાએ સ્વામીને બ્લેકમેલ કર્યા હતા અને રેપનો આરોપ જતો કરવા પાંચ કરોડ રૂપિયા માગ્યા હતા. એમાં એના બે મિત્રો વિદ્યાર્થીઓ પણ સહભાગી હતા. એટલે પોલીસે આ યુવતીની પણ ધરપકડ કરી હતી. અગાઉ આ યુવતીએ શાહજહાંપુરની કોર્ટમાં જામીન અરજી કરી હતી જે નકારાતાં એણે નીચલી અદાલતના હુકમને હાઇકોર્ટમાં પડકાર્યો હતો. અલાહાબાદ હાઇકોર્ટે પણ એને જામીન આપવાનો ઇનકાર કર્યો હતો અને સુનાવણી બે અઠવાડિયાં પછી કરવાની જાહેરાત કરી હતી.

# ૨૦૧૯માં ભારતીયોની સંપત્તિ વધીને ૧૨.૬ ટ્રિલિયન અમેરિકન ડોલરે પહોંચી

- ભારતમાં વસવાટ કરતા પરિવારોની કુલ મિલકત ૨૦૧૮માં ૫.૯૭૨ ટ્રિલિયન અમેરિકન ડોલર હતી
- ૨૦૦૦થી ૨૦૧૯ વચ્ચે કુલ સંપત્તિમાં ચાર ગણો વધારો

નવી દિલ્હી : ૨૦૧૯માં જ્યારે એક તરફ ભારતના જીડીપીનો ગ્રોથ ઘટીને પાંચ વર્ષની નીચી સપાટી ૫.૮ ટકા પર ગગડી ગયો છે ત્યારે સ્વિસ બેન્ક ક્રેડિટ સૂસીના એક રિપોર્ટમાં દાવો કરાયો છે કે, ૨૦૧૯ના કેલેન્ડર વર્ષમાં ભારતીય પરિવારોની સંપત્તિ બમણા કરતાં પણ વધીને ૧૨.૬ ટ્રિલિયન અમેરિકન ડોલર પર પહોંચી ગઈ છે. ભારતમાં વસવાટ કરતા પરિવારોની કુલ મિલકત ૨૦૧૮માં ૫.૯૭૨ ટ્રિલિયન અમેરિકન ડોલર હતી. ભારતીય અર્થતંત્રના તમામ માપદંડો અધોગતિ તરફ પ્રયાણ કરી રહ્યા છે અને સરકાર આર્થિક મંદીમાંથી વિવિધ પ્રકારના સેક્ટરોને ઉગારવા માટે એક પછી એક આર્થિક સુધારાની જાહેરાત કરી રહી છે ત્યારે જ આ ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે. વર્ષ ૨૦૦૦થી ૨૦૧૯ વચ્ચે ભારતીય પરિવારોની કુલ સંપત્તિમાં ચાર ગણો વધારો થયો છે. છેલ્લા પાંચ વર્ષમાં ભારતના પરિવારોએ તેમની સંપત્તિમાં ૪૩ ટકા એટલે કે ૪.૪ ટ્રિલિયન અમેરિકન ડોલરનો વધારો કરી લીધો છે. ભારતીય પરિવારોની સંપત્તિમાં બમણો વધારો કેવી રીતે થયો તેના કારણો ક્રેડિટ સૂસી બેન્ક દ્વારા આપવામાં આવ્યા નથી. સ્વિત્ઝર્લેન્ડની ક્રેડિટ સૂસી બેન્ક ભારતમાં બ્રોકરેજ સહિતની આર્થિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી છે.

# ઝારખંડમાં ચૂંટણી પહેલા કોંગ્રેસના ૬ ધારાસભ્યો બીજેપીમાં જોડાયા

નવી દિલ્હી : ઝારખંડમાં તોળાઇ રહેલી વિધાનસભાની ચૂંટણીની પૂર્વસંધ્યાએ વિપક્ષોને જોરદાર આંચકો મળ્યો હતો. ઝારખંડ મુક્તિ મોરચાના અને કોંગ્રેસના કેટલાક સભ્યો ભાજપમાં જોડાઇ ગયા હતા. આવા સભ્યોમાં ભૂતપૂર્વ ડાયરેક્ટર જનરલ ઑફ પોલીસ ડી કે પાંડેય, બે ભૂતપૂર્વ આઇએએસ અધિકારીઓ સુચિત્રા સિંહા અને આરપી શાહી તથા ભૂતપૂર્વ આઇપીએસ અધિકારી કમ કોંગ્રેસી નેતા અરૂણ ઉરાંવ સહિત કુલ છ ધારાસભ્યોએ ભાજપમાં જોડાયા હતા. આજે બુધવારે ઝારખંડમાં આવેલા ભાજપ કાર્યાલયમાં આ લોકો ઔપચારિક રીતે ભગવો ખેસ ઓઢીને ભાજપનું સભ્યપદ સ્વીકારશે.



જાણકાર સૂત્રોએ કહ્યું હતું કે આ બધાંને એમની માનીતી અને જીતી શકાય એવી મનાતી બેઠક પરથી ચૂંટણીની ટિકિટ આપવાની ખાતરી ભાજપના નેતાઓએ આપી હતી.

# DHFLએ ગ્રૂપ કંપનીને ૨૦,૦૦૦ કરોડની ખેરાત કરી : KPMG રિપોર્ટ

નવી દિલ્હી : સંકટમાં આવેલી ઢગ્રઁએ તેની ગ્રૂપ કંપનીઓને રૂ. ૧૯,૭૫૩ કરોડની લોન આપી હોવાનો ઘટસ્ફોટ એકાઉન્ટિંગ કંપની કેપીએમજીએ તેના ડ્રાફ્ટ ફોરેન્સિક રિપોર્ટમાં કર્યો છે. ડીએચએફએલ દ્વારા ગ્રૂપ કંપનીઓને અપાયેલી આ લોન ગુના બરોબર છે. બુધવારની બોર્ડ ઑફ ડિરેક્ટર્સની બેઠકમાં કેપીએમજી દ્વારા તૈયાર ડ્રાફ્ટ રિપોર્ટના મહત્ત્વના તારણોને ધ્યાન પર લીધા છે. લેન્ડર્સ વતી યુનિયન બેન્ક ઑફ ઇન્ડિયા દ્વારા કેપીએમજીની રચના કરવામાં આવી છે. બોર્ડે કંપનીને રિપોર્ટના મહત્ત્વના તારણોની સમીક્ષા કરીને ઓડિટ કમિટી સમક્ષ વિસ્તૃત જવાબ આપવાનો આદેશ કર્યો છે. બોર્ડે કંપનીને લેન્ડર્સ સાથે રિપોર્ટ શેર કરવાનો પણ આદેશ આપ્યો છે. કેપીએમજીના રિપોર્ટથી લેણદારો ધર્મસંકટમાં મુકાયા છે. લેણદારો હાલના મેનેજમેન્ટ હેઠળ લોનનું નવું માળખું તૈયાર કરી શકે તેમ નથી. સાથે સાથે જ્યાં સુધી દેવાનો સારો એવો ભાગ માંડવાળ કર્યા વગર નવા ખરીદદારો પણ શોધી શકે તેમ નથી. અપાયેલ ૧૯,૭૫૩ કરોડની લોનમાંથી ૧૬,૪૭૯ કરોડની રકમ બાકી છે.

## મની લૉન્ડ્રિંગ કેસ: કોંગ્રેસ નેતા ડી.કે. શિવકુમારને જામીન

બેંગલુરુ : કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને કર્ણાટકના પૂર્વ મંત્રી ડી.કે. શિવકુમારને દિલ્હી હાઈકોર્ટે બુધવારે જામીન આપી દીધા છે. કોર્ટે તેમને ૨૫ લાખ રૂપિયાના ખાનગી બોન્ડ ભરવાનો આદેશ આપ્યો છે. દિલ્હી હાઈકોર્ટે તેમને અનુમતિ વિના વિદેશ ન જવાનો પણ આદેશ આપ્યો છે. શિવકુમારની મની લૉન્ડ્રિંગ કેસમાં ઈડીએ ત્રણ સપ્ટેમ્બરે ધરપકડ કરી હતી. શિવકુમારે કર્ણાટકમાં જનતા દળ અને કોંગ્રેસના ગઠબંધનની સરકાર બનાવવામાં પ્રમુખ ભૂમિકા નિભાવી હતી. બુધવારે સોનિયા ગાંધીએ તિહાડ જેલ જઈને શિવકુમાર સાથે મુલાકાત કરી હતી.

અનુસંધાન પેજ નંબર 02

## કેનેડામાં ફીર સે ટ્રુડો સરકાર...

કેનેડાના સરંક્ષણ મંત્રી તરીકે હરજિત સજ્જન સામે પણ ખાલિસ્તાનીઓ સાથે સંકળાયેલા હોવાના આરોપ થતા રહ્યા છે. આ બધી ઘટનાઓ એવા સંકેત આપે છે કે, કેનેડા શીખ અલગતાવાદીઓનું એક મોટું કેન્દ્ર બની જાય તો નવાઈ પામવા જેવું નહીં હોય.

હવે વિશ્વ શીખ સંમેલન યોજવા માટે તડામાર તૈયારી ચાલી રહી છે. એ સંમેલન પાછું પાકિસ્તાનની ભૂમિ પર યોજવાની હિલચાલ છે, જ્યારે ગુરુ નાનક દેવની ૫૫૦મી જન્મ જયંતિ ઉજવાઈ રહી છે, ત્યારે એ હિલચાલ તેજ બનશે, એ સંજોગોમાં પાકિસ્તાન પણ સખણું રહેવાનું નથી, તો બીજી તરફ કેનેડા ઉદભવ કેન્દ્ર બની રહે તો ભારત માટે વધુ એક સમસ્યા ઊભી થાય એમ છે. સરવાળે કેનેડા સરકારમાં શીખોનું પ્રભુત્વ વધ્યું છે, તેને કારણે ભારતીયોને, ખાસ કરીને શીખોને વીઝા મેળવવામાં ભલે સરળતા રહેશે, પણ સરકારમાં સામેલ અને તેને ટેકો આપનારા શીખ નેતાઓનું વલણ ભારત માટે હિતકારી રહે એ જોવાની જવાબદારી ટ્રુડોની રહેશે, એ જવાબદારીનો નિર્વાહ જસ્ટિન ટ્રુડો કરશે ખરા ?

**ક્રોસવર્ડનો ઉકેલ**

**આડી ચાવી :** (૧)મકરસંક્રાંતિ (૫) વાસુકિ (૭) હેત (૮) ખાતરી (૧૦) નરમ (૧૨) પરોક્ષ (૧૪) નીર (૧૫) કનકવો (૧૭) કજાક (૧૯) વાળુ (૨૦) લાગો (૨૧) લીલમ (૨૪) હલાલ (૨૬) મનોજ (૨૮) તર્ક (૨૯) ખીર (૩૦) મારો (૩૧) સંતાપ (૩૩) જરત (૩૬) કજોર **ઊભી ચાવી :** (૧) મથન (૨) રહેમ (૩) સંત (૪) તિખારો (૫) વારી (૬) કિન્ના (૯) તક્ષક (૧૧) રવિજા (૧૨) પરવા (૧૩) વાંક (૧૬) નકલી (૧૭) કલહ (૧૮) કલાલ (૨૨) લત (૨૩) મર્કટ (૨૫) લાપતા (૨૬) મરજ (૨૭) જમાત (૩૧) સંગ (૩૨) પત્ર (૩૪) રબ (૩૫) માંજો

## વુમન વર્લ્ડ

### અમેરિકામાં 3 સંતાનોને સ્ટોલરમાં લઈ આ યુવતીએ ત્રણ કલાકમાં પૂરી કરી મેરેથોન



અમેરિકાના મોન્ટાનામાં યોજાયેલી મેરેથોનમાં ૩૫ વર્ષીય સિન્થિયા આર્નોલ્ડ નામની મહિલાએ પોતાના ત્રણ સંતાનોની સાથે સૌથી ઝડપી મેરેથોન પૂરી કરવાનો અનઓફિશ્યલ રેકોર્ડ બનાવ્યો છે. તેણે પોતાના ત્રણેય સંતાનોને એક સ્ટોલરમાં બેસીડ દીધા હતા એને પુશ કરીને સિન્થિયાએ ત્રણ કલાકમાં આખી મેરેથોન પૂરી કરી હતી. હાલમાં સ્ટોલર સાથે સૌથી ઝડપી મેરેથોન દોડવાનો રેકોર્ડ ચાર કલાક અને દસ મિનિટનો છે. જોકે કમનસીબે એનું ઓફિશ્યલ ડોક્યુમેન્ટેશન ન થયું હોવાથી તેનું આ કારનામું ગિનેસ વર્લ્ડ રેકોર્ડસમાં સ્થાન નહીં પામે.

### વિશ્વના સૌથી ઓલ્ડેસ્ટ મોડલ એલિસ પેન્ગ



હોંગકોંગના એલિસ પેન્ગે ૯૩ વર્ષની ઉંમરમાં મોડલિંગ કરવાનું શરૂ કરીને ગ્લેમરની દુનિયામાં કદમ માંડ્યા હતા અને હવે તો તેમણે ફુલફલેજડ મોટી બ્રાન્ડ માટે કામ કરીને મોડલિંગ જગતમાં ડંકો વગાડી દીધો છે. આ પહેલા જાપાનના ૮૪ વર્ષનાનાઓયા કુડો અને ચીનના ૮૪ વર્ષના વાગં ડેશનને સૌથી વયસ્ક મોડલ ગણવામાં આવતા હતા. પરંતુ હવે સૌથી વયસ્ક મોડલનો ખિતાબ ૯૬ લર્ષના એલિસના શિરે છે. આ દાદીને પહેલેથી જ સરસ મજાના કપડાં પહેરીને પ્રેઝન્ટેબલ બનીને રહેવાનો શોખ હતો. જો કે તેમણે પ્રોફેશનલ મોડલિંગ કરવાનું કદી વિચાર્યું નહોતું. એલિસ એ માટેની ક્રેડિટ પોતાની પૌત્રીને આપે છે. તેણે જ એક વાર જાહેરાત જોયેલી જેમાં ૬૫ વર્ષથી મોટી વયની મહિલાને અપ્લાય કરવાનું કહેલુ. એલિસની પૌત્રીએ દાદીની બે-ત્રણ તસવીરો મોકલી દીધી હતી અને ખરેખર દાદીનું સિલેકશન થઈ ગયું. એ પછી તો વન બાય વન મોડલિંગના દરવાજા ખૂલવા લાગ્યા. પછી ગુચી, વેલેન્ટિનો, એલરી જેવી બ્રાન્ડ માટે મોડલિંગ કરી ચૂક્યા છે.

### આકર્ષક દેખાવા બલ્ગેરિયાની આ યુવતીને પોતાના હોઠ હજુ ભરાવદાર બનાવવા છે





ફેશનેબલ અને એટ્રેક્ટિવ દેખાવા માટે ચહેરા અને બોડી પર જાતજાતની પ્લાસ્ટિક સર્જરીઓ કરાવે છે. બલ્ગેરિયાની એન્ડ્રીઆ એમિલોવા નામની બાવીસ વર્ષની કન્યાએ પણ સુંદર દેખાવા, હોઠને ભરાવદાર બનાવવા માટે પંદર વાર એમાં ફિલર્સ ભરાવ્યા છે. એને કારણે એના હોઠ ઓરિજિનલ હોઠની સાઈઝ કરતા ત્રણ ગણા વધુ પહોળા અને ફુગ્ગાની જેમ ફુલી ગયેલા હોય એવું લાગે છે. આ સાથેની તસવીર જોઈને એમ લાગે કે હવે કદાચ એ પસ્તાવો કરતા હશે. પરંતુ એન્ડીરઆને હજીયે સંતોષ નથી.

### ચિત્રો દોરવાની આ તો કેવી રીત?!





કલાકારો તો અળવીતરા અને તરંગી જ હોય પરતું બેલારુસની નાદિયા મેટિએવ્સ્કેયા તો કંઈક વધુ પડતી જ વિચિત્ર છે. એ પેઈન્ટિંગ કરે છે પણ એ માટે બ્રશ નહીં, પોતાની બ્રેસ્ટનો ઉપયોગ કરે છે. નાદિયા ટ્રેઈન્ડ પેઈન્ટર નથી. તેને તો મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં કરીઅર બનાવવી છે. જો કે છેલ્લા એખ દોઢ વર્ષથી તેણે સાવ જ હટકે પેઈન્ટિંગની શરૂઆત કરી છે. તે પોતાના જ બોડી પર અલગ અલગ રંગો લગાવી દે છે અને પછી કેન્વાસ પોતાના બોડી સાથે વીંટાળીને એમાંથી ચિત્રોનું નિર્માણ કરે છે. તે પેઈન્ટિંગ શીખવા ગયેલી ત્યારે તેના એક ટીચરે તેને બ્રેસ્ટનો ઉપયોગ કરીને પેઈન્ટ કરવાનું અસાઈન્મેન્ટ આપેલું. નાદિયાએ એ અસાઈન્મેન્ટ તો પૂરું કરું જ પણ પછી તેને એમાં જ મજા આવવા લાગી એટલે તેણે એને જ પોતાની આગવી સ્ટાઈલ બનાવી દીધી.

## વાનગીઓ

### નાન ખટાઈ



**સામગ્રી :** ૩/૪ કપ મેંદો-ઘઉંનો લોટ, ૧/૪ કપ ચણાનો લોટ, ૧/૪ ટીસ્પૂન બેકિંગ પાઉડર, ૧/૪ ટીસ્પૂન બેકિંગ સોડા, ૧/૨ ટીસ્પૂન એલચી પાઉડર, ૧/૨ કપ દળેલી ખાંડ, ૧/૩ કપ ઘી

**રીત :** એક બાઉલ મેંદો અને ચણાનો લોટ ચાળીને મિક્સ કરો. તેમા એલચી પાઉડર અને બેકિંગ સોડા, બેકિંગ પાઉડર નાંખો, ત્યાર બાદ દળેલી ખાંડ નાંખો, બધી સામગ્રી બરાબર મિક્સ કરો. લોટમાં થોડું થોડું ઘી નાંખતા જઈ લોટ બાંધો, લોટો ડ્રાય હોવો ન જોઈએ પરંતુ બધુ બરાબર મિક્સ થવું જોઈએ. લોટને મસળો નહીં. મિશ્રણના બાર સરખા ભાગ કરી બોલ્સ વાળો. જો મિશ્રણ ડ્રાય હોય તો એનો અર્થ એ કે ઘી ઓછું પડ્યું છે. એક ટીસ્પૂન નાખી મિક્સ કરો. બોલને ચપટા કરી બેકિંગ ટ્રેમાં ગોઠવો. ઓવનને ૧૮૦ અંશ સે. તાપમાને પ્રીહીટ કરો. ઓવન ઓચામાં ૧૫ મિનિટ તો પ્રીહીટ થવું જ જોઈએ. નાનખટાઈ ટ્રે ઓવનમાં મૂકી ૧૦ મિનિટ બેક કરો. નાનખટાઈ કાઢી વાયર રેક પર મૂકી ઠંડી કરો. જો ગરમ ટ્રેમાં જ રાખશો તો એ વધારે બ્રાઉન થઈ જશે. ઠંડી પડે એટલે એરટાઈટ ડબ્બામાં ભરી દો.

### કાજુ-પિસ્તા કુકીઝ



**સામગ્રી :** ૧/૨ કપ મેંદો, ૧/૨ ટીસ્પૂન વેનિલ કસ્ટર્ડ પાઉડર, મીઠુ, ૧/૨ કપ અનસોલ્ટેડ બટર, ૧/૨ ટીસ્પૂન દળેલી ખાંડ, ૧/૨ ટીસ્પૂન એલચી પાઉડર, ૧/૪ ટીસ્પૂન વેનિલા એસેન્સ, ૧/૨ કપ કાજુપિસ્તા, ૧/૨ ટેબલસ્પૂન દૂધ

**રીત :** એક બાઉલમાં મેંદો, કસ્ટર્ડ પાઉડર, અને મીઠું ચાળો, એક બાઉલમાં બટર અને દળેલી ખાંડ હેન્ડ મિક્સરથી લાઈટ અને ફલકી થાય ત્યાં સુધી આશરે બે-ત્રણ મિનિટ બીટ કરો. તેમાંવેનિલા એસેન્સ, કેવડા એસેન્સ અને એલચી પાઉડર નાખી બરાબર મિક્સ કરો. ત્યાર બાદ મેંદાનું મિશ્રણ અને સમારેલા કાજુપિસ્તા નાંખો. તેમાં એકી વખતે એક ટેબલસ્પૂન દૂધ નાખી લોટ બાંધો. લોટના બે ભાગ કતરો. તેનો લાંબો રોલ વાળી ક્લિગ ફિલ્મમાં રેપ એક-બે કલાક ફ્રીજમાં રાખો. લોટ ચીલ્ડ થઈ જાય એટલે એની સ્લાઈસ કરી બેકિંગ ટ્રેમાં ગોઠવી ઉપર થોડા કાજુપિસ્તા ભભરાવો. પ્રીહીટેડ ઓવનમાં મૂકી ૩૫૦ અંશ કે તાપમાન ૧૬-૧૬ મિનિટ બેક કરો. કુકીઝ ઠંડી પડશે એટલે ક્રિસ્પ થશે. ઠંડી પડે ડબ્બામાં મૂકી દો.

### ફરસી પુરી



**સામગ્રી :** ૫૦૦ ગ્રામ - મેંદો, ૧૫૦-ગ્રામ - રવો, ૨ ચમચી-અજમો, ૧-૨ ચમકી-બેકિંગ સોડા, ૧ ચમકી - કાળામરી પાઉડર, મીઠું, મોણ માટે - તેલ, તળવા તેલ

**રીત :** સૌપ્રથમ મેંદો અને રવાને ભેગા કરી ચાળી લો. ત્યાર પછી તેમા અજમો, મીઠું, બેકિંગ પાઉડર અને બે-ત્રણ ચમચી તેલનું મોણ નાખી નવશેકા પાણીથી કઠણ લોટ બાંધી લો. તેને અડધો કલાક સુધી રાખી મૂકો. હવે તેમાંથી લુઆ બનાવીને જાડી ગોળ પૂરી વણી લો. આ પૂરીને અંગૂઠાથી વચ્ચે દબાવી દો. આ રીતે બધી પૂરી વણી લો. હવે એક કઢાઇમાં તેલ ગરમ કરી લો. તૈયાર પુરીને ગરમ તેલમાં તળી લો. તે બન્ને તરફથી આછા બ્રાઉન રંગની થાય એટલે તેને નીકાળી લો. તૈયાર છે ગરમા ગરમ ફરસી પુરી.

## ક્રોસવર્ડ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | ૯ | | ■ | |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | | | ■ | ૧૩ | ■ |
| ■ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | ૧૬ | | |
| ૧૭ | | ૧૮ | ■ | ૧૯ | | ■ | | ■ | ■ |
| | ■ | ૨૦ | | ■ | ■ | ■ | ૨૧ | ૨૨ | ૨૩ |
| ૨૪ | ૨૫ | | ■ | ૨૬ | | ૨૭ | ■ | ૨૮ | |
| ■ | | ■ | ૨૯ | | ■ | ૩૦ | | ■ | |
| ૩૧ | | ૩૨ | ■ | ૩૩ | ૩૪ | | ■ | ૩૫ | ■ |
| | ■ | | ■ | ■ | | ■ | ૩૬ | | |

**આડી ચાવી :**
(૧) ઊત્તરાયણ (૬)
(૫) નાગોનો રાજા (૩)
(૭) ભાવ, સ્નેહ (૨)
(૮) ભરોસો, પતીજ, સાબિતી (૩)
(૧૦) પોચું, ઢીલું, નમ્ર (૩)
(૧૨) અપ્રત્યક્ષ, ગેરહાજર (૩)
(૧૪) જળ, પાણી (૨)
(૧૫) પતંગ (૪)
(૧૭) લૂંટારો (૩)
(૧૯) રાત્રિ ભોજન (૨)
(૨૦) કર, દાપું, વેરો (૨)
(૨૧) લીલા રંગનું રત્ન (૩)
(૨૪) કાયદેસર, વાજબી, વિહિત (૩)
(૨૬) મનમાં ઉત્પન્ન થયેલું (૩)
(૨૮) અનુમાન, કલ્પના (૨)
(૨૯) નકામું, સારહીન (૨)
(૩૦) જલ્લાદ, વિપુલતા (૨)
(૩૧) કલેશ, પ્રાતાપ (૩)
(૩૩) ઘરડું, વૃદ્ધ (૩)
(૩૬) જોર વિનાનું, નબળું (૩)

**ઊભી ચાવી :**
(૧) મહેનત, માથાકૂટ (૩)
(૨) કૃપા, દયા (૩)
(૩) સાધુ પુરુષ (૨)
(૪) અંગારો, તણખો (૩)
(૫) ક્રમ, ઘોડો (૨)
(૬) પતંગ ચગાવવા બાંધવી પડે (૨)
(૯) દેવોનો શિલ્પી (૩)
(૧૧) યમુના નદી (૩)
(૧૨) દરકાર, ગરજ (૩)
(૧૩) અપરાધ, દોષ (૨)
(૧૬) કૃત્રિમ, બનાવટી (૩)
(૧૭) કજિયો, કંકાસ (૩)
(૧૮) દારૂનો દુકાનદાર (૩)
(૨૨) ટેવ, લગની (૨)
(૨૩) કપિ, વાનર (૩)
(૨૫) પત્તા વગરનું, ગુમ (૩)
(૨૬) રોગ, વાવડ (૩)
(૨૭) બાવાઓનો સમૂહ (૩)
(૩૧) પથ્થર, સંયોગ, સોબત (૨)
(૩૨) ચિઠ્ઠી, પાંદડું (૨)
(૩૪) પરમેશ્વર, પરવર દિગાર (૨)
(૩૫) પતંગ ચગાવવાનો દોર (૨)

ઉકેલ માટે જુઓ પેજ નં.૨૭

## મારવલ ફિલ્મને લઇને ટિકા ટિપ્પણી અયોગ્ય નતાલી પોર્ટમેન



લોસએન્જલસ : દ ડાર્ક વર્લ્ડની લોકપ્રિય અભિનેત્રી નતાલી પોર્ટમેને મારવલ મુવીને લઈને ચાલી રહેલી ટિકા વચ્ચે હવે પોતાની પ્રતિક્રિયા આપી છે. તેનું કહેવું છે કે, દરેક પ્રકારની ફિલ્મોનું નિર્માણ કરી શકાય છે. કોઈપણ પ્રકારની ફિલ્મ નહીં બનાવવા માટે કોઈ કારણ રહેલા નથી. કલાને તૈયાર કરવા માટે કોઈ એક ખાસ પ્રકારનો રસ્તો નથી. નતાલી પોર્ટમેન વર્ષ ૨૦૨૧માં રજૂ થઈ રહેલી મારવલ સિનેમેટિક યુનિવર્સમાં વાપસી કરવા જઈ રહી છે. થોર લવ એન્ડ થન્ડર નામની આ ફિલ્મમાં તે જૈન ફોસ્ટર તરીકેની ભૂમિકામાં વાપસી કરવા જઈ રહી છે. તેનું કહેવું છે કે, કોમેક બુક ઉપર આધારિત આ ફિલ્મનું નિર્માણ થઈ રહ્યું છે. આ ફિલ્મમાં ડે ટુ ડે જીવનના સંદર્ભમાં માહિતી આપવામાં આવશે. લોકો કઈરીતે લાઈફ ગાળે છે અને સંઘર્ષ કરે તેના પર આધારિત આ ફિલ્મ બની રહી છે. લોકોને આ ફિલ્મ મનોરંજન કરાવશે. આ મહિનાની શરૂઆતમાં એમ્પાયર મેગેઝિન સાથેની વાતચીતમાં માર્ટિન સ્કોર્સ અને ફ્રાન્સિસ ફોર્ડ તરફથી ફિલ્મને લઈને ટિકાટિપ્પણી કરવામાં આવી હતી. પોર્ટમેનનું કહેવું છે કે, મારવલ ફિલ્મ સિરિઝ ખુબ લોકપ્રિય થઈ છે કારણ કે આ ફિલ્મો મનોરંજન આપી રહી છે.

## જેનિફરે ઈન્સ્ટાગ્રામ પર એક દિવસમાં ૧૧.૨ મિલિયન ફોલોઅર્સનો રેકોર્ડ કર્યો



હોલિવૂડ અભિનેત્રી જેનિફર એનિસ્ટને ગયા દિવસે તેના ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. જેનિફર હવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ દ્વારા તેના ચાહકો સાથે પણ જોડાશે. જેનિફરએ ઈન્સ્ટા પર ડેબ્યૂ કર્યુ છે. જેનીફરે તેની શરૂઆત કરી ત્યારે તેણે એક નવો રેકોર્ડ બનાવ્યો. તેની પાસે એટલી વિશાળ ફેન ફોલોઈંગ છે કે તે ઈન્સ્ટાગ્રામ પર આવતાની સાથે જ એક જ દિવસમાં ૧૧.૨ મિલિયન ફોલોઅર્સ પર પહોંચી ગઈ છે અને સંખ્યા વધી રહી છે. સોશિયલ મીડિયા પર તસવીર શેર કરતા તેણે લખ્યું ''અને હવે આપણે પણ ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડ બની ગયા છીએ, હાય ઈન્સ્ટાગ્રામ.'' જેનિફરે અમેરિકન કોમેડી ટીવી શ્રેણી 'ફ્રેન્ડ્સ'માં રશેલ પાત્ર ભજવીને પ્રસિદ્ધિ મેળવી. આ સિવાય તેણે 'બ્રુસ ઓલમાઈટી', 'ટ્રેઈલિંગ', 'માર્લી એન્ડ મી', 'ધ સ્વીટ' જેવી ઘણી સફળ ફિલ્મો કરી છે. જણાવી દઈએ કે જેનિફર એનિસ્ટન બ્રાડ પિટની પૂર્વ પત્ની છે. જો કે ૨૦૦૫માં બંને અલગ થઈ ગયા. તેણે જેનિફર સાથે લગ્ન કર્યા હતા જ્યારે બ્રાડ પિટ એન્જેલીના જોલી સાથે ડેટ કરી રહ્યો હતો.

## કેટવુમન તરીકે ક્રાવિત્જની પસંદગી કરાઈ



લોસએન્જલસ : અભિનેત્રી જોઈ ક્રાવિત્જ આગામી ફિલ્મમાં રોબિન પેટિન્સનની સાથે ભૂમિકા અદા કરનાર છે. ફિલ્મમાં રોબિન પેટિન્સને બેટમેન-બ્રુસવાયનેના રોલમાં નજરે પડશે. વિતેલા વર્ષોમાં પેટિન્સને પણ અનેક મોટી ભૂમિકાઓ અદા કરી છે. ફિલ્મમાં અન્ય સુપર સ્ટાર કલાકારો પણ કામ કરનાર છે. બેટમેન ફિલ્મના અનેક સુપરસ્ટાર અભિનેત્રી અને અભિનેતાઓ કામ કરી ચુક્યા છે. મોટા પડદા પર વાત કરવામાં આવે તો કેટવુમન તરીકેની ભૂમિકામાં ક્રાવિત્જની પસંદગી કરવામાં આવી છે. અગાઉ આ ભૂમિકામાં હેલબેરી, પાઈફર, હેટવે દ્વારા અદા કરવામાં આવી ચુકી છે. કાસ્ટિંગના સંદર્ભમાં જાહેરાત કરવામાં આવ્યા બાદથી જોઈના સગાસંબંધીઓનું કહેવું છે કે, લાંબા સમય બાદ કેટવુમન ,તરીકે તેની પસંદગી મોટા સમાચાર છે. અમને આના પર ગર્વ છે. બીજી બાજુ રોબર્ટ પેટિન્સનના સંદર્ભમાં જણાવવામાં આવી રહ્યું છે કે, તે હાલમાં પ્રમાણમાં ઓછી ફિલ્મો કરી રહ્યો છે. પ્રેમ સંબંધોમાં ઘણા સમય સુધી રહ્યા બાદ તે ફિલ્મોથી દૂર રહ્યો હતો. બીજી બાજુ રિહન્ના પણ ફિલ્મમાં કામ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે જેને ટૂંકા રોલ માટે લેવામાં આવનાર છે. ફોર્બ્સના કહેવા મુજબ ફિલ્મમાં ઘણા બધા વિલનને સામેલ કરવામાં આવશે. ફિલ્મમાં રોબિન નામના એક પાત્રની પસંદગી પણ કરવામાં આવી રહી છે. રિહન્નાને પણ ફિલ્મમાં વિલન તરીકેની ભૂમિકા જ ચમકાવવામાં આવનાર છે. આને લઈને ફિલ્મનું શૂટિંગ ટૂંક સમયમાં જ શરૂ કરાશે. ફિલ્મના શૂટિંગના સંદર્ભમાં કોઈ જાહેરાત કરાઈ નથી પરંતુ વહેલીતકે શૂટિંગ હાથ ધરીને ૨૦૨૦માં આ ફિલ્મને રજૂ કરવાની પ્રાથમિક યોજનાઓ તૈયાર કરવામાં આવી ચુકી છે.

Enjoy this Diwali with our delicious sweets and farsan

શ્રી HARI Foods
FOOD FOR ENTIRE FAMILY

દિવાળી અને નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ

Diwali Special

- Mathia
- Chora fali
- Thick Mathia
- Suvadi
- Farsi Puri
- Masala Puri
- Layer Puri
- Sakkar Para
- Masala Para
- Mix Chevado
- Gathia
- Tam Tam Gathia
- Spicy Thick Sev
- Chakri
- Plain Sev
- Fulvadi
- Mawa Ghughra
- Rava Ghughra
- Magaz
- Mohan Thal
- Churma Ladoo
- Bundi Ladoo
- Mysore
- Shrikhand
- Mango Matho
- Kesar Penda
- Malai Penda
- Ghari
- Kopra Pak
- Dudhi Halwa
- Carrot Halwa
- Jalebi
- Gulab Jamun
- Halvasan
- Kaju Katri
- Kaju Pista Roll
- Anjeer cutlet
- Kala Kand
- Milk Cake
- Chocolate Barfi
- Khoya Barfi
- Trirangi Barfi

SPECIALIZED IN CATERING, TAKE-OUT & INDIAN FAST FOODS

Catering Menu Starts from...
$5.99
(Gujarati, Kathiyawadi, Punjabi & Jain Dishes)
Delivery Service Available. Please Contact for Details

...200+
Items to Choose from



We do have a special catering menu for every occasion.

Phone : 416-850-0046
Cell : 416-949-0093
Hours : 11 am - 7 pm (Tuesday-Saturday)
Sunday : 11 am - 5pm | Closed on Monday

OUR LOCATION:
3520 McNicoll Ave. Unit#10, Scarborough, ON M1V 4C6
E-mail: info@shreeharifoods.com
Web: www.shreeharifoods.com



## કેનેડાના સમય પ્રમાણે સંવત્ ૨૦૭૫નાં દિપોત્સવી, મહાલક્ષ્મી પૂજન અને સંવત્ ૨૦૭૬ નાં નૂતનવર્ષનાં શુભ મુહૂર્ત

| | | | |
|---|---|---|---|
| **ધનતેરસ**<br>આસો વદ બારસ પરં તેરસ/ ધનતેરસ, ધનકુબેર પૂજન, ભગવાન ધન્વંતરી પૂજન | તા. ૨૫ - ૧૦ - ૨૦૧૯<br>શુક્રવાર | રાત્રે : ૨૦.૪૫ થી ૨૨.૨૦ | તા. ૨૫-૧૦-૨૦૧૯ ના દિવસે ધનતેરસ ૧૯.૧૦ થી શરૂ થાય છે.<br>તા. ૨૬-૧૦-૨૦૧૯ ના દિવસે ધનતેરસ ૧૫.૪૭ સુધી હોવાથી (ધનતેરસ તા. ૨૫-૧૦-૨૦૧૯ ના દિવસે જ કરવી) શુભ સમયમાં ધનપૂજા કરવી. |
| | તા. ૨૬ - ૧૦- ૨૦૧૯<br>શનિવાર | સવારે : ૦૮.૧૦ થી ૦૮.૫૫<br>બપોરે : ૧૨.૦૫ થી ૧૫.૪૫ | |
| **કાળી ચૌદશ**<br>આસો વદ તેરસ પરં ચૌદશ કાળી ચૌદશ / રૂપ ચૌદશ | તા. ૨૬ - ૧૦ - ૨૦૧૯<br>શનિવાર | સાંજે : ૧૭.૨૦ થી ૧૮.૫૫<br>રાત્રે : ૨૦.૪૫ થી ૨૪.૦૦ | તા. ૨૬-૧૦-૨૦૧૯ ના દિવસે કાળીચૌદશ ૧૫.૪૮ થી શરૂ થાય છે. જેથી ભગવાન ઘંટાકર્ણ મહાવીર પૂજા, હનુમાનજીની પૂજા-અર્ચના, બટુક ભૈરવ પૂજા-અર્ચના તેમજ મંત્ર સાધના, અનુષ્ઠાન માટે ઉત્તમ. |
| **શુભ દિપોત્સવી**<br>મહાલક્ષ્મી પૂજા (આસો વદ ચૌદશ પરં અમાસ) દિવાળી | તા. ૨૭ - ૧૦ - ૨૦૧૯<br>રવિવાર | બપોરે : ૧૩.૨૫ થી ૧૪.૩૫<br>સાંજે : ૧૮.૧૦ થી ૨૨.૨૦<br>રાત્રે : ૦૧.૫૦ થી ૦૩.૨૦<br>(તા. ૨૭ મી મળસ્કે ને ૨૮ મી સવારે) | તા. ૨૭-૧૦-૨૦૧૯ ના દિવસે બપોરે ૧૨.૨૫ સુધી નરક ચતુર્દશી છે. તે પછી દિપોત્સવી શરૂ થાય છે. ૨૭.૧૮ સુધી ચિત્રા નક્ષત્ર છે. ત્યારપછી જ સ્વાતિ નક્ષત્ર છે. જેમને અમાસ અને સ્વાતિ નક્ષત્રમાં પૂજા કરવી હોય તેમને લાભના ચોઘડિયામાં અને સિંહ લગ્નમાં ( ધનપૂજન, લક્ષ્મી-કુબેર પૂજન, ચોપડા પૂજન, ગાદી બિછાવવા, નવા સિક્કા, સોના-ચાંદી, જવેલરીનાં પૂજન માટે )પૂજા કરવી. |

## દિપોત્સવીના દિવસે સ્થિર લગ્ન આ પ્રમાણે છે.

વૃશ્ચિક લગ્ન સવારે : ૦૮.૩૯ થી ૧૧.૦૬
કુંભ લગ્ન બપોરે : ૧૪.૩૩ થી ૧૫.૪૧

વૃષભ લગ્ન સાંજે : ૧૮.૦૫ થી ૧૯.૫૦
સિંહ લગ્ન રાત્રે : ૦૦.૪૬ થી ૦૩.૨૧ (તા. ૨૭ મી મળસ્કે અને ૨૮ મી સવારે )

## નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ સાથે નવા વર્ષની શુભ શરૂઆતના મુહૂર્ત આ પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| **બેસતુ વર્ષ**<br>આસો વદ અમાસ પરં કારતક સુદ પડવો (એકમ) નૂતન વર્ષ સંવત્ ૨૦૭૬/ જૈન સંવત્ ૨૫૪૬ | તા. ૨૮ - ૧૦ - ૨૦૧૯<br>સોમવાર | સવારે : ૦૯.૩૨ થી ૧૦.૪૦<br>બપોરે : ૧૩.૨૫ થી ૧૮.૫૦ | સવારે ૦૯.૧૦ સુધી અમાસ છે. ત્યારપછી પડવો શરૂ થતો હોવાથી (વિક્રમ સંવત ૨૦૭૬, વિરોધકૃત નામ સંવત્સરારંભ, અન્નકૂટ, ગોવર્ધનપૂજા) નવા વર્ષના મુહૂર્ત, મુહૂર્તના સોદાઓ આપ દર બેસતા વર્ષે કરતાં હોવ તેના શુભ મુહૂર્ત આ પ્રમાણે છે. |
| | વિજય મુહૂર્ત | -------- ૧૧.૫૦ થી ૧૨.૧૪ | |
| **ભાઈબીજ**<br>કારતક સુદ બીજ ભાઈબીજ ભરતદ્વિતીયા | તા. ૨૯ - ૧૦ - ૨૦૧૯<br>મંગળવાર | સવારે : ૦૯.૩૦ થી ૧૩.૧૫<br>સાંજે : ૧૮.૫૭ થી ૨૦.૩૫<br>રાત્રે : ૨૨.૨૫ થી ૨૪.૦૦ | બહેન ભાઈને આમંત્રણ આપી આત્મીય સ્નેહ વધારવાનું પોતાની રક્ષા માટે આત્મવિશ્વાસ જાગૃત કરવાનો દિવસ. |
| **લાભ પાંચમ**<br>કારતક સુદ પાંચમ લાભપાંચમ/ જ્ઞાન પંચમી/ સૌભાગ્ય પંચમી | તા. ૦૧ - ૧૧ - ૨૦૧૯<br>શુક્રવાર | સવારે : ૦૬.૫૭ થી ૧૦.૨૫<br>બપોરે : ૧૨.૦૫ થી ૧૩.૧૫<br>બપોરે : ૧૫.૫૫ થી ૧૭.૦૫ | લાભપાંચમ ના દિવસે નવા વર્ષની શુભ શરૂઆત માટે શુભ મુહૂર્ત આ પ્રમાણે છે. |

ડૉ. મહેશ દશોરા
જ્યોતિષાચાર્ય, યોગ-મેડિટેશન, વાસ્તુ એક્સ્પર્ટ
વિનાયક જ્યોતિષ કાર્યાલય
D- 619 ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર ( આઈ.ટી.સી.) મજૂરાગેટ ચાર રસ્તા, સુરત,
ફોન નં: (0261)2477880/4868881(M .94261-35316)

DHAMMA TORANA
# ONTARIO VIPASSANA CENTRE
Vipassana Meditation as taught by S.N.Goenka in the tradition of Sayagi U Ba Khin
Ontario Vipassana Centre, 6486 Simcoe County Road 56, Egbert, Ontario, L0L 1N0, Canada


Shri S.N. Goenka

+1705-434-9850 GENERAL (info@torana.dhamma.org)
CONTACT US www.torana.dhamma.org
REGISTRATION +1705-434-9850 (registration@torana.dhamma.org)


Sayagyi U Ba Khin

CANADIAN CENTRES : Dhamma Suttama (QC), Dhamma Surabhi (BC), Dhamma Modana (BC), Dhamma Karuna (AB)

### કોણ ભાગ લઈ શકે ?

વિપશ્યના બૌદ્ધ પરંપરામાં સુરક્ષિત રહી હોવા છતાં એમાં કોઈ સાંપ્રદાયિક તત્વ નથી. કોઈ પણ પૃષ્ઠભૂમિની વ્યક્તિ એને અપનાવી શકે છે અને એનો લાભ લઈ શકે છે. વિપશ્યનાની શિબિર એવા લોકો માટે છે કે જે ઈમાનદારીપૂર્વક આ વિધિ શીખવાની ઈચ્છા ધરાવે છે. એમાં કુળ, જાતિ, ધર્મ અથવા રાષ્ટ્રીયતા આડે આવતા નથી. હિન્દુ, મુસ્લિમ, જૈન, શીખ, પારસી, યહૂદી, બૌધ્ધ સૌ કોઈ વિપશ્યના શિબિરોમાં સહજ રીતે જોડાઈ રહેલ છે. સામાન્ય માનવી માત્રથી આ સમન્વયની ભાવના અટકતી નથી. હિન્દુ મહંતો, જૈન મુનિઓ અને સાધ્વીજીઓ, બૌધ્ધ ભિક્ષુઓ, ખ્રિસ્તી પાદરીઓ એમ દરેક પરંપરાના ધર્મ ગુરુઓ આ સાધનામાં સંમિલિત થઈ રહ્યા

### ઓન્ટેરિયો વિપશ્યના સેન્ટરમાં કઈ કઈ શિબિરોનું આયોજન થાય છે ?

અહીં મહીલા તથા પુરુષ સાધકો માટે ૧૦ દિવસની ધ્યાન શિબિરોનું અવિરત આયોજન થતું હોય છે. ૮ થી ૧૭ વર્ષ સુધીના બાળકો માટે પણ ૧-૧ દિવસની શિબિર યોજાઈ છે. જેમણે વિપશ્યના સાધના હજુ સુધી બિલકુલ કરેલ જ નથી તેવા લોકો પણ આનાપાનની સાધના સમજે, શીખે, અને દરરોજ ઘેર જઈ સાધના કરે તેનુ માર્ગદર્શન પણ આપવામાં આવે છે.

### વિપશ્યના શું છે?

વિપશ્યના ભારતની એક અત્યંત પુરાતન સાધના વિધિ છે. વિપશ્યનાનો અર્થ થાય છે કે જે જેવું છે એને ઠીક એવી રીતે જ સ્વયંમએ અનુભવવું. વિપશ્યના આત્મનિરીક્ષણ દ્વારા આત્મશુદ્ધિની અત્યંત પુરાતન સાધના વિધિ છે. જે જેવું છે, એને ઠીક એવી જ રીતે સ્વાનુભવના આધાર પર સમજવું એ વિપશ્યના છે. લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે ભારતમાં આ પધ્ધતિ એક સાર્વજનીન રોગના સાર્વજનીન ઉપાય અર્થાત જીવન જીવવાની કળાના રૂપમાં શીખવવામાં આવતી હતી. પોતાના નૈસર્ગિક શ્વાસના નિરીક્ષણથી આરંભ કરીને, પોતાના શરીર અને ચિત્તધારા પર પળે પળ નિમિત્તક પરિવર્તનશીલ ઘટનાઓનું તટસ્થભાવે નિરીક્ષણ કરતા કરતા સાધક અનિત્ય, દુઃખ અને અનાત્મના સાર્વત્રિક સત્યો પ્રત્યક્ષ અનુભવે છે. ચિત્ત-વિશોધન અને સદગુણ-વર્ધનનો આ અભ્યાસ સાધકને કોઈ સાંપ્રદાયિક આલંબનોમાં બાંધતો નથી. આ કારણસર વિપશ્યના સાધના સર્વગ્રાહ્ય છે, કોઈ ભેદભાવ વિના બધાજ માટે સમાનરુપે કલ્યાણકારીણી છે. આ સાધના-વિધિનો ઉદેશ્ય વિકારોનું સંપૂર્ણ નિર્મૂલન અને પરમ વિમુક્તિની અવસ્થા સુધી પહોંચાડવાનો છે.

### વિપશ્યનાના લાભો

વિપશ્યનાનો નિયમિત અભ્યાસ કરનાર સાધક માનસિક વિકારો જેવાકે ક્રોધ, ડર, ચિંતા, લોભ, વ્યાકુળતા વિગેરેમાં થી કમશ : મુક્તિ મેળવે છે. તેમજ તે માનસિક તણાવો અને બેચેનીથી મુક્તિ મેળવી અને મનની વાસ્તવિક શાંતિ પ્રાપ્ત કરે છે. તે વર્તમાન પ્રત્યેની જાગૃતિ કેળવી અને મન પર નિયંત્રણ મેળવી ચારિત્રના નિમાર્ણ સાથે આત્મમંગલ કરતા સર્વ મંગલની ભાવના કેળવે છે. વિપશ્યનાનો નિયમિત અભ્યાસ કરનાર બીજાના દુઃખો પ્રતિ અધિક સંવેદનશીલ થતા હોય છે. તદુપરાંત વ્યાકુળતા વગર મૈત્રી, કરૂણા અને સમતા સભર ચિત્તથી બીજાના દુઃખોને દુર કરવા દરેક રીતે પ્રયત્નશીલ બનતા હોય છે. એમનામાં એક પવિત્ર તટસ્થતા આવતી હોય છે, કે જેથી કરીને તેઓ મનનું સંતુલન ગુમાવ્યા વગર બીજાની મદદ કરવામાં પૂર્ણરૂપે વચનબધ્ધ બની રહે છે.

### એગબર્ટમાં વિવિધ શિબિરનું આયોજન

૩૦ ઓક્ટો.થી ૧૦ નવે.(૧૦ દિવસ) એગબર્ડ ખાતે
૧૩ નવે. થી ૨૪ નવે. (૧૦ દિવસ) એગબર્ડ ખાતે
રજિસ્ટ્રેશન માટે (registration@torana.dhamma.org) પર સંપર્ક કરો

**વિપશ્યના શિબિરમાં આવનાર દરેક સાધકનો રહેવાનો, ખાવા-પીવાનો કે સાધના શીખવાનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. વિશ્વભરની બધી વિપશ્યના શિબિરો જૂના સાધકોના સ્વેચ્છાથી અપાયેલા દાનથી ચાલતી હોય છે.**

# BOMBAY FOOD

**2875 Lawrence Ave. E., Scarborough**

**416.264.1614**

*This Week Special*

| | | | |
|---|---|---|---|
| T- Bone Steak $4.99 LB | Medium Qeema $3.99 LB | Veal With Bone $2.99 LB | Lamb Shoulder $5.39 LB |
| Chicken Leg $1.89 Cut and Clean | MADINA BURGER, STRIPS, NUGGETS $4.29 each | Nayab Rice $5.49 8 LB | Zaika Rice $10.99 10 LB |
| Falak basmati $8.99 10 LB | India Gate Premium $9.99 10 LB 2 For $ 20 | Surti Snacks $1.77 Each | Kem chho snacks $1.99 each |
| Gits Product $1.29 Each / Selected Variety | Jivraj Tea $7.99 2 LB | Almond Big Size $4.99 LB | Cashew Big Size $5.99 LB |
| Deep Mango Pulp $1.49 Each | Golden Temple Atta $8.99 20 LB | Shan Masala $1.00 Each | Crispy cake rusk $3.99 650 gm |
| Turmeric Powder $99 cent 200 gm | CORRIRNDER AND CUMIN MIX POWDER $99 cent 200 gm | Cumin powder $99 cent 200 gm | Zaika Tandoori Masala $ 7.99/ 710 gm |
| TOOBA GINGER AND GARLIC PASTE $3.50 each 2 for $5.99 | AGAR AGAR SPECIAL IN THE STORE | | Global Choice Besan $2.99 4 LB |
| Indian bhindi $2.99 LB | Guar sing $2.99 LB | BARAR GHEE $ 21.99 1600 gm | Cinnamon flat $ 99 cent 100 gm |

Bombay foods reserve the right to correct any errors and to limit quantities. Products in this flyer are on sale till quantities last. No ainchecks. Some illustrations / pictures in this flyer may vary from actual products(s) and do not necessarily represent the item on sale. We may as our right could correct any unintentional errors whether in copy, prices and illustrations. All sales are final. No exchange or refund on products included in this flyer. Commercial resale of our products mentioned in this flyer is prohibited.

# યુપી-હિમાચલમાં ભાજપ તેમજ અન્ય રાજ્યોમાં કોંગ્રેસ-પ્રાદેશિક પક્ષો છવાયાં

નવી દિલ્હી : લોકસભાની બે અને ૧૭ રાજ્યો તથા એક કેન્દ્ર શાસિત પ્રદેશમાં ૨૧મી ઓક્ટોબરે યોજાયેલી ૫૧ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીની ગુરુવારે મતગણતરી હાથ ધરાઈ હતી. જેમાં ભાજપ અને તેના સહયોગી પક્ષો ૩૦ વિધાનસભા બેઠકો જીતવામાં સફળ રહ્યા હતા જ્યારે કોંગ્રેસને ૧૨ અને બાકીની બેઠકો પ્રાદેશિક પક્ષોને હાંસલ થઈ હતી. મહારાષ્ટ્રમાં સતારા લોકસભા બેઠકની ૫ ટા ચૂંટણીમાં એનસીપીના ઉમેદવાર શ્રીનિવાસ પાટિલે ભાજપના ઉદયનરાજે ભોંસલેને પરાજિત કરતાં મોટો આંચકો મળ્યો હતો. જ્યારે બિહારની સમસ્તીપુર બેઠક પર લોકજનશક્તિ પાર્ટીના ઉમેદવાર પ્રિન્સ રાજનો કોંગ્રેસના ઉમેદવાર અશોકકુમાર સામે વિજય થયો હતો.

ઉત્તરપ્રદેશમાં ભાજપને ૧૧માંથી ૭ બેઠક, બે સપાને, એક-એક બસપા અને અપનાદલના ફાળે ગઈ છે. તામિલનાડુમાં એઆઈએડીએમકેને વિક્રાવંડી અને નનગુનેરી બેઠકો મળી છે. રાજસ્થાનમાં માંડવા બેઠક કોંગ્રેસ અને ખિન્વસર વિધાનસભા બેઠક RLDના ફાળે ગઈ છે. એજ રીતે પંજાબમાં કોંગ્રેસને ૩, SADને એક બેઠક મળી હતી. છત્તીસગઢમાં ચિત્રકોટ બેઠક પર કોંગ્રેસનો વિજય થયો છે. બિહારમાં સ્મૃતિ બખ્તિયારપુર બેલહાર બેઠક પર આરજેડી તો કિશનગંજ બેઠક ઔવૈસીની પાર્ટીને તથા દરૌંધા બેઠક અપક્ષ અને નાથનગર જદયુને ફાળે ગઈ છે. કેરળમાં બે પર એલડીએફ અને બે પર યુડીએફ અને એક પર ઈન્ડિયન મુસ્લિમ લીગનો વિજય થયો છે.

મધ્યપ્રદેશના ઝાબુઆ બેઠક પર કોંગ્રેસનો વિજય થયો છે. ઓડિશાની બિજેપુર વિધાનસભા બેઠક બીજુ જનતાદળના ફાળે ગઈ છે. હિમાચલપ્રદેશની ધરમશાલા અને પાછડ બેઠકો ભાજપને ફાળે ગઈ છે. આસામની ચાર વિધાનસભા બેઠકોમાંથી ૩ ભાજપ અને એક એઆઈયુડીએફના ફાળે ગઈ છે.

# ભાજપની હારની શરૂઆત થઈ ગઈ છે : કોંગી નેતા આનંદ શર્મા

નવીદિલ્હી : મહારાષ્ટ્ર અને હરિયાણામાં કોંગ્રેસ પાર્ટી સરકાર બનાવવાથી ખુબ દૂર રહી છે પરંતુ ભારતીય જનતા પાર્ટીને અપેક્ષા કરતા ઓછી સફળતા મળતા કોંગ્રેસ પાર્ટીના લોકો આને પોતાની સફળતા ગણી રહ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા આનંદ શર્માએ આજે કહ્યું હતું કે, આ પરિણામને ભારતીય જનતા પાર્ટી જીત તરીકે ગણી રહી છે પરંતુ હકીકતમાં તેમની હાર થઈ છે. તેમણે કહ્યું હતું કે, જો ભાજપ અધ્યક્ષને આ તેમની જીત લાગે છે તો તેમને પોતાની જીતના અર્થ બદલવાના રહેશે. કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે, મહારાષ્ટ્રમાં ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપને ૫૨ ટકા મત મળ્યા હતા જ્યારે કોંગ્રેસને ૩૨ ટકા મત મળ્યા હતા. સામાન્ય ચૂંટણીમાં ભાજપને ૨૦૩ વિધાનસભા સીટ પર લીડ મળી હતી. ભાજપે ૨૪૦ સીટો સાથે સત્તામાં આવવાની વાત કરી હતી પરંતુ તેમના ગઢબંધનને માત્ર ૧૫૯ સીટો મળી છે.

આજની હારની સાથે જ ભારતીય જનતા પાર્ટીને મોટી ટેન્શન પણ મળી ગઈ છે. આવી જ રીતે હરિયાણામાં સામાન્ય ચૂંટણીમાં ભાજપ પાસે ૫૮ ટકા મત હિસ્સેદારી હતી. ચાર મહિનાના ગાળામાં જ તેમને ૫૯ સીટ પર લીડ મળી હતી પરંતુ હવે સ્થિતિ એ છે કે, ભાજપ રાજ્યમાં પોતાની બહુમતિ ગુમાવી ચુક્યો છે.

# તોપમારો નહીં, સીધો પરમાણુ બોમ્બ જ ફેંકીશુ : શેખ રાશીદ

ઈસ્લામાબાદ : પાકિસ્તાનના રેલવે પ્રધાન શેખ રાશીદે એકવાર ફરી પરમાણુ હુમલાની ધમકી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારતની સાથે આ વખતે પરંપરાગત યુદ્ધ નહીં થાય. રશીદે જણાવ્યું હતું કે આ વખતે ચારથી છ દિવસ સુધી તોપો નહીં ચાલે. હવાઈ હુમલા કે નેવીના ગોળા નહીં ચાલે. પાકિસ્તાને ભારતનું નામ લીધા વગર હુમલાની ધમકી આપી હતી. એવા અહેવાલો છે કે પાકિસ્તાન માત્ર ધમકી જ નથી આપી રહ્યું તેણે સરહદે હાલ મોટા પ્રમાણમાં જવાનોને તૈનાત કરી દીધા છે. હાલ ટૅંકોને સરહદ તરફ લઈ જવાનું કામ શરૂ કરી દીધુ છે. સોમવારે જ પાકિસ્તાને સરહદે પોતાની સૈન્ય સંખ્યાને વધારી દીધી હતી. આ માટે તે કોઈ મોટી નાપાક હરકત કરવાની તૈયારીમાં લાગી ગયુ છે. પાકિસ્તાનના નેતા શેખ રશીદે ભારત પર પરમાણુ હુમલાની ધમકી આપી હતી. રશીદે ફરી દાવો કર્યો હતો કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ગમે ત્યારે પરમાણુ હુમલો થવાનું નક્કી છે.

# ઈનોવેશન ક્ષેત્રમાં ગુજરાતની નવી સિદ્ધિ: ૧૭ રાજ્યોમાં નવમાં ક્રમે

અમદાવાદ : ગુજરાતમાં ઈનોવેશનના ક્ષેત્રમાં ઉલ્લેખનીય પ્રગતિ થઈ રહી છે પરંતુ ૧૭ મોટા રાજ્યોની ગણતરી કરવામાં આવે તો ગુજરાત નવમાં સ્થાને પહોંચે છે. કર્ણાટક ૩૫.૬૫ના સ્કોર સાથે પ્રથમ સ્થાને છે. આ યાદીમાં તમિળનાડુ બીજા અને મહારાષ્ટ્ર ત્રીજા સ્થાને છે. મોટા રાજ્યોની વાત કરવામાં આવે તો મહારાષ્ટ્ર ઈનોવેશનના મામલામાં ગુજરાતથી આગળ છે. ભારતની પોલિસી થીંક ટેંક નીતિ આયોગ દ્વારા ગયા સપ્તાહમાં ઈન્ડિયા ઈનોવેટિવ ઈન્ડેક્સના આંકડા જારી કરવામાં આવ્યા હતા. ઉત્તરપૂર્વના રાજ્યોની વાત કરવામાં આવે તો આમા સિક્કિમ પ્રથમ સ્થાન પર છે જ્યારે પહાડી રાજ્યોમાં પણ સિક્કિમ આગળ છે. બીજી બાજુ કેન્દ્ર શાસિત પ્રદેશો અને નાના રાજ્યોની વાત કરવામાં આવે તો દિલ્હી આ યાદીમાં સૌથી આગળ છે. આવી જ રીતે ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ ફોર્મેટના આધાર પર ગુજરાત પણ પાછળ રહ્યું નથી. ગુજરાત ૧૬.૮૬ના સ્કોર સાથે નવમાં સ્થાને છે જ્યારે ઝારખંડ ૬.૨૦ના સ્કોર સાથે ૧૭માં ક્રમ પર છે. વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટઅપ દ્વારા ગુજરાતમાં વ્યાપક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનના સભ્ય અનિલ ગુપ્તાએ કહ્યું છે કે, વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટઅપ દ્વારા ઉલ્લેખનીય પહેલ થઈ રહી છે.

# અમદાવાદમાં પીક-અપ વાન સ્ટેન્ડમાં ઘૂસી જતાં ત્રણના મોત

અમદાવાદ : અમદાવાદ શહેરના નરોડા વિસ્તારમાં એક બોલેરો પીક-અપ વાન ચાલકે પોતાનું વાહન ગંભીર બેદરકારીપૂર્વક હંકારી એએમટીએસ બસ સ્ટોપમાં ઘૂસાડી દઈ ગમખ્વાર અકસ્માત સર્જતાં ત્રણ લોકોના કરૂણ મોત નીપજયા હતા, જયારે સાતથી વધુ લોકોને ઈજા થઈ હતી. અકસ્માત સર્જનાર બોલેરો પીક-અપ વાનનો ચાલક નશામાં ધૂત હોવાની ચર્ચાએ પણ ભારે જોર પકડયુ હતુ. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક ત્યાં દોડી આવી હતી અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, બોલેરો પીક-અપ વાનના ચાલકે પોતાનું વાહન ગંભીર બેદરકારીપૂર્વક અને પૂરપાટ ઝડપે નરોડા વિસ્તારના એએમટીએસ બસ સ્ટેન્ડ પર ચઢાવી દીધી હતી, જેના કારણે બહુ ગંભીર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બસ સ્ટેન્ડ પર ઉભેલા મુસાફરો અને અન્ય લોકો પીક-અપ વાનની અડફેટે કચડાઈ ગયા હતા, જેમાં ત્રણ લોકોના કરૂણ મોત નીપજયા હતા, જયારે અન્ય સાત જણાં ઈજાગ્રસ્ત બન્યા હતા.




આ દિપોત્સવ અને નવું વર્ષ આપના જીવનમાં ચિંતા, દુઃખ, નિરાશારૂપી અંધકાર
દૂર કરીને આશા, આનંદ અને ઉમંગનો પ્રકાશ રેલાવે તેવી શુભેચ્છા સહ
Happy Diwali
SUBHASH JOSHI LAW
PROFESSIONAL CORP.
Subhash Joshi
Barrister, Solicitor & Notary Public
Supriya Joshi (J.D.)
Practices In Family Law
Family Law
• Divorce
• Custody & Support Separation & Pre-Nuptial Agreements
Criminal Charge
Assault • Theft
• Domestic Violence
Immigration
• Sponsorship
• Appeals
• Refugee Cases
• Family/Business Applications etc.
Real Estate
• Purchase/Sale Residential & Commercial
Tel: 905-362-0111
Cell: 416-788-5804
30-1530 Drew Road, Mississauga,
ON L5S 1W8 Fax: 905-362-0138
Email: sjoshilaw@gmail.com

# મહારાષ્ટ્રમાં ભાજપ-શિવસેના ગઠબંધનનો વિજય

## •ભાજપ અને શિવસેનાને ૧૬૦ સીટો હાથ લાગી, કોંગ્રેસ, એનસીપી યુતીને ૧૦૩ બેઠકો મળી



મુંબઈ : હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી યોજાયા બાદ આજે ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા જે ભારતીય જનતા પાર્ટી માટે એટલા આશાસ્પદ રહ્યા ન હતા જેટલા એક્ઝિટ પોલના તારણોમાં વાત કરવામાં આવી રહી હતી. મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટી અને શિવસેના ગઠબંધને બહુમતિ મેળવી લેવામાં સફળતા મેળવી છે.

આ ગઠબંધનને ૨૮૮ સીટો પૈકી ૧૬૦ સીટ મળી ગઈ છે. બહુમતિ માટેનો આંકડો ૧૪૫નો રહેલો છે. બીજી બાજુ મહારાષ્ટ્રમાં તમામ પરિણામ જાહેર થયા બાદ શિવસેનાને ૫૭, ભાજપને ૧૦૩, એનસીપીને ૫૩ સીટો હાથ લાગી છે. અન્ય પાર્ટીઓ ૨૯ સીટો જીતી ગઈ છે. મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરેની પણ જીત થઈ છે. આદિત્યએ આની સાથે જ રાજનીતિમાં એન્ટ્રી કરી લીધી છે. મહારાષ્ટ્રના હરિયાણાના પરિણામો જાહેર થયા બાદ તેના પડઘા દિલ્હી સુધી તરત જ પડ્યા હતા. બંને પક્ષે હરિયાણામાં સરકાર બનાવવા ઉધામાં શરૂ કરી દીધા હોવાની વિગતો મળી છે.

ભાજપ પ્રમુખ અમિત શાહ અને કોંગ્રેસના વચગાળાના પ્રમુખ સોનિયા ગાંધી પણ સક્રિય થઈ ગયા છે. બંને પાર્ટીઓએ જનનાયક જનતા પાર્ટી સાથે વાતચીત શરૂ કરી છે.

હરિયાણામાં સરકારનો દાવો પણ મુખ્યમંત્રી ખટ્ટર દ્વારા કરવામાં આવ્યો છે પરંતુ પરિણામો ચોક્કસપણે ભાજપને નિરાશામાં મુકે તેવા રહ્યા છે. અગાઉ આજે સવારે મતગણતરીની શરૂઆત થઈ હતી. એક્ઝિટ પોલના તારણ મુજબ મહારાષ્ટ્રમાં તો ભાજપ અને શિવ સેનાએ જોરદાર સપાટો બોલાવીને સત્તા જાળવી રાખવામાં સફળતા મેળવી હતી. બીજી બાજુ હરિયાણામાં એક્ઝિટ પોલના તારણો પરિણામ મુજબ રહ્યા ન હતા. મતગણતરી શરૂ થયા બાદ તરત જ મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવ સેનાએ જોરદાર લીડ મેળવી લીધી હતી. અને છેલ્લે સુધી લીડ જાળવી રાખી હતી. જ્યારે હરિયાણામાં ભારે ફેરફાર જોવા મળ્યા હતા. કેટલીક વખત ભાજપે લીડ મેળવી હતી. જ્યારે કોંગ્રેસ પણ વધારે દુર દેખાઈ રહી નથી. મહારાષ્ટ્રમાં ભાજપને બહુમતિ માટેના ૧૪૫ સીટોના આંકડા મુજબ ૧૦૩ સીટો મળી છે જ્યારે શિવસેનાને ૫૭ સીટો મળી છે. કોંગ્રેસને ૪૬ અને એનસીપીને ૫૩ સીટો મળી છે. અન્યોના ખાતામાં ૨૯ સીટો પહોંચી છે. ભાજપ અને શિવસેનાએ ૧૬૦ સીટોનો આંકડો મેળવ્યો છે જે એક્ઝિટ પોલના તારણ કરતા ખુબ ઓછો આંકડો દેખાઈ રહ્યો છે. જોકે મહારાષ્ટ્રમાં શિવસેના અને ભાજપ માટે અપેક્ષિત પરિણામો આવતા સરકાર રચવાનો માર્ગ મોકળો બની ગયો છે.

### મહારાષ્ટ્ર વિધાનસભા

| | |
|---|---|
| કુલ વિધાનસભા સીટ | ૨૮૮ |
| પરિણામ જાહેર | ૨૮૮ |
| બહુમતિ માટે આંકડો | ૧૪૫ |
| ભાજપને સીટો મળી | ૧૦૩ |
| શિવસેનાને સીટો મળી | ૫૭ |
| કોંગ્રેસને સીટો મળી | ૪૬ |
| એનસીપીને સીટો મળી | ૫૩ |
| અન્યોને સીટો મળી | ૨૯ |

### એનસીપી નેતાએ શિવસેનાને સીએમ પદની ઓફર આપી

'મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૧૯ના પરિણામ આવ્યા બાદ એનસીપીના એક નેતાએ મોટું નિવેદન આપ્યું છે. એનસીપી નેતા છગન ભુજબલે કહ્યું છે કે, શિવસેનાને ખુલ્લી ઓફર છે કે, તે અમારી સાથે આવીને મુખ્યમંત્રીનું પદ લઈને સરકાર બનાવે. છગન ભુજબલે કહ્યું કે, શિવસેનાને બીજેપી સાથે જઈને ઉપમુખ્યમંત્રી પદ જોઈએ કે પછી અમારી સાથે આવીને મુખ્યમંત્રી પદ, એ નક્કી કરી લે. બીજેપીને મહારાષ્ટ્રમાં ધાર્યું હતું તેવું પરિણામ મળ્યું નથી. ૨૦૧૪ની વિધાનસભાની ચૂંટણીમાં બીજેપીને ૧૨૨ સીટો મળી હતી. તો શિવસેનાએ ૬૩ સીટો પર જીત હાંસલ કરી હતી. ૨૦૧૪ની ચૂંટણી અલગ લડીને પણ બીજેપીએ ૧૨૨ સીટો જીતી હતી. જો કે આ વખતે શિવસેના બીજેપી ગઠબંધન કરીને ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું. પણ તેમ છતાં ગત ચૂંટણી કરતાં બીજેપીને ૨૦ સીટોનું નુક્સાન વેઠવું પડ્યું છે. એનડીએને આ વખતે ૧૬૦ સીટો મળી છે.

## મરાઠા લીડર શરદ પવારે પાર્ટીને એકલા હાથે ૫૪ સીટો અપાવી



કોઈપણ પ્રકારની એક ચૂંટણીથી કોઈપણ પાર્ટીને ફગાવી શકાય નહીં. મરાઠા લીડર શરદ પવારની પાર્ટી એનસીપીએ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં જોરદાર દેખાવ કરીને આ બાબત સાબિત કરી બતાવી છે. ચૂંટણીથી પહેલા એમ માનવામાં આવી રહ્યું હતું કે, એનસીપી માટે કોઈ વધારે સારી સ્થિતિ નથી. સ્થિતિ એ હતી કે, કોંગ્રેસની લીડરશીપે મહારાષ્ટ્રના પ્રચારમાં વધારે ઉત્સાહ દર્શાવ્યો ન હતો. પોતાની પાર્ટીના નેતાઓ ઉપર કેન્દ્રીય સંસ્થાઓના દરોડા અને પરિવારની આંતરિક લડાઈના કારણે પણ પવાર પરેશાન દેખાઈ રહ્યા હતા. જો કે, આ તમામ પ્રકારની પરિસ્થિતિ વચ્ચે શરદ પવાર એકલા મેદાનમાં રહ્યા હતા. મરાઠા ટાઈગર તરીકે ગણાતા ૭૯ વર્ષીય શરદ પવારે એકલા હાથે ચૂંટણી પ્રચારમાં ભાગ લીધો હતા.

## મહારાષ્ટ્ર ભાજપના દિગ્ગજ નેતા પંકજા મુંડેની ભાઈની સામે જ હાર



મુંબઈ : મહારાષ્ટ્ર ભાજપનુ મોટુ માથુ ગણાતા પકંજા મુંડેની વિધાનસભાની ચૂંટણીમાં પોતાના જ ભાઈના હાથે કારમી હાર થઈ છે. ભાજપના દિવંગત નેતા ગોપીનાથ મુંડેની પુત્રી પંકજા મુંડેની હારથી ભાજપમાં પણ આશ્ચર્ય છે. પરલી વિધાનસભા બેઠક પર કઝીન ધનંજય મુંડ સામે પંકજા મુંડે મેદાનમાં હતી. ધનંજય મુંડે એનસીપીના નેતા છે. પંકજાને જિતાડવા માટે ખુદ પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહે પણ ચૂંટણી પ્રચાર કર્યો હતો. આમ છતા પંકજાની હાર રોકી શકાઈ નહોતી. પંકજા પાંચ વર્ષ દરમિયાન વિવાદમાં રહ્યા હતા.તેઓ દુકાળગ્રસ્ત લાતુરની મુલાકાતે ગયા ત્યારે સેલ્ફી લેવા બદલ તેમની ટીકાઓ થઈ હતી. આ બેઠક પર ધનંજય મુંડેને ૮૮૨૯૪ અને પંકજા મુંડેને ૬૦૧૭૮ મત મળ્યા છે.

## બંને રાજ્યોના મુખ્યમંત્રીએ પ્રજાની સતત નિસ્વાર્થ સેવા કરી છે : શાહ



દિલ્હીમાં કાર્યકર્તાઓને સંબોધન કરતાં અમિત શાહે કહ્યું કે, હું હરિયાણા અને મહારાષ્ટ્રની જનતાને બીજેપીના કરોડો કાર્યકર્તાઓ તરફથી દિલથી ધન્યવાદ આપવા માગુ છું. મહારાષ્ટ્રમાં ગઠબંધનને પૂર્ણ બહુમત મળ્યું છે. જ્યારે હરિયાણામાં અમે સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી આવ્યા છે. બંને રાજ્યોની સરકારે સબકા સાથ-સબકા વિકાસને ચરિતાર્થ કરતાં પાંચ વર્ષ કામ કર્યું છે. અમે કેન્દ્રમાં ૫ મહિનામાં એટલું કામ કર્યું છે, જેટલું કામ સરકારો પાંચ વર્ષમાં કરતી હતી. બીજેપી મુખ્યાલયમાં સંબોધન કરતાં પીએમ મોદીએ કહ્યું કે, મહારાષ્ટ્ર અને હરિયાણાની જનતાએ બીજેપી પ્રત્યે જે વિશ્વાસ દેખાડ્યો છે, ભાજપ મહારાષ્ટ્ર અને ભાજપ હરિયાણાના તમામ પદાધિકારી, તમામ કાર્યકર્તા, તેઓએ પણ જનતાનો વિશ્વાસ જીતવામાં અથાગ પ્રયાસો કર્યા છે.

## શિવસેનાના આદિત્ય ઠાકરેએ વર્લી સીટ ઉપર શાનદાર વિજય મેળવ્યો



મુંબઈ : મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે પરિણામને લઈને તમામની નજર મુંબઈની વર્લી વિધાનસભા સીટ પર કેન્દ્રિત થઈ ગઈ હતી. શિવસેનાના આદિત્ય ઠાકરેએ આ સીટ પર સુરેશ માનેને ૬૭૪૨૭ મતના અંતરથી હાર આપી દીધી છે. ઈતિહાસમાં પ્રથમ વખત ઠાકરે પરિવારમાંથી કોઈ વ્યક્તિએ ચૂંટણી લડી છે. આદિત્ય ઠાકરેએ આ ઉલ્લેખનીય સફળતા મેળવી લીધી છે. વિધાનસભા ચૂંટણી માટે ચૂંટણી યોજાયા બાદ ગુરુવારે મતગણતરી શરૂ થતાં આદિત્ય ઠાકરેએ શરૂઆતથી જ લીડ મેળવી લીધી હતી અને છેલ્લે સુધી લીડ જાળવી હતી. જીત બાદ આદિત્ય ઠાકરેએ કહ્યું હતું કે, તેઓ ખુબ ખુશ છે. લોકોનો આશીર્વાદ મળ્યો છે.બાલાસાહેબ ઠાકરેના પરિવારમાં કોઈપણ સભ્યએ હજુ સુધી ચૂંટણી લડી ન હતી.

## ૫૦-૫૦નાં ફોર્મ્યુલાથી ઓછું કાંઈ ના ખપે : ઉદ્ધવ ઠાકરે

મુંબઈ : મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામ આવતાં જ રાજનીતિમાં ટ્વીસ્ટ જોવા મળી રહ્યો છે. શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે ઠાકરેએ પરિણામ આવ્યા બાદ પોતાનાં પહેલી પ્રતિક્રિયાઆપતાં કહ્યું કે, તે ૫૦-૫૦ની ફોર્મ્યુલાથી ઓછું કાંઈ સ્વીકારશે નહીં. મહારાષ્ટ્ર ચૂંટણી માટે હજુ પણ મતગણતરી ચાલુ છે. પણ હજુ સુધી આવેલાં પરિણામ પ્રમાણે બીજેપી અને શિવસેના ગઠબંધનને ૧૫૯ સીટો મળતાં દેખાઈ રહ્યું છે. તેમાં શિવસેનાના ફાળે ૫૮ અને બીજેપીના ફાલે ૧૦૧ સીટો આવી શકે છે. ઉદ્ધવ ઠાકરેએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, લોકસભા ચૂંટણી દરમિયાન જ ૫૦-૫૦ ફોર્મ્યુલા નક્કી થઈ હતી. જેના પર શિવસેના કાયમ છે. શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ સાફ કરી દીધું છે કે, ૫૦-૫૦ સીટોનાં ફોર્મ્યુલા પર શિવસેના ઝૂકશે નહીં. ઠાકરેએ કહ્યું કે, લોકભસા ચૂંટણી દરમિયાન આ ફોર્મ્યુલા નક્કી થઈ હતી. ઠાકરેએ કહ્યું કે, મહારાષ્ટ્રની જનતાએ જાગરૂક થઈને મતદાન કર્યું છે. મહારાષ્ટ્રમાં બીજેપી-શિવસેના મળીને સરકારને બનાવશે. શિવસેના પ્રમુખ ઠાકરેએ કહ્યું રે, બીજેપી અધ્યક્ષ અમિત શાહ સાથે લોકસભા ચૂંટણી દરમિયાન જે ફોર્મ્યુલા નક્કી થઈ હતી, તે લાગુ છે. મહારાષ્ટ્રમાં સીએમ કોણ બને છે, એ જોવું રહેશે. જો કે ઉદ્ધવે સ્પષ્ટ કર્યું કે, તે કોંગ્રેસ એનસીપી સાથે ગઠબંધન નહીં કરે. તો સાથે જ ઉદ્ધવે કહ્યું કે, દર વખતની જેમ બીજેપીનો પ્રસ્તાવ નહીં માનીએ. નાના ભાઈ-મોટા ભાઈનો કોઈ ફરક નથી.

# હરિયાણામાં ભાજપનું સ્વપ્ન અધુરું : ત્રિશંકુ વિધાનસભા

### - કોઈ પક્ષને બહુમતી ન મળતાં હવે સત્તાની ચાવી જનનાયક પાર્ટી પાસે



હરિયાણા : હરિયાણામાં ત્રિશંકુ સ્થિતિ સર્જાઈ ગઈ છે જેથી ભાજપ અને કોંગ્રેસ બંનેએ સરકાર બનાવવા માટેના પ્રયાસો શરૂ કરી દીધા છે. આવી જ રીતે હરિયાણમાં બહુમતિ માટે ૪૬ સીટોની જરૂર છે જે પૈકી ભાજપે પરિણામ જાહેર થયા બાદ ૪૦, કોંગ્રેસે ૩૧, જનનાયક પાર્ટીએ ૧૦ અને અન્યોએ આઠ સીટો મેળવી હતી. આની સાથે જ હરિયાણામાં દુવિધાભરી સ્થિતિ સર્જાઈ ગઈ છે. સત્તાની ચાવી જનનાયક પાર્ટી પાસે પહોંચી છે.

બંને રાજ્યોમાં અપેક્ષા કરતા ઓછુ મતદાન ૨૧મી ઓક્ટોબરના દિવસે થયુ હતુ. બંને રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાયા બાદ ૨૧મી ઓક્ટોબરના દિવસે એક્ઝિટ પોલના તારણો જારી કરવામાં આવ્યા હતા જે મુજબ બંને રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીએ જોરદાર સપાટો બોલાવીને સત્તામાં વાપસી કરવાના સંકેત આપવામાં આવ્યા હતા.

જો કે એક્ઝિટ પોલના તારણમાં હરિયાણાના સંબંધમાં સંકેત પુરતા સાબિત થયા નથી. હરિયાણામાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જોરદાર સ્પર્ધા રહી છે. પોલના મહાપોલમાં કહેવામાં આવ્યુ હતુ કે હરિયાણામાં ભારતીય જનતા પાર્ટી ૬૭ સીટો જીતીને બહુમતિ સાથે સરકાર બનાવશે. પરંતુ આ પ્રકારની સ્થિતી રહી નથી. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ તમામ ૧૦ બેઠકો જીતી લીધી હતી અને ૫૮.૨૧ ટકા મત મળ્યા હતા. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપ અને શિવસેનાએ ૪૮ પૈકી ૪૧ બેઠકો જીતીને સપાટો બોલાવ્યો હતો અને ૫૧.૩ ટકા મત મેળવ્યા હતા.

### હરિયાણા વિધાનસભા

| | |
|---|---|
| કુલ વિધાનસભા સીટ | ૯૦ |
| પરિણામ જાહેર | ૯૦ |
| બહુમતિ માટે આંકડો | ૪૬ |
| ભાજપને સીટ મળી | ૪૦ |
| કોંગ્રેસને સીટો મળી | ૩૧ |
| જેજેપીને સીટો મળી | ૧૦ |
| અન્યોને સીટો મળી | ૦૮ |
| આઇએનએલડીને | ૦૧ |

એકબાજુ હરિયાણામાં ૬૨થી ૬૫ ટકા વચ્ચેનું મતદાન થયું હતું જ્યારે મહારાષ્ટ્રમાં ૫૪થી ૫૮ ટકા વચ્ચે મતદાન થયું હતું.મતદાનની સાથે જ હરિયાણામાં કુલ ૯૦ વિધાનસભા બેઠકો માટે ૧૦૪ મહિલા ઉમેદવાર સહિત ૧૧૬૯ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આજે તમામ ઉમેદવારોના ભાવિ જાહેર કરવામાં આવ્યા હતા.

હરિયાણામાં ૧.૮૩ કરોડ મતદારો પૈકી મોટા ભાગના મતદારો મતદાન કરવા માટે બહાર નિકળ્યા હતા. હરિયાણામાં ૯૯ લાખ પુરુષો અને ૮૫ લાખ મહિલા મતદારો પૈકી ૬૧ ટકાથી વધુ મતદારોએ ભારે ઉત્સાહ વચ્ચે તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. હરિયાણામાં ૧૬૩૫૭ મતદાન મથકો પર મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

## અમિત શાહના કાર્યક્રમો રદ કરાયા, મનોહરલાલ ખટ્ટરને દિલ્હીનું તેડું

નવી દિલ્હી : આજે ગુરૂવારે સવારે હરિયાણા વિધાનસભાની ચૂંટણીનાં પરિણામોએ ભાજપની નેતાગીરીને ચોંકાવી દીધી હતી અને કેન્દ્રના ગૃહ પ્રધાન તેમજ ભાજપના અધ્યક્ષ અમિત શાહે નોઈડામાં યોજાયેલા કાર્યક્રમમાં જવાનું માંડી વાળ્યું હતું. આ સાથે જ હરિયાણામાં સરકાર રચવા કવાયત હાથ ધરી હતી.



હરિયાણાના મુખ્ય પ્રધાન ખટ્ટરને તત્કાળ દિલ્હી આવી જવાનું ફરમાન મોવડી મંડળે કર્યું હતું. હરિયાણામાં ભાજપ સત્તા ગુમાવી દે એવી શક્યતા સવારે ૧૧ વાગ્યે જણાતી હતી. હરિયાણાની ૯૦ બેઠકોની વિધાનસભામાં કોંગ્રેસ અને એના સાથી પક્ષો સરકાર બનાવે એવાં એંધાણ સવારનાં પરિણામો પરથી મળી રહ્યાં હતાં.

ભાજપને બહુમત મળ્યો નહોતો. ૯૦માંથી ભાજપ માત્ર ૪૦ બેઠકો પર જીત્યો હતો જ્યારે દૂષ્યંત ચૌટાલા અને કોંગ્રેસ હાથ મિલાવી લે તો સરકાર રચી શકે એવી શક્યતા આ પરિણામો પરથી જોઈ શકાતી હતી.

## અમિત શાહની ફટકાર બાદ હરિયાણા ભાજપ અધ્યક્ષ બરાલાનુ રાજીનામું

ચંદીગઢ : હરિયાણામાં સતત બીજી વખત સત્તા પર આવવાનુ ભાજપનુ સ્વપ્ર ખતરામાં પડી ગયુ છે. હરિયાણામાં ચાલી રહેલી મતગણતરીમાં ભાજપને પડેલા ફટકા બાદ હરિયાણાના ભાજપ અધ્યક્ષ પાસેથી રાજીનામુ લઈ લેવાયુ છે. મળતી વિગતો પ્રમાણે ખટ્ટર સરકારનો અબ કી બાર ..૭૫ને પારનો નારો તો ફેલ થઈ જ ચુક્યો છે પણ સાદી બહુમતીના પણ ભાજપને ફાંફા પડે તેવા પરિણામો જોવા મળી રહ્યા છે. તેના કારણે અમિત શાહે લગાવેલી ફટકાર પછી હરિયાણા ભાજપ અધ્યક્ષ પદેથી સુભાષ બરાલાને રાજીનામુ આપવાની ફરજ પડી છે. સુભાષ બરાલાને હરિયાણામાં જાટ સમુદાયને રીઝવવાની કામગીરી ભાજપે સોંપી હતી પણ તે પોતે જ ટોહના બેઠક પર ૨૫૦૦૦ કરતા વધારે મતથી પાછળ ચાલી રહ્યા છે. બરાલાએ ભાજપ હાઈ કમાન્ડને રાજીનામુ મોકલી આપ્યુ છે. ભાજપ માટે આ પરિણામો આંચકા સમાન છે.કારણકે કલમ ૩૭૦ હટાવાયા બાદ ભાજપને હરિયાણામાં પોતાની જીત નિશ્ચિત લાગતી હતી. ખુદ પીએમ મોદીએ હરિયાણામાં પ્રચાર કરવામાં કોઈ કસર બાકી રાખી નહોતી. હવે હરિયાણામાં ભાજપને એકલા હાથે સરકાર બનાવવાના પણ ફાંફા પડે તેવી સ્થિતિ આવીને ઉભી રહી છે.

## તમામ પક્ષો અમારી સાથે આવીને સરકાર બનાવે: હુડ્ડા

નવી દિલ્હી : હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં તમામની અપેક્ષા વિરૂધ્ધ સારો દેખાવ કરીને ભાજપને કોંગ્રેસે આંચકો આપ્યો છે. કોંગ્રેસના ચૂંટણી પ્રચારની કમાન સંભાળનાર પૂર્વ મુખ્યમંત્રી ભુપેન્દ્રસિંહ હુડ્ડાએ પત્રકાર પરિષદને સંબોધન કરતા કહ્યુ હતુ કે, જેજેપી, આઈએનએલડી એમ તમામ પાર્ટીઓને મારી અપીલ છે કે, ભાજપ સામેની લડાઈમાં અમારો સાથ આપે. હુડ્ડાએ સરાકર બનાવવવાનો દાવો કર્યો છે.આ માટે તેમને પાર્ટી હાઈકમાન્ડ તરફથી તમામ છુટ આપવામાં આવી છે.હુડ્ડાએ કહ્યુ હતુ કે, અમારી સાથે આવશે તેમને સન્માન મળશે.હું તમામને ભેગા મળીને સરકાર બનાવવા માટે અપીલ કરુ છું.ભાજપ દ્વારા અપક્ષો પર દબાણ કરવામાં આવી રહ્યુ છે.ભાજપે પરિણામનો સામનો કરવાની હિંમત બતાવવી જોઈએ. હરિયાણા વિધાનસભામાં બહુમતી માટે ૪૬ બેઠકોની જરુર છે.જોકે ભાજપ અને કોંગ્રેસ હાલના તબક્કે અનુક્રમે ૩૫-૩૫ના આંકડા પર અટકેલા છે.આ સંજોગોમાં બંને પાર્ટીઓ અન્ય પક્ષોના સહકાર વગર સત્તા મેળવી

## ના ચાલ્યો ટિકટોક સ્ટારનો જાદુ, ભાજપે આપી હતી ટિકિટ

હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ટિકટોક સ્ટાર સોનાલી ફોગટને ચૂંટણીના મેદાનમાં ઉતારી હતી. સોશ્યલ મીડિયા પર ટિકટોક વિડિયો થકી સેલિબ્રિટી બની જનાર સોનાલીનો જાદુ જોકે ચૂંટણીના મેદાનમાં ચાલ્યો નથી. આદમપુર બેઠક પરથી સોનાલી ફોગટ હરિફ કોંગ્રેસી ઉમેદવાર કુલદીપ બિશ્નોઈથી હજારો મત પાછળ રહ્યા હતા. સોનાલી ફોગટને થોડા દિવસ પહેલા મનોહરલાલ ખટ્ટર અને પૂર્વ મુખ્યમંત્રી ભુપેન્દ્રસિંહ હુડ્ડા કરતા પણ વધારે સર્ચ કરવામાં આવી રહી હતી. ટિકટોક પર તેના એક લાખ કરતા વધારે ફોલોઅર્સ છે. તે ભારતીય જનતા પાર્ટીના મહિલા મોરચાની ઉપાધ્યક્ષ પણ છે. તે કેટલાક વર્ષોથી ભારતીય જનતા પાર્ટી માટે કામ કરે છે.

## જનતાએ બીજેપીને સબક શીખવાડ્યો : કુમારી શૈલજા

ચંદીગઢ : હરિયાણા વિધાનસભા ચૂંટણી ૨૦૧૯ના પરિણામોમાં ત્રિશંકુ વિધાનસભાના અણસાર જોવા મળી રહ્યા છે. રાજ્યની ૯૦ બેઠકોમાંથી ૪૦ બેઠકો પર ભાજપ અને ૩૧ બેઠકો પર કોંગ્રેસ જીત્યું છે, જ્યારે ૧૯ બેઠક અપક્ષ જીત્યું છે. કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ કુમારી શૈલજાએ કહ્યુ કે હરિયાણાની જનતાએ ભાજપને સબક શીખવાડ્યો છે. તેનો ભ્રમ તૂટી ગયો. શૈલજાએ કહ્યુ, આમાં કંઈ બેમત નથી કે હરિયાણામાં કોંગ્રેસ સરકાર બનાવા જઈ રહી છે. ભાજપ રાષ્ટ્રીય મુદ્દે હરિયાણાની ચૂંટણી લડ્યુ હતુ. હરિયાણાના અસલી મુદ્દા હતા, જનતાના મુદ્દા હતા.

## સોનિયાએ મોડુ ના કર્યુ હોત તો કોંગ્રેસ બાજી મારી જાત

હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે ભાજપને આકરી ટક્કર આપીને મોટાભાગના રાજકીય પંડિતોની ગણતરી ખોટી પાડી છે. પૂર્વ સીએમ ભુપેન્દ્રસિંહ હુડ્ડાના કારણે મૃતપ્રાય થયેલી કોંગ્રેસ ફરી બેઠી થઈ હોય તેમ લાગે છે. કોંગ્રેસના હાઈકમાન્ડે આ ચૂંટણીમાં હુડ્ડાને આગળ કરવાનો નિર્ણય મતદાનના માત્ર ૧૫ દિવસ પહેલા જ લીધો હતો. જાણકારો માની રહ્યા છે કે, જો સોનિયા ગાંધીએ હુડ્ડાને પહેલા આગળ કર્યા હોત તો કદાચ કોંગ્રેસે ભાજપ પાસેથી હરિયાણા ખૂંચવી પણ લીધુ હોત. જાણકારોના કહેવા પ્રમાણે રાહુલ ગાંધી માટે હરિયાણામાં કુમારી શૈલજા પહેલી પસંદ હતા. જેના કારણે સોનિયા ગાંધી અવઢવમાં મુકાયા હતા. આખરે સોનિયા ગાંધીએ હુડ્ડાને જ ચૂંટણી પ્રચાર માટેની કમાન સોંપી હતી પણ આ નિર્ણય લેવામાં ખાસુ મોડુ થયુ હતુ. હાલમાં જે પ્રકારે હરિયાણા વિધાનસભાના પરિણામો આવ્યા છે તે જોતા ભાજપને અહીંયા જંગી બહુમતી મળશે તેવી મોટાભાગની આગાહીઓ ખોટી સાબિત થઈ છે. ૨૦૧૪માં ભાજપને ૪૭ અને કોંગ્રેસને ૧૫ તેમજ બીજા પક્ષોને ૨૮ બેઠકો મળી હતી. આ વખતે કોંગ્રેસ ગયા વખત કરતા લગભગ બમણી બેઠકો પર જીતી ગઈ છે.




# BSNL-MTNLના મર્જરને મંજૂરી અપાઈ બંનેને રૂ. ૬૮ હજાર કરોડનું રાહત પેકેજ

**• ૧૫૦૦૦ કરોડના બોન્ડ જારી કરાશે, ફોર જી સ્પેક્ટ્રમ માટે ૨૦,૧૪૦ કરોડ, વીઆરએસ માટે ૨૯,૯૩૭ કરોડ તથા જીએસટી માટે ૩૬૭૪ કરોડ ફાળવાશે**

નવી દિલ્હી : આજે મળેલી કેબિનેટ બેઠકમાં કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. કેબિનેટ બેઠકમાં બીએસએનએલ અને એમટીએનએલના મર્જરને મંજૂરી આપવામાં આવી છે. બીએસએનએલ અને એમટીએનએલના રિવાઈવલ માટે ૬૮,૭૫૧ કરોડ રૂપિયાનું પેકેજ મંજૂર કરવામાં આવ્યું છે. જેમાં ૧૫૦૦૦ કરોડના સોવેરિયન બોન્ડ જારી કરાશે. ફોર જી સ્પેક્ટ્રમ માટે ૨૦,૧૪૦ કરોડ, વીઆરએસ માટે ૨૯,૯૩૭ કરોડ તથા જીએસટી માટે ૩૬૭૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે. આજે મળેલી કેબિનેટની બેઠકમાં બીએસએનએલ અને એમટીએનએલને મર્જ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. લાંબા સમયથી નુકસાનમાં ચાલી રહેલી આ બંને સરકારી કંપનીઓ માટે આ રાહતના સમાચાર છે છેલ્લા કેટલાક દિવસોમાં એવી અટકળો ચાલતી હતી કે સરકાર આ બંને કંપનીઓને બંધ કરી દેશે. જો કે સરકારે સ્પષ્ટ કરી હતી કે આ માત્ર અફવાઓ છે.

આ અંગેની માહિતી આપતા ટેલિકોમ પ્રાૃધાન રવિશંકર પ્રસાદે જણાવ્યું હતું કે ભૂતકાળમાં બીએસએનએલ સાૃથે ખૂબ જ અન્યાય કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે સરકાર બીએસએનએલ માટે આકર્ષક વીઆરએસ પેકેજ લઈને આવશે. ૪-જી સ્પક્ટ્રમ માટે ૨૦,૧૪૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવશે. ૧૫ હજાર કરોડ રૂપિયાના બોન્ડ જારી કરવામાં આવશે.

# ૨૦૦ પોઈન્ટનો ઉછાળો નોંધાતાં સેન્સેક્સ ૩૯૦૦૦ પર પહોંચ્યો

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીમાં શાસક પક્ષના મિશ્ર પરિણામના સંકેતને કારણે માર્કેટનું વાતાવરણ ડહોળાયેલું રહ્યું હતું અને સેન્સેક્સ ૨૦૦ પોઈન્ટ ઉછળ્યાં બાદ અંતે ૩૮ પોઈન્ટ નીચી સપાટીએ લપસ્યો હતો, જ્યારે નિફ્ટી પણ ૧૧,૬૦૦ની સપાટીની નીચે સરકી ગયો હતો. બીએસઈનો સંવેદનશીલ બેન્ચમાર્ક સેન્સેક્સ સત્ર દરમિયાન ૪૮૬ પોઈન્ટની અફડાતફડી મચાવ્યાં બાદ અંતે ૩૮.૪૪ પોઈન્ટ અથવા તો ૦.૧૦ ટકાના ઘટાડા સાથે ૩૯,૦૨૦.૩૯ પોઈન્ટની સપાટીએ સ્થિર થયો હતો. સત્ર દરમિયાન સેન્સેક્સ ૩૮,૮૪૦.૭૬ પોઈન્ટની નીચી અને ૩૯,૩૨૭.૧૫ પોઈન્ટની ઊંચી સપાટીને અથડાયો હતો. એ જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જનો બેન્ચમાર્ક નિફ્ટી ઈન્ડેક્સ ૨૧.૫૦ પ ોઈન્ટ અથવા તો ૦.૧૯ ટકાના ઘસરકા સાથે ૧૧,૫૮૨.૬૦ પોઈન્ટની સપ ાટીએ સ્થિર થયો હતો. આ સત્રમાં ઈન્ફોસિસમાં ૨.૩૬ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. કંપની વિરુદ્ધના વિવિધ આક્ષેપોને કારણે એક તરફ બજાર નિયામક સેબીએ તપાસ શરૂ કરી છે ત્યાં અમેરિકાની કેપિટલ માર્કેટ રેગ્યુલેટર સિક્યુરિટી એન્ડ એક્સચેન્જ કમિશને પણ તપાસ શરૂ કરી હોવાના અહેવાલોને કારણે વેચવાલી વધી હતી.

# રૂપિયો ૧૧ પૈસા નબળો પડતાં સોનામાં સુધારો

મુંબઈઃ વૈશ્ર્વિક સ્તરે બ્રેક્ઝિટ અંગે પ્રવર્તી રહેલી ચિંતાને કારણે આજે લંડન ખાતે સોનામાં રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવતાં ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતરમાં વધારો થવાને કારણે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૮થી ૧૯નો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં આરંભિક તબક્કે કિલોદીઠ રૂ. ૨૫નો સુધારો આવ્યા બાદ નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં સુધારો ધોવાઈ ગયો હતો અને સત્રના અંતે ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. યુરોપિયન યુનિયન દ્વારા બ્રિટનને બ્રેક્ઝિટની મુદ્દત લંબાવવાના નિર્ણયમાં થઈ રહેલા વિલંબને કારણે બ્રેક્ઝિટની ચિંતા સપાટી પર આવી હતી.

# ઈન્ફોસિસના શેરમાં ૧૭ટકાનો ઘટાડો નોંધાયો : ૬૭ વર્ષનો સૌથી મોટો કડાકો

નવી દિલ્હી : ઈન્ફોસિસના ટોચના બે એક્ઝિક્યૂટીવે કંપનીની આવક અને નફા વધુ દર્શાવવા માટે કંપનીના નાણાકીય પત્રકોમાં ગેરરીતિ આચરી રહી હોવાના કંપનીના અજ્ઞાત કર્મચારીઓ (વ્હિસ્લબ્લોઅર)એ મૂકેલા આરોપની બીજા દિવસે ઈન્ફોસિસના શેરમાં ૧૬.૬૫ ટકાનો ઘટાડો નોંધાયો હતો. જેના કારણે તેના માર્કેટ કેપમાં ૫૩,૪૫૧ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે.

બીએસઈ પર શેરનો ભાવ ૧૬.૨૧ ટકા ઘટીને ૬૪૩.૩૦ રૂપિયાની સપાટીએ બંધ રહ્યો હતો. ઈન્ટ્રા ડેમાં શેરનો ભાવ ૧૬.૮૬ ટકા ઘટીને ૬૩૮.૩૦ રૂપિયાની સપાટીએ પહોંચી ગયો હતો. જે એપ્રિલ, ૨૦૧૩ પછીનો સૌથી મોટો કડાકો છે. એનએસઈ પર શેરનો ભાવ ૧૬.૬૫ ટકા ઘટીને ૬૪૦ રૂપિયાની સપાટીએ બંધ રહ્યો હતો.

શેરના ભાવમાં થયેલા તીવ્ર ઘટાડાને કારણે કંપનીનું માર્કેટ કેપ ૫૩,૪૫૦.૯૨ કરોડ રૂપિયા ઘટીને ૨,૭૬,૩૦૦.૦૮ કરોડ રૂપિયા થઈ ગયું છે. ટ્રેડ વોલ્યુમ જોવામાં આવે તો આજે બીએસઈ પર ઈન્ફોસિસના ૧૧૭.૭૦ લાખ શેર ટ્રેડ થયા હતાં ત્યારે એનએસઈ પર ૯ કરોડ શેર ટ્રેડ થયા હતાં.

ઉલ્લેખનીય છે કે ગઈકાલે પોતાને ઈથિકલ એમપ્લોઈ ગણાવનારા કંપનીના કેટલાક અજ્ઞાત કર્મચારીઓએ આરોપ મૂક્યો હતો કે કંપનીના સીઈઓ સલિલ પરીખ અને સીએફઓ નિલંજન રોય શોર્ટ ટર્મ રેવન્યુ અને નફો વિધ દર્શાવવા માટે ગેરરીતિ આચરી રહ્યાં છે.

# હવે ઈન્ફોસિસ સામે યુએસ રેગ્યુલેટરની તપાસ કરશે

નવી દિલ્હીઃ ઈન્ફોસિસ દ્વારા એકાઉન્ટિંગમાં ચેડા કરવાના આરોપોની અમેરિકાના શેરબજાર રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમીશને પણ તપાસ શરૂ કરી દીધી છે. ઈન્ફોસિસે ગુરૂવારે આ માહિતી આપી છે. કંપની ન્યુયોર્ક સ્ટોક એક્સચેન્જમાં પણ લિસ્ટેડ છે. ભારતીય શેરબજાર નિયામક સેબી પણ અગાઉ જ આ સંદર્ભે તપાસ શરૂ કરી ચૂક્યું છે. બજાર નિયામક ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ, વ્હીસલબ્લોઅર દ્વારા કરવામાં આવેલા ગંભીર આરોપોને ધ્યાનમાં રાખીને ઈન્ફોસિસ સામે તેના મેનેજમેન્ટ દ્વારા કથિતપણે ભાવ સંદર્ભે સંવેદનશીલ માહિતી અપ્રકટ રાખવા બદલ અને કોર્પોરેટ ગવર્નન્સના પાલન સાથે સંકળાયેલી કથિત ક્ષતિઓને સંદર્ભે તપાસ શરૂ કરી છે. સેબી કંપનીના શેરોમાં સંભવિત ઈન્સાઈડર ટ્રેડિંગની પણ ચકાસણી કરી રહ્યું છે.





# તહેવારોમાં સ્ટાઈલિશ રહેવા પહેરો દોરી બ્લાઉઝ



## ટવીસ્ટ ઓફ થ્રી

જો તમને લાગતું હોય કે બે દોરી પૂરતી નથી તો તમે બેકમાં ત્રણ દોરી પણ રાખી શકો. તમે બેકલેસ બ્લાઉઝ ડિઝાઈન પસંદ કરી એને ત્રણ દોરીથી સપોર્ટ આપી શકો. એમાં ખૂબસૂરત લટકણ લટકાવી દો ડાર્ક અને ટીપ કલર્ડ બ્લાઉઝ અને તેની દોરીઓથી તમારી સ્કિન ગ્લો કરશે અને તમારી સેક્સી બ્લાઉઝ વધુ આકર્ષક લાગશે અને તમે પાર્ટીમાં જવા તૈયાર! એક-બે - ત્રણ નહીં પરંતુ ચાર દોરીવાળી બ્લાઉઝ સેક્સી લુક આપે છે.

## સાઈડ નોટ

જો તમે ફેશનિસ્ટા હો અને હંમેશાં કંઈક અનયુઝઅલની શોધમાં હો તો તમારે માટે આ બેસ્ટ દોરી ડિઝાઈન છે. સાઈડ પર સ્ટાઈલિશ દોરી નોટ રાખી એને સરસ એકસેસરીઝથી ડેકોરેટ કરો. આ જ રીતે તમે બોટમ સાઈડમાં પણ કરાવી શકો. જો કે આ ડિઝાઈન બહુ નવી નથી. બંજોરણો લગભગ આવી જ બ્લાઉઝ પહેરે છે. અલબત્ત તેમની બોટમ દોરી બંને બાજુ હોય છે.

## ડબલ દોરી

એક દોરી કરતાં વધારે બહેતર શું? એ છે બે દોરી અથવા તો ત્રીપલ દોરી. એ બધાંનું ધ્યાન તરત જ ખેંચશે. આવી બ્લાઉઝ માટે મલ્ટી કલર્ડ અથવા પ્રિન્ટેડ કાપડ પસંદ કરો. ઇક્કત, કલમકારી, અજરક વગેરે પ્રિન્ટસ સરસ લાગશે જો તમે સાડી કે ડ્રેસ પહેરવાનું વિચારતાં હો તો આ દોરીડિઝાઈન ટ્રાય કરી શકાય. એ યોગ્ય ફિટીંગવાળી અને ઇન બિલ્ટ પેડીંગવાળી હોય તે ધ્યાન રાખો જેથી એ વચ્ચેના ભાગે બહુ ખસે નહીં.





## દોરી બ્રિજ

ડીપ કટ બ્લાઉઝને સપોર્ટ આપવા માટે ડિઝાઈનર્સ આ દોરી ડિઝાઈનનો ઉપયોગ કરતા હતા પરંતુ એ બધાંને જ ખૂબ ગમી ગઈ. તમારું બ્લાઉઝ ડીપ કટ હોય કે ન હોય તમે આ સ્ટાઈલિશ દોરી બ્રિજ ડિઝાઈન કરાવી શકો.



## ક્રિસક્રોસ

લુપ્સમાંથી પસાર કરી બેકમાં સરસ ક્રીસક્રોસ પેટર્ન કરાવો. તમે ઈન્ડો વેસ્ટર્ન ડ્રેસ પહેરતાં હો કે ટ્રેડિશનલ, ક્રિસક્રોસ દોરી ડિઝાઈન હંમેશાં આકર્ષક લાગે છે.

## ડીપ ટાઈઝ

ડીપ કટ બ્લાઉઝની તો વાત જ નિરાળી છે. એ પોતે જ સેક્સી લુક આપે છે. એમાં ટોપ પર એ જ કલરની દોરી રાખો. તમે હરફરો તેમ એને પણ ફરવા દો. આ ટાઈપની દોરી ડિઝાઈન લહેંગા બ્લાઉઝ માટે પરફેક્ટ છે. દોરી લાંબી રાખવી કે ટૂંકી એ તમારી પસંદ પર આધાર રાખે છે.

## બેકવર્ડ કોરસેટ

આપણે ઘણાં કોરસેટ ગાઉન્સ અને વેસ્ટર્ન ડ્રેસિસ જાઈએ છીએ. હવે સમય છે કોરસેટને ટ્રેડિશનલ વેરમાં સાંકળવાનો. એ તમને લીનર (પાતળો) અને કલાસી લુક આપશે.





Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE

416.993.0826
24/7 # 905.305.8508



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. *(St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)*

ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત
**$4270**

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત **$595** એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* *This is not a general insurance. Applies only in case of a death away from home.*

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com

# અફઘાનિસ્તાનની મસ્જિદમાં નમાજ વખતે વિસ્ફોટ: ૬૨નાં મોત, ૩૬થી વધુને ઈજા

કાબૂલ : અફઘાનિસ્તાનની પૂર્વે એક મસ્જિદમાં શુક્રવારની નમાજ સમયે મસ્જિદની અંદર વિસ્ફોટ થતાં ૬૨ લોકોનાં મોત નીપજ્યાં હતાં અને ૩૬થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અફઘાનિસ્તાનમાં હિંસા 'અસ્વીકૃત' સ્તરે પહોંચી ગઈ હોવાનું સંયુક્ત રાષ્ટ્રે જણાવ્યાના બીજા જ દિવસે આતંકીઓએ આ વિસ્ફોટ કર્યો હતો. અફઘાનિસ્તાનના પૂર્વીય નાનઘરહર પ્રાંતમાં એક મસ્જિદમાં વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટને પગલે મસ્જિદની છત તૂટીને નીચે પડી હતી તેમ પ્રાંતના ગવર્નરના પ્રવક્તા અત્તાઉલ્લાહ ખોગ્યાનીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે પ્રાંતના પાટનગર જલાલાબાદથી ૫૦ કિ.મી. દૂર હાસ્કા મિના જિલ્લામાં થયેલા આ વિસ્ફોટમાં મસ્જિદની અંદર નમાજ પઢતા લગભગ બધા લોકોના મોત નીપજ્યાં હતાં. હસ્કા મિના જિલ્લાની હોસ્પિટલના ડોક્ટરના જણાવ્યા મુજબ આ



હુમલામાં અંદાજે ૬૨ લોકોના મોત થયા છે અને ૩૬થી વધુ લોકોને ઈજા પહોંચી છે. મૃતકો અને ઈજાગ્રસ્તોમાં બાળકોનો પણ સમાવેશ થાય છે. હુમલા બાદ તાત્કાલિક કોઈ સંગઠને હુમલાની જવાબદારી લીધી નથી. નાનઘર પ્રાંતમાં તાલિબાન અને ઈસ્લામિક સ્ટેટ ગ્રૂપના આતંકીઓ સક્રિય છે.

# ઈઝરાયેલમાં બહુમતીના અભાવે નેતન્યાહૂ PMની રેસમાંથી બહાર

જેરૂસલેમ : ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ ફરી એક વાર સરકાર બનાવી શક્યા ન હોવાથી તેમના હરીફ બૈની ગેટ્સને અણધાર્યો લાભ મળી શકે છે. તાજેતરની ચૂંટણીમાં બેન્જામિન નેતન્યાહૂની લિકુડ પાર્ટીને ૩૨ બેઠકો મળી હતી, પરંતુ આટલેથી સરકારની રચના ન થઈ શકે તેમ હોવાથી તેમણે નાના પક્ષોને પોતાની સાથે લાવવાનો પ્રયાસ કર્યો હતો, અથાગ પ્રયાસને અંતે પણ તેમને નિષ્ફળતા મળી છે તેથી તેમણે હવે સરકારની રચનાનો કોઈ પ્રયાસ બંધ કરી દીધો છે. પીએમ નેતન્યાહૂએ રાષ્ટ્રપતિ રૂવેન રિવલિનને પત્ર લખીને સરકાર રચવાની ના પાડી છે. આ પછી રાષ્ટ્રપતિએ બેન્જામિનના હરીફ અને પૂર્વ આર્મી ચીફ બૈની ગેટ્સને સરકાર રચવાનું આમંત્રણ આપ્યું છે. ખુદ રિવલિને જાહેર કર્યું છે કે મેં ચીફ બૈની ગેટ્સને સરકાર રચવાનું આમંત્રણ પાઠવી દીધું છે અને આ અંગેનો નિર્ણય તેમણે લેવાનો છે. ઈઝરાયેલમાં ૧૭ સપ્ટેમ્બરે થયેલી બીજી વારની ચૂંટણીમાં એક પણ પાર્ટીને બહુમતી મળી નથી. ૧૨૦ સભ્યોવાળા સંસદમાં નેતન્યાહૂની લિકુડ પાર્ટીને ૩૨, બ્લૂ એન્ડ વ્હાઈટ પાર્ટીને ૩૩ બેઠકો મળી હતી. બાકીની બેઠકો નાના પક્ષોને મળી હતી. રાષ્ટ્રપતિએ નેતન્યાહૂને સરકાર રચવા માટે ૨૮ દિવસનો સમય આપ્યો હતો.

# યુએસ ટીવી હોસ્ટે રાજીનામા માટે ટ્રમ્પને સાત કરોડની ઓફર કરી

- ટ્રમ્પને ભ્રષ્ટાચારની ચિંતા ત્યારે જ થાય છે જ્યારે તે તેમાં સામેલ નથી હોતા : બિલ મહેર

વોશિંગ્ટન : અમેરિકન કોમેડિયન અને રાજકીય વિશ્લેશક બિલ મહેર ડોનાલ્ડ ટ્રમ્પની ટીકા માટે જાણીતા છે. ત્યારે તેણે તેના ટીવી શો રિઅલ ટાઈમ ટોક વિથ બિલ મહેર દરમિયાન સાવ અલગ રીતે ટ્રમ્પને એક ઓફર કરી છે. તેમણે ડાનાલ્ડ ટ્રમ્પને અમેરિકી રાષ્ટ્રપતિના પદ પરથી રાજીનામુ આપવા બદલ એક મિલિયન ડોલર એટલે કે અંદાજે સાત કરોડ રૂપિયાની ઓફર કરી છે. આ અઠવાડિયા દરમિયાન ન્યુ રૂલ સેશનમાં બિલ મહેરે ટ્રમ્પના એક નિવેદનનો જવાબ આપ્યો હતો. ટ્રમ્પે જણાવ્યું હતું કે મને કોઈ ખરીદી શકે નહીં કેમકે મારી પાસે પહેલેથી જ ઘણા પૈસા છે. બિલ મહેરે જણાવ્યું કે બિલકુલ આનું વિરોધ સાચુ છે કે આ માણસ સતત વેચાવા માટે તૈયાર જ છે. તેમને યુક્રેઈનમાં ચાલતા ભ્રષ્ટાચારની ચિંતા છે? તેમને ત્યારે જ ભ્રષ્ટાચારની ચિંતા થાય છે જ્યારે તેમાં સામેલ નથી હોતા. તેમણે વધારે જણાવ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૨૦ની ચૂંટણીમાં હારી જવાના છે.

# ફેસ રિકગ્નિશન વાપરવા સામે ગુજરાતીનો કેસ ફેસબૂકને ૩૫ અબજ ડૉલરમાં પડશે

- આ સિસ્ટમને કારણે ફેસબૂક પર અપલોડ કરતાં જ તેમાં જેનાં ચહેરા હોય એ બધાનાં નામ દેખાવા માંડે છે, જેથી પ્રાઈવસી જળવાતી નથી

સાન ફ્રાન્સિસ્કો : ફેસબૂકમાં કોઈ પણ ફોટો અપલોડ કરતાં તેમાં જો એકથી વધારે વ્યક્તિ હોય તો તુરંત એ બધાના ચહેરા ઓળખીને નામ સ્ક્રીન પર દેખાવા માંડે છે. યુઝર્સે માત્ર ફોટો અપલોડ કર્યો હોય, નામ લખ્યા ન હોય તો પણ ફેસબૂકને નામ ખબર પડી જાય તેનું કારણ ફેસબૂકની ફેસ રિકગ્નિશન સિસ્ટમ છે. ફેસબૂકે આ સિસ્ટમ શરૂ કરતાં પહેલા તેના બધા વપરાશકર્તાઓની સહમતી લીધી નથી. એટલે જે લોકો ફોટો અપલોડ કરે છે, તેમને ખબર નથી કે ફોટાનો ફેસ રિકગ્નિશન માટે પણ ઉપયોગ થાય છે. આ સુવિધાના ઘણા ગેરલાભ છે, જેમ કે ફોટાની મદદથી મોબાઈલ કે અન્ય ગેજેટ અનલોક કરી શકાય છે. ફેસબૂકની આ ગરબડ સામે ૨૦૧૫માં ગુજરાતી મૂળના અમેરિકી યુવાન નિમેશ પટેલે ઈલિનોઈની કોર્ટમાં કેસ કર્યો હતો. સામે ફેસબૂકે આ કેસ રદ કરવા માટે કોર્ટમાં અપીલ કરી હતી. પરંતુ ૧૮મી ઑક્ટોબરે કોર્ટે ફેસબૂકની આ અપીલ ફગાવી દીધી હતી. એટલે કે ફેસબૂક સામે આ કેસ ચાલશે જ. હવે કેસ તો જ અટકી શકે જો અમેરિકાની સુપ્રીમ કોર્ટ કેસ ચલાવાની ના પાડે. દરમિયાન ઈલિનોઈને બદલે આ કેસ હવે સાન ફ્રાન્સિકોની કોર્ટમાં ચલાવવા માટે બન્ને પક્ષો રાજી થયા છે. ઈલિનોઈ રાજ્યમાં અંદાજે ૭૦ લાખ લોકો ફેસબૂક વાપરે છે. જો દોષિત ઠરશે તો ફેસબૂકને દરેક યુઝર્સ દીઠ ૧૦૦૦ ડૉલરથી માંડીને ૫ હજાર ડૉલરનો દંડ થઈ શકે છે. મહત્તમ ૫ હજાર ડૉલરનો દંડ થાય તો કુલ આંકડો ૩૫ અબજ ડૉલરે પહોંચી શકે છે.

# સામાન્ય કમ્પ્યુટરમાં જે કામ ૧૦,૦૦૦ વર્ષે થતું એ ગૂગલ કમ્પ્યુટરે ૨૦૦ સેકન્ડમાં કર્યું

- 'ક્વૉન્ટમ કમ્પ્યુટિંગ'ની માઈલસ્ટોન ટેકનોલોજિમાં સફળતા મળી હોવાનો ગૂગલનો દાવો

સાન ફ્રાન્સિસ્કો : ગૂગલે દાવો કર્યો છે કે તેણે ક્વૉન્ટમ કમ્પ્યુટિંગ તરીકે ઓળખાતી અસાધારણ ટેકનોલોજિ વિકસાવવામાં સફળતા મેળવી છે. ક્વૉન્ટમ શબ્દ મૂળભૂત રીતે અણુ-પરમાણુ સાથે સંકળાયેલો છે. પરંતુ સાદી ભાષામાં ક્વૉન્ટમ કમ્પ્યુટિંગનો મતલબ અત્યાર સુધીમાં તૈયાર ન થયું હોય એવુ ફાસ્ટેસ્ટ પ્રોસેસર તૈયાર કરવું એવો થાય છે. કોઈ પણ કમ્પ્યુટર (કે અન્ય ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણ)ની ઝડપ તેમાં રહેલા માઈક્રોપ્રોસેસર પર આધારીત હોય છે. ગૂગલે ક્વૉન્ટમ ફિઝિક્સના સિદ્ધાંતો પર કામ કરી શકે એવું પ્રોસેસર વિકસાવી લીધું છે. એ પછી ગૂગલે તેનો પ્રયોગ પોતાના કમ્પ્યુટરમાં કર્યો હતો. ગૂગલની આ સફળતા માટે સીઈઓ સુંદર પિચાઈએ ટીમને અભિનંદન આપ્યા હતા.

ગૂગલના કહેવા પ્રમાણે જે ગણતરી, કામગીરી કરવામાં સામાન્ય (ઘરે કે ઑફિસમાં વપરાતા) કમ્પ્યુટરને ૧૦,૦૦૦ વર્ષ લાગે એ કામ ગૂગલના ક્વૉન્ટમ કમ્પ્યુટરે ૩ મિનિટ ૨૦ સેકન્ડ (૨૦૦ સેકન્ડ)માં કરી દેખાડયું છે. હવેનો યુગ બિગ ડેટા એટલે કે ઢગલાબંધ માહિતીનો છે. ઓનલાઈન કે ડિજિટલ કામગીરી વધતી જાય એમ ઓનલાઈન ડેટા પણ વધતો જાય.

એ બધા ડેટાનું એનાલિસિસ કરવામાં ક્વૉન્ટમ કમ્પ્યુટિંગ કામનું છે. કેમ કે એ લાંબી લાંબી ગણતરી પળવારમાં કરી આપે છે. માટે કમ્પ્યુટર ટેકનોલોજી ક્ષેત્રે કામ કરતી અનેક કંપનીઓ ક્વૉન્ટ ટેકનિક પર સંશોધન કરી રહી છે. તેમાં પહેલી સફળતા ગૂગલને મળી છે.

# સીરિયા ઉપર તુર્કી ફરી બોમ્બ વરસાવી શકે છે : રાષ્ટ્રપતિ

- કુર્દિશ લડવૈયાઓ પાછા નહીં ખેંચે તો તેઓ ફરીથી સૈન્ય કાર્યવાહી કરવાની તૈયારી

અંકારા/તુર્કી : કુર્દિશ લડવૈયાઓ વિરુદ્ધ મોરચો ખોલનારા તુર્કીના રાષ્ટ્રપતિ રેશેપ તૈયબ એર્દોગને ફરીથી સીરિયા પર બોમ્બ વરસાવાની ફરી ધમકી આપી છે. એર્દોગને મંગળવારે ચેતાવણીભર્યા સૂરમાં કહ્યું કે જો સીરિયાથી કુર્દિશ લડવૈયાઓ સમયમર્યાદાની અંદર પાછા નહીં ખેંચે તો તેઓ ફરીથી સૈન્ય કાર્યવાહી કરવા તૈયાર છે. યુએસ અને તુર્કી વચ્ચેના કરાર મુજબ કુર્દિશ લડવૈયાઓને ૧૨૦ કલાકની અંદર રવાના થવા માટે કહેવામાં આવ્યું હતું. આ અંતિમ તારીખ મંગળવારે સમાપ્ત થાય છે. સિરિયાના ઉત્તર ભાગમાં કુર્દિશ પ્રજા (સુન્ની મુસ્લીમ) કહેવાતા દળોનો કબજો છે. આ પછી યુ.એસ.એ આ મામલે દખલ કરી અને તુર્કીએ તેના લશ્કરી કાર્યવાહીને થોડા સમય માટે અટકાવી દીધી. આર્દોગન ટૂંક સમયમાં આ સંદર્ભમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિનને મળશે. સીરિયન રાષ્ટ્રપતિ બશર અલ-અસદને પુતિનનો ટેકો છે. યુએસ અને તુર્કી વચ્ચેના કરાર મુજબ કુર્દિશ લડવૈયાઓને ૧૨૦ કલાકની અંદર રવાના થવા માટે કહેવામાં આવ્યું હતું

# રશિયામાં બંધ તૂટી જતાં સોનાની ખાણમાં કામ કરતાં ૧૫ના મોત

મોસ્કો : સાઈબેરિયાના ક્રાસનોયાર્સ્ક ક્ષેત્રમાં શનિવારે એક ડેમ તૂટી પડવાના કારણે સોનાની ખાણમાં ઓછામાં ઓછા ૧૫ લોકોના મોત થયા હતા. આ ઉપરાંત તપાસ અધિકારીઓએ ૧૪ જેટલા લોકોને હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

રશિયાના ઈમરજન્સી મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે બંધ તૂટી જવાના કારણે ઓછામાં ઓછા ૧૫ લોકોના મોત થયા છે. સીબા નદી પર બાંધવામાં આવેલો ગેરકાયદેસર બંધ શનિવારે સવારના સમયમાં અચાનક જ ભાંગી પડ્યો હતો જેથી કાદવવાળું પાણી મજૂરોની કેબિનમાં ફેલાઈ ગયું હતું અને આરામ ફરમાવી રહેલા મજૂરો દુર્ઘટનાનો ભોગ બન્યા હતા.

જાણવા મળ્યા મુજબ આ ડેમ ગેરકાયદેસર રીતે બાંધવામાં આવ્યો હતો અને સત્તાધીશોને તેના અસ્તિત્વ અંગે કોઈ જ જાણકારી નહોતી. એક મજૂરે તે વિસ્તારમાં આવા અન્ય ચાર ડેમ આવેલા હોવાની અને અગાઉ પણ આ પ્રકારની દુર્ઘટના બની હોવાની માહિતી આપી હતી. આ દુર્ઘટનામાં ગાયબ થયેલા ૧૩ જેટલા લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે.

# ઓસ્ટ્રે.માં પ્રથમ પાના પર સમાચારના બદલે શાહી ફેરવીને વિરોધ દર્શાવાયો

- રાઈટ ટુ નો કોએલિશનને ટીવી, રેડિયો, ઓનલાઈન સમૂહોનું પણ સમર્થન, ઓસ્ટ્રેલિયામાં સંશોધનાત્મક પત્રકારત્વ જોખમમાં

સિડની : ઓસ્ટ્રેલિયામાં સોમવારની સવાર સામાન્ય લોકો માટે આશ્ચર્યભરી સાબિત થઈ હતી. સામાન્ય રીતે મહત્વના સમાચારો દર્શાવતા સમાચાર પત્રના પહેલા પાને સમાચાર ઉપર કાળી સ્યાહી છવાયેલી જોઈને લોકો નવાઈ પામ્યા હતા.

આ ઉપરાંત સમાચાર પત્રમાં પહેલા પાને લાલ રંગથી 'સિક્રેટ' લખેલો એક સિક્કો પણ જોવા મળ્યો હતો. હકીકતે દેશની સરકારે મીડિયા પર લગામ કસવા પ્રયત્ન કર્યો તેનો વિરોધ દર્શાવવા માટે આ રીત અપનાવવામાં આવી હતી.

ઓસ્ટ્રેલિયન સરકાર કડક કાયદાઓની મદદથી લોકોને જાણકારી આપતા રોકી રહી હોવાની ફરિયાદ સાથે દેશના વિવિધ સમાચાર પત્રોએ પોતાનું પહેલું પાનું કાળું રાખીને વિરોધ દર્શાવ્યો હતો. વ્હીસલ બ્લોઅર્સ દ્વારા લીક થયેલી કેટલીક માહિતીઓના આધારે પ્રકાશિત કરવામાં આવેલા લેખોને ધ્યાનમાં રાખીને આ પ્રકારે દરોડા પાડવામાં આવ્યા હતા. તેના વિરોધમાં દેશના તમામ મીડિયા સમૂહોએ સમાચાર પત્રના પહેલા પાને સમાચાર પર કાળી સ્યાહી ફેરવીને વિરોધ દર્શાવ્યો હતો. ઓસ્ટ્રેલિયન અખબારોએ રાષ્ટ્રીય સુરક્ષા કાયદાના કારણે રિપોર્ટિંગ પર અંકુશ મુકાઈ રહ્યો હોવાની અને દેશમાં 'ગુપ્તતાની સંસ્કૃતિ' નિર્માણ પામી હોવાની ફરિયાદ કરી હતી.


તહેવાર કોઈ પણ હોય
સ્વાદ તો
સત્વમનો જ
SATVAM
Spices and Instant Mixes
Feeka Mana Hai
Cryogenic Grinding Technique
preserves the taste and
essence of the spices.
Chicken Masala
SABAR KA PHAL GULAB JAMUN HOTA HAI
DHANIYA JEERA
TUJHE MIRCHI LAGI TOH MAIN KYA KAROON?
HALDI
HAZAAR GUN, USME SE EK SHAADI KA SHAGUN
PAV BHAJI
Meat Masala
HING IS KING
શુભ દિપાવલી
Imported & Distributred by: Megh Distribution Inc.
MEGH
FRESH & HEALTHY
MEGH FOODS CANADA
meghfoodscanada@gmail.com
www.meghfoods.com.
For retail inquires please conact
Megh Distribiution Inc. | 289-946-1976
289-946-1936

# નટરાજ યુથ એન્ડ કલ્ચરલ ઓર્ગે. દ્વારા ગાંધી જયંતિ ઉજવાઈ

## મહાત્મા ગાંધીજીના વિચારો અને સાંપ્રત સમયમાં તેના મહત્વ પર કાર્યક્રમમાં ગહન ચર્ચા






**• બાળકો અને યુવાનોએ મહાત્મા ગાંધીના સિદ્ધાંતોની મહત્તા દર્શાવતુ નાટક રજૂ કર્યું**

ઓન્ટેરિયો : નાઈકો, (નટરાજ યુથ એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન)એ મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કરી હતી અને ભારતના કેનેડા ખાતેના કોન્સ્યુલેટ જનરલે પોતાની મદદ પૂરી પાડી હતી. ટોરન્ટોમાં રાધાકૃષ્ણ મંદિર ખાતે ૨૦ ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ આ કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં ૧૯૬૦માં એલ્સમેર રોડ ખાતે સ્થાપવામાં આવેલા રાધાકૃષ્ણ મંદિરમાં ૨૦૦થી વધુ આમંત્રિતો હાજર રહ્યાં હતાં.

કાર્યક્રમમાં મહાત્મા ગાંધીના વિચારો અને સાંપ્રત સમયમાં તેના મહત્વ પર ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું.

માટીની દિવાલોથી સુંદર મઢુલી બનાવવામાં આવી હતી અને મહાત્મા ગાંધીના જીવનદર્શન સંબંધે તથા ગાંધીજીની ૩૫૦થી વધુ પોસ્ટ સ્ટેમ્પની ધર્મેન્દ્ર પટેલ તરફથી રજુઆત કરાઈ હતી. ચરખો તથા પૂરા કદની ગાંધીજીની તસવીરોથી મઢુલીને શણગારવામાં આવી હતી અને સ્વતંત્રતા પહેલાંના ભારતનો પરિચય કરાવતી હતી. કાર્યક્રમનું ઉદઘાટન અજીત પટેલ દ્વારા દિપ પ્રાગટ્યથી કરાયું હતું.

અતિથિવિશેષ અપૂર્વા શ્રીવાસ્તવ (કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયા) પણ દિપ પ્રાગટ્ય વિધિમાં જોડાયાં હતાં. આ સિવાય નાઈકોના અધ્યક્ષ ચિંતન ભાવસાર તથા અન્ય મહાનુભાવો રમેશભાઈ ત્રિવેદી, ઝાકીર પટેલ (ટ્રસ્ટી, વોર્ડ નંબર-૧૯ સ્કાર્બરો ગિલ્ડવુડ) પણ હાજર રહ્યા હતા. ભારત અને કેનેડાનાં રાષ્ટ્રગીત બાદ મહાત્મા ગાંધીના લોકપ્રિય ભજનો જેમાં અતિ લોકપ્રિય વૈષ્ણવજન તો...ની રજુઆત હરિ પટેલ તરફથી કરવામાં આવી હતી. રામનારાયણ સહદેવ કે જેઓ ગાંધીજી પર પુસ્તક લખી રહ્યા છે, તેમણે પ્રાસંગિક ઉદબોધન દરમિયાન તમામ લોકોને વિનામૂલ્યે પુસ્તક આપવાની જાહેરાત કરી હતી.

બાળકો અને યુવાનોએ મહાત્મા ગાંધીના સિદ્ધાંતોની નવી પેઢી માટે જરૂરત સંબંધી એક નાટક રજૂ કર્યું હતું.

આ નાટકનું આયોજન રુચી પંડ્યાએ કર્યું હતું. કુણાલ પંડ્યા, સાર્થક પંડ્યા, કબીર જૈન, ભવ્ય પટેલ તથા પરમ પટેલે તેમાં ભાગ લીધો હતો. આ સાથે પર્યાવરણ, ખાદી તેમજ શાકાહારી વાનગી બનાવવાનું આયોજન કરાયું હતું.

ભારતના કોન્સ્યુલેટ જનરલે આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું અને જણાવ્યું હતું કે કોઈપણ પ્રાયોજક નાઈકોના સહયોગ વિના આ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરી શકે નહીં. નાઈકોના અધ્યક્ષ ચિંતન ભાવસાર, કમિટીના સભ્ય નિમેશ સોંદેવા, પ્રફુલ્લ ભાવસાર, કેતન ગાંધીએ જણાવ્યું હતું કે, તેઓ કોનેક્શીઅન્સ ટેલિકોમનાં સુદિપ વર્મા, કોન્ટિનેન્ટલ મોટર્સનાં મિહીર ભટ્ટ, ડી એન્ડ કે કેરિયર કન્સલ્ટીંગના કુણાલ પટેલ, હોમલાઈફ/મિરેકલનાં મિહિર ભટ્ટ, બેસાઈડ મોટેલનાં શિરીષભાઈ પટેલ, સબરસનાં હસમુખ મુખી, દોશી લો ઓફિસનાં સંજયકુમાર દોશી, જોડી ૧. કોમના શ્રીગેરી અને જાગૃતિ ભટ્ટ, ગ્રાન્ટ એમ્પાયર બેન્ક્વેટ એન્ડ કન્વેનશન, મોર્નેલ ડ્રગ માર્ટના ચીમન મિસ્ત્રી, પેરામાઉન્ટ એમ્બે ઈમીગ્રેશન કન્સલટન્સીના વર્ષા સુથારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ગરવી ગુજરાત સિનિયર ગ્રુપ બ્રામ્પ્ટન દ્વારા દિવાળીની ધમાકેદાર ઉજવણી

**• ફિલ્મી ગીતો સાથે ભજન તથા ગુજરાતી ગીતોનો રસાથાળ પીરસાયો**



બ્રામ્પટન : ગરવી ગુજરાત સિનિયર ગ્રુપ બ્રામ્પ્ટન દ્વારા ૨૧ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ ૩૦૦થી પણ વધુ સભ્યોની હાજરીમાં ભવાનીશંકર મંદિરના સાંસ્કૃતિક હોલમાં દિવાળીની જોરદાર ઉજવણી કરાઈ હતી. શરૂઆતમાં મંત્રી ભુપેન્દ્ર ભટ્ટ દ્વારા સ્વાગતવિધિ થયા બાદ આજના ખાસ કલાકાર પ્રમેશ નંદી અને તેમની ટીમ તેમજ પધારેલ સર્વે આમંત્રિત મહેમાનોના સ્વાગતમાં રાજેશ્વરીબેન શુક્લ દ્વારા તૈયાર કરાવેલું ,,,એ કોન આયા રોશન હો ગઈ ..ગીત પર સુંદર પરફોર્મન્સ રજુ થયું હતુ. શીલાબેન અગ્રવાલ દ્વારા ગૈરોં પે કરમ ..ગીત પરનું પરફોર્મન્સ સૌએ તાળીઓથી વધાવી લીધું હતુ. ત્યારબાદ માસ્ટર જયમીન ભચેજના મનમોહક અવાજ સાથે કલાકાર પ્રમેશ નંદી અને તેમની ટીમનો નોન સ્ટોપ ભજન, ગુજરાતી ગીત, જુના ગીતો સાથે ગરબાનો કાર્યક્રમ ૩ કલાક સુધી ચાલ્યો હતો. પ્રોગ્રામમાં લલિત સોની અને લલિત ઠાકર પણ હાજર રહ્યા હતા. માં લક્ષ્મીના ચિત્ર સાથે સ્ટેજની સુંદર સજાવટ ભાનુભાઇ મિસ્ત્રી દ્વારા કરવામાં આવી હતી.

# લંડનમાં કન્ટેનરમાંથી ૩૯ મૃતદેહ મળી આવ્યાઃ ડ્રાઈવરની ધરપકડ

**• અગાઉ ૨૦૦૦ની સાલમાં ડોવર ખાતે એક કંટેનરમાંથી ૫૮ ચીની પ્રવાસી મૃત હાલતમાં મળ્યા હતા**

લંડન : બ્રિટિશ પોલીસને પૂર્વીય લંડનના એસેક્સ વિસ્તારમાં એક લોરી કંટેનરમાંથી બુધવારે ૩૯ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા જેના કારણે સનસનાટી વ્યાપી છે. મૃતકોમાં ૩૮ વયસ્ક અને એક કિશોર સામેલ છે. આ મામલે પોલીસે ઉત્તરી આઈલેન્ડમાંથી ૨૫ વર્ષીય એક યુવકની ધરપકડ કરી છે. લંડનના એસેક્સમાં લોરી કંટેનરમાંથી એક કિશોર સહિત ૩૯ લોકોના શબ મળી આવતા હાહાકાર વ્યાપ્યો છે. હાલમાં પોલીસને મૃતકોની ઓળખ અંગે કોઈ માહિતી નથી મળી અને તેઓ ૨૫ વર્ષીય એક યુવકની પુછપરછ કરી રહ્યા છે. આ યુવક જે લોરી કંટેનરમાંથી શબ મળી આવ્યા તેનો ડ્રાઈવર છે અને પોલીસને તેણે ૩૯ લોકોની હત્યા કરી હોય તેવી શંકા છે જેથી તપાસ ચાલી રહી છે. ચીફ સુપરિટેન્ડેન્ટ એન્ડ્ર્યુ મરિનરે આ ઘટનાને ખૂબ જ દુખદ ગણાવી હતી અને તેમની ટીમ કેસને ઉકેલવા મહેનત કરી રહી હોવાનું જણાવ્યું હતું. એન્ડ્ર્યુ મરિનરે તેઓ પીડિતોની ઓળખ શોધવા પ્રયત્ન કરી રહ્યા હોવાનું અને તેમાં ખૂબ સમય લાગી શકે છે તેમ જણાવ્યું હતું.

# નવાઝના પુત્ર હુસૈન નવાઝના ગંભીર આરોપો, પિતાને જેલમાં ઝેર અપાય છે

નવી દિલ્હી : પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફની તબિયત વધુ કથળતા તેમની હાલત ગંભીર થઈ ગઈ છે ત્યારે તેમના પુત્ર હુસૈન નવાઝે ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે, તેના પિતાને જેલમાં ઝેર આપવામાં આવી રહ્યું છે. પાકિસ્તાની મીડિયા રોપોટ્ર્સ અનુસાર ભ્રષ્ટાચારના કેસમાં હાલ લાહોરની કોટ લખપત જેલમાં બંધ નવાઝ શરીફના પુત્રએ જણાવ્યું કે, મારા પિતાના શરીરમાં જે રીતે પ્લેટલેટ્સ ઘટી રહ્યા છે તે જોતા તેમને ઝેર આપવામાં આવ્યું હોય તેવા લક્ષણો જોવા મળે છે. જો નવાઝ શરીફને કંઇ પણ થયું તો તેના માટે કોણ જવાબદાર છે તે પણ સૌને ખબર છે.

લંડનમાં રહેતા નવાઝ શરીફના પુત્રએ તેના પિતા વિરુદ્ધ ષડ્યંત્રનો આરોપ લગાવ્યો. હુસૈન નવાઝે ટ્વીટ કર્યું, ઝેરના લક્ષણ છે. જો નવાઝ શરીફને કંઈ પણ થયું તો, તમે જાણો છો તેના માટે જવાબદાર કોણ છે.

મંગળવારે આવેલા નવાઝ શરીફના રિપોટ્ર્સ અનુસાર તેમના પ્લેટલેટ્સ કાઉન્ટ ૧૬,૦૦૦થી ઘટીને ૨,૦૦૦ની ગંભીર સ્થિતીએ આવી ગયા હતા.

સોમવારે રાત્રે જ્યારે તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા તો મેડિકલ બોર્ડના સભ્યોએ તેમને બચાવવા માટે તેમના શરીરમાં પ્લેટલેટ્સ ચઢાવવા પડ્યા હતા.

# ગુજરાતી સીનિયર્સ દ્વારા દિવાળીનો કાર્યક્રમ રામ-સીતાના મિલન અંગે નૃત્યની પ્રસ્તૃતિ

**• ગુજરાતની ગાથા ગરબો અને ફિલ્મી ગીતો પણ સંગીતના સથવારે ગૂંજ્યા**



ઓન્ટેરિયો : ગુજરાતી સીનિયર્સ દ્વારા ગત તા. ૨૦-૧૦-૨૦૧૯ના રોજ પાયલ બેન્કવેટ હોલ ખાતે સાંજે દિવાળીનો વાર્ષિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એમસી નલીની પટેલે કાર્યક્રમ સંબંધી જરૂરી સૂચનો કર્યા બાદ સીનિયર્સ બહેનો દ્વારા દીપ સ્તુતિ સુંદર વેશભૂષા સાથે રજૂ કરાઈ હતી. ત્યારબાદ પ્રમુખ કલાબેન પટેલે ઈસી સભ્યો, એમપીપી મીસીસાગા સ્ટ્રીટવિલના નીના ટંગારી, તથા દીપક આનંદ, અરુણભાઈ ગાંધી, નલીનીબેન પટેલ, વોલિયેન્ટર્સ, કોરિયોગ્રાફર ઈલાબેન દિવ્યાની, સુધાબેન પંચમતિયા, પૂર્ણિમાબેન પટેલ સહિતના મહાનુભાવોને આવકાર આપ્યો હતો.

ઉપપ્રમુખ કનુભાઈ પટેલે, ઈસી સભ્યો, એટીએમના દિનેશભાઈ બાલન, પલ્લવીબેન, સાક્ષી ચોખંડી, લલિત ઠાકર તથા એમપીપી સભ્યોનું સ્વાગત કર્યું હતુ. બાદમાં કનુભાઈ પટેલ તથા દિલીપભાઈ પટેલે મેડિકલ સુવિધા અંગે છણાવટ કરી હતી. આ તકે કેનિયાથી આવેલા નરેન્દ્રભાઈ ભટ્ટે એક લાખ એક ડોલરનું દાન આપવાની તૈયારી બતાવી હતી. ત્યારબાદ દિવાળીનો કાર્યક્રમ હોય, રામ-સીતાના મિલન અંગે સુંદર નૃત્ય રજૂ કરાયું હતુ. પૂર્ણિમાબેન પટેલની કોરિયોગ્રાફી અને તેમનો ગરબો ગુજરાતની ગાથાએ પણ રંગત જમાવી હતી.


May the Divine Light of Diwali spread into your life
Peace, Prosperity, Happiness and Good Health.
Happy Diwali
&
Happy New Year
Sachin Patel
Mortgage Development Manager
Cell: 647-772-9082
sachin.patel@nbc.ca
NATIONAL BANK
National Bank of Canada
10520 Torbram Rd,
Brampton, ON L6R 3N9

### બાંગ્લાદેશ સામેની આગામી ટ્વેન્ટી ૨૦ તથા ટેસ્ટ શ્રેણી મટેની ભારતીય ટીમની જાહેરાત

# અપેક્ષા મુજબ કોહલીને આરામ, રોહિત નેતૃત્વ સંભાળશે

મુંબઇ : બીસીસીઆઇની મુખ્ય પસંદગી સમિતિએ ગુરુવારે બાંગ્લાદેશ સામેની આગામી ટ્વેન્ટી૨૦ તથા ટેસ્ટ શ્રેણી મટેની ભારતીય ટીમની જાહેરાત કરી હતી. અપેક્ષા મુજબ નિયમિત સુકાની વિરાટ કોહલીને ટી૨૦ શ્રેણીમાં આરામ અપાયો છે. તેના સ્થાને રોહિત શર્મા નેતૃત્વ સંભાળશે. જોકે કોહલી બાંગ્લાદેશ સામેની બે ટેસ્ટની શ્રેણીમાં પાછો ફરશે. મર્યાદિત ઓવરની ટીમમાં રિષભ પંતના કવર તરીકે સંજૂ સેમસનને સામેલ કરાયો છે. યુજવેન્દ્ર ચહલનું પણ ટીમમાં પુનરાગમન થયું છે. નોંધનીય છે કે ભારત ઓક્ટોબર ૨૦૧૮થી તમામ ફોર્મેટની ૫૬ મેચ રમી છે જેમાં કોહલી ૪૮ રમ્યો છે. રાંચ ટેસ્ટ દરમિયાન બોર્ડના નવનિયુક્ત પ્રમુખ સૌરવ ગાંગુલીએ પણ કોહલીના આરામના મુદ્દે જણાવ્યું હતું કે સુકાની શું ઈચ્છે છે તે બાબત તેની ઉપર મદાર રાખે છે. મુંબઈના ઓલરાઉન્ડર શિવમ દુબેને પ્રથમ વખત ટીમમાં સામેલ કરાયો છે. તેને ઈજાગ્રસ્ત હાર્દિક પંડયાના સ્થાને ટીમમાં તક મળી છે. ટી૨૦ ટીમમાં મુંબઈના પેસ બોલર શાર્દૂલ ઠાકુરને પણ સામેલ કરાયો છે. ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાને આરામ અપાયો છે.




## સંજૂ સેમસન બેક-અપ વિકેટ કીપર અને બેટ્સમેન

બીસીસીઆઇની ડોમેસ્ટિક ટૂર્નામેન્ટ વિજય હઝારે ટ્રોફીમાં સંજૂ સેમસને તાજેતરમાં જ બેવડી સદી ફટકારી હતી. રિષભ પંતના બીજા વિકલ્પ તરીકે પસંદ કરાયોછે. ટીમની પસંદગી પહેલાં બોર્ડના એક અધિકારીએ જણાવ્યું હતું કે જો રિષભ અને સંજૂ બંને ટીમમાં સાથે રહેશે તો પણ કોઇ સમસ્યા નહીં થાય કારણ કે બંને એકસાથે આઇપીએલમાં રમી ચૂક્યા છે. વન-ડેમાં રિષભને નજીવી સફળતા મળી હોવાના કારણે ભવિષ્યને ધ્યાનમાં રાખીને સંજૂને રમાડવાનો સમય પાકી ગયો છે. ટી૨૦ વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને ટીમ મેનેજમેન્ટે અન્ય વિકલ્પને પણ જોવાની જરૂર છે. કોહલી ટીમમાં નહીં હોવાના કારણે સંજૂને બેક-અપ બેટ્સમેન તરીકે પણ જોવામાં આવે છે.

### ટી ૨૦, ટેસ્ટ શ્રેણીનો કાર્યક્રમ

ત્રીજી નવેમ્બરથી નવી દિલ્હી ખાતે શરૂ થઇ રહેલી ત્રણ મેચની ટી૨૦ શ્રેણી (બે અન્ય મેચ રાજકોટ અને નાગપુર) ઉપરાંત બાંગ્લાદેશની ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ભાગરૂપે બે ટેસ્ટ મેચ (ઇન્દોર અને કોલકાતા) પણ રમશે. ટી૨૦ની પ્રથમ મેચ ૩ નવેમ્બરે દિલ્હીમાં, બીજી મેચ સાતમી નવેમ્બરે રાજકોટમાં અને ત્રીજી મેચ ૧૦મી નવેમ્બરે નાગપુરમાં રમાશે. ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચ ૧૪ની નવેમ્બરથી ઇન્દોરમાં તથા બીજી ટેસ્ટ ૨૨મી નવેમ્બરથી કોલકાતા ખાતે રમાશે.

**ભારતીય ટી૨૦ ટીમ :** રોહિત શર્મા (સુકાની), શિખર ધવન, લોકેશ રાહુલ, સંજૂ સેમસન, શ્રેયસ ઐય્યર, મનીષ પાંડે, રિષભ પંત, વોશિંગ્ટન સુંદર, કૃણાલ પંડયા, યુજવેન્દ્ર ચહલ, રાહુલ ચહર, દીપક ચહર, ખલીલ એહમદ, શિવમ દુબે, શાર્દૂલ ઠાકુર.

**ભારતીય ટેસ્ટ ટીમ :** વિરાટ કોહલી (સુકાની), રોહિત શર્મા, મયંક અગ્રવાલ, પૂજારા, રહાણે, હનુમા વિહારી, સાહા, રવીન્દ્ર જાડેજા, આર. અશ્વિન, કુલદીપ યાદવ, મોહમ્મદ શમી, ઉમેશ યાદવ, ઇશાન્ત શર્મા, શુભમન ગિલ, રિષભ પંત.

# પંત જેવા યુવાઓને તક આપવા ધોની પણ સહમત છે : પ્રસાદ

પસંદગી સમિતિના પ્રમુખ એમએસકે પ્રસાદે ભારતીય ટીમની જાહેરાત કર્યા બાદ સ્પષ્ટતા કરી હતી કે તે રિષભ પંતને લાંબા સમય સુધી તક આપવાની ઈચ્છા રાખે છે. પ્રસાદે એમ પણ જણાવ્યું હતું કે મહેન્દ્રસિંહ ધોની પણ યુવાઓને વારંવાર તક આપવાની પસંદગીકારોની રણનીતિ અંગે સહમત છે. મીડિયા રિપોર્ટ મુજબ પ્રસાદે કહ્યું કે,'વર્લ્ડ કપ બાદ મેં ધોની સામે સ્પષ્ટતા કરી દીધી હતી કે અમે હવે આગળ વધી રહ્યા છીએ અને યુવાઓને તક આપી રહ્યા છે. પંત સારો દેખાવ કરી રહ્યો છે અને સંજૂ સેમસનનું ટીમમાં પુનરાગમન થયું છે. મને વિશ્વાસ છે કે તમે અમારા વિચારો સાથે સહમત હશો.' રિપોર્ટ પ્રમાણે પ્રસાદે જણાવ્યું હતું કે અમારે ચોક્કસપણે ધોની સાથે વાતચીત થઇ છે અને તેણે પણ યુવાઓને પ્રોત્સાહન આપવાના અમારા નિર્ણયને આવકાર્યો છે. પંતની તરફેણ કરીને મુખ્ય પસંદગીકારે જણાવ્યું હતું કે વર્લ્ડ કપ બાદ અમે પંતને આગળ વધારીશું તેવો નિર્ણય લીધો હતો.



# શ્રીકાંત, કશ્યપ પ્રથમ મેચ હારતાં ફ્રેન્ચ ઓપન ટુર્નામેન્ટમાંથી બહાર

પેરિસ : ભારતના ટોચના બેડમિંટન ખેલાડી કિદામ્બી શ્રીકાંત અને પારુપાલી કશ્યપ ફ્રેન્ચ ઓપન બેડમિંટન ટુર્નામેન્ટના મેન્સ સિંગલ્સમાં પોતપોતાની પહેલી જ મેચો હારીને બહાર ફેંકાયા હતા. શ્રીકાંત અને કશ્યપ ઉપરાંત ભારતના સૌરભ વર્માને પણ હારનો સામનો કરવો પડયો હતો. આ સાથે હવે મેન્સ સિંગલ્સમાં ભારતનો એકમાત્ર શુભાંકર ડે જ સ્પર્ધામાં ટકી રહ્યો છે.

આજે ખેલાયેલા મુકાબલામાં ભારતના કિદામ્બી શ્રીકાંતને ચાઈનીઝ તાઈપેઈના ચોઉ ટિન ચેને ત્રણ ગેમના ભારે સંઘર્ષ બાદ ૨૧-૧૫, ૭-૨૧, ૧૪-૨૧થી પરાજીત કર્યો હતો. જ્યારે ભારતના પારુપાલી કશ્યપનો સામનો હોંગ કોંગના લોંગ એન્ગસ સામે થયો હતો, જેમાં તે ૧૧-૨૧, ૯-૨૧થી હાર્યો હતો. ભારતનો સમીર વર્મા જાપાનના કેન્ટા નિશિમોટો સામે ૨૨-૨૦, ૧૮-૨૧, ૧૮-૨૧ના સંઘર્ષ બાદ પરાજીત થયો હતો. ભારતના શુભાંકર ડે એ ગઈકાલે સુગીર્તોને હરાવીને અપસેટ સર્જ્યો હતો. હવે તેનો સામનો ઈન્ડોનેશિયાના શેસાર હિરેન રુસ્તાવો સામે થશે.




## ચેમ્પિયન્સ લીગની છેલ્લી ૧૫ સિઝનમાં મેસ્સીનો ઓછામાં ઓછા એક ગોલનો રેકોર્ડ

પ્રાગ : સ્ટાર સ્ટ્રાઈકર લાયોનલ મેસ્સીના વિક્રમની ગોલની મદદથી બાર્સેલોનાએ ચેમ્પિયન્સ લીગ ફૂટબોલ ટૂર્નામેન્ટના ગ્રૂપ-એફમાં સ્લેવિયા પ્રાગને ૨-૧થી હરાવીને પોઈન્ટ ટેબલમાં મોખરાનું સ્થાન હાંસલ કરી લીધું હતું. મેસ્સીએ ત્રીજી જ મિનિટે સ્લેવિયાના ગોલકીપર આન્દ્રેઝ કોલરને અવઢવમાં મૂકીને ગોલ નોંધાવી બાર્સેલોનાને ૧-૦થી આગળ કરી દીધું હતું. મેસ્સી ચેમ્પિયન્સ લીગ ફૂટબોલની સતત ૧૫ સિઝનમાં ઓછામાં ઓછો એક ગોલ કરનાર વિશ્વનો પ્રથમ ફૂટબોલર બની ગયો છે. હાફ ટાઈમે બાર્સેલોના ૧-૦થી આગળ હતી. બીજા હાફની પાંચમી મિનિટે લુકાસ માસોપેસ્ટના શાનદાર પાસને ગોલમાં ફેરવીને યાન બોરિલે સ્લેવિયા માટે સ્કોર ૧-૧થી સરભર કર્યો હતો. જોકે સ્લેવિયાના વિંગર પીટર ઓલાયિંકાએ ૫૭મી મિનિટે આત્મઘાતી ગોલ કરતાં બાર્સેલોનાએ ૨-૧ની લીડ મેળવી લીધી હતી જે નિર્ણાયક સાબિત થઈ હતી. બાર્સેલોના ગ્રૂપ-એફમાં ત્રણ મેચમાં સાત પોઈન્ટ સાથે ટોચના સ્થાને છે. તે ઈન્ટર મિલાન કરતાં ત્રણ પોઈન્ટ આગળ છે. મિલાનની ટીમે બોરુસિયા ડોર્ટમન્ડને ૨-૦થી હરાવ્યું હતું.

### ભારતીય ફૂટબોલ ટીમને બે ક્રમાંકનું નુકસાન

અને તે ૧૦૬મા ક્રમાંકે પહોંચી ગયું છે. ચાલુ મહિનામાં ફિફા વર્લ્ડ કપ ક્વોલિફાયરમાં ખરાબ રેન્ક ધરાવતી બાંગ્લાદેશ સામેની મેચ ૧-૧થી ડ્રો થયા બાદ ભારતને રેન્કિંગમાં નુકસાન પહોંચ્યું છે. સપ્ટેમ્બરમાં એશિયન ચેમ્પિયનશિપમાં કતાર સામે ભારતે શાનદાર પ્રદર્શન કરીને મેચને ગોલવિહોણી ૦-૦થી ડ્રો કરી હતી. જોકે બાંગ્લાદેશ સામે ભારત સામે આ રમતનું પુનરાવર્તન કરવામાં નિષ્ફળ રહ્યું હતું. બાંગ્લાદેશને ભારત સામેના ડ્રોના પરિણામથી ફાયદો થયો છે અને તે ત્રણ ક્રમાંકની આગેકૂચ સાથે ૧૮૪મા ક્રમાંકે પહોંચી ગયું છે. બેલ્જિયમની ટીમ ટોચના ક્રમાંકે યથાવત્ છે. ફ્રાન્સ અને બ્રાઝિલ અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.

# ફેડરર ૧૭મી વખત બાસેલ ઓપનની ક્વાર્ટર ફાઈનલમાં, વાવરિંકાનો વિજય

બાસેલ : સ્વિસ સ્ટાર રોજર ફેડરરે રાડુ એલ્બોટ સામેના એકતરફી વિજય સાથે ૧૭મી વખત સ્વિસ ઈન્ડોર બાસેલ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. પોતાના ઘરઆંગણાની ટૂર્નામેન્ટમાં ફેડરરનો આ સતત ૨૨મો વિજય પણ છે. બાસેલ ઓપનમાં નવ વખત ચેમ્પિયન બની ચૂકેલા ફેડરરે ૯૦૦૦ સમર્થકોની વચ્ચે એલ્બોટને ૬૩ મિનિટમાં ૬-૦, ૬-૩થી હરાવ્યો હતો. હવે તેનો આગામી મુકાબલો સ્તેનિસ્લાસ વાવરિંકા તથા ફ્રાન્સિસ ટિયાફો વચ્ચેની મેચના વિજેતા ખેલાડી સામે થશે. સ્વિટ્ઝર્લેન્ડના અન્ય એક ખેલાડી વાવરિંકાએ ધમાકેદાર ૧૦ એસ તથા ૩૦ વિનર્સ ફટકારીને અનુભવી સ્ટાર પાબ્લો ક્યુવાસને ૬-૩, ૬-૪થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. બાસેલમાં ૧૯મી વખત રમી રહેલા ફેડરરે ૨૦૦૬ બાદ પ્રથમ વખત લવ સેટ (૬-૦)થી જીત્યો છે. વાવરિંકા ક્વાર્ટર ફાઈનલમાં આવશે તો ફેડરરનો તેની સામેનો રેકોર્ડ ૨૩ વિજય અને ત્રણ પરાજયનો છે. લિથુનિયાના રિકાર્ડસ બેરાન્કિસે પાબ્લો અન્ડુજારને ૬-૧, ૬-૧ના સ્કોરથી હરાવીને ત્રીજા ક્રમાંકિત સ્ટેફાનોસ સિત્સિપાસ સામેનો મુકાબલો નિશ્ચિત કર્યો હતો. ફિલિપ ક્રાજીનોવિચનો આગામી મુકાબલો પાંચમા ક્રમાંકિત ફેબિયો ફોગનિની સામે થશે. ફિલિપે સર્બિયાના લાસ્લો જેરેને ૬-૧, ૬-૪થી, ઓસ્ટ્રેલિયાના એલેક્સ ડી મિનોરે અમેરિકાના ટેલર ફિત્ઝને ૬-૩, ૬-૩થી તથા સ્વિટ્ઝર્લેન્ડના હેનરી લાકેસોનેનને જર્મનીના જાન લેનાર્ડ સ્ટ્રફે ૬-૩, ૬-૪થી હરાવીને પોતાના અભિયાનને આગળ વધાર્યું હતું.

# બાંગ્લાદેશી ક્રિકેટર્સની હડતાળ ખતમ, ભારતનો પ્રવાસ ખેડશે

ઢાકા : મેચ ફી સહિત વેતન તથા અન્ય સગવડો સાથે જોડાયેલા મુદ્દા અંગે હડતાળ ઉપર ગયેલા બાંગ્લાદેશી ક્રિકેટર્સે બુધવારે મોડી રાત્રે પોતાની હડતાળ સમેટી લીધી હતી. હવે બાંગ્લાદેશી ક્રિકેટર્સ જલદીથી પોતપોતાના નિર્ધારિત કાર્યક્રમો અનુસાર રમતમાં પાછા ફરવા તૈયાર છે. બુધવારે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે (બીસીબી) પોતાના વલણને નરમ બનાવ્યું હતું અને ખેલાડીઓની ૧૧માંથી નવ માગણીઓ સ્વીકાર કરી લીધી છે. ત્યારબાદ ખેલાડીઓએ પોતાની હડતાળને પાછી ખેંચી લીધી હતી. બાંગ્લાદેશના ટી૨૦ તથા ટેસ્ટ સુકાની શાકિબ અલ હસને મીડિયાને જણાવ્યું હતું કે ખેલાડીઓની માગણીઓ અંગેની વાટાઘાટ ફળદાયી રહી હતી અને હવે ખેલાડીઓ રમતમાં પાછા ફરવા આતુર છે.

આ પહેલાં બાંગ્લાદેશના તમામ ક્રિકેટરો બીસીબી દ્વારા પોતાની માગણીઓનો અસ્વીકાર કરતા સોમવારે હડતાળ ઉપર જતા રહ્યા હતા. બાંગ્લાદેશનાં પ્રધાનમંત્રી શેખ હસીનાએ વન-ડે સુકાની મુશર્રફ મોર્તઝાને દેશના ક્રિકેટ બોર્ડ તથા ક્રિકેટરો વચ્ચેના વિવાદનો ઉકેલ લાવવા માટે મધ્યસ્થી બનાવ્યો હતો.


Dr. Salim Kapadia DDS
Dental Centre
416-321-3268
Wishing you and your family,
Health, Success, Peace,
And a journey towards the never-ending light.
May this diwali light up new dreams, fresh hopes,
And fill your days with pleasant surprises and moments.
Dr. Salim Kapadia DDS
Dental Centre
416-321-3268
HAPPY
Diwali
Dr. Salim Kapadia Dental Centre
Tel: 416-321-3268
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm | Saturday 9:00am-5:00pm | Sunday as per request

# એપલ વોચના લાઈફ સેવિંગ ફિચરના કારણે યુએસમાં વ્યક્તિનો જીવ બચ્યો

• હાર્ડ ફોલ ડિટેક્ટ થયા બાદ એક મિનિટ સુધી વ્યક્તિ હલન-ચલન ન કરે તો તરત જ ઈમરજન્સી નંબર ૯૧૧ ડાયલ થઈ જાય




ન્યૂયોર્ક : સ્માર્ટ વોચ અને ફિટનેસ બેન્ડ જેવા ગેજેટ્સના શોખીન લોકોને આ ડિવાઈસના લાઈફ સેવિંગ ફિચર્સ અંગે જાણ હોવી ખૂબ જરુરી છે. તાજેતરમાં એપલ વોચમાં રહેલા લાઈફ સેવિંગ ફિચરના કારણે યુએસમાં એક વ્યક્તિનો જીવ બચ્યો હતો. તે વ્યક્તિ જ્યારે ચટ્ટાન પરથી પડયો ત્યારે એપલ વોચમાં હાર્ડ ફોલ ડિટેક્ટ થવાના કારણે ઈમરજન્સી નંબર લાગી ગયો હતો અને તેને તાત્કાલિક મદદ મળી હતી. જેમ્સ પ્રુડેંસિયાનો(૨૮ વર્ષ) પોતાની મહિલા મિત્ર પૈગી પરુસો સાથે ન્યૂ જર્સીમાં આવેલા હાર્ટશોર્ન વુડ્સ પાર્કમાં ફરી રહ્યો હતો તે સમયે તેઓ સુકાયેલા પાંદડાઓના ઢગલાંઓ વચ્ચે લપસીને એક ચટ્ટાનના ઢાળે પહોંચી ગયા હતા. પાંદડાઓના કારણે લપસીને તેઓ એક નદીમાં ખાબક્યાં હતા અને જેમ્સ વધુ આગળ સુધી ઢસડાઈને એક ચટ્ટાન સુધી પહોંચી ગયો હતો. તે સમયે જેમ્સની મહિલા મિત્ર નદીના પાણીમાં સલામત રહી હતી જ્યારે તેને પીઠમાં ત્રણ ફ્રેક્ચર થયા હતા.

# પ્રજાનો વિજય : હોંગકોંગની સંસદે પ્રત્યાર્પણ ખરડો પાછો ખેંચી લીધો



હોંગકોંગ : હોંગકોંગની સંસદે બુધવારે સત્તાવાર રીતે વિવાદાસ્પદ પ્રત્યાર્પણ ખરડો પાછો ખેંચી લીધો છે. હોંગકોંગની લેજિસ્લેટિવ કાઉન્સિલ દ્વારા બુધવારે બપોરે ખરડો પાછો ખંચી લેવાની પ્રક્રિયા પૂરી કરી લેવાઈ હતી. આ ખરડાના કારણે હોંગકોંગમાં છેલ્લા ૪ મહિનાથી ઉગ્ર જનઆંદોલન ચાલી રહ્યું છે. જોકે આ ખરડો પાછો ખેંચી લેવાથી હોંગકોંગના ચીન તરફી શાસકોને લોકશાહી તરફી આંદોલનથી રાહત મળે તેવી કોઈ સંભાવના હાલ પૂરતી તો દેખાઈ રહી નથી. હોંગકોંગમાં લોકશાહી તરફી દેખાવકારો પાંચ માગણી સાથે હિંસક આંદોલન ચલાવી રહ્યાં છે. છેલ્લા ૩ મહિનાથી ચાલી રહેલા આંદોલનમાં ચીન દ્વારા શાસિત હોંગકોંગ શહેરમાં સંખ્યાબંધ સરકારી ઈમારતોને નુકસાન પહોંચ્યું છે. તેમનું કહેવું છે કે, વિવાદાસ્પદ ખરડો પાછો ખેંચી લેવાથી આંદોલનમાં કોઈ ફેર પડવાનો નથી. અમારી આ એક નહીં પરંતુ પાંચ માગણી છે.

# ઉઝબેકિસ્તાનમાં વિજય રૂપાણીએ શારદા યુનિ.નો શુભારંભ કરાવ્યો

અંદિજાન : મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઉઝબેકિસ્તાન પ્રવાસના તેમના પ્રથમ દિવસે અંદિજાન રિજિયનમાં શારદા યુનિવર્સિટીનો શુભારંભ કરાવ્યો હતો. આ યુનિવર્સિટી ઉઝબેકિસ્તાનના અંદિજાન અને ફરગના પ્રદેશના યુવાઓને સ્કીલ ડેવલપમેન્ટ સાથે વર્લ્ડ ક્લાસ એજ્યુકેશનની સુવિધાઓમાં અહેમ ભૂમિકા નિભાવશે. મુખ્યમંત્રીએ ભારતમાં બે દાયકાથી વધુ સમયથી શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરી રહેલા શારદા ગ્રૂપે રૂ. બે કરોડના ખર્ચે અંદિજાન-ફરગના રિજિયનમાં પ્રથમ સ્વતંત્ર ખાનગી યુનિવર્સિટી શરૂ કરવાની કરેલી પહેલની સરાહના કરી હતી.

આ યુનિવર્સિટીમાં વિશ્વના વિવિધ દેશોના યુવાઓ એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ, મેડિકલ, બાયો મેડિકલ, સ્ટેમ સેલ- જીવ વિજ્ઞાનનું ગ્લોબલ એજ્યુકેશન મેળવશે.

શારદા યુનિવર્સિટીનો આ પ્રારંભ મધ્ય એશિયામાં ભારતની એક ઉચ્ચતમ શિક્ષણ સંસ્થાની મૌજૂદગી બન્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ભારત-ઉઝબેકિસ્તાન-ગુજરાતના સંબંધોને આ શૈક્ષણિક સંસ્થા વધુ મજબૂત બનાવશે તેવો વિશ્વાસ યુનિવર્સિટીનો પ્રારંભ કરાવતા દર્શાવ્યો હતો.

# યુરો. સંઘ બ્રેક્ઝિટમાં ત્રણ મહિનાની મુદત વધારશે તો સામાન્ય ચૂંટણી થશે : જોન્સન

• બ્રેક્ઝિટની મુદત આગામી ૩૧મીએ સમાપ્ત : લેબર પાર્ટીના સાસંદોએ પણ પક્ષમાં બળવો કરી જોન્સનને ટેકો આપ્યો

લંડન : બ્રિટનની સંસદમાં ઈયુ વિડ્રોઅલ બિલ પાસ થતાં સાંસદોએ ઝડપથી કરવાના ડીલને ફગાવી દીધા પછી ૩૧ ઓકટોબરની ડેડલાઈનમાં ત્રણ મહિનાનો વધારો કરાતા વડા પ્રધાન બોરિસ જોન્સન હવે વહેલી ચૂંટણી યોજવા તૈયારી કરી રહ્યા છે.મંગળવારે આમ સભામાં નાટ્યાત્મક રાત્રીના પગલે વિરોધ પક્ષ લેબર પાર્ટીના સાંસદોએ પક્ષમાં બળવો કરીને જોન્સનની તરફેણમાં મત આપતા ૨૯૯ વિરૂધ્ધ ૩૨૨ મતોથી જોન્સનનો વિજય થયો હતો.

જો કે મહિનાના અંત સુધીમાં બિલને પાસ કરવા ઝડપ કરવાના ઈરાદા સાથેની અતિ મહત્તવની કડીને ચૂકી ગયા હતા.'હું ખૂબ નિરાશ થયો હતો કે ગૃહમાં ટાઈમટેબલ મુજબ મતદાન કરાવી શકાયું નહતુ, જો આમ થયું હોત તો હું ખાતરી સાથે કહી શકું છું કે ૩૧ ઓકટોબરે બ્રિટન ડીલ સાથે ઈયુમાંથી બહાર નીકળી શક્યું હોત'એમ ગૃહમાં ખરડો પાસ થયા પછી જોન્સને આમ સભામાં કહ્યું હતું.

હવે યુરોપીયન સંઘ તરફ મીટ મંડાઈ છે જે બ્રિટનને વધુ એક તક આપવી કે કેમ તે અંગે આર્થિક બ્લોકના ૨૭ સભ્ય દેશો સાથે મંત્રણા કરે છે.'યુરોપીયન સંઘ નિર્ણય કરે ત્યાં સુધી અમે લેજીસ્લેશનને રોકી રાખીશું'એમ જોન્સને જાહેર કર્યુ હતું.બુધવારે ડાઉનિંગ સ્ટ્રીટે ઈશારો કર્યો હતો કે હવે વડા પ્રધાનનું ધ્યાન સામાન્ય ચૂંટણીઓ તરફ છે. જો કે જોન્સન પોતે જ આ મુદે મંગળવારે સંસદમાં થયેલી ચર્ચા દરમિયાન કહી ગયા હતા.








II Jay Shree Swaminarayan II
Vadtal Dham, Hindu Cultural Center
Shree Laxminarayan Dev Gadi - Vadtal (SSAUSM-Toronto)
Diwali Annakut Utsav
H.H. Acharya 1008 Shree Ajendraprasadji Maharaj
H.H. Bhavi Acharya 108 Sgree Nrigendraprasadji Maharaj
Sunday November 3
10:00 AM Kirtan Bhakti & Satsang Sabha
12:30 PM Ammkut Aarti & Mahaprasad
Guru Mandir 207 Queens Plate Dr.
Etobicoke ON M9W 6Z7, Canada
Katha Vakta : Ghanshyambhai Purani (New Jersey)
Jagdish Patel : 416-277-8556 | Dhaval Soni : 647-236-4148 | Ajendra Patel : 647-997-7486
Vipul Patel : 416-880-2962 | Ketan Patel : 647-232-5874 | Amit Patel : 647-404-2497
www.svg.org/canada
/swaminarayan vadtal gadi




Happy Diwali
CLUB CERAMIC
Happy New Year
Lapoto Finish
Glossy Finish
Matt Fiish
Porcelain tiles starting from $0.89 per square feet only
Ceramic tiles starting from $0.50 per square feet only
Porcelain & Ceramic tiles at Direct factory price
Price match guarantee + we will beat price with additional 5% discount
Tiles available for Floor, Wall and Outdoor Parking
-: Available Size :-
24" * 24" I 12" * 24" I 24" * 48" I 4" * 8" I 4" * 12"
MONTREAL
3501-03 Rue Griffith, Saint Laurent, QC H4T 1W5
Phone: +1-514-813-3850 / +1-514-261-7794
MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850
www.clubceramic.com, Email : sales@clubceramic.com